# ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર

## ધોરણ-નવમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા–શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંકઃ અભ્યાસ – ૨૧૧૬ (પ્ર.ક્ર. ૪૩/૧૬) એસડી–૪ દિનાંક ૨૫–૪–૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક ૩–૩–૨૦૧૭ રોજની મીટિંગમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર

## ધોરણ-નવમું

**મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.**

3KH6P3

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરનાં Q.R. Codeથી ડિઝીટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન – અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય–શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

**પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૭**
**પુનર્મુદ્રણઃ સપ્ટેમ્બર, ૨૦૨૧**

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના સર્વ હક્કો રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી સિવાય છાપી શકાશે નહિ.

**મુખ્ય સમન્વયક**
શ્રીમતી પ્રાચી રવિન્દ્ર સાઠે

**ઇતિહાસ વિષય સમિતિ**
ડૉ. સદાનંદ મોરે, અધ્યક્ષ
શ્રી. મોહન શેટે, સદસ્ય
શ્રી. પાંડુરંગ બલકવડે, સદસ્ય
શ્રી. બાપુસાહેબ શિંદે, સદસ્ય
શ્રી. બાલકૃષ્ણ ચોપડે, સદસ્ય
શ્રી. પ્રશાંત સરુડકર, સદસ્ય
શ્રી. મોગલ જાધવ, સદસ્ય-સચિવ

**નાગરિકશાસ્ત્ર વિષય સમિતિ**
ડૉ. શ્રીકાંત પરાંજપે, અધ્યક્ષ
પ્રા. સાધના કુલકર્ણી, સદસ્ય
ડૉ. મોહન કાશીકર, સદસ્ય
શ્રી. વૈજનાથ કાળે, સદસ્ય
શ્રી. મોગલ જાધવ, સદસ્ય-સચિવ

**ભાષાંતર સંયોજક**
સૌ. કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ
પાઠ્યપુસ્તક મંડળ, પુણે

**સંયોજક**
શ્રી. મોગલ જાધવ
વિશેષાધિકારી, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર
સૌ. વર્ષા સરોદે
સહાયક વિશેષાધિકારી, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર
પાઠ્યપુસ્તક મંડળ, પુણે

**લેખક**
ડૉ. ગણેશ રાઉત, ડૉ. વૈભવી પળસુલે

**મુખપૃષ્ઠ અને સજાવટ**
શ્રી મુકીમ શેખ

**નકશાકાર**
શ્રી રવિકિરણ જાધવ

**અક્ષરગોઠવણી**
મે. કેસન લેંગ્વેજ બ્યૂરો, મુંબઈ

**કાગળ** ૭૦ જી.એસ.એમ. ક્રિમવોવ્હ

**મુદ્રણાદેશ**

**મુદ્રક**

**ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર અભ્યાસ મંડળ**

| | |
|---|---|
| શ્રી. રાહુલ પ્રભુ | ડૉ. રાવસાહેબ શેળકે |
| શ્રી. સંજય વઝરેકર | શ્રી. મરીબા ચંદનશિવે |
| શ્રી. સુભાષ રાઠોડ | શ્રી. સંતોષ શિંદે |
| સૌ. સુનીતા દળવી | ડૉ. સતીશ ચાપલે |
| ડૉ. શિવાની લિમયે | શ્રી. વિશાલ કુલકર્ણી |
| શ્રી. ભાઉસાહેબ ઉમાટે | શ્રી. શેખર પાટીલ |
| ડૉ. નાગનાથ યેવલે | શ્રી. સંજય મેહતા |
| શ્રી. સદાનંદ ડોંગરે | શ્રી. રામદાસ ઠાકર |
| શ્રી. રવિન્દ્ર પાટીલ | ડૉ. અજિત આપટે |
| શ્રી. વિક્રમ અડસૂળ | ડૉ. મોહન ખડસે |
| સૌ. રૂપાલી ગિરકર | સૌ. શિવકન્યા કદરેકર |
| ડૉ. મિનાક્ષી ઉપાધ્યાય | શ્રી ગૌતમ ડાંગે |
| સૌ. કાંચન કેતકર | ડૉ. વ્યંકટેશ ખરાત |
| સૌ. શિવકન્યા પટવે | શ્રી. રવિંદ્ર જિંદે |
| ડૉ. અનિલ સિંગારે | ડૉ. પ્રભાકર લોંઢે |

**ભાષાંતરકાર**
સૌ. માધવી કેતન મહેતા
સૌ. શોભના અશ્વીન જોશી
સૌ. ભગવતી બાબુભાઈ પટેલ

**નિર્મિતિ**
શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. પ્રભાકર પરબ
નિર્મિતિ અધિકારી
શ્રી. શશાંક કણિકદળે,
સહાયક નિર્મિતિ અધિકારી

**પ્રકાશક**
**શ્રી. વિવેક ઉત્તમ ગોસાવી, નિયંત્રક**
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ-૨૫.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો,

ધોરણ નવમાનું ઈતિહાસ વિષયનું પાઠ્યપુસ્તક, જેમાં ઈ.સ. ૧૯૬૧ થી ૨૦૦૦ સુધીના સમયગાળાનો સમાવેશ કરેલ છે તે પુસ્તક તમારા હાથમાં સોંપતાં અમને આનંદ થાય છે. ઈતિહાસનો અભ્યાસક્રમ અત્યાધુનિક કરવાના પ્રયત્નનો એક ભાગ એટલે આ પાઠ્યપુસ્તક.

આ પાઠ્યપુસ્તકમાં ઈ.સ. ૧૯૬૧ પછીના કાળમાં ભારતમાં થયેલ સામાજિક, સાંસ્કૃતિક અને અન્ય ક્ષેત્રોના વિકાસની નોંધ લેવામાં આવી છે. અર્થાત્ આ નોંધ પરિપૂર્ણ નથી એ ધ્યાન રાખવું આવશ્યક છે. પાઠ્યપુસ્તકમાં પાનાંની મર્યાદા લક્ષમાં લઈને સાધારણપણે ચાળીસ વર્ષની સામાન્યતઃ નોંધ લેવામાં આવી છે. ઉદ્યોગ અને ખેતીના સમાવેશવાળા ભારતના આર્થિક ધોરણની, વિજ્ઞાન અને તંત્રજ્ઞાનમાં બદલાવની, મહિલા સશક્તિકરણની અને સમાજમાં છેલ્લા ઘટકોના સંબંધિત વિકાસની ઘટનાની નોંધ આ પુસ્તકમાં છે. શિક્ષણ ક્ષેત્રે આગેકૂચ અને બદલાતું ભારત પર આ પુસ્તક પ્રકાશ પાડે છે. આ વિષય બરાબર સમજાય તે માટે નકશા, ચિત્રો, આંકડા અને પૂરક ચોકઠાઓનો ઉપયોગ કર્યો છે. આ સિવાય વિવિધ ઉપક્રમો સૂચવ્યા છે.

આ પાઠ્યપુસ્તક દ્વારા તમે ભવિષ્યની સ્પર્ધાપરીક્ષાનો અભ્યાસ અને ઈતિહાસના ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણનો પાયો રચી શકશો. તમારા વાલી આ ઈતિહાસના સાક્ષી છે. તેમની પાસે તમે પાઠ્યપુસ્તક વધારે વિસ્તારથી સમજી  શકશો.

રાજ્યશાસ્ત્ર વિષયાંતર્ગત ૧૯૪૫થી જગતના પ્રમુખ પ્રવાહ, ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ, ભારતની સુરક્ષા વ્યવસ્થા અને ભારતીય સુરક્ષા વ્યવસ્થા સામેના આહ્વાનોનો અભ્યાસ કરવાનો છે. ભારત અને અન્ય દેશના રાજકીય સંબંધ, સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને સંયુક્ત રાષ્ટ્ર સંઘના શાંતિરક્ષણ કાર્યમાં ભારતનું યોગદાન વગેરે વિષયોની ચર્ચા કરવામાં આવી છે.

તેમજ માનવી હક્ક સંરક્ષણ, પર્યાવરણ સંરક્ષણ અને ત્રાસવાદ જેવી કેટલીક આંતરરાષ્ટ્રીય સમસ્યાઓની ઓળખ પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં કરી આપવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરની સર્વ પ્રકારની ઘટનાનું આકલન કરવા માટે પ્રસ્તુત પાઠ્યપુસ્તકનો આશય ઉપયુક્ત ઠરશે.

ઈતિહાસના અભ્યાસથી ભૂતકાળનું આકલન થાય અને વર્તમાનકાળનું ભાન થાય. રાજ્યશાસ્ત્રના અભ્યાસથી ભવિષ્યમાં આપણે કઈ દિશામાં આગેકૂચ કરવાની છે તે સમજાશે. તે માટે જ આ સંયુક્ત પાઠ્યપુસ્તક આધાર બનવાનું છે.



**(ડૉ. સુનિલ મગર)**
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને
અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તારીખઃ ૨૮ એપ્રિલ ૨૦૧૭, અક્ષય તૃતીયા
ભારતીય સૌર દિનાંકઃ ૮ વૈશાખ ૧૯૩૯

## – શિક્ષકો માટે –

સર્વપ્રથમ હું તમારું અભિનંદન કરું છું કે તમે ઈતિહાસ વિષયનું અધ્યાપન અને અધ્યયન કરો છો. આ વર્ષે ઈ.સ. ૧૯૬૧ થી ૨૦૦૦ સુધીના કાળખંડને તમારે ધોરણ નવમાના પુસ્તકમાં ભણાવવાનો છે. આ પુસ્તક શીખવવું તમારા માટે વધારે આનંદદાયી બનશે કારણ કે આ પુસ્તકની કેટલીક ઘટનાઓના તમે સાક્ષી છો. જે ઘટના તમારી આજુબાજુ બની છે તે જ ઘટનાઓનો સમાવેશ આ પુસ્તકમાં કરેલો છે. ફરી એકવાર તે કાળ તમારે માટે જીવંત બનવાનો છે.

આ ભારતનો સર્વંકષ ઈતિહાસ છે. પાઠ્યપુસ્તકના પાનાંની મર્યાદા લક્ષમાં લઈને ચાળીસ વર્ષનો સળંગ અને પૂરો ઈતિહાસ પાઠ્યપુસ્તકમાં સમાવવો (આવરી લેવો) એ અઘરું કામ છે. વિદ્યાર્થીઓના વયજૂથને લક્ષમાં લઈને તેમને અનુરૂપ ઘટનાઓનો સમાવેશ આ પુસ્તકમાં કરવાનો પ્રયત્ન કર્યો છે. કેટલીક મુખ્ય ઘટનાના આધાર લઈને અન્ય ઘટનાની માહિતી આંતરજાળની મદદથી સમજી લેવા વિદ્યાર્થીઓને પ્રવૃત્ત કરી શકશો.

આ પાઠ્યપુસ્તકનો મધ્યવર્તી આશય – હમણાંજ સ્વતંત્ર થયેલો દેશ વિકાસ તરફ કેવી રીતે આગેકૂચ કરે છે તે છે. જગતમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો આ દેશ છે. આ દેશની પ્રગતિમાં રાજકીય નેતૃત્વ, પ્રશાસકીય નેતૃત્વ અને વૈજ્ઞાનિક, શિક્ષણતજ્જ્ઞ, કલાકારનું શું યોગદાન છે તે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ સાથે જ ભારતીય નાગરિકોની લોકશાહી પર રહેલી શ્રદ્ધા અને તેના રક્ષણ માટે અહીંની સર્વસામાન્ય જનતાએ આપેલી લડત એ આ પુસ્તકનો મહત્ત્વનો ભાગ છે. વ્યક્તિ કરતાં સમાજ શ્રેષ્ઠ છે. રાજકીય નેતૃત્વ કરતાં દેશ મોટો છે. આ જ સંદેશો સ્વાતંત્ર્યોત્તર ભારતની જનતાએ આપ્યો છે. ઘટના પાછળ રહેલો આશય વિદ્યાર્થી સુધી પહોંચાડવો એ એક મોટું આહ્‌વાન તમારી સમક્ષ છે. આજના સમયમાં આધુનિક તંત્રજ્ઞાનની સહાયથી આ આહ્‌વાન શિક્ષકવર્ગ સહેલાઈથી સમજશે (અવગત કરશે) એવો વિશ્વાસ છે.

આપણે જે કાળ અનુભવ્યો તે જ શીખવવો આ કાર્ય પ્રથમ વાર જ થવાનું છે. આ એક ઐતિહાસિક કાર્ય છે. સ્વાતંત્ર્યોત્તર ભારતના ઘડતરમાં આપણે કંઈક યોગદાન આપી શકીએ તે મહત્ત્વનું તત્વ વિદ્યાર્થીઓના મન પર અંકિત કરવા માટે આ પાઠ્યપુસ્તક ઉપયોગી બનશે. આ માટે નકશા, ચિત્રો, કોષ્ટકો અને ઉપક્રમ આ સાધનો વાપરવાનાં છે. પણ આપણું સાધ્ય માત્ર 'સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા' એ આશય વિદ્યાર્થી સામે પ્રભાવીપણે રજૂ કરવાનો જ છે.

રાજ્યશાસ્ત્ર એ વિષયાંતર્ગત તમે આ ધોરણમાં 'ભારત અને દુનિયા' વચ્ચેના પરસ્પરસંબંધની નોંધ લેવાના છો. આધુનિક કાળમાં જાગતિક અને આંતરરાષ્ટ્રીય સ્તરની પર ઘટનાઓનું પરિણામ દરેક દેશો ઉપર થાય છે. માહિતી તંત્રજ્ઞાનના ક્ષેત્રની પ્રગતિથી રાષ્ટ્રો વચ્ચેનો વ્યવહાર અને લેવડદેવડ વધી છે. ભારતને કેન્દ્રમાં રાખીને આ ગૂંચવણ ભરેલા (ગૂંચવાયેલા) આંતરરાષ્ટ્રીય સંબંધની જાણ તમારે વિદ્યાર્થીઓને કરી આપવાની છે. તેની શરૂઆત નજીકના ઈતિહાસની મહત્ત્વની આંતરરાષ્ટ્રીય ઘટનાઓ અને પ્રવાહના આકલન દ્વારા કરી આપવી પડશે. પ્રસ્તુત પાઠ્યપુસ્તકનો આશય નવો છે. તેને સહજપણે ઉકેલવા માટે આશયની રજૂઆત જ્ઞાનરચનાવાદની દૃષ્ટિએ કરેલી છે. વિષયમાં રસ નિર્માણ કરવા માટે આશય અલગ પદ્ધતિથી રજૂ કર્યો છે. આંતરરાષ્ટ્રીય સંબંધ સમજી લેવાનો પ્રયત્ન વિદ્યાર્થી પ્રથમવાર જ કરતો હોવાને કારણે શિક્ષકોએ અધ્યાપન કરતી વખતે વૈવિધ્યપૂર્ણ, અપારંપારિક એવા સ્રોતનો આધાર લેવો. આવી પદ્ધતિની પરિણામકારક ઉપાયયોજના માટે પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં ભરપૂર અવકાશ છે. જાગતિક શાંતિ અને સુરક્ષિતતાનું જતન, માનવી હક્ક બાબતનો આદર, શાંતિ અને પરસ્પરનો વિશ્વાસ જેવા મૂલ્યો પર અને તેના અનુસંધાનથી થનારી કૃતિ પરનો વિશ્વાસ દઢ કરવાનો પ્રયત્ન શિક્ષક કરશે તેવી અપેક્ષા છે.

# અનુક્રમણિકા

## સ્વાતંત્ર્યોત્તર ભારત
## (ઈ.સ. ૧૯૬૧ થી ઈ.સ. ૨૦૦૦)


| ક્રમ | પાઠનું નામ | પાના નં |
|---|---|---|
| ૧. | ઈતિહાસનાં સાધનો ............. ........... | ૧ |
| ૨. | ભારત : ૧૯૬૦ પછીની ઘટનાઓ .......... | ૫ |
| ૩. | ભારત સામેના અંતર્ગત આહ્વાનો .......... | ૧૦ |
| ૪. | આર્થિક વિકાસ ............................. | ૧૫ |
| ૫. | શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ ......................... | ૨૩ |
| ૬. | મહિલા અને અન્ય દુર્બળ ઘટકોનું .......... સશક્તિકરણ................................. | ૩૧ |
| ૭. | વિજ્ઞાન અને તંત્રજ્ઞાન ........................ | ૩૭ |
| ૮. | ઉદ્યોગ અને વ્યાપાર .......................... | ૪૩ |
| ૯. | બદલાતું જીવન : ભાગ –૧ ................. | ૪૭ |
| ૧૦. | બદલાતું જીવન : ભાગ –૨ ................. | ૫૨ |



**S.O.I. Note :** The following foot notes are applicable : (1) © Government of India, Copyright : 2017. (2) The responsibility for the correctness of internal details rests with the publisher. (3) The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. (4) The administrative headquarters of Chandigarh, Haryana and Punjab are at Chandigarh. (5) The interstate boundaries amongst Arunachal Pradesh, Assam and Meghalaya shown on this map are as interpreted from the "North-Eastern Areas (Reorganisation) Act. 1971," but have yet to be verified. (6) The external boundaries and coastlines of India agree with the Record/Master Copy certified by Survey of India. (7) The state boundaries between Uttarakhand & Uttar Pradesh, Bihar & Jharkhand and Chattisgarh & Madhya Pradesh have not been verified by the Governments concerned. (8) The spellings of names in this map, have been taken from various sources.


# ક્ષમતા વિધાનો


| ક્રમ | ઘટક | ક્ષમતા |
|---|---|---|
| ૧. | ઇતિહાસનાં સાધનો | ☐ ઐતિહાસિક સાધનોનું વર્ગીકરણ કરતાં શીખે<br>☐ ઐતિહાસિક સાધનોના અભ્યાસમાં તત્કાલિન ઘટનાની કલ્પના કરતાં શીખે અને અંદાજ બાંધતાં આવડે.<br>☐ ઐતિહાસિક સંદર્ભોનું યોગ્ય વાંચન કરીને તેનો અર્થ કહી શકે.<br>☐ ઐતિહાસિક વસ્તુ, કાગળપત્રો, પુસ્તકો, નાણાં અને ઇલેક્ટ્રોનિક માહિતી ભેગી કરીને સંગ્રહ કરતાં શીખે. તેમજ તેમનું વર્ગીકરણ જુદી જુદી પદ્ધતિથી કરતાં શીખે.<br>☐ ઐતિહાસિક ઘટનાનો અર્થ વસ્તુનિષ્ઠ પદ્ધતિથી કરતાં આવડે. |
| ૨. | રાષ્ટ્રનિર્મિતિનું આહ્વાનઃ ભાગ -૧ | ☐ ભારતની સ્વતંત્રતા પછીની ઐતિહાસિક ઘટનાનો ક્રમ યોગ્ય પદ્ધતિએ કહી શકે.<br>☐ ભારત સામેના અંતર્ગત આહ્વાનોનો ચિકિત્સક અભ્યાસ કરતાં શીખે.<br>☐ ભારતના આર્થિક ધોરણો કાળાનુસાર બદલાતાં ગયાં, તે સ્પષ્ટ કરતાં આવડે.<br>☐ જાગતિકીકરણ (વૈશ્વિકીકરણ) ને કારણે થયેલા આર્થિક સુધારણાના પરિણામોની જાણકારી મેળવી શકે.<br>☐ ખાનગીકરણ, ઉદારીકરણ અને જાગતિકીકરણને કારણે ભારતીય અર્થવ્યવસ્થામાં થયેલા બદલાવોની કારણમીમાંસા કરતાં શીખે. |
| ૩. | રાષ્ટ્રનિર્મિતિનું આહ્વાનઃ ભાગ -૨ | ☐ ભારતીય શિક્ષણપ્રણાલીના વિકાસના તબ્બકાઓ કહી શકે.<br>☐ વિવિધ સામાજિક સમસ્યાઓના નિરાકરણ માટે શિક્ષણ મહત્વનું માધ્યમ છે, તે કહી શકે.<br>☐ સમાજના દુર્બળ ઘટકોના વિકાસ માટેના વિવિધ પ્રયત્ન અને તેનું મહત્વ ઓળખે.<br>☐ સ્વાતંત્ર્યોત્તર ભારતની વિજ્ઞાન અને તંત્રજ્ઞાનની પ્રગતિનાં ઉદાહરણો કહી શકે.<br>☐ ઉદ્યોગ અને વ્યાપાર ક્ષેત્ર સાથે સંબંધિત સંઘટનાની માહિતી મેળવીને તેનું ભારતીય અર્થવ્યવસ્થા પર પરિણામ કહી શકે.<br>☐ વિજ્ઞાન અને તંત્રજ્ઞાનની પ્રગતિ વિશે અભિમાન કેળવે.<br>☐ ઈન્ટરનેટની મદદથી નવી નવી શોધોની માહિતી મેળવે. |
| ૪. | બદલાતું જીવન | ☐ જનમત નિર્મિતિમાં અને નાગરિક સમાજ સક્રિય કરવામાં પ્રસાર માધ્યમની ભૂમિકા અને જવાબદારી ઓળખી શકે.<br>☐ શહેરીકરણ અને ગ્રામીણ જીવનની તુલના કરીને કહી શકે.<br>☐ સામાજિક સમતાને પ્રોત્સાહન આપવાની માહિતી મળે.<br>☐ વૈજ્ઞાનિક દષ્ટિકોણનો સ્વીકાર કરી શકે. |

# ૧ ઈતિહાસનાં સાધનો

અત્યાર સુધી આપણે પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ભારતનો ઈતિહાસ શીખ્યા. આ વર્ષે આપણે સ્વાતંત્ર્યોત્તર કાળમાંના ભારતના ઈતિહાસનો અભ્યાસ કરવાનો છે. આધુનિક કાળના ઈતિહાસનાં સાધનો પ્રાચીન અને મધ્યકાલીન સાધનો કરતાં જુદાં છે. લિખિત સાધનો, ભૌતિક સાધનો, મૌખિક સાધનો, દૃક–શ્રાવ્ય માધ્યમનાં સાધનોના આધારે ઈતિહાસનો અભ્યાસ કરી શકાય. આધુનિક કાળમાં આપણે પ્રાદેશિક, રાજ્યસ્તરીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પરનાં સાધનો ધ્યાનમાં લેવાં પડે છે. આ સાધનોની મદદથી આપણે ઈતિહાસ લેખન કરી શકીએ છીએ.

**લિખિત સાધનો:** નીચેનાં સાધનોનો લિખિત સાધનોમાં સમાવેશ થાય છે.



**શું તમે જાણો છો?**

ઐતિહાસિક દસ્તાવેજો જે સ્થળે સાચવીને રાખવામાં આવે, તે સ્થળને 'અભિલેખાગાર' કહેવાય છે. ભારતનું રાષ્ટ્રીય અભિલેખાગાર નવી દિલ્હીમાં છે. તે એશિયા ખંડનું સૌથી મોટું અભિલેખાગાર છે.

આધુનિક કાળખંડમાં વર્તમાનપત્રો તો જાણે લોકશાહીનો ચોથો સ્તંભ છે, તેમ જ માહિતી આપનાર પ્રમુખ સાધન પણ છે. ૧૯૬૧ થી ૨૦૦૦ના સમયગાળાનો વિચાર કરતાં શરૂઆતમાં છાપેલ માધ્યમનો વિશેષતઃ વર્તમાનપત્રનો પર્યાય નથી એવું જણાય છે. ભારતમાં ઉદારીકરણ શરૂ થયું અને (આંતરજાળ) ઈન્ટરનેટનો સાર્વત્રિક પ્રચાર શરૂ થવાથી છાપેલા માધ્યમોનો પર્યાય મળી ગયો. ખરેખર આવું થયું હોવા છતાં પ્રસારમાધ્યમનું સામર્થ્ય હજી પણ કાયમ છે.

**વર્તમાનપત્રો:** વર્તમાનપત્ર દ્વારા આપણને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટના, રાજકારણ, કલા, રમતગમત, સાહિત્ય, સમાજકારણ અને સાંસ્કૃતિક ઘટના જાણવા મળે છે. માનવી જીવન સાથે સંબંધિત વાતો વર્તમાનપત્રોમાં આવે છે. રાષ્ટ્રીય સ્તરે કામ કરનાર વર્તમાનપત્રોએ પોતાની પ્રાદેશિક આવૃત્તિઓ શરૂ કરી છે. તેમની વિવિધ વિષયોની માહિતી આપનાર પૂર્તિઓ હોય છે. છાપેલ માધ્યમમાં ચળવળના મુખપત્રો, રાજકીય પક્ષોના દૈનિકો અને સાપ્તાહિકો, માસિકો, વાર્ષિકો મહત્ત્વના હોય છે.

કેટલાંક વર્તમાનપત્રો વર્ષના અંતે આખા વર્ષ દરમિયાન ઘટેલી મહત્ત્વની ઘટનાનું તારણ કાઢતી પૂર્તિઓ બહાર પાડે છે. જે આપણને આખા વર્ષની મહત્ત્વની ઘટના સમજવામાં મદદરૂપ થાય છે.

**પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈંડિયા (PTI):** ૧૯૫૩ પછી ભારતના અનેક વર્તમાનપત્રો માટે બધી મહત્ત્વની ઘટનાની પ્રાથમિક માહિતી, મહત્ત્વના વિષયો પરના લેખ માટે પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈંડિયા મહત્ત્વનો સ્રોત છે. પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈંડિયાએ વૃત્તલેખ, છાયાચિત્રો, આર્થિક, વૈજ્ઞાનિક વિષયો પરના લેખ વર્તમાનપત્રોને પૂરા પાડ્યા છે. હવે PTI એ ઓનલાઈન સેવા શરૂ કરી છે. ૧૯૯૦ના દશકમાં પીટીઆયએ ટેલિપ્રિન્ટર્સને બદલે 'ઉપગ્રહ પ્રસારણ' તંત્ર મારફતે દેશભરમાં

### શું તમે જાણો છો?

છાપેલ માધ્યમમાં ભારત સરકારના પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરેલા વાર્ષિક (અહેવાલ)માંની માહિતી વિશ્વસનીય હોય છે. ઉદા. માહિતી અને પ્રસારણ ખાતાએ 'INDIA 2000' વાર્ષિક સંદર્ભગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. આ ગ્રંથ 'સંશોધન, સંદર્ભ અને પ્રશિક્ષણ' વિભાગ અંતર્ગત તૈયાર કરવામાં આવ્યો છે.

આ ગ્રંથમાં ભૂમિ, લોકો, રાષ્ટ્રીય પ્રતીકો, રાજકીય વ્યવસ્થા, સંરક્ષણ, શિક્ષણ, સાંસ્કૃતિક ઘટના, વિજ્ઞાન અને તંત્રજ્ઞાનની ઘટના, પર્યાવરણ, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, સમાજ કલ્યાણ, પ્રસારમાધ્યમો, મૂળભૂત આર્થિક માહિતી, મૂડીપુરવઠો, નિયોજન, ખેતી, જળસિંચન, ગ્રામીણ વિકાસ, અન્ન અને નાગરી પુરવઠો ઉર્જા, ઉદ્યોગ, વ્યાપાર, વાહન વ્યવહાર, સંદેશવ્યવહાર, શ્રમ, ગૃહયોજના, ન્યાય અને કાયદો, યુવા અને રમતક્ષેત્ર વગેરે ઘટનાઓનું તારણ (જાણકારી), સર્વસાધારણ ઉપયુક્ત માહિતીઓનો સમાવેશ છે. આવી માહિતીના આધારે આપણને ઈતિહાસ લખવો શક્ય બને છે. વેબસાઈટ: www.publicationsdivision.nic.in

સમાચાર મોકલવાની શરૂઆત કરી. આધુનિક ભારતના ઈતિહાસ-લેખન માટે આ માહિતી મહત્ત્વની છે.

**ટપાલ ટિકિટોઃ** ટપાલ ટિકિટો પોતે કંઈ પણ બોલતી નથી તો પણ ઈતિહાસકાર તેમને બોલતી કરે છે. ભારત સ્વતંત્ર થયું ત્યારથી આજ સુધી ટપાલ ટિકિટોમાં વિવિધ ફેરફારો થયા છે. ટિકિટોના આકારમાં વૈવિધ્ય, વિષયોમાં નવીનતા, રંગરૂપતાને કારણે ટપાલ ટિકિટ આપણને બદલાતા કાળ વિશે માહિતગાર કરે છે.


ટપાલ ખાતું રાજકીય નેતાઓ પર, ફૂલો પર, પ્રાણી-પક્ષીઓ પર, એકાદી ઘટના પર, એકાદ ઘટનાના રજત, સુવર્ણ, અમૃતમહોત્સવ, સદી, દ્વિસદી, ત્રિસદીપૂર્તિ નિમિત્તે ટિકિટો બહાર પાડે છે. તે ઈતિહાસનો અમૂલ્ય વારસો હોય છે.

### શું તમે જાણો છો?

૧૯૭૭માં ભારત સરકારે જાલ કૂપર ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરી. જાલ કૂપર 'ટપાલ ટિકિટ' વિષયમાં જાગતિક સ્તરના અભ્યાસક હતા. મુંબઈમાં પારસી કુટુંબમાં જન્મેલા કૂપરે 'ઈન્ડિયાઝ સ્ટેમ્પ જર્નલ'નું સંપાદન કર્યું. ભારતના પહેલા ટપાલ ટિકિટ સંગ્રાહક બ્યુરોના તેઓ સ્થાપક (First Philatelic Bureau) હતા. તેમણે 'એમ્પાયર ઓફ ઈંડિયા ફિલાટેલિક સોસાયટી' ની સ્થાપના કરી. આ વિષય પર આગળ જતાં તેમણે પુસ્તકો લખ્યાં. આ શોખને તેમણે વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું. ભારતીય ટપાલ ટિકિટના અભ્યાસને વૈશ્વિક સ્તર પર લઈ જવામાં તેમનો મોટો ફાળો છે. ટપાલ ટિકિટ સંગ્રાહક તરીકે કારકિર્દીની શરૂઆત કરીને વૈશ્વિક સ્તર મેળવનાર કૂપરનું યોગદાન સમજવા તેમના પર બહાર પાડેલી ટપાલ ટિકિટો એ મહત્ત્વનું સાધન છે.



જાલ કૂપર ટપાલ ટિકિટ



**ભૌતિક સાધનોઃ** નીચે આપેલ સાધનોનો સમાવેશ ભૌતિક સાધનોમાં થાય છે.

**નાણુંઃ** નાણાંના માધ્યમથી અને બદલાતી રહેતી નોટોના છપાઈ માધ્યમમાંથી આપણને ઈતિહાસ જાણવા મળે છે. નોટો છાપવાનું કામ



નાણું

રિઝર્વ બેંક ઓફ ઇંડિયા કરે છે. તેનું મુખ્ય કાર્યાલય મુંબઈમાં છે.

૧૯૫૦થી અત્યાર સુધીનાં નાણાં, તેમાં વપરાયેલી ધાતુ, તેનો આકાર, તેની ઉપરના વિષય વૈવિધ્ય, આ બધા ઉપરથી આપણને સમકાલિન ભારતના મહત્ત્વના પ્રશ્ન ધ્યાનમાં આવે છે. ઉદા. લોકસંખ્યા નિયંત્રણમાં રાખવાના સંદેશા આપતાં નાણાં, ખેતી અને ખેડૂતોનું મહત્ત્વ સમજાવતા નાણાં.

**સંગ્રહાલયોઃ** ભારતનાં બધાં જ રાજ્યોમાં તે તે રાજ્યોનું વૈશિષ્ટ્ય દર્શાવતાં વસ્તુસંગ્રહાલયો છે. તેના પરથી આપણને ઈતિહાસ જાણવામાં મદદ મળે છે. (ઉદા. મુંબઈમાં આવેલ છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુસંગ્રહાલય). સરકારી સંગ્રહાલયો સિવાય કેટલાક સંગ્રાહકો પોતાનાં જુદાં જુદાં સંગ્રહાલયો બનાવે છે. તે અત્યંત વિવિધતા સભર હોય છે. ઉદા. નાણાં, નોટો, વિવિધ આકારના દીવા, સૂડી, ક્રિકેટનું સાહિત્ય.

**મૌખિક સાધનોઃ** આ સાધનોમાં લોકકથા, લોકગીતો, કહેવતો, સ્તોત્ર વગેરેનો સમાવેશ થાય છે. ઉદા. સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળમાં લોકશાહીર અણ્ણાભાઉ સાઠે, શાહીર અમર શેખના વીરતા સભર ગીતો (પોવાડા) દ્વારા કાર્યકર્તાઓને પ્રેરણા મળતી હતી.

**દૃક-શ્રાવ્ય સાધનોઃ** દૂરદર્શન, ચિત્રપટ, આંતરજાળ (ઈન્ટરનેટ) વગેરે સાધનો 'દૃક–શ્રાવ્ય સાધનો' કહેવાય છે. વિવિધ દેશી અને પરદેશી ચેનલ ઉદા. હિસ્ટ્રી ચેનલ, ડિસ્કવ્હરી.

**કરી જુઓ**

એકાદી ઘટનાનું સાહિત્યમાં કેવું પ્રતિબિંબ પડે છે અને કવિ એકાદી ઘટનાને કઈ રીતે જુએ છે તેનું એક ઉદાહરણ મરાઠી કવિ કુસુમાગ્રજે ભારત–ચીન યુદ્ધની પાર્શ્વભૂમિ પર રચેલ કવિતા 'આહ્વાન' છે.

*बर्फाचे तट पेटुनि उठले सदन शिवाचे कोसळते*
*रक्त आपुल्या प्रिय आईचे शुभ्र हिमावर ओघळते!*
*असुरांचे पद भ्रष्ट लागुनी आज सतीचे पुण्य मळे*
*अशा घडीला कोण करंटा तटस्थतेने दूर खळे*
*कृतांत ज्वाला त्वेषाची ना कोणाच्या हृदयात जळे*
*साममंत्र तो सरे, रणाची नौबत आता धडधडते*
*रक्त आपुल्या प्रिय आईचे शुभ्र हिमावर ओघळते!*

આવા પ્રકારની અનેક ઘટનાઓ પર આધારિત લખાયેલ સાહિત્ય શોધો.

**ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંડિયા (FTII) :** ભારત સરકારે પુણેમાં ૧૯૬૦ની સાલમાં લોકશિક્ષણ આપવાના હેતુથી ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંડિયાની સ્થાપના કરી. રાજકારણ, સમાજકારણ, કલા, રમત અને સંસ્કૃતિ જેવા વિવિધ ક્ષેત્રોમાંની મહત્ત્વની ઘટનાઓ પર આધારિત ચલચિત્ર ઈંડિયન ન્યૂઝ રિવ્હ્યૂ સંસ્થાએ તૈયાર કરી. સમાજનું નેતૃત્વ કરનાર વ્યક્તિ, દેશ માટે યોગદાન આપનાર વ્યક્તિ અને મહત્ત્વનાં સ્થળોની માહિતી આપનાર ટૂંકી ફિલ્મો (ડોક્યુમેંટરીઝ) આ વિભાગે તૈયાર કરી

**એફટીઆયઆય બોધચિન્હ**

**કરી જુઓ**

દેશભક્તિ વિષયક કઈ કઈ ફિલ્મો તમને ખબર છે? તમને ગમતી એક ફિલ્મનો રસાસ્વાદ તમારામાં શબ્દોમાં લખો.

છે. આધુનિક ભારતના ઈતિહાસનો અભ્યાસ કરવા માટે આ ચલચિત્રો અને ડોક્યુમેંટરીઝ ઉપયોગી છે.

અત્યાર સુધી આપણે આધુનિક ભારતના ઈતિહાસ લેખન માટે ઉપયોગી હોય તેવાં થોડાં સાધનો જોયાં. ૨૧મી સદીમાં સમય એટલો ઝડપથી (જલ્દીથી) બદલાય છે કે આ સાધનો પણ અપૂરતા સિદ્ધ થશે. એટલે હવે સ્વાભાવિકપણે નવાં સાધનો અસ્તિત્વમાં આવી રહ્યાં છે. ઉદા. ઘરના સાદા ટેલિફોનથી મોબાઈલ. આ પ્રવાસમાં 'પેજર' નામનું સાધન સંપર્ક માટે આવ્યું હતું. તે જેટલી ઝડપથી આવ્યું તેટલી જ ઝડપથી તે પૂર્ણતાને પામ્યું. આંતરજાળ (ઈન્ટરનેટ) પર ઉપલબ્ધ થતી પ્રચંડ માહિતીનો ઉપયોગ ઈતિહાસના અભ્યાસ માટે કરવામાં આવે છે. પરંતુ માહિતીની સત્યતા, યથાર્થતા તપાસવી પડે છે.

ઈતિહાસનો સર્વ સાધનોના આધારે અભ્યાસ કરવો સહજસાધ્ય થયો છે. તેમજ આ બધાં સાધનો આધુનિક કાળનાં હોવાથી તે મેળવવા શક્ય બન્યાં છે. ઈતિહાસ જીવનના સર્વ અંગોને સ્પર્શ કરતો હોવાથી સાધનોના જતનના પ્રયત્ન સર્વ સ્તરે થતાં દેખાય છે. તે આપણે પણ કરીએ.

## સ્વાધ્યાય

૧. (અ) આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાન પૂર્ણ કરો.

(૧) ભારતનું રાષ્ટ્રીય અભિલેખાગાર ........માં છે.

(અ) પુણે (બ) નવી દિલ્હી (ક) કોલકતા (ડ) હૈદરાબાદ

(૨) દક-શ્રાવ્ય સાધનોમાં .......... સાધનનો સમાવેશ થાય છે.

(અ) વર્તમાનપત્ર (બ) દૂરદર્શન (ક) આકાશવાણી (ડ) સામયિકો

(૩) ભૌતિક સાધનોમાં ............ નો સમાવેશ થતો નથી.

(અ) નાણું (બ) અલંકાર (ઘરેણાં) (ક) ઈમારતો (ડ) કહેવતો

(બ) નીચેનામાંથી ખોટી જોડી ઓળખીને લખો.

| વ્યક્તિ | વિશેષ |
|---|---|
| જાલ કૂપર | – ટપાલ ટિકિટ અભ્યાસક |
| કુસુમાગ્રજ | – કવિ |
| અણ્ણાભાઉ સાઠે | – લોકશાહીર |
| અમર શેખ | – ચિત્રસંગ્રાહક |

૨. નોંધ લખો

(૧) લિખિત સાધનો (૨) પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈંડિયા

૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો

(૧) ટપાલ ખાતુ ટપાલ ટિકિટના માધ્યમથી ભારતીય સંસ્કૃતિના વારસાનું અને એકાત્મતાનું જતન કરવાનો પ્રયત્ન કરે છે.

(૨) આધુનિક ભારતનો ઈતિહાસ લખવા માટે દક-શ્રાવ્ય માધ્યમ મહત્ત્વના હોય છે.

### ઉપક્રમ

(૧) શાળાનું હસ્તલિખિત માહિતીપત્રક તૈયાર કરો.

(૨) Archaeological Survey of India ભારત સરકારના અધિકૃત સંકેતસ્થળ ઉપર વિવિધ માહિતી મેળવો.

(૩) તમારા ગામનો ઈતિહાસ લખવા માટે કયા સાધનો વાપરશો? તે સાધનોની મદદથી તમારા ગામનો ઈતિહાસ લખો.

# ૨ ભારત : ૧૯૬૦ પછીની ઘટનાઓ

ઈ.સ. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું. ૧૯૫૦માં સંવિધાનનો સ્વીકાર કરીને ભારત સાર્વભૌમ લોકશાહી રાષ્ટ્ર બન્યું. ભારતીય સમાજ વૈવિધ્ય ધરાવતો હોવાથી સમાજમાં વિવિધ ભાષા, ધર્મ, વંશ અને જાતિના લોકો એકત્ર રહે છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી શરૂઆતના સમયમાં ભારતને આર્થિક, રાજકીય અને સામાજિક વિકાસના પ્રશ્નો ઉકેલવાના હતા. નિયોજન આયોગની નિર્મિતિ અને ઔદ્યોગિકીકરણ પર ભાર આપવો એ આર્થિક વિકાસ સાધ્ય કરવાનો અને દેશની ગરીબીની સમસ્યા દૂર કરવાનો એકમાત્ર માર્ગ છે એવું માનીને તેને સ્વીકારવામાં આવ્યો. ચૂંટણીનું યશસ્વી આયોજન અને લોકશાહી પરંપરા પરના વિશ્વાસને કારણે આપણને રાજકીય સ્થિરતા પ્રાપ્ત કરવી શક્ય બની. આ સાથે જ દુર્બળ સમાજ ઘટકો માટે કાર્યક્રમો અને ધોરણોનો સમાવેશ ધરાવતી અનેક સામાજિક સુધારણા અમલમાં મૂકવાના પ્રયત્ન થયા.

**૧૯૬૦ નો દશક:** ભારતની રાજકીય પરિસ્થિતિ પર અસર કરનારી અનેક ઘટનાઓ ૧૯૬૦ના દશકમાં બની. પોર્ટુગીઝોના રાજવહીવટમાં રહેલાં ગોવા, દમણ અને દીવની મુક્તિ થઈ અને તે ભારતીય સંઘરાજ્યનો ભાગ બન્યા. ઉત્તરની સીમારેખા પર ભારત અને ચીન વચ્ચેનો તણાવ ૧૯૫૦ થી વધ્યો હતો. આ તણાવનો અંત છેવટે બંને દેશવચ્ચે સીમારેખાના યુદ્ધમાં થયો. આ યુદ્ધ મૅકમોહન (૧૯૬૨) રેખાના ક્ષેત્રમાં થયું.



પંડિત જવાહરલાલ નેહરુ

ભારતને સ્વતંત્રતા મળી તે પછીના સમયમાં વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ ભારતનું નેતૃત્વ સંભાળ્યું. તેઓ ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણના શિલ્પ કાર હતા. ભારતના સામાજિક-આર્થિક વિકાસમાં તેમણે આપેલો ફાળો અત્યંત મહત્ત્વનો છે. ૧૯૬૪માં ભારતના વડાપ્રધાન પં. નેહરુનું નિધન થયું. ત્યારબાદ લાલબહાદુર શાસ્ત્રી ભારતના વડાપ્રધાન બન્યા. તેમની કારકિર્દી દરમિયાન ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીર પ્રશ્ને યુદ્ધ થયું. સોવિયેત રશિયાને બન્ને દેશો વચ્ચે મધ્યસ્થી કરવાનો પ્રયત્ન કર્યો. ૧૯૬૬માં તાશ્કંદમાં લાલબહાદુર શાસ્ત્રીનું નિધન થયું. 'જય જવાન, જય કિસાન' ઘોષણા લાલબહાદુર શાસ્ત્રીએ જ આપી અને આ દ્વારા તેમણે ભારતીય ખેડૂત અને ભારતીય જવાનનું મહત્ત્વ અધોરેખિત કર્યું.



લાલબહાદુર શાસ્ત્રી



ઇંદિરા ગાંધી

૧૯૬૬માં શ્રીમતી ઈંદિરા ગાંધી ભારતના વડાપ્રધાન બન્યાં. તેમની નિર્ણયક્ષમતા પ્રશંસનીય હતી. બેંકોનું રાષ્ટ્રીયકરણ અને સંસ્થાનિકોનું વેતન બંધ કરવાના તેમના નિર્ણયના દૂરગામી પરિણામ થયા. તેમની કારકિર્દીમાં પાકિસ્તાનનું પૂર્વ પાકિસ્તાનના સંદર્ભમાં દમનનીતિનું ધોરણ પૂર્વ પાકિસ્તાનમાં મોટું આંદોલન નિર્માણ કરવામાં કારણભૂત બન્યું.

આ આંદોલનનું નેતૃત્વ શેખ મુઝીબુર રહેમાનની મુક્તિવાહિનીએ કર્યું. પૂર્વ પાકિસ્તાનની આ સમસ્યાનું પરિણામ ભારત પર પણ થયું. કારણ કે ત્યાંથી કરોડો નિર્વાસિતો ભારતમાં આવ્યા.

**૧૯૭૦નો દશક:** ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. તેના પરિણામે સ્વતંત્ર

બાંગલાદેશ નિર્માણ થયું. આ કાર્યોમાં વડાપ્રધાન ઈંદિરાગાંધીના દૃઢ નેતૃત્વનું યોગદાન મહત્વનું મનાય છે. શાંતિના કારણો માટે અણુઉર્જાનો વપરાશ કરવાના આપણાં ધોરણના એક ભાગ રૂપે ભારતે ૧૯૭૪માં રાજસ્થાનના પોખરણમાં યશસ્વી રીતે અણુપરિક્ષણ કર્યું. ૧૯૭૫માં સિક્કીમની જનતાએ ભારતીય સંઘરાજ્યમાં સામેલ થવાના પક્ષમાં મતદાન કર્યું અને તે અનુસાર સિક્કીમને ભારતીય સંઘરાજ્યમાં રાજ્યનો દરજ્જો મળ્યો.

આ દશકમાં શાસને સંવિધાનની કટોકટી વિષયક વ્યવસ્થાને આધારે રાષ્ટ્રીય કટોકટી ઘોષિત કરી. કટોકટીના આ કાળમાં ભારતીય નાગરિકોના મૂળભૂત હક્ક સ્થગિત કરવામાં આવ્યા. કટોકટીને કારણે ભારતીય પ્રશાસન વ્યવસ્થામાં શિસ્ત આવી, પરંતુ તે સાથે માનવી હક્કો પર કાપ મૂકાયો. રાષ્ટ્રીય કટોકટીનો કાળ ૧૯૭૫ થી ૧૯૭૭ સુધી રહ્યો અને ત્યારબાદ સાર્વત્રિક ચૂંટણીઓ લેવામાં આવી.

કટોકટીની પાર્શ્વભૂમિ પર અનેક વિરોધી પક્ષોએ એકત્ર થઈને જનતા પક્ષની નિર્મિતિ કરી. નવા સ્થાપન થયેલા જનતા પક્ષ સામે શ્રીમતી ઈંદિરા ગાંધીના નેતૃત્વમાં લડેલા કોંગ્રેસ પક્ષનો કારમો પરાજય આ ચૂંટણીમાં થયો. મોરારજી દેસાઈ વડાપ્રધાન બન્યા. તેમના નેતૃત્વ નીચે જનતાપક્ષની સરકાર આપસના મતભેદોને કારણે લાંબો સમય ટકી નહીં. તે પછી ચરણસિંગ વડાપ્રધાન બન્યા. તેમની સરકાર અલ્પકાળ ટકી. ૧૯૮૦માં ફરી ચૂંટણીઓ થઈ અને શ્રીમતી ઈંદિરા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પક્ષ ફરી સત્તા પર આવ્યો.

**૧૯૮૦નો દશક:** આ દશકમાં ભારતીય રાજકીય વ્યવસ્થાને અનેક નવા આહ્વાનોનો સામનો કરવો પડ્યો. શીખોએ પંજાબમાં સ્વતંત્ર ખાલિસ્તાન રાજ્યની માંગણી માટે આંદોલન શરૂ કર્યું. આ આંદોલને અતિશય ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. આ આંદોલનને પાકિસ્તાનનો ટેકો હતો. ૧૯૮૪માં અમૃતસરના સુવર્ણમંદિરમાં આશ્રય લીધેલા આતંકવાદીઓને બહાર કાઢવા માટે ભારતીય લશ્કર મોકલવું પડ્યું. શ્રીમતી ઈંદિરા ગાંધીના સુરક્ષા રક્ષક પથકના રક્ષકોએ જ તેમની હત્યા કરી. આ જ કાળખંડમાં ઈશાન બાજુના ભારતમાં ઉલ્ફા સંઘટનાના નેતૃત્વ નીચે મોટું આંદોલન થયું.


રાજીવ ગાંધી

૧૯૮૪માં રાજીવ ગાંધીએ વડાપ્રધાન તરીકે સૂત્રો સંભાળ્યા. તેમણે ભારતની અર્થવ્યવસ્થામાં તેમજ વિજ્ઞાન અને તંત્રજ્ઞાનના ક્ષેત્રમાં અનેક સુધારા કરવાનો પ્રયત્ન કર્યો. શ્રીલંકાના તમિળ અલ્પસંખ્યકોની સમસ્યા ઉકેલવા માટે રાજીવ ગાંધી આગળ આવ્યા. તમિળ સમુદાયને દેશાંતર્ગત સ્વાયત્તતા આપી એકસંઘ શ્રીલંકાની કલ્પનાને તેમણે ટેકો આપ્યો હતો; પરંતુ તેમના આ પ્રયત્નોને યશ મળ્યો નહીં.

૧૯૮૯માં થયેલ સાર્વત્રિક ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો પરાજય થયો. ત્યાર પછી વિવિધ પક્ષ એકત્ર થતાં જનતા દળના વિશ્વનાથ પ્રતાપ સિંગ ભારતના વડાપ્રધાન બન્યા. બીજા પછાત વર્ગો માટે આરક્ષણ ધોરણ એ તેમનું મહત્વનું યોગદાન ગણાય છે. પક્ષના અંતર્ગત વાદવિવાદોને કારણે તેઓ લાંબો સમય વડાપ્રધાનના પદ પર રહી શક્યા નહીં. ૧૯૯૦માં ચંદ્રશેખર ભારતના વડાપ્રધાન બન્યા. તેમની સરકાર અલ્પકાળ ટકી. ૧૯૯૧ માં ચૂંટણી પ્રચાર દરમ્યાન શ્રીલંકાના લિટ્ટે (LTTE) સંઘટનાએ રાજીવ ગાંધીની હત્યા કરી.

૧૯૮૦ના દશકના અંતે જમ્મુ અને કાશ્મીરમાં અસંતોષની શરૂઆત થઈ તેવું જણાય છે. આ સમસ્યા દિવસે દિવસે વધતી ગઈ અને આજે તેણે આતંકવાદનું સ્વરૂપ ધારણ કર્યું છે. ત્યાંની આતંકવાદી પ્રવૃતિને કારણે કાશ્મીરી પંડિતોને ત્યાંથી નીકળી જવું પડ્યું.

**૧૯૯૧ પછીનો ફેરફાર:** જગતના અને ભારતના ઈતિહાસમાં ૧૯૯૧નું વર્ષ મહત્ત્વપૂર્ણ

ફેરફારનું સિધ્ધ થયું. સોવિયેત રશિયાનું આ સમયમાં વિઘટન થયું અને જગતમાં શીતયુદ્ધ પૂર્ણ થયું. ભારતમાં પી.વ્હી. નરસિંહરાવના નેતૃત્વમાં શાસને ભારતીય અર્થવ્યવસ્થામાં અનેક ફેરફારો કર્યા.

આ સમયગાળામાં પ્રધાનમંત્રી તરીકે અટલબિહારી વાજપેયી, એચ.ડી. દેવેગૌડા અને ઈન્દ્રકુમાર ગુજરાલ વગેરેએ કાર્યભાર સંભાળ્યો. અંતે ૧૯૯૯માં ભારતીય જનતા પક્ષના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય લોકશાહી સંગઠનની સરકાર સત્તા પર આવી અને અટલબિહારી વાજપેયી ભારતના વડા પ્રધાન બન્યા.


અટલબિહારી વાજપેયી

અટલબિહારી વાજપેયીએ પાકિસ્તાન સાથે સંવાદ સાધવાનો પ્રયત્ન કર્યો પરંતુ યશ ન મળ્યો. ૧૯૯૮માં ભારતે બીજા કેટલાક અણુપરીક્ષણો કરીને પોતાને અણુ શસ્ત્રધારી રાષ્ટ્ર ઘોષિત કર્યું. ૧૯૯૯માં કારગીલ ક્ષેત્રમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીર પ્રશ્ને યુદ્ધ થયું. આ યુદ્ધમાં પણ ભારતે પાકિસ્તાનનો પરાજય કર્યો.

**ભારતીય અર્થ-વ્યવસ્થાઃ** ભારત સ્વતંત્ર થયું ત્યારથી જ અર્થવ્યવસ્થાનું આધુનિકીકરણ, આર્થિક સ્વાવલંબન અને સામાજિક ન્યાયસહ સમાજવાદી સમાજરચના એ ભારતીય અર્થવ્યવસ્થાની વિશિષ્ટતા રહેલી છે. ભારતે ઉદ્યોગ ઊભા કરીને આધુનિકીકરણ અને સ્વાવલંબન પ્રાપ્ત કરવાનું હતું. નિયોજન દ્વારા સામાજિક ન્યાય પર આધારિત અર્થવ્યવસ્થા અસ્તિત્વમાં લાવવાની હતી એટલે જ આયોજન પંચ નિર્માણ કરવામાં આવ્યું અને પંચવાર્ષિક યોજના શરૂ કરવામાં આવી.

૧૯૯૧માં નરસિંહરાવ શાસને આર્થિક સુધારણા કરવાનો પ્રારંભ કર્યો. આ આર્થિક સુધારણાને આર્થિક ઉદારીકરણ કહેવાય છે. ભારતની આર્થિક વ્યવસ્થા આ ધોરણોને કારણે ગતિમાન બની. ભારતમાં પરદેશી રોકાણ વધ્યું. ઉદ્યોગ, વૈજ્ઞાનિક ક્ષેત્રના કુશળ વ્યાવસાયિક ભારતીયોએ ભારતીય અર્થવ્યવસ્થા સુધારવામાં મદદ કરી. માહિતી તંત્રજ્ઞાન ક્ષેત્રમાંના ઉદ્યોગોએ રોજગારની નવી તકો નિર્માણ કરી. ૧૯૯૧ પછી થયેલા આ પરિવર્તનને 'જાગતિકીકરણ' પણ કહેવાય છે.

**વિજ્ઞાન અને તંત્રજ્ઞાનઃ** ભારતે સ્વાવલંબન માટે જે પ્રયત્ન કર્યા, તેમાં બે મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ કરી શકાય. ૧૯૬૫માં શરૂ થયેલ હરિતક્રાંતિના જનક ડો. એમ. એસ. સ્વામીનાથન હતા. તેમણે નવા વૈજ્ઞાનિક તંત્રનો ઉપયોગ કરીને અન્નધાન્યના ઉત્પાદનમાં વધારો કર્યો. ડો. વર્ગીસ કુરિયને તેમના દુગ્ધ ઉત્પાદન માં સહકારી ચળવળના પ્રયોગો દ્વારા ભારતમાં દૂધ ઉત્પાદનમાં મોટા પ્રમાણમાં વધારો કર્યો છે. આને 'ધવલક્રાંતિ' પણ કહેવાય છે.

અણુશક્તિ અને અવકાશ સંશોધનના ક્ષેત્રમાં પણ ભારતે ઘણી પ્રગતિ કરી છે. ડો. હોમી ભાભાએ ભારતમાં અણુશક્તિ કાર્યક્રમનો પાયો નાંખ્યો. અણુશક્તિનો વપરાશ વીજ નિર્મિતિ, ઔષધ અને સંરક્ષણ જેવા શાંતિના કારણો માટે કરવા પર ભારતે ભાર મૂક્યો છે. અવકાશ તંત્રજ્ઞાનમાં પણ ભારતે મોટી કામગીરી બજાવી છે. ૧૯૭૫માં પહેલો ઉપગ્રહ 'આર્યભટ્ટ' અવકાશમાં છોડ્યો. આજે ભારત પાસે એક યશસ્વી અવકાશ કાર્યક્રમ છે, તે અંતર્ગત અનેક ઉપગ્રહ અવકાશમાં છોડવામાં આવ્યા છે. દૂરસંચાર ક્ષેત્રમાં પણ પ્રગતિ થઈ છે.

**સામાજિક ક્ષેત્રમાં થયેલો ફેરફારઃ** આ સમય દરમિયાન ભારતના સામાજિક ક્ષેત્રમાં પણ અનેક મહત્ત્વપૂર્ણ ફેરફાર થયા છે.

તેમાંના કેટલાક ફેરફાર મહિલા સશક્તિકરણની સમસ્યા સાથે સંબંધિત છે, તો કેટલાક વંચિત ઘટકોની ઉન્નતિ માટે સ્વીકારવામાં આવેલા ધોરણો

સાથે સંબંધિત છે. દેશની મહિલા અને બાળકોના સર્વાંગીણ વિકાસને ગતિ આપવા માટે ૧૯૮૫માં માનવબળ વિકાસ મંત્રાલય અંતર્ગત 'મહિલા અને બાળવિકાસ વિભાગ' નિર્માણ કરવામાં આવ્યો. સ્ત્રીઓને સામાજિક ન્યાયની બાહેંધરી મળે અને યોજનાની કાર્યવાહીમાં મદદ મળે તે માટે જે કાયદા કરવામાં આવ્યા તેમાં દહેજ પ્રતિબંધ કાયદો, સમાન વેતન કાયદો વગેરેનો સમાવેશ થાય છે. સંવિધાનમાં થયેલ ૭૩માં અને ૭૪માં સુધારામાં સ્થાનિક શાસન સંસ્થામાં સ્ત્રીઓ માટે અનામત જગ્યા રાખવામાં આવી.

સંવિધાનકારોને એવું લાગતું હતું કે, જાતિ વ્યવસ્થાને કારણે ભારતીય સમાજના થોડા સમાજઘટકોને સન્માન અને સમાન તકથી વંચિત રહેવું પડે છે. આ સમસ્યાના હલ માટે ૧૯૫૩માં 'કાકાસાહેબ કાલેલકર આયોગ'ની સ્થાપના કરવામાં આવી. ૧૯૭૮માં બી. પી. મંડલની અધ્યક્ષતામાં અન્ય અનુસૂચિત જાતિ જમાતીની સમસ્યાઓનો વિચાર કરવા માટે બીજું એક પંચ નિમવામાં આવ્યું. વિવિધ સેવા અને સંસ્થામાં પછાત સમાજઘટકોને યોગ્ય પ્રતિનિધિત્વ મેળવી આપવા માટે આરક્ષણનું ધોરણ સ્વીકારવામાં આવ્યું. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જમાતીના સમાજઘટકોને ઉચ્ચવર્ણના ડર, હિંસા અને દમનનીતિમાંથી મુક્ત રાખીને પ્રતિષ્ઠા અને આત્મસન્માનથી જીવન જીવવા મળે તે માટે ૧૯૮૯માં શાસને 'અત્યાચાર વિરોધી' (એટ્રાસિટી) કાયદો પસાર કર્યો.

**જાગતિકીકરણ:** જાગતિકીકરણને કારણે અર્થકારણ, રાજકારણ, વિજ્ઞાન અને તંત્રજ્ઞાન, સમાજ અને સંસ્કૃતિ આ સર્વ ક્ષેત્રમાં અનેક ફેરફાર કરવામાં આવ્યા છે. આમાંના ઘણા ફેરફારોની ચર્ચા ઉપરના ફકરામાં કરેલી છે. જાગતિક સ્તર પર અનેક ક્ષેત્રમાં એક મહત્ત્વના દેશ તરીકે ભારત ઉદય પામ્યો છે. G-20 અને BRICS (Brazil, Russia, India, China, South Africa) જેવી આંતરરાષ્ટ્રીય સંઘટનાનો ભારત એક મહત્ત્વનો સભ્ય દેશ છે. દૂરસંચાર તંત્રજ્ઞાનના ક્ષેત્રમાં એક મહત્ત્વની ક્રાંતિ ભારતે અનુભવી છે.

ભ્રમણધ્વનિ (મોબાઈલ) અને આંતરજાળ (ઈન્ટરનેટ) સેવા, ઉપગ્રહ પર આધારિત દૂરસંચાર સેવા સંપૂર્ણ ભારતભરમાં પ્રસરી છે. રાજકીય ક્ષેત્રમાં એક સ્થિર લોકશાહી કેવી સફળ રીતે કાર્ય કરે છે એ ભારતે જગતને દેખાડી દીધું છે. આના પરિણામે ભારતીય લોકોની અને વિશેષતઃ યુવકોની જીવન શૈલીમાં ખૂબ ફેરફાર થયો છે. આ ફેરફાર તેમની આહારવિષયક ટેવો, પોશાક (પહેરવેશ), ભાષા, સમજણમાં દેખાય છે.

આગળના પાઠમાં આપણે ભારત સામેના કેટલાક અંતર્ગત આહ્વાનોનો અભ્યાસ કરવાના છીએ.



## સ્વાધ્યાય

૧. (અ) આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

(૧) શ્રીલંકાના તમિળ અલ્પસંખ્યકોનો પ્રશ્ન હલ કરવામાં આગળ પડતો ભાગ લેનાર વડાપ્રધાન ............ હતા.

(અ) રાજીવ ગાંધી (બ) શ્રીમતી ઈંદિરા ગાંધી
(ક) એચ.ડી. દેવેગૌડા (ડ) પી. વ્હી. નરસિંહરાવ

(૨) ભારતીય હરીત ક્રાંતિના જનક ............ હતા.

(અ) ડો. વર્ગીસ કુરિયન (બ) ડો. હોમી ભાભા
(ક) ડો. એમ.એસ. સ્વામીનાથન
(ડ) ડો. નોમેન બોરલોગ

(બ) નીચેનામાંથી ખોટી જોડી ઓળખીને લખો

(૧) ઈંદિરા ગાંધી – રાષ્ટ્રીય કટોકટી

(૨) રાજીવ ગાંધી – વિજ્ઞાન–તંત્રજ્ઞાન સુધારણા
(૩) પી. વ્હી. નરસિંહરાવ – આર્થિક સુધારણા
(૪) ચંદ્રશેખર – મંડલ આયોગ

૨. આપેલી સૂચના પ્રમાણે કૃતિ કરો.

(અ) પાઠની મદદથી વડાપ્રધાન અને તેમના કાર્યકાળનો કાળક્રમ દર્શાવતો કોઠો તૈયાર કરો.

(બ) ટૂંક નોંધ લખો.
(૧) જાગતિકીકરણ
(૨) ધવલક્રાંતિ

૩. નીચેનાં વિધાનો સકારણ સ્પષ્ટ કરો.
(૧) મોરારજી દેસાઈની સરકાર અલ્પકાળ ટકી.
(૨) અમૃતસરમાં આવેલ સુવર્ણમંદિરમાં લશ્કર મોકલવું પડ્યું.
(૩) ભારતમાં આયોજન પંચ નિર્માણ કરવામાં આવ્યું.

(૪) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.
(૧) દુનિયા અને ભારતના ઈતિહાસમાં ૧૯૯૧નું વર્ષ મહત્ત્વપૂર્ણ ફેરફારનું વર્ષ કેવી રીતે બન્યું?
(૨) ભારતીય અર્થવ્યવસ્થાની વિશિષ્ટતા કઈ?

૫. પાઠની મદદથી ભારત સામેના આહ્વાનો અને ભારતના બળસ્થાનોની યાદી પૂર્ણ કરો.

| ભારત સામેનાં આહ્વાનો | બળસ્થાન |
|---|---|
| ઉદા. ભારત–પાકિસ્તાન યુદ્ધ | વિવિધતામાં એકતા |
| ................... | ................... |
| ................... | અણુશસ્ત્ર સજ્જતા |
| અલગતાવાદ | ................... |

**ઉપક્રમ**

(૧) ભારત–પાકિસ્તાન યુદ્ધમાં પરાક્રમ દર્શાવનાર ભારતીય જવાનોની માહિતી મેળવો.
(૨) કારગિલ યુદ્ધના પરાક્રમી જવાનોના ફોટા ભેગા કરો.
(૩) અત્યારસુધી થઈ ગયેલા ભારતીય વડાપ્રધાનના ફોટાનો સંગ્રહ કરો.
(૪) ડૉ. હોમી ભાભા અણુ સંશોધન કેન્દ્રની માહિતી મેળવો.
(૫) દૂધ ઉત્પાદનથી ક્યા વ્યવસાય ચાલે છે તેનાં ચિત્રો અને માહિતી મેળવો.

3LEXSD

# 3 ભારત સામેના અંતર્ગત આહ્વાનો

આ પાઠમાં આપણે ભારત સામેના કેટલાક અંતર્ગત આહ્વાનોનો વિચાર કરવાના છીએ. અલગતાવાદી ચળવળ, ઈશાન ભારતની સમસ્યા નક્ષલવાદ, જમાતવાદ, પ્રદેશવાદ આ ક્રમમાં ભારત સામેના અંતર્ગત આહ્વાનોનો આપણે અભ્યાસ કરવાના છીએ.

**પંજાબમાં અસંતોષ:** પંજાબ રાજ્યમાં અકાલી દળ પ્રમુખ રાજકીય પક્ષ હતો. ૧૯૭૩ માં અકાલી દળે 'આનંદપૂર સાહેબ' ઠરાવ મંજૂર કર્યો. તે અનુસાર ચંદીગઢ પંજાબને આપવું, બીજાં રાજ્યના પંજાબી ભાષિક પ્રાંતનો પંજાબમાં સમાવેશ કરવો, સેનામાં શીખોની સંખ્યા વધારવી, પંજાબ રાજ્યને વધારે સ્વાયત્તતા આપવી આવી અનેક માંગણીઓ તે ઠરાવમાં હતી. ૧૯૭૭માં અકાલી દળ પક્ષ પંજાબમાં સત્તા પર આવ્યો. તેમણે સત્તા મેળવતાં જ જૂની માંગણીઓ સાથે પંજાબને નદી પાણી વહેંચણીમાં પાણી વધારી આપો, અમૃતસર શહેરને પવિત્ર શહેરનો ખિતાબ આપો આવી માંગણી કરી.

૧૯૮૦માં પંજાબમાં 'સ્વતંત્ર ખાલિસ્તાન' ચળવળનાં મૂળ નખાયાં એ સમયે અકાલી દળનું નેતૃત્વ હરચરણસિંગ લોંગોવાલ કરી રહ્યા હતા. તેઓ સુવર્ણમંદિરમાં બેસીને પોતાના કાર્યકર્તાઓને કરવાનાં કામોની સૂચના આપતા હતા. સુવર્ણમંદિરની બીજી બાજુ કટ્ટર ખાલિસ્તાન વાદી જર્નેલસિંગ ભિંદ્રાનવાલેની આસપાસ સશસ્ત્ર અનુયાયીઓ જમા થવા લાગ્યા. આ કાળમાં આંતકી કાર્યવાહીની શરૂઆત થઈ. ૧૯૮૧ માં સંપાદક લાલા જગતનારાયણના ખૂન કેસમાં ભિંદ્રાનવાલેની ધરપકડ થઈ. ત્યારથી વાતાવરણ વધારે બગડતું ગયું. ત્યારે જ ૧૯૮૩ માં પંજાબમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું. ભિંદ્રાનવાલે ધાર્મિક સ્થળ અકાલ તખ્ત રહેવા જતા રહ્યા. ભિંદ્રાનવાલેના અનુયાયીઓએ સુવર્ણમંદિરના પરિસરને પોતાના તાબામાં લઈને ત્યાં રેતીની દીવાલ ચણી દીધી. પરિસરને કિલ્લાનું સ્વરૂપ આપ્યું. તેથી પંજાબની શાંતિ જોખમમાં મૂકાઇ. લોકશાહી સામે આ મોટુ આહ્વાન હતું.

**ઓપરેશન બ્લૂ સ્ટાર:** સુવર્ણમંદિરમાંથી આતંકવાદીઓને બહાર કાઢવાની પ્રમુખ કામગીરી મેજર જનરલ કુલદીપસિંગ બ્રારને સોંપવામાં આવી. ૩ જૂન ૧૯૮૪ના રોજ સવારે 'ઓપરેશન બ્લૂ સ્ટાર' નો પ્રારંભ થયો. ૬ જૂનના રોજ કામગીરી પૂર્ણ થઈ. આ લશ્કરી કામગીરીમાં ભારતીય સૈન્ય એ અત્યંત સંયમ રાખીને કામગીરી કરી. ભિંદ્રાનવાલેની સાથે અન્ય આંતકી મરાયા અને આ કાર્યવાહી પૂરી થઈ. તે પછી ૧૯૮૬માં સુવર્ણમંદિરમાં ફરી એકવાર આતંકીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવી પડી. તેને 'ઓપરેશન બ્લેક થંડર' કહેવાય છે. ત્યાર પછી આગળ જતા પંજાબમાં શાંતિ પ્રસ્થાપિત કરવાના કામને ગતિ મળી.



**શું તમે જાણો છો?**

વિશિષ્ટ ઉદ્દેશ માટે કરેલી લશ્કરી કાર્યવાહીને ઑપરેશન કહેવાય. ઑપરેશન બ્લૂ સ્ટાર એટલે સુવર્ણમંદિરમાં છૂપાયેલા આતંકવાદીઓને બહાર કાઢવા માટેની લશ્કરી કામગીરી.

**ઈશાન ભારતની સમસ્યા:**

ઈશાન ભારત કહેતાં આપણી નજર સામે આઠ રાજ્યનો સમૂહ આવે. આસામ, અરૂણાચલપ્રદેશ, મણિપૂર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કીમ અને ત્રિપુરા આ આઠ રાજ્યો એટલે ઈશાન ભારત. આ આઠ રાજ્યને વધતા-ઓછા પ્રમાણમાં આંતરરાષ્ટ્રીય સરહદનો સ્પર્શ થાય છે. વંશ, ભાષા, સાંસ્કૃતિક વિવિધતા એવા વિવિધ સ્તર પર અહીં ભિન્નતા જણાય છે. આ ભાગના જનસમૂહોને ભારતના મુખ્ય પ્રવાહ સાથે જોડી દેવાના કામ માટે સ્વતંત્ર ભારતના પહેલા વડાપ્રધાન પં. નેહરુએ આગેવાની લીધી. ૧૯૫૪ માં તેઓએ નેફા (નોર્થ-ઈસ્ટ ફ્રંટીયર એજેન્સી અર્થાત પૂર્વાંચલ) એવો ભાગ નિર્માણ કર્યો. ભારત-ચીન સીમા રેખાનો પ્રદેશ અને આસામના ઉત્તરબાજુના સમૂહનો આ પ્રદેશ છે. આ ભાગમાં સેંકડો સમૂહનો વિકાસ તેમની સંસ્કૃતિના જતન સહિત સાધવાની ભૂમિકા પં. નેહરુએ સ્વીકારી.

સંવિધાનની છઠ્ઠી અનુસૂચિમાં આ ભાગ વિશે ખાસ સવલત કરવામાં આવી છે. ૧૯૬૫માં આ ભાગની જવાબદારી વિદેશ મંત્રાલયને સોંપવામાં આવી. ઈશાન બાજુના પ્રદેશોનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ કરવા માટે ૧૯૭૧માં 'ઈશાન્ય પરિષદ કાયદો' પસાર કરવામાં આવ્યો. આ કાયદા અનુસાર ઈશાન્ય પરિષદના કાર્યો સ્પષ્ટ કરવામાં આવ્યા. કેન્દ્ર સરકારને આર્થિક અને સામાજિક ક્ષેત્રોના સમાન હિત બાબતે, આંતરરાજ્ય વાહન વ્યવહાર, વીજ અને પૂર નિયંત્રણ સંબંધી સલાહ આપવાનું કામ આ પરિષદનું હતું.

**મિઝોરમઃ** ઈશાન ભારતના જનસમૂહનો પ્રાચીન ઈતિહાસ છે. ભારત સ્વતંત્ર થયું પછી સરકારે મિઝોબહુલ લુશાઈ ટેકરીના ભાગવાળા જીલ્લાને પ્રશાસકીય સ્વાયત્તતા આપી. કેન્દ્ર સરકારે ૧૯૫૩માં ભાષાવાર પ્રાંતરચના પંચ નીમ્યું. ત્યારે ત્યાંની જનતાની અપેક્ષા વધી. મિઝોના નેતાઓએ સ્વાયત્ત 'મિઝો' પ્રાંતની માંગણી કરવાની શરૂઆત કરી. ૧૯૫૯માં મિઝોરમ પ્રદેશમાં આકરો દુકાળ પડ્યો. આ દુકાળના સમયમાં મિઝો નેતા લાલડેંગાએ સામાન્ય જનતા માટે કાર્ય કર્યું.

૧૯૬૧માં લાલડેંગા એ 'મિઝો નેશનલ ફ્રંટ' (MNF) સંઘટનાની સ્થાપના કરી. ત્રિપુરા, મણિપુર અને લુશાઈ ટેકરીઓમાંથી મિઝોબહુલ પ્રાંત માટે 'ગ્રેટર મિઝોરમ'ની અર્થાત સ્વતંત્ર રાષ્ટ્રની માંગણી લાલડેંગાએ કરી. માર્ચ ૧૯૬૬માં મિઝો નેશનલ ફ્રંટે 'સ્વતંત્ર મિઝોરમ' રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યાની ઘોષણા કરી. વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ કઠોર અભિગમ અપનાવી બંડ તોડી પાડ્યું. ૧૯૭૨માં પરિસ્થિતિ થાળે પડ્યા પછી મિઝોબહુલ ભાગને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો. ૧૯૮૫માં વડાપ્રધાન રાજીવ ગાંધી અને મિઝો નેશનલ ફ્રંટ વચ્ચે સમાધાન થતાં મિઝોરમને સ્વતંત્ર ઘટકરાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. લાલડેંગા રાજ્યના મુખ્યમંત્રી બન્યા.

**નાગાલેન્ડઃ** ઈશાન ભારતના નાગા સમૂહો લડાયક સમૂહ તરીકે ઓળખાય છે. પૂર્વ હિમાલય, નાગા ટેકરીઓ, આસામ અને મ્યાનમારની સીમાનો ભાગ એવા પરિસરમાં નાગા સમૂહની વસ્તી હતી. ૧૯૪૬માં કેટલાક સુશિક્ષિત નાગા યુવકોએ 'નાગા નેશનલ કાઉન્સીલ' (NNC) સંઘટનાની સ્થાપના કરી. આગળ જતાં તેમણે 'નાગાલેન્ડ' આ સ્વતંત્ર રાષ્ટ્રની માંગણી કરી. તેમનું નેતૃત્વ અંગામી ઝાપૂ ફિઝો કરી રહ્યા હતા. ૧૯૫૪માં 'એનએનસી'એ નાગાલેન્ડના સ્વતંત્ર સંઘરાજ્યની સ્થાપનાની ઘોષણા કરી. ૧૯૫૫માં આસામ રાઈફલ્સના સૈનિક અને સ્થાનિકો વચ્ચે ચકમક ઝરી ચકમક દબાવવા માટે લશ્કરી કારવાઈ કરવી પડી.

કેન્દ્ર સરકાર અને એનએનસી વચ્ચે અનેક વાર ચર્ચા થઈ. કેન્દ્ર સરકારે નાગાબહુલ ભાગને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવાનું નક્કી કર્યું. નેફામાંનો નાગાબહુલ ભાગ અને ત્સુએન સોંગનો ભાગ એક કરીને ૧ ડિસેમ્બર ૧૯૬૩ ના દિવસે 'નાગાલેન્ડ' રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

**આસામઃ** ૧૯૮૩માં આસામમાં બંગાળી ભાષિક સ્થળાંતરીતોના વર્ચસ્વ સામે ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયન અને આસામ ગણસંગ્રામ પરિષદે ઉગ્ર આંદોલન શરૂ કર્યું હતું. ૧૯૮૫ માં વડાપ્રધાન રાજીવ ગાંધી, કેન્દ્રીય ગૃહમંત્રી શંકરરાવ ચવ્હાણ, આસામી નેતા પ્રફુલ્લકુમાર મહન્તો વચ્ચે કરાર થયા. આસામમાંના ઘુસણખોર બાંગલાદેશી નાગરિકોને પાછા મૂળ સ્થળે મોકલવાનું નક્કી થયું. ૧૯૮૬માં આસામ વિધાન પરિષદની ચૂંટણીઓ થઈ. આસામ ગણપરિષદના પ્રફુલ્લકુમાર મહન્તો મુખ્યમંત્રી બન્યા. આ લોકશાહી પ્રક્રિયાને કારણે આસામમાં શાંતિ પ્રસ્થાપિત કરવામાં મદદ મળી.

**અરુણાચલ પ્રદેશઃ** ૧૯૫૪માં નેફા વિભાગની નિર્મિતિ થઇ. તેને ૧૯૭૨માં અરુણાચલ પ્રદેશ (ઊગતા સૂર્યનો પ્રદેશ) તરીકે ઓળખવામાં આવ્યો. ૨૦ ફેબ્રુઆરી ૧૯૮૭ના દિવસે આ ભાગને ઘટકરાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.

૧૯૬૦ થી ૨૦૦૦ના વર્ષોમાં ઈશાન ભારતમાં લોકશાહી વધારે મજબૂત થઈ. કેન્દ્ર સરકારની ખાસ યોજના, ઔદ્યોગીકરણ, શિક્ષણના પ્રસારને કારણે આ ભાગ વિકાસના માર્ગે ચાલવા લાગ્યો.

## નક્ષલવાદ

**નક્ષલવાદી ચળવળઃ** પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જીલ્લાના નક્ષલબારી સ્થળે આ ચળવળ શરૂ થઈ. અલ્પભૂધારક ખેડૂત અને ખેતમજૂરોનું સંગઠન કરીને ૧૯૬૭ માં નક્ષલબારી ભાગના કેટલાક ખેડૂતે જમીનની આજુબાજુ લાલ ઝંડા ખોસીને અનાજનો તાબો લીધો અને તેને મુક્ત પ્રદેશ તરીકે નક્ષલવાદીઓએ ઘોષિત કર્યો. આ ક્રાંતિમાંથી પ્રેરણા લઈ જે ચળવળ થઈ તેને નક્ષલવાદી ચળવળ કહેવાય છે.

જમીનદારોના આર્થિક શોષણ વિરુદ્ધ અવાજ ઉઠાવવા માટે કૃષિ સમિતિ સ્થાપવી, મોટા જમીન દારોની જમીન હડપવી, તેની ગરીબ ખેડૂતોમાં વહેંચણી કરવી એ આ ચળવળના મુખ્ય ઉદ્દેશો હતા. આગળ જતાં આ ચળવળ પોતાના ઉદ્દેશોથી દૂર થઈ. શાસનના કોઈપણ ઉપક્રમો અથવા કલ્યાણકારી યોજના જનતા સુધી પહોંચવા ન દેવાં માટે નક્ષલવાદી ચળવળે આતંકવાદનો આધાર લીધો. લોકશાહી વ્યવસ્થા અમાન્ય કરીને સમાંતર વ્યવસ્થા નિર્માણ કરવાનો પ્રયત્ન નક્ષલવાદી કરવા લાગ્યા. આથી જ નક્ષલવાદ એ દેશની અંતર્ગત સુરક્ષા સામે આહ્‌વાન બનવા લાગ્યો.

શરૂઆતમાં નક્ષલવાદી ચળવળનું મુખ્ય કેન્દ્ર પશ્ચિમ બંગાળ હતું. આગળ જતાં તે ચળવળ આંધ્ર પ્રદેશના પૂર્વ ગોદાવરી, વિશાખાપટ્ટનમના કેટલાક ભાગ, તેલંગણામાંના કરીમનગર, અદિલાબાદ, છત્તીસગઢના બસ્તર, રાજનાંદગાવ, સુકમા, મહારાષ્ટ્રના ગડચિરોલી, ભંડારા, ચંદ્રપુરમાંના કેટલાક ભાગ, મધ્ય પ્રદેશના બાલાઘાટ, મંડલા, ઓડિસ્સાના કોરાપૂરમાં પ્રસરી. પોતાનો પ્રભાવ કાયમ રાખવા સશસ્ત્ર એવી ‘પીપલ્સ લિબરેશન ગુરિલા આર્મી’ (PLGA) સંઘટનાની સ્થાપના કરી. આ સંઘર્ષ આજે પણ ચાલુ છે.

## જમાતવાદ (જાતિવાદ)

જાતિવાદ એ આપણા દેશની એકતા સામે મોટો પડકાર છે. સંકુચિત ધાર્મિક અભિમાનમાંથી જાતિવાદ નિર્માણ થાય છે. બ્રિટિશરો એ આપણા દેશમાં જાતિવાદના બી રોપ્યાં. આપણા દેશમાં વિવિધ ધર્મના લોકો સદીઓથી હળીમળીને રહેતા આવ્યા છે. એકાદ સમાજમાં ભિન્ન ભિન્ન ધર્મના લોકોનું વાસ્તવ્ય હોવું અને તેમણે પોતપોતાના ધર્મનું યોગ્ય અભિમાન કરવું તેમાં કંઈ જ ખોટું નથી. પણ જ્યારે આ ધર્મના અભિમાનનો અતિરેક થાય છે ત્યારે તેનું રૂપાંતર દુરાભિમાનમાં પરિણમે છે. પછી દરેકને પોતાનો ધર્મ શ્રેષ્ઠ અને બીજાનો ધર્મ તુચ્છ લાગે છે. આનાથી ધર્માંધતા આવે છે.

ધર્માંધતા એ જાતિવાદનો પાયો છે. ધર્માંધતાને કારણે વ્યાપક રાષ્ટ્રીય હિતને ભૂલી જવાય છે. ભિન્ન ધર્મીઓનો એકબીજા પરનો વિશ્વાસ ઊડી જાય છે. એકબીજા માટે તેમને શંકા થવા લાગે છે. પરધર્મીય દેશબાંધવો શત્રુ જેવા લાગે છે. એકબીજાના વાર તહેવાર પ્રસંગે એકત્ર આવવાનું ઓછું થવા લાગે છે. નાગરિક તરીકે બધાને જરૂરી માંગણીઓ માટે અને હક્કો માટે સંઘટિત થવું અશક્ય બની જાય છે. ધર્માંધતાને કારણે આજુબાજુની ઘટનાઓ તરફ, માણસો તરફ જોવાની દૃષ્ટિ જ કલુષિત બની જાય છે.

કેટલાક લોકો આર્થિક અને સામાજિક પ્રશ્નોનો વિચાર પોતપોતાના ધર્મના કુંડાળામાં જ કરવા લાગે છે. આપણે વિશિષ્ટ ધર્મના હોવાને કારણે રાજકારણમાં પ્રભાવશૂન્ય છીએ એવું બધા જ ધર્મની કેટલીક વ્યક્તિઓને લાગે છે. પોતાના પર સતત અન્યાય થાય છે તેવું તેઓ સમજવા લાગે છે. આપણા સમાજ માટે સરકાર પક્ષપાત કરે છે તેવી ભાવના પ્રબળ બને છે. આ અવસ્થામાં તે પોતાના ધર્મ માટે, ધર્મભાઈઓ માટે ખૂબ લાગણીપ્રધાન બને છે. પોતાના ધર્મના લોકો માટે કોઈ કંઈપણ બોલે અથવા ધાર્મિક પ્રતીકોનું જાણતાં-અજાણતાં અપમાન કરે તો તેમાંથી હુલ્લડ ફાટી નીકળે છે. સેંકડો નિરપરાધી જીવો માર્યા જાય છે. કરોડો રૂપિયાની સાર્વજનિક માલમત્તાનું નુકશાન થાય છે, સાર્વજનિક શાંતિ નાશ પામે છે, હુલ્લડની કડવી યાદો માણસના મનને એકબીજાથી દૂર કરે છે અને એકબીજા પ્રત્યેનો વિશ્વાસ તૂટી જાય છે.

માણસનો માણસમાં વિશ્વાસ એજ સહજીવનનો આધાર છે. તે તૂટે એટલે સામાજિક એકતા તૂટી જાય (નાશ પામે). સામાજિક એકતા વિના રાજકીય

એકતા કેવી રીતે સાધી શકાય? તેથી જ આપણે બધાએ આ ધાર્મિક જાતિવાદનો સર્વશક્તિથી મુકાબલો કરવો જરૂરી છે. તે માટે ભિન્નધર્મી લોકોમાં આપણે ભળવું પડશે. એકબીજાના વાર–તહેવારમાં સહભાગી થવું જોઈએ. એકબીજાની સારી રીતભાત, સદ્‌વિચાર આપણે સ્વીકારવા જોઈએ. આપણા સામાજિક, આર્થિક પ્રશ્નો તરફ આપણે તર્કશુદ્ધ પદ્ધતિએ જોવું જોઈએ. આ પ્રશ્નો માટે ધર્મ સાથે ખોટું કામ ન કરવું. ધાર્મિક ભાઈચારો કેમ બગડે છે? તેના આર્થિક, રાજકીય, ઐતિહાસિક એવાં ક્યાં કારણો છે જેવા પ્રશ્નો આપણે શોધવા જોઈએ. જાતિવાદ નષ્ટ કરીને રાષ્ટ્રીય એકતા મજબૂત બનાવવાનો આ જ એક માર્ગ છે.


## પ્રદેશવાદ

'પ્રદેશવાદ' એટલે આપણા પ્રદેશ માટે ગેરવ્યાજબી અભિમાન રાખવું. ઉદા. હું બંગાળી, હું મરાઠી એવી આપણી ઓળખ આપવી તે જુદું, પણ હું બંગાળી, હું મરાઠી એટલે બીજા પ્રાંત કરતાં શ્રેષ્ઠ એવી ભાવના હોવી એ ગેરવ્યાજબી પ્રાંતાભિમાન થયું. આપણા પ્રદેશ માટે વ્યક્ત થતી આત્મીયતા આવા ગેરવ્યાજબી પ્રાંતાભિમાનને કારણે વિકૃત સ્વરૂપ ધારણ કરે છે. આપણા પ્રાંત પર આપણો પ્રેમ હોવો તે સ્વાભાવિક છે પણ તેનું વિકૃતીકરણ ન થવું જોઈએ.

વિકાસમાં અસમતોલનને કારણે પ્રદેશવાદને ખાતરપાણી મળે છે. સ્વતંત્રતા પછી દેશનો આર્થિક વિકાસ સાધતાં શરૂઆતમાં કેટલાક રાજ્યની વધુ પ્રગતિ થઈ તો અન્ય રાજ્યો આર્થિક દૃષ્ટિએ પછાત (પાછળ) રહી ગયા. ઉદા. મહારાષ્ટ્ર, ગુજરાત, પંજાબ, તામિલનાડુ જેવા રાજ્યો આર્થિક અને ઔદ્યોગિક દૃષ્ટિએ સારો એવો વિકાસ કરી શક્યા. જ્યારે ઓડિશા, બિહાર, આસામ જેવાં રાજ્યો આર્થિક તેમ જ ઔદ્યોગિક દૃષ્ટિએ અપ્રગત રહ્યા. આર્થિક વિકાસ અને સુધારણા એ પ્રગતિના પાયા હોવાને કારણે જે રાજ્યમાં આર્થિક વિકાસ થાય તે રાજ્ય શિક્ષણ, આરોગ્ય, સંસ્કૃતિ તથા અન્ય ક્ષેત્રોમાં પણ પ્રગતિ કરી શકે છે. જે રાજ્યમાં આવો વિકાસ થયો નથી તે રાજ્ય શૈક્ષણિક તેમજ નાગરી સુવિધાઓની બાબતમાં ખૂબ પાછળ રહી જાય છે. પ્રગત રાજ્યના લોકોને પ્રાપ્ત થનારી વિકાસની તક આવાં રાજ્યોને મળતી નથી. શૈક્ષણિક પછાતપણું, બેરોજગારી, ગરીબી જેવા પ્રશ્નોથી તેઓ ઘેરાઈ જાય છે. પોતાને ફસાવવામાં આવે છે, આપણને વિકાસના લાભોથી દૂર રાખવામાં આવે છે, આવી ભાવના તેમના મનમાં જોર પકડે છે. આમાંથી પછી રાજ્યોરાજ્યો વચ્ચેની ભાઈચારાની ભાવના નષ્ટ થાય છે. આ ભાઈચારાની ભાવના નષ્ટ થાય તો તેનું વિપરીત પરિણામ રાષ્ટ્રીય એકતા પર થાય છે. તે માટે આ ભાઈચારાની ભાવના જે કારણે નષ્ટ થાય છે તે આર્થિક સમતુલાનો પ્રશ્ન આપણે જલ્દીથી ઉકેલવો રહ્યો. આપણી સરકાર આ દૃષ્ટિએ પ્રયત્નશીલ છે.

પ્રદેશવાદ પ્રગત અને અપ્રગત એવા બન્ને પ્રકારના રાજ્યોને સપાટામાં લઈ શકે છે. આપણે પ્રગત છીએ કારણ કે આપણાં પ્રદેશનો ઈતિહાસ, સંસ્કૃતિ એ મૂળથી જ શ્રેષ્ઠ છે. આવા શ્રેષ્ઠત્વનો દંભ, દેખાડો વિકસિત રાજ્યોના લોકોમાં નિર્માણ થાય અને પછી તે અવિકસિત રાજ્યોના લોકોને ઊતરતા ગણવા લાગે છે. આપણા વિકાસના લાભમાં તેમને સામેલ કરી લેવાની તૈયારી તેમની હોતી નથી. આથી ઊલટું પછાત ભાગના લોકોએ પોતાની સંગઠિત શક્તિ ઊભી કરવા માટે પ્રાદેશિક અસ્મિતા જગાડવી પડે છે. તે માટે તે સ્થાનિક પરંપરા, સંસ્કૃતિનું ખોટી રીતે ગૌરવ કરીને પોતાનું અલગપણું સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. આમાંથી જ પ્રદેશવાદ મજબૂત બને છે. તેને લીધે રાષ્ટ્રીય એકાત્મતામાં અવરોધ આવે છે. વિકાસનું અસમતોલપણું ઓછું કરીને અનિષ્ટ પ્રદેશવાદનો નિકાલ કરી શકાય છે.

ભારત સામેના કેટલાક ગણ્યા ગાંઠ્યા અંતર્ગત આહ્‌વાનોનો આપણે અભ્યાસ કર્યો. આની સાથે જ લોકસંખ્યા, સ્વચ્છતા, ખેતી અને ખેડૂતોની સમસ્યા, ગરીબી, રહેવાનાં ઘર અને બે ટંકનું ભોજન એવી કેટલીયે સમસ્યા આજે પણ છે. આપણે આ આહ્‌વાનોને સામનો કરીને આગળ જવાનો પ્રયત્ન કરીએ છીએ. પ્રગતિની દિશા તરફ ગતિ કરીએ છીએ. આગળના પાઠમાં આર્થિક ક્ષેત્રની પ્રગતિ વિશે અભ્યાસ કરવાના છીએ.




3LNTU1

## સ્વાધ્યાય

**૧. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો**

૧) 'આનંદપૂર સાહેબ' ઠરાવમાં અકાલી દળે કઈ માંગણીઓ કરી?

૨) જમાતવાદ (જાતિવાદ) નષ્ટ કરવા માટે શું કરવું જોઈએ?

3) પ્રદેશવાદ ક્યારે ઉગ્ર બને છે?

**૨. ટૂંકનોંધ લખો.**

૧) જાતિવાદ   ૨) પ્રદેશવાદ

**3. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો**

૧) 'ઓપરેશન બ્લૂ સ્ટાર' કરવું પડ્યું.

૨) જમાતવાદનો સર્વશક્તિથી સામનો કરવો આવશ્યક છે.

**૪. નીચેના સંક્ષિપ્ત રૂપોનું પૂર્ણરૂપ લખો**

(૧) MNF   (૨) NNC   (3) PLGA

**ઉપક્રમ**

૧) ઘટકરાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશ અને તેમની રાજધાનીઓનો કોઠો તૈયાર કરો અને નકશામાં તેમનું નોંધ કરો.

૨) મણિપુર, મેઘાલય, ત્રિપુરા અને સિક્કિમ રાજ્યોની માહિતી આંતરજાળ (ઈન્ટરનેટ) ની મદદથી મેળવો.

# ૪ આર્થિક વિકાસ

ભારતના આર્થિક ધોરણનો અભ્યાસ આપણે આ પ્રકરણમાં કરવાના છીએ. મિશ્ર અર્થવ્યવસ્થાનો સ્વીકાર, પંચવાર્ષિક યોજના અને તેના યશ–અપયશ, બેંકોનું રાષ્ટ્રીયકરણ, વીસ કલમી કાર્યક્રમ, મિલ મજૂરોની હડતાલ, ૧૯૯૧નું નવું આર્થિક ધોરણ આ બધાનો વિશેષ અભ્યાસ કરવાના છીએ.

**મિશ્ર અર્થવ્યવસ્થાઃ** ભારતને સ્વતંત્રતા મળી તે પહેલાં જ આપણે ક્યા પ્રકારની અર્થવ્યવસ્થાનો સ્વીકાર કરવો તે વિષય પર વિચારવિનિમય ચાલુ હતો. વડાપ્રધાન પંડિત નેહરુએ કોઈપણ અંતિમ માર્ગ સ્વીકારવાને બદલે મધ્યમ માર્ગ પસંદ કર્યો. કેટલાક દેશોમાં મૂડીવાદી અર્થવ્યવસ્થા હતી, તો કેટલાક દેશોમાં સમાજવાદી અર્થવ્યવસ્થા હતી. પ્રત્યેક અર્થવ્યવસ્થાના કેટલાક ફાયદા અને કેટલાક ગેરફાયદા હોય છે.

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં ઉત્પાદનનાં સાધનો ખાનગી માલિકો પાસે હોય છે. સમાજવાદી અર્થવ્યવસ્થામાં ઉત્પાદનનાં સાધનો સમાજનાં એટલે કે શાસનની માલિકીનાં હોય છે. મિશ્ર અર્થવ્યવસ્થા ખાનગી અને સામાજિક એવા બંને ક્ષેત્રોમાં કાર્ય કરે છે. આધુનિક ભારતનો આર્થિક વિકાસ સાધવા માટે બન્ને અર્થવ્યવસ્થા કરતાં ‘મિશ્ર અર્થવ્યવસ્થાને’ ભારતે પ્રાધાન્ય આપ્યું. આ અર્થવ્યવસ્થામાં આપણને ત્રણ ભાગ દેખાય છે.

**૧) સાર્વજનિક ક્ષેત્રઃ** આ ક્ષેત્રમાં ઉદ્યોગધંધા પૂર્ણપણે સરકારના નિયંત્રણ અને વ્યવસ્થાપન હેઠળ હોય છે. ઉદા. સંરક્ષણ સાહિત્ય ઉત્પાદન.

**૨) ખાનગી ક્ષેત્રઃ** આ ક્ષેત્રમાં ઉદ્યોગધંધા પૂર્ણપણે ખાનગી ઉદ્યોગપતિની માલિકીના હોય છે. અર્થાત તેના પર સરકારી દેખરેખ અને નિયંત્રણ હોય છે. ઉદા. ઉપભોગ્ય વસ્તુ.

**૩) સંયુક્ત ક્ષેત્રઃ** આ ક્ષેત્રમાં કેટલાક ઉદ્યોગ ખાનગી ઉદ્યોગપતિની માલિકીના તો કેટલાક સરકારી વ્યવસ્થાપન નીચે ચલાવવામાં આવે છે.

મિશ્ર અર્થવ્યવસ્થા સરળતાથી ચાલે તે માટે ખાનગી અને સાર્વજનિક ક્ષેત્રમાં સુસંવાદ હોવો જરૂરી છે. આ વ્યવસ્થાનો એકમાત્ર ઉદ્દેશ વધારેમાં વધારે ઉત્પાદન અને મોટા પ્રમાણમાં લોકોનો સહભાગ છે. આ વ્યવસ્થામાં મૂડીવાદી અને સમાજવાદી અર્થવ્યવસ્થાના સારા ગુણોને ભેગા કરવાનો પ્રયત્ન કર્યો છે. નફાની પ્રેરણા, ઉપક્રમશીલતા, નિયમપાલન, કાળબદ્ધ નિયોજન વગેરે બાબતો પ્રત્યે મિશ્ર અર્થવ્યવસ્થામાં દુર્લક્ષ કરી શકાય નહીં.

આ વ્યવસ્થામાં દેશહિતને પ્રાધાન્ય આપવામાં આવે છે. દીર્ઘકાલીન વિકાસ પર વધારે ભાર આપવામાં આવે છે. સંરક્ષણ, વૈજ્ઞાનિક સંશોધન, શિક્ષણ, રસ્તા, રેલ્વે, નહેરો, બંદર અને વિમાનમથક બાંધવા જેવા ક્ષેત્રમાં ભરપૂર પૈસાનું રોકાણ જોઈએ. પણ તેનાં ફળ આપણને મોડાં મળે છે. આ ક્ષેત્રમાં ખાનગી ઉદ્યોગપતિઓ મોટા પ્રમાણમાં આગળ આવતા નથી. આવા સમયે સરકારે જ આગળ પડતો ભાગ લેવો પડે છે.

ઉપરની પદ્ધતિથી મિશ્ર અર્થવ્યવસ્થાનું સ્વરૂપ અપનાવીને અને પંચવાર્ષિક યોજનાનો સ્વીકાર કરીને ભારતે વિકાસની શરૂઆત શરૂ કરી. ૧૯૭૩ના ઔદ્યોગિક ધોરણથી વિકાસની ગતિ વધી. આ ધોરણાનુસાર મોટા ઉદ્યોગ, ઉદ્યોગપતિ વર્ગ અને પરદેશી ઉદ્યોગનો પ્રભાવ કાબૂમાં લાવવો અને પ્રાદેશિક વિકાસનું સમતુલન સાધવું આ વાતોને પ્રાધાન્ય આપ્યું. લઘુઉદ્યોગ, ગ્રામોદ્યોગ, કુટિર ઉદ્યોગના વિકાસ પર ધ્યાન આપવામાં આવ્યું. સહકારી ક્ષેત્ર તરફ વિશેષ ધ્યાન આપવાની શરૂઆત થઈ.

## પંચવાર્ષિક યોજના

ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી પરદેશી રાજકર્તાઓએ ભારતનું પૂરેપૂરું આર્થિક શોષણ કર્યું હતું. ગરીબી, બેકારી, વસ્તી વધારો, નીચલા

દરજ્જાની રહેણીકરણી, ખેતી અને ઉદ્યોગધંધાની ઓછી ઉત્પાદન ક્ષમતા તેમજ જ્ઞાન, વિજ્ઞાન અને તંત્રજ્ઞાન સંબંધિત પછાતપણું એવી વિકટ સમસ્યાઓ દેશ સામે હતી. તે ઉકેલવા માટે નિયોજનની આવશ્યકતા હતી.

૧૯૫૦માં ભારત સરકારે નિયોજન મંડળની સ્થાપના કરી. વડાપ્રધાન પં. જવાહરલાલ નેહરુ આ મંડળના અધ્યક્ષ હતા.

આ મંડળે કૃષિ (ખેતી) અને ગ્રામ્ય વિકાસ, સંતુલિત ઔદ્યોગિકરણ, લઘુત્તમ રહેણીકરણીની વ્યવસ્થા, લોકશાહીને સુસંગત આર્થિક વિકાસ, નિયોજનની રૂપરેખા અને તેના અમલમાં લોકોનો સહભાગ અને વ્યક્તિનો વિકાસ કરનારી પંચવાર્ષિક યોજના તૈયાર કરી. આ યોજના એટલે જ ‘પંચવાર્ષિક યોજના’.

**નિયોજનના મૂળભૂત તત્વોઃ** એકાદ દેશની સાધનસામગ્રીની પ્રમાણસર વહેંચણી અને તેમાંના મનુષ્યબળનો યોગ્ય ઉપયોગ તે દેશની જનતાની જરૂરિયાત પૂર્ણ કરવા માટે થવો જોઈએ એ નિયોજનનું સર્વમાન્ય તત્વ છે.

## યોજનાના ઉદ્દેશ

ભારતના આર્થિક નિયોજનના સર્વસાધારણ ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

૧) રાષ્ટ્રીય ઉત્પાદનમાં વૃદ્ધિ

૨) મૂળભૂત ઉદ્યોગધંધા પર ભાર આપીને ઝડપી ઔદ્યોગિકરણ કરવું

3) અન્નધાન્યની બાબતમાં દેશને સ્વાવલંબી બનાવવા માટે ખેતી ઉત્પાદનમાં વૃદ્ધિ કરવી

૪) વધારે પ્રમાણમાં રોજગાર ઉપલબ્ધ કરાવી દેશના મનુષ્યબળનો પૂરેપૂરો ઉપયોગ કરવો.

૫) આવક અને સંપત્તિમાં રહેલી વિષમતા દૂર કરવી.

૬) વસ્તુની કિંમત સ્થિર રાખવી.

૭) કુટુંબનિયોજન કરીને વધતી લોકસંખ્યાને કાબૂમાં રાખવી.

૮) ગરીબી નિવારણ કરીને રહેણીકરણી સુધારવી.

૯) સામાજિક સેવાનો વિકાસ કરવો.

૧૦) આર્થિક ક્ષેત્ર સ્વાવલંબી કરવું.

**પહેલી પંચવાર્ષિક યોજના (૧૯૫૧-૧૯૫૬):** આ યોજનામાં ખેતી, સામાજિક વિકાસ, જળસિંચન અને પૂરનિયંત્રણ, ઉર્જા સાધનો, ગ્રામ્ય અને નાના ઉદ્યોગ, મોટા ઉદ્યોગ અને ખનિજ, વાહનવ્યવહાર અને અવર જવર, શિક્ષણ, આરોગ્ય ઉપર ખર્ચ કરવામાં આવ્યો. આ નિયોજનબદ્ધ આર્થિક વિકાસનો પાયો નાખતી યોજના હતી.

**બીજી પંચવાર્ષિક યોજના (૧૯૫૬-૧૯૬૧):** આ યોજનામાં ઔદ્યોગિકરણના મહત્ત્વાકાંક્ષી ઉદ્દેશો સાધ્ય કરવાના હતા. દુર્ગાપુર, ભિલાઈ, રાઉરકેલા ખાતે પોલાદનાં કારખાનાં, સિંદ્રી ખાતે રાસાયણિક ખાતરનાં કારખાના, ચિત્તરંજન ખાતે રેલ્વે એન્જિનનાં કારખાના, પેરાંબુરના આગગાડીના ડબ્બાનાં કારખાના, વિશાખાપટ્ટનમનાં જહાજ બાંધણીનાં કારખાના વગેરે ભારે ઉદ્યોગધંધાનાં કારખાના સાર્વજનિક ક્ષેત્રમાં વિકસાવવામાં આવ્યાં. ખેતીને પાણીપુરવઠો મળે તે માટે ભાક્રા–નાંગલ, દામોદર જેવા મોટા બંધો બાંધવામાં આવ્યા. આ યોજનાથી રાષ્ટ્રીય ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ.



**ભિલાઈ પોલાદ કારખાનું**

**ત્રીજી પંચવાર્ષિક યોજના (૧૯૬૧-૧૯૬૬):** આ યોજનામાં ખેતી અને ઉદ્યોગના વિકાસનું સંતુલન સાધ્ય કરવાનું હતું. દર વર્ષે રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો કરવો, મોટા ઉદ્યોગ, વાહન

વ્યવહાર અને ખનિજ ઉદ્યોગ વિકાસ, વિષમતાનું નિર્મૂલન કરવું અને રોજગારની તક વધારવી એ મુખ્ય હેતુ હતો.

ત્રીજી પંચવાર્ષિક યોજના પછી ત્રણ એક વાર્ષિક યોજના (૧૯૬૬ થી ૧૯૬૯) હાથ ધરવામાં આવી. આ કાળમાં આકરા દુકાળનો સામનો કરવો પડ્યો. ચીનના આક્રમણ અને પાકિસ્તાન સાથેના યુદ્ધને કારણે વિકાસનાં કામોને બદલે સંરક્ષણ તરફ અને દુકાળ નિવારણ તરફ સરકારને વધારે ધ્યાન આપવું પડ્યું. આ બાબતોથી ભારતની અર્થવ્યવસ્થા પર મોટો બોજો પડ્યો.

**ચોથી પંચવાર્ષિક યોજના (૧૯૬૯-૧૯૭૪):** આ યોજનાના ઉદ્દેશો નક્કી કરતી વખતે ભારતને સ્વાવલંબી બનાવવું, સરકારે મૂળભૂત ઉદ્યોગોનો વિકાસ કરવો, આર્થિક વિકાસનો વેગ વધારવો અને સમાજવાદી સમાજ રચના નિર્માણ કરવા તરફ લક્ષ આપવું એવું ઠરાવવામાં આવ્યું. આ યોજનાના કાળમાં દેશની ૧૪ પ્રમુખ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. આ યોજના અપેક્ષિત પ્રમાણમાં યશસ્વી થઈ નહીં. ચોથી યોજનાના કાળમાં બાંગલાદેશ યુદ્ધનું પરિણામ ભારતીય અર્થવ્યવસ્થાને સહન કરવું પડ્યું. નિર્વાસિતો પરનો ખર્ચ સહન કરવો પડ્યો, સરકારી નોકરોનો પગાર વધારો, રેલ્વે કર્મચારીનો પગાર વધારો, આંતરરાષ્ટ્રીય બજારમાં પેટ્રોલના વધતા ભાવને લીધે ભારતીય અર્થ વ્યવસ્થાને ધક્કા સહન કરવા પડ્યા.

**પાંચમી પંચવાર્ષિક યોજના (૧૯૭૪-૧૯૭૯):** ગરીબી દૂર કરીને દેશને આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી બનાવવાનો પ્રમુખ ઉદ્દેશ નજરસમક્ષ રાખીને આ યોજના તૈયાર કરવામાં આવી. આ યોજનામાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો કરવો, મોટા પ્રમાણમાં રોજગાર ઉપલબ્ધ કરાવી આપવો, શિક્ષણ, પૌષ્ટિક આહાર, પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવો, ગ્રામીણ ભાગમાં વૈદ્યકીય ઉપચારની સુવિધા પૂરી પાડવી, ગ્રામીણ ભાગમાં વીજપુરવઠો અને વાહનવ્યવહારનાં સાધનો પૂરાં પાડવા માટે રસ્તા બાંધવા, સમાજકલ્યાણની યોજના વ્યાપક પ્રમાણમાં શરૂ કરવી, ખેતીનો વિકાસ કરવો, મૂળભૂત ઉદ્યોગધંધા વધારવા, અન્નધાન્ય અને બીજી જીવનોપયોગી વસ્તુની ખરીદી એકાધિકાર પદ્ધતિથી કરીને સાર્વજનિક વિતરણ વ્યવસ્થા દ્વારા ગરીબોને સસ્તા દરે પૂરી પાડવી એવા ઉદ્દેશો નક્કી કરવામાં આવ્યા હતા.

પાંચમી પંચવાર્ષિક યોજનાના કાળમાં ગરીબી નિવારણ અને રોજગાર વૃદ્ધિ શક્ય થઈ નહીં.

૧૯૭૭માં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો પરાભવ થયો. જનતા પક્ષ સત્તા પર આવ્યો. નવી સરકારે પાંચમી પંચવાર્ષિક યોજના ૧૯૭૮ના માર્ચના અંતે સમાપ્ત કરીને એપ્રિલ ૧૯૭૮થી સાંકળી યોજના શરૂ કરી. પરંતુ તેને અપયશ મળ્યો. ૧૯૮૦માં લોકસભાની મધ્યવર્તી ચૂંટણીઓ થતાં કોંગ્રેસ પક્ષ સત્તા પર આવ્યો. આ સરકારે સાંકળી યોજના બંધ કરીને ફરી પાછી જૂની પદ્ધતિનું નિયોજન શરૂ કર્યું.

**છઠ્ઠી પંચવાર્ષિક યોજના (૧૯૮૦-૧૯૮૫):** આ યોજનાનો હેતુ ગરીબી નિર્મૂલન અને રોજગાર નિર્મિતિ હતો. યોજનાના ઉદ્દેશો નીચે પ્રમાણે હતા. અર્થવ્યવસ્થાના વિકાસ દરમાં લાક્ષણિક વધારો કરવો, ગરીબી અને બેકારીના પ્રમાણમાં ઘટાડો કરવો, લોકો નાનું કુટુંબ પદ્ધતિ સ્વેચ્છાએ સ્વીકારે તે ધોરણ રાખીને વસ્તી વધારા પર નિયંત્રણ રાખવું.

છઠ્ઠી પંચવાર્ષિક યોજનામાં નીચે પ્રમાણેના કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા.

* એકાત્મિક ગ્રામીણ વિકાસ કાર્યક્રમ **(IRDP)**
* ગ્રામીણ ભૂમિહીન રોજગાર બાહેંધરી કાર્યક્રમ **(RLEGP)**
* રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમ **(NREP)**
* સાલેમ પોલાદ પ્રકલ્પ

**સાસાતમી પંચવાર્ષિક યોજના (૧૯૮૫-૧૯૯૦):** આ યોજનાનો હેતુ અન્ન, રોજગાર અને ઉત્પાદકતા હતો. વિકાસ, આધુનિકીકરણ, આત્મનિર્ભરતા, સામાજિક ન્યાય ઉપર ભાર આપવો. ઉત્પાદનના તંત્રમાં સુધારણા કરવી. રાષ્ટ્રીય ઉત્પાદનમાં દરવર્ષે ૫% વધારો કરવો, અન્નધાન્યના ઉત્પાદનમાં વધારો કરવો એ આ યોજનાના ઉદ્દેશો હતા.

આ યોજનામાં નીચે પ્રમાણેના કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા.

✻ જવાહર રોજગાર યોજના ✻ ઈંદિરા આવાસ યોજના ✻ દસ લાખ કૂવાની યોજના

રોજગાર નિર્મિતિની દૃષ્ટિએ સાતમી પંચવાર્ષિક યોજના મહત્ત્વપૂર્ણ ઠરી.

**આઠમી પંચવાર્ષિક યોજના (૧૯૯૨-૧૯૯૭):** આ યોજનામાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

યોજનાની વિશિષ્ટતા નીચે પ્રમાણે હતી. રાષ્ટ્રીય ઉત્પન્ન વૃદ્ધિ દર ૬.૫% જેટલો રાખવો, વસ્તી વધારાને નિયંત્રણમાં રાખવો, કુટુંબ નિયોજનના કાર્યક્રમને ઉત્તેજન આપવું, પ્રાથમિક શિક્ષણનો સાર્વજનિક વિસ્તાર કરીને નિરક્ષરતાનું નિર્મૂલન કરવું.

આ યોજનામાં નીચે આપેલા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા.

✻ વડાપ્રધાન રોજગાર યોજના ✻ મહિલા સમૃદ્ધિ યોજના ✻ રાષ્ટ્રીય સામાજિક, આર્થિક સહાય યોજના ✻ મધ્યાન્હ આહાર યોજના ✻ ઈંદિરા મહિલા યોજના ✻ ગંગા કલ્યાણ યોજના

આઠમી પંચવાર્ષિક યોજનામાં ખાનગી ક્ષેત્રનું મહત્ત્વ વધ્યું. ૧૯૯૧માં સ્વીકારેલ ઉદાર અને મુક્ત ધોરણનું પ્રતિબિંબ આ યોજનામાં દેખાય છે.

**નવમી પંચવાર્ષિક યોજનાઃ (૧૯૯૭-૨૦૦૨):** આ યોજનામાં કૃષિ અને ગ્રામીણ વિકાસ પર ભાર દેવામાં આવ્યો. આર્થિક વિકાસનો દર વધારવો, મૂળભૂત ક્ષેત્રોમાં તંદુરસ્ત સ્પર્ધા નિર્માણ કરવી, પરદેશી મૂડી રોકાણ માટે ઔદ્યોગિક ધોરણને નવી દિશા આપવી એ આ યોજનાના ઉદ્દેશો હતા.

આ યોજનામાં સ્વર્ણજયંતિ શહેરી રોજગાર યોજના, ભાગ્યશ્રી બાલકલ્યાણ યોજના, રાજરાજેશ્વરી મહિલા કલ્યાણ યોજના, સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના, જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના, અંત્યોદય અન્નયોજના, વડાપ્રધાન ગ્રામ સડક યોજના વગેરે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા.

આ યોજનામાં સંપર્ક વ્યવસ્થા અને સેવા ક્ષેત્રની પ્રગતિ અપેક્ષિત પ્રમાણમાં સાધ્ય થઈ. બાંધકામ, વાહનવ્યવહાર ક્ષેત્રમાં વધારો થયો.

**બેંકોનું રાષ્ટ્રીયકરણઃ**

પંડિત નહેરુ અને લાલબહાદુર શાસ્ત્રી આ વડાપ્રધાનના કાળમાં ભારતનો બેંકિંગ વ્યવસાય ખાનગી ક્ષેત્રનો ઈજારાશાહી વ્યવસાય હતો. આ બેંકો ઉદ્યોગ સમૂહનું પ્રતિનિધિત્વ કરતી હતી. ઉદ્યોગોનો વિકાસ અને નફો વધારવા માટે આ બેંકનું સંચાલક મંડળ કાર્યરત હતું. આને તોડી પાડવા માટે સરકારે ૧૯૫૫માં 'ઇમ્પિરિયલ બેંક'નું રાષ્ટ્રીયકરણ કર્યું અને તેનું રૂપાંતર 'ભારતીય સ્ટેટ બેંક'માં થયું. આ બેંકે થોડાજ સમયમાં પોતાની શાખા દેશભરમાં ખોલી શાસકીય વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની શરૂઆત કરી.

**રાષ્ટ્રીયકરણની પાર્શ્વભૂમિઃ** ભારતે સ્વાતંત્ર્યોત્તર કાળમાં મિશ્ર અર્થવ્યવસ્થા સ્વીકારી હતી. યોજનાનો અમલ કરતાં ખોટ થઈ. તે ભરી કાઢવા માટે બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવું (જરૂરી) આવશ્યક હતું. રાષ્ટ્રીયકરણ થયા પછી આ બેંકોને મળનારો નફો સરકારી ખજાનામાં જમા થવાનો હતો. આની સાથે સાથે લઘુ અને



**તમે જાણો છો કે?**

વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ ૧૯ જુલાઈ ૧૯૬૯ના રોજ ૧૪ બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું. તેમાં અલાહાબાદ બેંક, બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈંડિયા, બેંક ઓફ મહારાષ્ટ્ર, કેનેરા બેંક, સેંટ્રલ બેંક ઓફ ઈંડિયા, દેના બેંક, ઈંડિયન બેંક, ઈંડિયન ઓવ્હરસીઝ બેંક, પંજાબ નેશનલ બેંક, સિંડિકેટ બેંક, યુનાઈટેડ બેંક ઓફ ઈંડિયા, યુનાઈટેડ કમર્શિયલ બેંક (યુકો બેંક), યુનિયન બેંક ઓફ ઈંડિયા આ ૧૪ બેંકોનો સમાવેશ હતો. ૧૯૮૦માં બીજી છ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

મધ્યમ ઉદ્યોગનું વિકાસ ધોરણ અમલમાં મૂકવું જરૂરી હતું. લાલબહાદુર શાસ્ત્રીએ અન્નધાન્ય અછત અને દુષ્કાળ દૂર કરવા માટે હરિતક્રાંતિનો પ્રયોગ હાથ ધર્યો હતો. વડાપ્રધાન ઈંદિરા ગાંધીના કાર્યકાળમાં કોંગ્રેસ પક્ષના સમાજવાદી વિચારોથી પ્રેરિત 'કોંગ્રેસ ફોરમ ફોર સોશ્યલિસ્ટ એક્શન' જૂથે વ્યાપારી બેંકનું રાષ્ટ્રીયકરણ કરવું એવી માંગણી કરી. કમ્યુનિસ્ટ પક્ષનો પણ આ નિર્ણયને ટેકો હતો.

**વીસ કલમી કાર્યક્રમ:** ૧ જુલાઈ ૧૯૭૫ના દિને વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ વીસ કલમી કાર્યક્રમની ઘોષણા કરીને વિકસિત રાષ્ટ્રની દિશામાં ઝડપી પ્રગતિ કરવાના પ્રયત્નનો સંકલ્પ કર્યો. આમાંની પ્રમુખ જોગવાઈઓ નીચે પ્રમાણે –

૧) ખેતી અને શહેરી ભાગની વધુમાં વધુ જમીન પ્રાપ્તિ, સંપત્તિની સમાન વહેંચણી, ખેતમજૂરોને લઘુત્તમ વેતન, જલસંધારણ યોજનામાં વધારો કરવો.

૨) કામગારોનો ઉદ્યોગ ક્ષેત્રમાં સહભાગ, રાષ્ટ્રીય પ્રશિક્ષણ યોજના અને વેઠિયામજૂરોને મુક્ત કરવા.

૩) કરચોરી, આર્થિક ગુના અને દાણચોરી રોકવી.

૪) જીવનાવશ્યક વસ્તુનું કિંમત નિયંત્રણ, રેશનિંગ વ્યવસ્થામાં સુધારણા કરવી.

૫) હસ્તઉદ્યોગ ક્ષેત્રના વિકાસ દ્વારા ઉત્તમ વસ્ત્રોદ્યોગ નિર્મિતિ, દુર્બળ ઘટકોની ઋણમુક્તિ, ઘરબાંધણી, આવાગમન સુવિધા, શાળા માટે શૈક્ષણિક સાહિત્ય ઉપલબ્ધ કરાવી આપવું.

**કામગાર સમસ્યા:** ૧૮૫૪ના મુંબઈમાં પહેલી કાપડની મિલ કાવસજી દાવરે શરૂ કરી. ત્યાર પછી દાદર, પરેલ, ભાયખલા, શિવડી, પ્રભાદેવી અને વરલીમાં કાપડની મિલો શરૂ થઈ. આ ભાગ મિલ વિસ્તાર તરીકે ઓળખાવા લાગ્યો.

૮૦ના દશકામાં કામદારોમાં અસંતોષ નિર્માણ થવા માટે અન્ય ક્ષેત્રમાંની આર્થિક પરિસ્થિતિ કારણભૂત હતી. કેટલાક ઉદ્યોગમાં કામદારોના



**કાપડની મિલ**

પગાર વધતા હતા. તેમને બોનસની રકમ વધારે મળતી હતી. મિલ કામદારો કરતાં તેમને વધારે સુવિધા મળતી હતી.



**તમે જાણો છો કે?**

મહાત્મા જ્યોતિરાવ ફૂલેના સહકારી નારાયણ મેઘાજી લોખંડેના પ્રયત્નથી ૧ જાન્યુઆરી ૧૮૮૨થી મિલ કામદારોને અઠવાડિયામાં એક દિવસ 'રવિવારે' રજા દેવામાં આવે તેવો નિર્ણય થયો.

૧૯૮૧ની દિવાળીમાં કામદારોને ૨૦% બોનસની અપેક્ષા હતી. કામદારોનું પ્રતિનિધિત્વ કરનારા રાષ્ટ્રીય મિલ મજદૂર સંઘે માલિક વર્ગ સાથે વાટાઘાટ કરીને, કામદાર વર્ગને વિશ્વાસમાં ન લેતાં ૮ થી ૧૭% પર સમાધાન કર્યું. બોનસમાં કપાત એ અસંતોષની ચિનગારી બની. કેટલાક કામદારો ડૉ. દત્તા સામંત પાસે ગયા. તેમણે ડૉક્ટર દત્તા સામંતને નેતૃત્વ સ્વીકારવા વિનંતી કરી. ૬૫ મિલમાંના કામદાર એકત્ર થયા અને દત્તા સામંત હડતાલનું નેતૃત્વ કરવા લાગ્યા. ૧૮ જાન્યુઆરી ૧૯૮૨ના દિવસે મુંબઈમાં અઢીલાખ કામદાર હડતાલ પર ગયા. મિલ વિસ્તારનો ધડધડ અવાજ બંધ પડ્યો એટલે કે મુંબઈનું હૃદયજ બંધ પડ્યું.



**તમે જાણો છો કે?**

સાંસ્કૃતિક દૃષ્ટિએ લોકનાટ્ય, લોકકલા, સાહિત્ય જેવા ક્ષેત્રના કાર્યકરોએ મોટું યોગદાન આપેલું છે. અણ્ણાભાઉ સાઠે, શાહીર અમર શેખ, શાહીર સાબળે વગેરે અનેક લોકશાહિર નવજાગૃતિના કાર્યક્રમોથી લોકપ્રિય હતા. નારાયણ સુર્વે, નામદેવ ઢસાળ વગેરે કવિઓએ શ્રમિકોનું વાસ્તવિક દર્શન પોતાની કવિતા દ્વારા કરાવ્યું હતું.

મુખ્યમંત્રી બૅ. અ. રા. અંતુલેએ આ સમસ્યા ઉકેલવા માટે ત્રિપક્ષીય સમિતિ બનાવી. પછી બાબાસાહેબ ભોસલે મુખ્યમંત્રી બન્યા. કાયદાનુસાર સરકાર રાષ્ટ્રીય મિલ મજદૂર સંઘ સાથે વાતચીત કરશે તેવી ભૂમિકા તેમણે લીધી. ડૉ. દત્તા સામંતે આ કાયદો રદ્દ કરવાની માગણી કરી.

હડતાલના શરૂઆતના સમયમાં કામદારોને ગામમાંથી મદદ મળતી. શરૂઆતમાં એકબીજાને મદદ કરવી કામદારોને બહુ અઘરું ન લાગ્યું. વિભાગીય સમિતિઓ સ્થાપી તેઓએ અન્નધાન્ય, મદદનિધિની વહેંચણી કરી. ડાબેરી પક્ષે હડતાલને ટેકો આપ્યો હતો. હડતાલ ઢીલી પડતાંજ કામદારોમાં ફૂટ પાડવાનો પ્રયત્ન શરૂ થયો. હડતાલને ૬ મહિના પૂર્ણ થયા. કેન્દ્ર સરકારે હડતાલ તરફ પૂર્ણ દુર્લક્ષ કર્યું. કામદારોએ 'જેલ ભરો આંદોલન' શરૂ કર્યું. સપ્ટેમ્બર ૧૯૮૨માં મહારાષ્ટ્ર વિધાનસભા પર દોઢ લાખ કામદારોનો મોરચો ગયો. તેની કંઈ અસર થઈ નહીં. હડતાલને એક વર્ષ પૂરું થયું. આટલો લાંબો સમય ચાલનારી આ પ્રથમ જ હડતાલ હતી. આ સમય દરમિયાન આશરે દોઢ લાખ કામદાર બેકાર થયા.

કાપડ કરતાં પૉલિએસ્ટરને મહત્ત્વ મળવાથી મિલના કાપડના વપરાશ પર અસર થઈ હતી. મુંબઈથી કાપડની મિલો સુરત અને ગુજરાતમાં ગઈ. કેન્દ્ર સરકારે ૧૩ મિલોનું રાષ્ટ્રીયકરણ કર્યું. સમસ્યા ઉકેલવા માટે લવાદ નીમવામાં આવ્યા પણ તે પ્રયત્ન યશસ્વી થયા નહિ.

**નવું આર્થિક ધોરણ:** આધુનિક ભારતના ઈતિહાસમાં ૧૯૯૧નું વર્ષ મહત્ત્વનું છે. દસમી લોકસભાની ચૂંટણી પછી કેન્દ્રમાં પી. વ્હી. નરસિંહરાવ વડાપ્રધાન બન્યા. તેમણે અર્થમંત્રી ડો. મનમોહન સિંગના સહકારથી ભારતની અર્થવ્યવસ્થા જાગતિક અર્થવ્યવસ્થા સાથે જોડવા માટે નવું આર્થિક ધોરણ સ્વીકાર્યું. આ માટે ભારતીય અર્થવ્યવસ્થામાં મૂળભૂત સ્વરૂપના બદલાવ કર્યા. ભારતીય અર્થવ્યવસ્થાને જાગતિક પ્રવાહમાં લાવ્યા.



**પી. વ્હી. નરસિંહરાવ**

આ કાળમાં ભારતની આર્થિક અવસ્થા વિકટ થઈ હતી. પી. વ્હી. નરસિંહરાવની પહેલાં ચંદ્રશેખરની સરકાર હતી. આ સરકારના કાળમાં ચલણવૃદ્ધિનો દર ૧૭ ટકા હતો. આર્થિક વૃદ્ધિ દર ૧.૧ ટકાથી ઘટ્યો હતો. આયાત માટે અઠવાડિયું જ ચાલે એટલુંજ વિદેશી ચલણ ભારત પાસે હતું. વિદેશી ઋણની ભરપાઈ કરવી અને તેનું વ્યાજ આપવું મુશ્કેલ બન્યું હતું. મે ૧૯૯૧માં ચંદ્રશેખરના સમયમાં સરકારે કેટલુંક સોનું વેચ્યું તો કેટલુંક સોનું ગીરવે મૂકીને પરિસ્થિતિને કાબૂમાં લાવવાનો પ્રયત્ન કર્યો હતો. ચંદ્રશેખરની અગાઉની વિશ્વનાથ પ્રતાપ સિંગની સરકારે બધા ખેડૂતોને કર્જમાફી આપીને ૧૦ હજાર કરોડ રૂપિયા કરતા વધારે બોજો અર્થવ્યવસ્થા પર નાંખ્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારનું એકત્રિત અંતર્ગત કર્જ સ્થૂળ રાષ્ટ્રીય ઉત્પાદનના પ્રમાણમાં અંદાજે ૫૫% જેટલું થયું. ૧૯૮૦–૮૧માં પરદેશી કર્જ ૨૩૫૦ કરોડ ડોલર્સ હતું. તે ૧૯૯૦–૯૧માં ૮૩૮૦ કરોડ ડોલર્સ સુધી વધ્યું. આ સમયે ભારતના પરદેશી ચલણનો પુરવઠો ફક્ત ૧૦૦ કરોડ ડોલર્સ હતો. આને માટે ઈરાકે કુવેત પર આક્રમણ કરીને તેલની વધારેલી કિંમત કારણભૂત

હતી. ભારતને પરદેશી કર્જ ઊભું કરવું મુશ્કેલ બન્યું. બિનનિવાસી ભારતીયોએ પોતાના પરદેશી ચલણમાંથી રોકાણ કાઢી લેવાની શરૂઆત કરી.

**ઉપાયયોજનાઃ** આ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે પી. વ્હી. નરસિંહ રાવે ડૉ. મનમોહન સિંગને અર્થમંત્રી બનાવ્યા. ડૉ. મનમોહન સિંગે દોષસુધારણા ઉપાયયોજના (કરેક્ટિવ્હ મેજર્સ) કરી. પરિસ્થિતિ બદલાવાની શરૂઆત થઈ.



**ડૉ. મનમોહન સિંગ**

તેમણે પરદેશી રોકાણ ઉપરનાં બંધનો કાઢી નાંખ્યાં. ઉદ્યોગ ક્ષેત્રમાંની પરવાના પદ્ધતિ ૧૮ ઉદ્યોગ પૂરતી મર્યાદિત કરી. સાર્વજનિક ઉદ્યોગમાં વધતી ખોટ અને કાર્યક્ષમતા ધ્યાનમાં રાખીને સાર્વજનિક ક્ષેત્રો ખાનગી ઉદ્યોગો માટે મુક્ત કર્યા. શેરબજાર પર નિયંત્રણ લાવવા માટે ૧૯૮૮માં સેબી (સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇંડિયા)ની સ્થાપના કરી. નેશનલ સ્ટોક ઈક્સચેન્જનું સંગાણકીકરણ કરવામાં આવ્યું. મંદીનો ઓછાયો દૂર કરવાને પ્રાધાન્ય આપ્યું.

ડૉ. મનમોહન સિંગની પહેલા અર્થમંત્રી તરીકેની કારકિર્દીમાં ભારતમાં પરદેશી રોકાણ વધ્યું. ભારતે બેંક ઓફ ઇંગ્લેન્ડમાં ગીરવે મૂકેલું સોનું પાછું ભારતમાં લાવ્યા. દેશના મૂડીદાર વર્ગ અને મધ્યમવર્ગનો ટેકો સરકારને મળ્યો. સરકારે દૂરસંચાર ક્ષેત્ર ખુલ્લું કરવાને કારણે મોબાઈલ ફોન સેવા દેશભરમાં શરૂ થઈ. ડો. મનમોહન સિંગે જાગતિક (વૈશ્વિક) વ્યાપાર સંઘટનાના કરાર પર સહી કરીને ખાનગીકરણ, ઉદારીકરણ, જાગતિકીકરણની શરૂઆત કરી.

**વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાયઝેશન (જાગતિક વ્યાપાર સંગઠનઃ** ભારતે ૧૯૯૫માં 'વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાયઝેશન'નું (**WTO**) સભ્યપદ સ્વીકાર્યું. આ સંગઠનના ઉદ્દેશ નીચે પ્રમાણે હતા–

દેશ–દેશમાંનો વેપાર ખુલ્લો કરવો, આંતરરાષ્ટ્રીય મુક્ત વ્યાપારને બાધારૂપ થનાર ભેદાભેદ કરનારા કાયદા, નિર્બંધ, નિયમ અને ધોરણો આવરી લેવા અને વિશ્વવ્યાપારનું રીતસર બહુપક્ષીય યંત્રણાના માધ્યમથી નિયમન કરવું.

**WTO** અસ્તિત્વમાં આવતાં પહેલાં 'ગૅટ' અસ્તિત્વમાં હતું. 'જનરલ ઍગ્રીમેંટ ઑન ટૅરિફ્સ ઍન્ડ ટ્રેડ' સંગઠન આંતરરાષ્ટ્રીય સ્તર પર કાર્યરત હતું. તે વ્યાપાર નિયમન કરતું. ભારતમાં **WTO** સંદર્ભમાં પરસ્પર વિરોધી અંતિમ મત હતા. આમ છતાં (**WTO**) નું સભ્યપદ સ્વીકારવાનો નિર્ણય લીધો. 'જાગતિક વ્યાપાર સંગઠન'ના ઉપાયો અનુદાન, આયાત નિકાસ, પરદેશી રોકાણ સંરક્ષિત ક્ષેત્રો, ખેતી, તંત્રજ્ઞાન અને સેવા સાથે સંબંધિત છે. ભારત સભ્ય બન્યું ત્યારથી વીજળી, પાણી, વાહન વ્યવહાર, શિક્ષણ અને આરોગ્ય જેવા ક્ષેત્રોનું ઝડપી વ્યાપારીકરણ થયું. 'જાગતિક વ્યાપાર સંગઠન'ના અલગ–અલગ અહેવાલાનુસાર ગરીબીરેખા નીચે લોકસંખ્યામાં ઘટાડો, બાળમૃત્યુમાં ઘટાડો, પીવાનું પાણી, ગંદા પાણીનો નિકાલ આ બાબતની સગવડો ઉપલબ્ધ કરવામાં ભારતે સુધારણા કરેલ છે.

'જાગતિક વ્યાપાર સંગઠન'ના ખાચર પર ભારતે આગળ જતાં 'દક્ષિણ એશિયાઈ પ્રાધાન્ય વ્યાપાર કરાર' (સાઉથ એશિયા પ્રેફરેંશિયલ ટ્રેડ ઍરેન્જમેન્ટ – **SAPTA**) કર્યા. ભારતે સાર્ક દેશો માટે વિવિધ વસ્તુની આયાત ઉપરના બંધનો દૂર કર્યાં. આયાત દરમાં સગવડ આપી. ભારતીય વિમા ક્ષેત્ર ખાનગી અને પરદેશી રોકાણ માટે ખુલ્લા કર્યાં.

આ રીતે આપણે સ્વાતંત્ર્યોત્તર ભારતની આર્થિક વ્યવસ્થાનો અભ્યાસ કર્યો. મિશ્ર અર્થવ્યવસ્થાથી જાગતિકીકરણ એવો પ્રવાસ આપણે કર્યો. આગળના પાઠમાં ભારતના અન્ય ક્ષેત્રોમાંની પ્રગતિ જોવાના છીએ.

# સ્વાધ્યાય

**૧. (અ) આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાન પૂર્ણ કરો.**

(૧) ૧૯ જુલાઈ ૧૯૬૯ના દેશની પ્રમુખ ........... બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

(અ) ૧૨ (બ) ૧૪ (ક) ૧૬ (ડ) ૧૮

(૨) વીસ કલમી કાર્યક્રમની ઘોષણા.....એ કરી.

(અ) પં. નેહરુ (બ) લાલબહાદુર શાસ્ત્રી (ક) ઈંદિરા ગાંધી (ડ) પી. વ્હી. નરસિંહરાવ

(બ) નીચેનામાંથી અયોગ્ય જોડી ઓળખીને લખો.

(૧) કાવસજી દાવર – પોલાદના કારખાના

(૨) ડૉ. દત્તા સામંત – મિલમજૂરો નું નેતૃત્વ

(૩) ના.મે. લોખંડે – મિલમજૂર ને રજા

(૪) નારાયણ સુર્વે – કવિતાદ્વારા શ્રમિકોના જીવનનું દર્શન

૨. આપેલી સૂચના પ્રમાણે કૃતિ કરો.

(અ) નીચેનો કોઠો પૂર્ણ કરો

| પંચવર્ષીય યોજના | સમયગાળો | ઉદ્દેશો |
|---|---|---|
| પહેલી | ---- | ખેતી, સામાજિક વિકાસ |
| બીજી | ૧૯૫૬–૧૯૬૧ | ઔદ્યોગિકીકરણ |
| ત્રીજી | ---- | વિષમતાનું નિર્મૂલન, રોજગાર તકવૃદ્ધિ, રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો |
| ......... | ૧૯૬૯–૧૯૭૪ | શાસ્ત્રીય સંશોધન, આરોગ્ય અને કુટુંબનિયોજન...... |
| પાંચમી | ---- | ...................... |

(બ) ટૂંકનોંધ લખો.

(૧) મિશ્ર અર્થવ્યવસ્થા (૨) વીસ કલમી કાર્યક્રમ

૩. નીચેનાં વિધાનો સકારણ સ્પષ્ટ કરો.

(૧) સ્વતંત્ર ભારતે મિશ્ર અર્થવ્યવસ્થાનો સ્વીકાર કર્યો.

(૨) ૧૯૬૯માં બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

(૩) મિલમજૂર હડતાલ પર ગયા

૪. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

(૧) આઠમી પંચવર્ષીય યોજનામાં ક્યા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા?

(૨) બીજી પંચવર્ષીય યોજનામાં ક્યા પ્રકલ્પ શરૂ કરવામાં આવ્યા?

## ઉપક્રમ

(૧) WTO સંગઠનની માહિતી ઈન્ટરનેટની મદદથી મેળવો – બોધચિન્હો, સભ્ય દેશ, ઉદ્દેશો, કાર્યક્રમ વગેરે.

(૨) રાષ્ટ્રીયકૃત બેંકની/શાખાની મુલાકાત લઈને ત્યાંના કામકાજની માહિતી મેળવો.

3LXPVN

# ૫ શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ

ભારતીય શિક્ષણ વ્યવસ્થાના મુખ્ય તબક્કા અને યોજનાનો ટૂંકમાં અંદાજ આપણે આ પાઠમાં લેવાના છીએ. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણનો વિચાર અહીં કર્યો છે. સાથે સાથે ભારતની કેટલીક પ્રાતિનિધિક સંશોધન સંસ્થાનો અંદાજ લીધો છે. તેના ઉપરથી આપણને દેશભરની શિક્ષણ વ્યવસ્થાની કલ્પના આવી શકશે.

ભારતમાં શિક્ષણનો પ્રશ્ન કેટલો જટિલ છે, તેની સમજ આપણને ભારતની પહેલી ઈ.સ. ૧૯૫૧ની વસ્તીગણતરીમાં થઇ. પહેલી જન ગણનામાં સાક્ષરતાનું પ્રમાણ ૧૭% હતું. તે નીચે પ્રમાણે વધ્યું.

| વસ્તીગણતરી વર્ષ | સાક્ષરતા |
|---|---|
| ૧૯૭૧ | ૩૪% |
| ૧૯૮૧ | ૪૩% |
| ૧૯૯૧ | ૫૨% |
| ૨૦૦૧ | ૬૪% |

આ પ્રમાણ વધારવું એ ભારત સરકાર સામે મોટું આહ્વાન હતું. આ આહ્વાનનો સામનો કરવા માટે સરકારે અનેક ઉપાયયોજના કરી.

**પ્રાથમિક શિક્ષણઃ** ૬ થી ૧૪ વયજૂથના વિદ્યાર્થીઓને જે શિક્ષણ આપવામાં આવે તેને પ્રાથમિક શિક્ષણ કહે છે. ૧૯૮૮માં કેન્દ્ર સરકારે પ્રાથમિક શિક્ષણના પ્રસાર અને શૈક્ષણિક દરજ્જામાં સુધારા કરવા માટે 'ચોક–બોર્ડ (ફલક)' યોજના શરૂ કરી. આ યોજના ' ઓપરેશન બ્લેક બોર્ડ' નામથી ઓળખાય છે. શાળાનો દરજ્જો સુધારવો, આવશ્યક શૈક્ષણિક જરૂરિયાતોની પૂર્તિ કરવી, સુયોગ્ય એવા ઓછામાં ઓછા બે વર્ગખંડ, સ્વચ્છતાગૃહો, બે શિક્ષકોમાંથી ૧ સ્ત્રી શિક્ષિકા, બોર્ડ (ફલક), નકશા, પ્રયોગશાળા સાહિત્ય, નાનું ગ્રંથાલય, મેદાન, રમતગમત સાહિત્ય માટે સરકારે શાળાને નિધિ ઉપલબ્ધ કરી આપી. આ યોજનાને લીધે પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થા ગતિમાન થવામાં મદદ મળી.



**શું તમે જાણો છો?**

મહારાષ્ટ્ર રાજ્યની (૧૯૬૦) સ્થાપના થયા પછી શાસને રાજ્ય માટે ધોરણ ૧ થી ૭માં એકસરખો અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લીધો. મુંબઈના એસ.ટી. કોલેજના આચાર્ય સૈયદ રાઉફને અભ્યાસક્રમનો મુસદ્દો તૈયાર કરવાનું કામ સોંપ્યું હતું.

૧૯૯૪માં આ યોજનાનો વિસ્તાર કરીને ૧૦૦ કરતાં વધુ વિદ્યાર્થી સંખ્યા હોય તેવી શાળામાં એક વધારાનો વર્ગખંડ અને એક વધારાના શિક્ષકની નિમણૂક કરવાની વ્યવસ્થા કરવામાં આવી. છોકરીઓની શાળા, અનુસૂચિત જાતિ–જમાતી વધારે હોય તેવી શાળા, ગ્રામીણ ભાગને પ્રાધાન્ય આપવામાં આવ્યું. શિક્ષક ભરતીમાં ૫૦% જગ્યામાં (૫૬ ૫૨) સ્ત્રીઓની નિમણૂક કરવાનું બંધન રાજ્ય સરકાર પર નાંખવામાં આવ્યું. ૧૯૯૪માં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિકીકરણ માટે 'જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ' (DPEP) શરૂ કરવામાં આવ્યો. મહારાષ્ટ્ર સાથે સાત રાજ્યોમાં આ ઉપક્રમ શરૂ થયો. પ્રાથમિક શાળામાં છોકરાઓની ૧૦૦% હાજરી, શાળા છોડી જતાં વિદ્યાર્થીને રોકવા, છોકરીઓનું શિક્ષણ, દિવ્યાંગો માટે શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ પર સંશોધન અને મૂલ્યમાપન, પર્યાયી શિક્ષણ, સમાજ જાગૃતિ વગેરે ઉપક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓને યોગ્ય પોષણ મળે તે માટે ૧૯૯૫માં 'મધ્યાન્હ ભોજન યોજના' શરૂ કરવામાં આવી.

**આ ફાવશે કે?**

૧૯૯૧માં કેરળ રાજ્ય પૂર્ણતઃ સાક્ષર બન્યું. મહારાષ્ટ્ર રાજ્યને પૂર્ણતઃ સાક્ષર બનાવવા માટે કઈ ઉપાયયોજના કરવી જોઇએ?

### શું તમે જાણો છો?

તારાબાઈ મોડકે બોર્ડી અને કોસબાડમાં શૈક્ષણિક કાર્યની શરૂઆત કરી. આદિવાસી બાળકો માટે આંગણવાડી શરૂ કરી. પ્રત્યક્ષ કૃતિમાંથી શિક્ષણ, પશુપાલકોના બાળકો માટે શાળા, તાંત્રિક વ્યાવસાયિક શિક્ષણનો પ્રસાર કરવા માટે તેમણે ખૂબ પરિશ્રમ કર્યો.

અનુતાઈ વાઘે થાણા જિલ્લાના કોસબાડમાં આદિવાસીની ઉન્નતિ માટે એક સંસ્થા સ્થાપન કરી. આ સંસ્થા 'કોસબાડ પ્રકલ્પ' તરીકે ઓળખાય છે. આદિવાસીના શિક્ષણ માટે અનુતાઈ વાઘે ઘોડિયાઘર, બાલવાડી, પ્રાથમિક શાળા, પ્રૌઢ શિક્ષણ વર્ગ, બાલસેવિકા પ્રશિક્ષણ મહાવિદ્યાલય વગેરે શૈક્ષણિક સંસ્થા શરૂ કરી છે.

**માધ્યમિક શિક્ષણ:** ભારત સ્વતંત્ર થયા પછી શિક્ષણ મંત્રી મૌલાના અબુલ કલામ આઝાદે શિક્ષણ ક્ષેત્રમાં આમૂલાગ્ર બદલાવ લાવવાનું નક્કી કર્યું. આ માટે 'વિદ્યાપીઠ શિક્ષણ આયોગ' ની નિમણૂંક કરવામાં આવી. આ આયોગે માધ્યમિક શિક્ષણ સંદર્ભે એક સ્વતંત્ર આયોગ નીમવાની શિફારસ કરી. તે અનુસાર ૧૯૫૨-૫૩માં 'મુદલિયાર આયોગ' નીમવામાં આવ્યું. આ સમયે ભારતમાં ૧૧ (અગિયારમું) + આગળની પદવીના ૪ વર્ષ અથવા ૧૧ + ૧ + ૩ એવો શિક્ષણનો આકૃતિબંધ હતો.


મૌલાના આઝાદ

**આયોગનું કામકાજ:** આયોગે માધ્યમિક શિક્ષણ, અભ્યાસક્રમનું સ્વરૂપ, શિક્ષણનું માધ્યમ, અધ્યાપન પદ્ધતિનો અભ્યાસ કરીને ભલામણો કરી. આ આયોગે ઉચ્ચ માધ્યમિક વર્ગની સંકલ્પના રજૂ કરી હતી. સંપૂર્ણ દેશમાં તે વ્યવસ્થાનો અમલ કરવો મુશ્કેલ બન્યો.

### શું તમે જાણો છો?

**મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મંડળ:** આ સંસ્થાની સ્થાપના ૧ જાનુઆરી ૧૯૬૬ના દિને પુણેમાં કરવામાં આવી. ધોરણ ૧૦ અને ૧૨ની શાળાંત પરીક્ષા આ મંડળ મારફતે લેવામાં આવે છે. 'શિક્ષણ સંક્રમણ' માસિક મંડળ તરફથી પ્રકાશિત કરાય છે.

**કોઠારી આયોગ:** ૧૯૬૪માં ડો. ડી. એસ. કોઠારીની અધ્યક્ષતામાં એક આયોગ નીમવામાં આવ્યું. આ આયોગના કામકાજમાં જે. પી. નાઈકનું મહત્વનું યોગદાન છે. આ આયોગે માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને વિદ્યાપીઠ સ્તર પર ૧૦+૨+૩ આકૃતિબંધને પ્રોત્સાહન આપ્યું. ૧૯૭૨થી આ વ્યવસ્થા અમલમાં આવી. કોઠારી આયોગે (કમીશને) શિક્ષણની એકજ રાષ્ટ્રીય પદ્ધતિ હોવી, માતૃભાષા, હિંદી અને અંગ્રેજી ભાષાનો શિક્ષણમાં સમાવેશ કરવો, શિક્ષણ છેલ્લા સ્તર સુધી (તળિયા સુધી) પહોંચાડવા માટે નિરંતર શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, ટપાલ દ્વારા શિક્ષણ, મુક્ત વિદ્યાપીઠ જેવા ઉપક્રમો સૂચવ્યા. અનુસૂચિત જાતિ-જમાતી જેવા ઉપેક્ષિત ઘટકોને



ડો. ડી. એસ. કોઠારી


જે. પી. નાઈક

પ્રાધાન્ય આપવું. સરકારી અંદાજપત્રકમાં શૈક્ષણિક ખર્ચાની વ્યવસ્થા વધારવી એવી ભલામણ કરી.

મહારાષ્ટ્ર રાજ્યએ ૧૦+૨+૩ શૈક્ષણિક રચના ૧૯૭૨માં સ્વીકારી ૧૯૭૫માં દસમાંની પહેલી શાળાંત પરીક્ષા લીધી.

## કોઠારી આયોગે સૂચવેલા શિક્ષણના ઉદ્દેશો




## ઉચ્ચ શિક્ષણ

**સ્વાતંત્ર્યોત્તર કાળખંડમાં શિક્ષણ:** ભારત સ્વતંત્ર થયા પછી ૧૯૪૮માં કેન્દ્ર સરકારે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં વિદ્યાપીઠ શિક્ષણ આયોગ (કમીશન)ની નિયુક્તી કરી. આયોગને આર્થિક અનુદાન, વિદ્યાપીઠોનો દરજ્જો અને સમન્વય જેવા કામો સોંપવામાં આવ્યા.



ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

**કાર્યપદ્ધતિ:** આયોગે પંચવાર્ષિક પદ્ધતિ સ્વીકારી. વિદ્યાપીઠને અનુદાન મંજૂર કરીને વહેંચણી કરવાનું કામ સરકાર તરફથી કરવાની શરૂઆત કરી. વિદ્યાપીઠનું શિક્ષણ નિયોજન, અભ્યાસક્રમમાં સુસંગતતા, શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય જરૂરિયાતોને પ્રાધાન્ય, ઉચ્ચ શિક્ષણની વિવિધ યોજના તૈયાર કરીને તે અમલમાં મૂકવી જેવા કાર્યો આયોગ કરે છે. આયોગે વિદ્યાપીઠ વિકાસ પરિષદ સ્થાપવી, પદવ્યુત્તર અધ્યાપન માટે પ્રગત અધ્યાપન કેન્દ્રો, નવી વિદ્યાપીઠની સ્થાપના કરવી. જેવા મહત્વના કાર્ય કર્યાં. ભારતમાં દૂરદર્શનનું આગમન થયા પછી 'કન્ટ્રીવાઈડ ક્લાસરૂમ' કાર્યક્રમનું આયોગ તરફથી દૂરદર્શન પરથી પ્રસારણ કરવામાં આવ્યું.



### શું તમે જાણો છો ?

૧૯૬૫ માં મહારાષ્ટ્રમાં કલા-શિક્ષણનું ધોરણ નક્કી કરવા માટે અને તે કલા સંસ્થા મારફત અમલમાં લાવવા માટે કલા સંચાલનાલયની સ્થાપના કરવામાં આવી. શાળા સ્તર પર લેવામાં આવતી 'ડ્રોઈંગ ગ્રેડ' પરીક્ષાનું આયોજન કરવાની જવાબદારી આ વિભાગે લીધી.

**નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT):** ૧ સપ્ટેમ્બર ૧૯૬૧ના રોજ દિલ્હીમાં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. કેન્દ્ર સરકારને શાળાકીય શિક્ષણની બાબતમાં, સર્વંકષ ધોરણ સંદર્ભે અને શૈક્ષણિક યોજનાના અમલમાં મદદ કરવી એ આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. શિક્ષણ વિષયક સંશોધન, વિકાસ, પ્રશિક્ષણ, વિસ્તાર, શૈક્ષણિક કાર્યક્રમ, શાલેય અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકની પુનર્રચનાની જવાબદારી NCERT ને સોંપવામાં આવી. આ સંસ્થાએ કેંદ્રીય માધ્યમિક શિક્ષણ મંડળના સહકાર્યથી શાળાકીય અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોની નિર્મિતિ કરવામાં મધ્યવર્તી ભૂમિકા ભજવી. રાજ્ય શાસનને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના સંદર્ભમાં સહકાર્ય અને માર્ગદર્શન NCERT એ ઉપલબ્ધ કરી આપ્યું. શિક્ષકો માટે માર્ગદર્શિકા, કાર્યપુસ્તિકા, અધ્યાપન પ્રશિક્ષણ, અધ્યયન-અધ્યાપનતંત્રનો વિકાસ, રાષ્ટ્રીય સ્તરે પ્રજ્ઞાશોધ પરીક્ષા જેવા ઉપક્રમો અમલમાં મૂક્યા.

NCERTની પૃષ્ઠભૂમિ પર બધા રાજ્યોમાં SCERT આ સંસ્થા સ્થાપવામાં આવી.

મહારાષ્ટ્ર રાજ્ય માટે મહારાષ્ટ્ર રાજ્ય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ (MSCERT) સંસ્થા ઈ.સ. ૧૯૮૪માં પુણેમાં સ્થાપવામાં આવી. પ્રાથમિક શિક્ષણનો દરજ્જો વધારવો. શિક્ષકો માટે સેવાંતર્ગત પ્રશિક્ષણ, અભ્યાસક્રમ અને મૂલ્યમાપન બાબતે પ્રશિક્ષણ આપવું. વિદ્યાર્થીઓએ ૧૦ (દસમા) અને ૧૨ (બારમા)ની પરીક્ષા પછી કયો વ્યાવસાયિક અભ્યાસક્રમ પસંદ કરવો તેનું માર્ગદર્શન આપવું વગેરે શૈક્ષણિક કામો આ સંસ્થા કરે છે. આ સંસ્થાને 'વિદ્યા પ્રાધિકરણ' નામે સંબોધવામાં આવે છે. 'જીવન શિક્ષણ' માસિક આ સંસ્થા મારફત પ્રકાશિત કરવામાં આવે છે.

**શું તમે જાણો છો ?**

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ (બાલભારતી) આ સંસ્થાની સ્થાપના ૨૭ જાન્યુઆરી ૧૯૬૭ના રોજ પુણેમાં થઇ. ધો. ૧ થી ૧૨ સુધીના શાળાનાં વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું કામ બાલભારતી કરે છે. મરાઠી, હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ, કન્નડ, સિંધી, ગુજરાતી, તેલુગુ આ આઠ ભાષામાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટેનું માસિક 'કિશોર' બાલભારતી પ્રકાશિત કરે છે.


**રાષ્ટ્રીય શૈક્ષણિક ધોરણ ૧૯૮૬:** આ ધોરણાનુસાર બદલતા સમાજની જરૂરિયાતોને લક્ષમાં લઇને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં મૂળભૂત સ્વરૂપના બદલાવ કરવામાં આવ્યા. આ ધોરણમાં સર્વ રાજ્યો માટે ઓછામાં ઓછો એક રાષ્ટ્રીય અભ્યાસક્રમ સૂચિત કરવામાં આવ્યો. તેમાં ભારતના સર્વ વિદ્યાર્થીઓને સમાન શૈક્ષણિક તક ઉપલબ્ધ થાય એવી અપેક્ષા છે. પ્રત્યેક રાજ્યમાં તેમની સાંસ્કૃતિક, ભૌગોલિક અને ઐતિહાસિક આવશ્યકતા અનુસાર રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં બદલાવ કરવાની તક આપેલી છે.

રાષ્ટ્રીય શૈક્ષણિક ધોરણ ૧૯૮૬નો પરિણામકારક અમલ કરવા માટે રાષ્ટ્રીય સ્તરે તૈયાર કરવામાં આવેલા કૃતિ કાર્યક્રમ પર આધારિત 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ ૧૯૮૮' તૈયાર કરવામાં આવ્યો.

**શું તમે જાણો છો ?**

**ક્ષમતાધિષ્ઠિત પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ ૧૯૯૫:** પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ ૧૯૮૮ કાર્યરત હતો ત્યારે જ રાષ્ટ્રીય સ્તરે લઘુત્તમ અધ્યયન ક્ષમતા નિશ્ચિત કરવા માટે ડૉ. આર. એચ. દવેની અધ્યક્ષતામાં સમિતિ રચવામાં આવી. દવે સમિતિએ ભાષા, ગણિત અને પરિસર અભ્યાસ વિષયો માટે ધોરણ પાંચ સુધી લઘુત્તમ અધ્યયન ક્ષમતાના કોષ્ટક વિકસિત કર્યા. તેમાં એક જ ધોરણમાંની ક્ષમતા ક્યા ક્રમથી વિકસિત કરવાની છે તે દર્શાવ્યુ હતું.

**ઉપગ્રહ વપરાશ :** ૧૯૭૫માં શૈક્ષણિક કારણો માટે ઉપગ્રહનો વપરાશ કરવો એ સિધ્ધ



એજ્યુસૅટ ઉપગ્રહ

કરવામાં ભારતને યશ મળ્યો. ઇસરોના વૈજ્ઞાનિક એકનાથ ચિટણીસે તેમાં મહત્વની ભૂમિકા

બજાવી. સ્પેસ એપ્લિકેશન સેંટર અમદાવાદ ખાતેના અંતરિક્ષ ઉપયોગ કેન્દ્રના નેતૃત્વ હેઠળ 'સાઈટ' (સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપરીમેંટ) શૈક્ષણિક કારણોસર પ્રયોગ કરવામાં આવ્યો. 'ઉપગ્રહ દ્વારા શિક્ષણપ્રણાલી' આ કલ્પના અહીંથી જ આગળ વધી. આ ઉપક્રમમાં અમેરિકાએ ભારતને મદદ કરી હતી. તેમાંથી જ ગ્રામીણ ક્ષેત્રમાં ઉત્તમ શિક્ષણની સગવડ કરવાનું શક્ય બન્યું.

**ઈંદિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિદ્યાપીઠ:** દેશમાંના સર્વસામાન્ય લોકોના ઘર સુધી જ્ઞાનગંગા પહોંચાડવા માટે આ મુક્ત વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રસંઘ સંગઠને ૧૯૭૦ના વર્ષને "જાગતિક શૈક્ષણિક વર્ષ" જાહેર કર્યું હતું. આ જ વર્ષે ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતું, માહિતી અને પ્રસારણ ખાતું, વિદ્યાપીઠ અનુદાન આયોગ અને યુનેસ્કોના સંયુક્ત સહકાર્યથી 'મુક્ત વિદ્યાપીઠ' વિષય પર નવી દિલ્હી ખાતે ચર્ચાસત્ર યોજવામાં આવ્યું હતું. આ ચર્ચાસત્રમાંથી જ મુકત વિદ્યાપીઠની સ્થાપના કરવાની કલ્પના આગળ આવી.

૧૯૭૪માં સરકારે પી. પાર્થસારથીની અધ્યક્ષતામાં એક સમિતિ નીમી. તેમની સૂચના અને ભલામણ અનુસાર ૨૦ સપ્ટેમ્બર ૧૯૮૫ના રોજ મુક્ત વિદ્યાપીઠની રચના થઈ. વડાપ્રધાન ઈંદિરા ગાંધીનું નામ આ વિદ્યાપીઠને આપવામાં આવ્યું.

**જાણી લો**

મહારાષ્ટ્રમાં યશવંતરાવ ચૌહાણ મહારાષ્ટ્ર મુક્ત વિદ્યાપીઠ નાશિકમાં ૧૯૮૯માં સ્થાપવામાં આવી. આ મુક્ત વિદ્યાપીઠ બાબતની માહિતી આંતરજાળ (ઈન્ટરનેટ)ની મદદથી મેળવો.

આ મુક્ત વિદ્યાપીઠમાં જેઓ ઔપચારિક રીતે મહાવિદ્યાલયનું શિક્ષણ લઈ શકતા નથી તેમને પ્રવેશ માટેની પાત્રતા, વય અને બીજા નિયમોમાં છૂટ આપવામાં આવી. વિદ્યાપીઠે ૧૯૯૦માં આકાશવાણી અને દૂરદર્શનના માધ્યમ દ્વારા દૃક્–શ્રાવ્ય પદ્ધતિથી દૂરસ્થ શિક્ષણ કાર્યક્રમ શરૂ કર્યો. વિદ્યાપીઠે વિવિધ શાખાઓમાં એક હજારથી પણ વધારે અભ્યાસક્રમો શરૂ કર્યા. દેશમાં ૫૮ પ્રશિક્ષણ કેન્દ્રો, પરદેશમાં ૪૧ કેન્દ્રોની સ્થાપના કરી વિદ્યાપીઠે શિક્ષણની સગવડ કરી.

## સંશોધન સંસ્થા - વિજ્ઞાન

સ્વાતંત્ર્યોત્તર કાળમાં દેશમાં વૈજ્ઞાનિક સંશોધનને ગતિ મળે અને તે સંશોધનના લાભ બધા સુધી પહોંચે એટલે ૧૯૫૦માં 'કાઉન્સિલ ઓફ સાયંટિફિક એન્ડ ઇંડસ્ટ્રિયલ રિસર્ચ' સંસ્થાની સ્થાપના થઈ. પદાર્થવિજ્ઞાન, રસાયણ, ઔષધો, અન્ન પ્રક્રિયા, ખાણકામ જેવા ક્ષેત્રોમાં સંશોધન શરુ થયું. આ સંસ્થામાંના સંશોધનનો લાભ ભારતના ઉદ્યોગોને મળે એટલે ઔદ્યોગિક સંસ્થા સાથે કરાર કરવામાં આવ્યો. તેના કારણે ભારતની આયાત ઓછી થઇ અને વિદેશી હુંડિયામણની બચત થઇ. આ સંસ્થાએ મૂળભૂત સંશોધનને વેગ આપ્યો ઉચ્ચ શિક્ષણ માટે પરદેશમાં ગયેલા વિદ્યાર્થીઓને ભારતમાં પાછા આવવા માટે આ સંસ્થાની પ્રયોગશાળાએ મહત્વની ભૂમિકા ભજવી.

આ સંસ્થાએ મતદાન માટે આંગળી પર લગાડવામાં આવતી શાહી, ટાઢિયોતાવ, હાથીરોગ, ક્ષયરોગ માટેના ઔષધો, પાણી શુધ્ધિકરણ તંત્રજ્ઞાન, બાંબૂ ઉત્પાદન માટે લાગનારો લાંબો સમય ઓછો કર્યો, જેવા કાર્યો કર્યા. DNA, ફિંગર પ્રિંટિંગ તંત્રજ્ઞાન ભારતમાં સર્વપ્રથમ વાપરવું, આંદામાનના આદિવાસી લોકોનો અભ્યાસ કરીને તે જમાત સાઠ હજાર વર્ષ જૂની છે તે સિધ્ધ કરવું, ભૂકંપની અગાઉથી સૂચના મેળવવી વગેરે બાબતો આ સંસ્થાએ કરી.

કડવા લીમડાનો જંતુનાશક તરીકે ઉપયોગ કરવો, જખમ સારો કરવા માટે હળદરનો ઉપયોગ, ચોખાની જાતિ સંદર્ભનું સ્વામિત્વ (પેટંટ) જેવી બાબતોમાં **CSIR** સંસ્થાએ મહત્વની ભૂમિકા ભજવી. ભારતીય પરંપરાગત જ્ઞાનનો ડિજીટલ કોશ તૈયાર કરીને આઠ આંતરરાષ્ટ્રીય ભાષામાં **CSIR** એ ઉપલબ્ધ કરાવ્યો.

**ગણિતઃ** તામિલનાડુમાં 'નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ફોર રિસર્ચ ઈન ધ મેથેમેટિકલ એન્ડ ફિજિકલ સાયન્સ' સંસ્થા ૧૯૬૨માં સ્થપાઇ હતી. ગણિત વિષયમાં સર્વોચ્ચ સંશોધનને આ સંસ્થાએ ગતિ આપી.

**સંગણકઃ** ૧૯૬૯માં આપણે સ્વદેશી બનાવટનું સંગણક તૈયાર કર્યું. ઈંડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટીટ્યૂટ અને જાદવપૂર વિદ્યાપીઠે સંયુક્તપણે 'આઇએસઆઇજેયુ' દેશી બનાવટનું પહેલું સંગણક તૈયાર કર્યું. ટાટા કન્સલ્ટન્સી સર્વિસેસ અર્થાત 'ટીસીએસ' કંપનીને ૧૯૭૪માં અમેરિકામાંથી સૉફ્ટવેર નિર્મિતિ ક્ષેત્રમાં કોન્ટ્રાક્ટ મળ્યો અને ભારતમાં સૉફ્ટવેર ઉદ્યોગની શરૂઆત થઇ. સંગણકને કારણે વૈજ્ઞાનિક સંશોધનનો વેગ વધ્યો.

૧૯૮૭માં અમેરિકાએ ભારતને મહાસંગણક આપવાની ના પાડી. રાજીવ ગાંધી સરકારે પોતાનું મહાસંગણક વિકસિત કરવાનો નિર્ણય લીધો. ૧૯૮૮માં કેન્દ્ર સરકારે પુણેમાં 'સેંટર ફોર ડેવલમેન્ટ ઑફ એડવાન્સ કૉમ્પ્યુટિંગ' (સીડેક) સંશોધન સંસ્થાની સ્થાપના કરી. ૧૯૯૧માં ડૉ. વિજય ભટકરના નેતૃત્વ હેઠળ પરમ – ૮૦૦૦ મહાસંગણક તૈયાર થયું.

**ભાભા ઍટોમિક રિસર્ચ સેંટર (BARC):** આ સંસ્થાએ ન્યૂક્લિઅર ફિઝિક્સ, સોલિડ સ્ટેટ ફિઝિક્સ, સ્પેક્ટ્રોસ્કોપી કેમિકલ એન્ડ લાઇફ સાયન્સેસ જેવા વિવિધ વિષયોમાં અમૂલ્ય સંશોધન કર્યું. અણુભઠ્ઠી નિર્મિતિ માટે વૈજ્ઞાનિકોને પ્રશિક્ષણ આપવા માટે ટ્રેનીંગ સ્કૂલ પણ શરૂ કરવામાં આવી.

## અભિયાંત્રિકી

**આયઆયટીઃ** ૧૯૫૧માં પશ્ચિમ બંગાળમાં ખરગપૂરમાં ભારતની પહેલી ઈંડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટેક્નૉલોજી (IIT) સંસ્થાની સ્થાપના કરવામાં આવી. ભારતમાં અભિયાંત્રિકીની બધી શાખાઓમાં ઉચ્ચ અને પ્રગત શિક્ષણ ઉપલબ્ધ કરાવી દેશની જરૂરિયાત પૂર્ણ કરવાનો આ સંસ્થાનો ઉદ્દેશ્ય હતો. પવઈ (મુંબઇ), ચેન્નઈ, કાનપુર ત્યારબાદ નવી દિલ્હીમાં અભિયાંત્રિકી મહાવિદ્યાલયનું આયઆયટીમાં રૂપાંતર કરવામાં આવ્યું. આ સંસ્થાના વિકાસ માટે સોવિયેત રશિયા, અમેરિકા, જર્મની અને યુનેસ્કોએ મદદ કરી.

ભારતમાં આયઆયટી સંસ્થાને સ્વતંત્ર વિદ્યાપીઠનો દરજ્જો આપીને બી.ટેક અને એમ. ટેક અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો. પ્રવેશ પરીક્ષા દ્વારા પ્રવેશ અને માફક શુલ્ક અને વિદ્યાર્થીઓ માટે આરક્ષણ એ આયઆયટી સંસ્થાનું વૈશિષ્ટ્ય છે. ૧૯૭૦–૮૦ના દશકમાં આ સંસ્થાના વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં પરદેશ જવા લાગ્યા. તેને લીધે બ્રેન ડ્રેનની સમસ્યા (એટલે ઉચ્ચશિક્ષિત વિદ્યાર્થી કાયમી ધોરણે પરદેશમાં જાય) નિર્માણ થઇ. ૧૯૯૦ પછી આ પરિસ્થિતિ બદલાણી. ૧૯૯૪માં ગુવાહાટી (આસામ), ૨૦૦૧માં રૂરકીમાં આયઆયટી સંસ્થાની સ્થાપના કરવામાં આવી.

**ઈંડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅનેજમેંટ (IIM):** આયઆયટીમાંથી ઉચ્ચ દરજ્જાના ઍંજિનિયર તૈયાર થયા બાદ કુશળ દરજ્જાના વ્યવસ્થાપક તૈયાર કરવા માટે કેન્દ્ર અને ગુજરાત રાજ્ય સરકારે અમદાવાદમાં આ સંસ્થાની સ્થાપના કરી. અમેરિકાની હાવર્ડ બિઝનેસ સ્કૂલ સંસ્થાએ આ સંસ્થાના વિકાસ માટે મદદ કરી હતી. કોલકાતા, બેંગ્લોર, લખનૌ, કોઝિકોડે, ઈંદોર અને શિલોંગમાં ઈંડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેંટ (IIM) સંસ્થા સ્થાપવામાં આવી.



**શું તમે જાણો છો ?**


'ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈંડિયા' સંસ્થા ચલચિત્ર નિર્માણના સંદર્ભમાં શિક્ષણ આપે છે દિગ્દર્શન, સંકલન અને અભિનય એવી ચલચિત્ર સંબંધિત બધી જ બાબતોનું શાસ્ત્રશુધ્ધ પ્રશિક્ષણ આપવાની સુવિધા આ સંસ્થામાં છે. પુણેમાં આવેલી 'પ્રભાત ફિલ્મ કંપની'નો વારસો આ સંસ્થાને મળ્યો.

**નૅશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિઝાઈન (NID):** ૧૯૬૧માં અમદાવાદમાં ઔદ્યોગિક રેખાંકન (ઇંડસ્ટ્રિયલ ડિઝાઈનિંગ) વિષયનું શિક્ષણ આપવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાએ ૧૯૬૩-૬૪માં બેઝિક ડિઝાઈન, ગ્રાફિક ડિઝાઈન, વસ્તુની ડિઝાઈન, વિઝ્યુઅલ કમ્યુનિકેશન જેવા અભ્યાસક્રમો શરૂ કર્યા. આ સંસ્થાએ આકાશવાણી યંત્ર(ટ્રાન્ઝિસ્ટર), ગણકયંત્ર (કૅલક્યુલેટર) જેવી વસ્તુનું રેખાંકન (ડિઝાઈન), ઇંડિયન એયરલાઈન્સ અને સ્ટેટ બેંકના બોધચિન્હ તૈયાર કરવા જેવા કર્યા છે.

## સંશોધન સંસ્થા - વૈદ્યક ક્ષેત્ર

સ્વાતંત્ર્યોત્તર કાળમાં વૈદ્યકીય ક્ષેત્રમાં સંશોધન માટે ૧૯૪૯ માં 'ભારતીય વૈદ્યકીય અનુસંધાન પરિષદ' (ICMR)ની સ્થાપના થઇ. આ સંસ્થાને દેશની વિદ્યાપીઠો, વૈદ્યકીય મહાવિદ્યાલયો, શાસકીય અને બિનશાસકીય સંશોધન સંસ્થાઓને સંશોધન માટે સહકાર્ય, માર્ગદર્શન અને આર્થિક સહાય ઉપલબ્ધ કરી આપવાની જવાબદારી સોંપવામાં આવી. વિવિધ રોગો પર સંશોધન કરનારા ૨૬ કેન્દ્રો દેશભરમાં શરૂ થયા. આ સંસ્થાના સંશોધનને કારણે ક્ષયરોગ અને કુષ્ઠરોગ પર નિયંત્રણ મેળવવું શક્ય બન્યું.

આ જ ક્ષેત્રમાંના પ્રગત વૈદ્યકીય શિક્ષણ અને સંશોધનને ગતિ આપવા માટે 'ઑલ ઇંડિયા ઈન્સ્ટીટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ' (AIIMS) સંસ્થાની સ્થાપના થઇ. આ સંસ્થાને વૈદ્યકશાસ્ત્રના પદવી અને પદવ્યુત્તર અભ્યાસક્રમના શિક્ષણની જવાબદારી સોંપવામાં આવી. વૈદ્યકશાસ્ત્રની મોટા ભાગની શાખામાંની પદવી અને પદવ્યુત્તર શિક્ષણની સુવિધા હોય એવા મહાવિદ્યાલયો, સંશોધનની સારી સગવડ, સુસજ્જ સાર્વજનિક હોસ્પિટલોએ આ સંસ્થાની પ્રમુખ વિશેષતાઓ છે. સર્વસામાન્ય લોકોને અનુકૂળ દરે વૈદ્યકીય ઉપચાર ઉપલબ્ધ કરાવવો, પરિચારિકાના પ્રશિક્ષણ માટે સ્વતંત્ર મહાવિદ્યાલય, હૃદયવિકાર, મગજનાવિકાર અને નેત્રવિકારના ઉપચાર માટે સુપર સ્પેશ્યાલિટી કેન્દ્ર આ સંસ્થાએ શરૂ કર્યા. સરકારે વૈદ્યકીય ક્ષેત્રના વધુ વિકાસ માટે ૧૯૫૮માં 'મેડિકલ કાઉન્સિલ ઑફ ઇંડિયા' સંસ્થાનું પુનર્ગઠન કર્યું. આ સંસ્થાને વૈદ્યકીય શિક્ષણની ગુણવત્તાના માપદંડ નક્કી કરવાની અને દેખરેખ તથા ચકાસણીની જવાબદારી સોંપવામાં આવી.



### શું તમે જાણો છો?

આયુર્વેદ, નિસર્ગોપચાર, યુનાની અને હોમિયોપેથી જેવી ચિકિત્સા પધ્ધતિમાં સંશોધન અને વિકાસ સાધવા માટે ૧૯૬૯ માં 'સેંટ્રલ કાઉન્સિલ ફૉર રિસર્ચ ઇન ઇંડિયન મેડિસિન એન્ડ હોમિયોપેથી' સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. ૧૯૭૯ માં આ સંસ્થાનું વિસર્જન કરી ત્રણ નવી સંસ્થા સ્થાપવામાં આવી (૧) સેન્ટ્રલ કાઉન્સિલ ફૉર રિસર્ચ ઇન યુનાની મેડિસિન (૨) સેન્ટ્રલ કાઉન્સિલ ફૉર રિસર્ચ ઇન હોમિઓપેથી (૩) સેન્ટ્રલ કાઉન્સિલ ફૉર રિસર્ચ ઇન યોગ એન્ડ નેચર ક્યોર.

આ સંસ્થાને જે તે ચિકિત્સા પધ્ધતિનુસાર વિવિધ રોગો પર સંશોધન, પરીક્ષણો, ઔષધોનું પ્રમાણિકરણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

**કર્કરોગ શિક્ષણ :** 'એડવાન્સ સેંટર ફોર ટ્રીટમેન્ટ, રિસર્ચ એન્ડ એજ્યુકેશન ઇન કેન્સર' એ ટાટા મેમોરિયલ સેન્ટરની શાખા છે. કર્કરોગના ઉપચાર, સંશોધન અને કર્કરોગ સંબંધી શિક્ષણ માટે રાષ્ટ્રીય સ્તરના કેન્દ્ર તરીકે આ સંસ્થા કાર્યરત છે.

## સંશોધન સંસ્થા - કૃષિ

ભારતમાં કૃષિ ક્ષેત્રમાં સંશોધન ૧૯૦૫માં શરૂ થયું. ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (ઇંડિયન એગ્રીકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ) ને ૧૯૫૮માં વિદ્યાપીઠનો દરજ્જો આપવામાં આવ્યો.

કૃષિ વિકાસ, સંશોધન, સુસજ્જ પ્રયોગશાળા, મૃદાશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, આર્થિક વનસ્પતિશાસ્ત્ર વગેરે વિભાગો દ્વારા વિદ્યાપીઠનું કાર્ય શરૂ થયું.

આ સંસ્થાના નવી દિલ્હીમાં આવેલ મુખ્યાલયમાં ગ્રંથાલય છે. આ ગ્રંથાલય દેશનું સૌથી મોટું કૃષિવિષયક ગ્રંથાલય છે ઘઉં, તેલિબિયા, શાકભાજી એવી અનેક બાબતો પર સંશોધન શરૂ થયા. આ સંસ્થાની સૌથી મહત્વની કામગીરી એટલે એક વર્ષમાં એકથી વધુ પાક લેવાની પદ્ધતિ. આ વિશે મૂળભૂત સંશોધન અહીં શરૂ થયું. તેનો ફાયદો ખેડૂતોને થયો.

આગળના પ્રકરણમાં આપણે સ્ત્રીઓ માટેના કાયદા, સ્ત્રીઓનું યોગદાન, અન્ય દુર્બળ ઘટકોના સંદર્ભમાં સરકારની ભૂમિકા આ વિષયનો અભ્યાસ કરીશું.



## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય શોધીને વિધાન પૂર્ણ કરો.**

(૧) પરમ – ૮૦૦૦ મહાસંગણક તૈયાર કરનાર વૈજ્ઞાનિક ........

(અ) ડો. વિજય ભટકર (બ) ડો. આર. એચ. દવે (ક) પી. પાર્થસારથી (ડ) ઉપર પૈકી કોઈપણ નહિ.

(૨) 'જીવન શિક્ષણ' માસિક ........ સંસ્થા મારફત પ્રકાશિત કરવામાં આવે છે.

(અ) બાલભારતી (બ) વિદ્યા પ્રાધિકરણ (ક) વિદ્યાપીઠ શિક્ષણ આયોગ (ડ) મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મંડળ

(૩) આય. આય. ટી. શૈક્ષણિક સંસ્થા ........ ક્ષેત્રમાં શિક્ષણ આપવા માટે પ્રસિધ્ધ છે

(અ) કૃષિ (બ) વૈદ્યકીય (ક) કુશળ દરજ્જાનું વ્યવસ્થાપન (ડ) અભિયાંત્રિકી

**૨. સૂચના પ્રમાણે કૃતિ કરો.**

(૧) ભારતના શૈક્ષણિક ક્ષેત્રની નીચે જણાવેલી વ્યક્તિ અને તેમના કાર્યસંબંધી કોષ્ટક પૂર્ણ કરો.

| વ્યક્તિ | કાર્ય |
|---|---|
| ભારતના પહેલા શિક્ષણમંત્રી | ..................... |
| ................. | વિદ્યાપીઠ શિક્ષણ આયોગના અધ્યક્ષ |
| પ્રા. સૈયદ રાઉફ | ..................... |
| ................. | કોસબાડ પ્રકલ્પ |

(૨) 'નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ' સંસ્થાની માહિતી ઈન્ટરનેટની મદદથી મેળવો અને તે માહિતી ફ્લો ચાર્ટના સ્વરૂપમાં લખો.

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો

(૨) NCERTની સ્થાપના કરવામાં આવી

(૩) ભારતીય કૃષિ સંશોધન સંસ્થા દ્વારા ખેડૂતોને ફાયદો થયો

**૪. ટૂંક નોંધ લખો**

(૧) ઇંદિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિદ્યાપીઠ

(૨) કોઠારી આયોગ

(૩) ભાભા ઍટોમિક રિસર્ચ સેંટર

(૪) બાલભારતી

**૫. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તરો લખો**

(૧) 'ચોક – કાળું પાટિયું' (ઑપરેશન બ્લેક બોર્ડ) આ યોજનામાં ક્યા ઉપક્રમનો સમાવેશ થયો હતો?

(૨) ખેતીના વિકાસમાં કૃષિ વિદ્યાલયો/મહાવિદ્યાલયો કઇ ભૂમિકા ભજવે છે?

(૩) ભારતની વૈદ્યકીય ક્ષેત્રે પ્રગતિ વિવિધ ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરો

(૪) તમારી શાળામાં આયોજિત થતા શાલેય અને સહશાલેય ઉપક્રમો વિશે માહિતી લખો.

**ઉપક્રમ**

તમારી શાળામાં વિજ્ઞાન મેળાનું આયોજન કરો. તેના દ્વારા 'પાણી શુદ્ધિકરણ' વિશે જાગૃતિ લાવવાના પ્રયત્ન કરો.

# ૬ મહિલા અને અન્ય દુર્બળ ઘટકોનું સશક્તિકરણ

સ્વાતંત્ર્યની લડાઈમાં સ્ત્રીઓએ મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો. સ્વાતંત્ર્યોત્તર કાળમાં પણ સ્ત્રીઓનું યોગદાન બધાં જ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ રહ્યું છે. તેનો અભ્યાસ આપણે આ પાઠમાં કરીશું. તેમજ સ્ત્રીઓ તથા અન્ય દુર્બળ ઘટકો સંબંધિત કેટલાક કાયદાનો અભ્યાસ કરીશું.

**માહિતી મેળવો**

**દર હજાર પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ**

| અ.ક્ર. | જનગણના વર્ષ | સ્ત્રીઓનું પ્રમાણ |
|---|---|---|
| ૧. | ૧૯૫૧ | ૯૪૬ |
| ૨. | ૧૯૬૧ | ૯૪૧ |
| ૩. | ૧૯૭૧ | ૯૩૦ |
| ૪. | ૧૯૮૧ | ૯૩૪ |
| ૫. | ૧૯૯૧ | ૯૨૭ |
| ૬. | ૨૦૦૧ | ૯૩૩ |

દર હજાર પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ શા માટે ઘટે છે તેના કારણો શોધો.

ભારતમાં સ્ત્રીઓની પરિસ્થિતિનો અભ્યાસ કરતાં એવું ધ્યાનમાં આવે છે કે, તેમની અનેક સમસ્યાઓનું મૂળ પુરુષોની માનસિકતામાં છૂપાયેલું છે. આજે આપણે એકવીસમી સદીમાં આવ્યાં તો પણ પુરૂષ પ્રધાન માનસિકતામાંથી મુક્ત થયા નથી. મહાત્મા ગાંધીજીના તત્વજ્ઞાન પર વિશ્વાસ રાખીને શરૂ થયેલી ભૂદાન ચળવળમાં વિનોબાજીએ સ્ત્રી શક્તિનો ઉપયોગ કર્યો. સ્ત્રી કાર્યકર્તાઓએ ભારતભરમાં ભૂદાનના વિચારને પ્રસરાવ્યો. નિઝામશાહી અને સરંજામી વ્યવસ્થાને પડકારનારા તેલંગણાના ખેડૂતોની મુક્તિની લડાઈમાં સ્ત્રીઓનો સહભાગ નોંધનીય હતો. આ વિભાગ વેઠપ્રથાથી મુક્ત થતાં સ્ત્રીઓની આ સંકટમાંથી મુક્તિ થઈ.

**સ્ત્રીશક્તિનો આવિષ્કારઃ** જીવનાવશ્યક વસ્તુની અછત અને મોંઘવારીનો સર્વાધિક સામનો કરનારી સ્ત્રીઓએ ૧૯૭૨માં મહારાષ્ટ્રમાં પોતાની સંગઠિત તાકાત બતાવી દીધી. સમાજવાદી નેતા મૃણાલ ગોરેના નેતૃત્વ હેઠળ મુંબઈની મહિલાઓએ વેલણ મોરચો કાઢ્યો હતો. દિવાળીના સમયે તેલ, ઘી, સાકર, રવો, મેંદો જેવી વસ્તુઓ મળતી નહોતી. ઘાસતેલ મોંઘુ થઈ ગયું હતું. તેને કારણે મહિલાઓએ એકત્ર થઈને હાથમાં વેલણ લઈને મોરચો કાઢ્યો હતો. આ આંદોલન સફળ થયું અને મહિલાઓની સામૂહિક શક્તિનો પરચો જનતાને થયો.



મૃણાલ ગોરે

**ચિપકો આંદોલનઃ** સ્ત્રીશક્તિનો સકારાત્મક આવિષ્કાર ૧૯૭૩ના ચિપકો આંદોલનથી જણાયો. હિમાલયની તળેટીના જંગલોમાં વ્યાપારી ઉદ્દેશ માટે ખૂબ જ મોટા પ્રમાણમાં વૃક્ષો કાપવામાં આવતા હતા તેના વિરોધમાં ચંડિપ્રસાદ ભટ્ટ અને સુંદરલાલ બહુગુણાએ આંદોલન કર્યું. સ્ત્રીઓએ હાથમાં હાથ પરોવી વૃક્ષોની આજુબાજુમાં ફરવાનો માર્ગ આપનાવ્યો. વૃક્ષતોડ ન થાય એટલા માટે જંગલના ઝાડોને બાથ ભરીને તેનો બચાવ કરવો એવું આંદોલનનું સ્વરૂપ હોવાથી તેને 'ચિપકો આંદોલન' કહે છે. આ આંદોલનમાં સ્ત્રીઓનો સહભાગ ઘણો મોટો હતો. આ પરિસરમાં કૃષિ અર્થવ્યવસ્થામાં મહિલાઓનો વ્યાપક સહભાગ હતો. સ્ત્રી કાર્યકર્તા ગૌરાદેવીએ સ્ત્રીઓમાં જાગૃતિ આણી હતી. તેમને સુદેશાદેવી, બચનીદેવીની મદદ મળી હતી.



સુંદરલાલ બહુગુણા



ગૌરાદેવી

**મદ્યપાન વિરોધી આંદોલનઃ** ૧૯૯૨માં આંધ્રપ્રદેશમાં 'મદ્યપાન વિરોધી ચળવળ' શરૂ થઇ. આગળ જતા તેને વિવિધ રાજ્યોમાં સારો પ્રતિસાદ મળ્યો. મદ્યપાનના વ્યસનને લીધે ઘરનો કર્તા પુરુષ અકાળે મૃત્યુ પામતા ઘરના બીજા સભ્યો પર સંકટ આવી પડે છે. તેનો સર્વાધિક આઘાત સ્ત્રીઓને થાય છે. દારૂને લીધે દુઃખ, ગરીબાઇનો સામનો કરવો પડતો. આ આંદોલનને આંધ્ર પ્રદેશનું 'અરક' વિરોધી આંદોલન ઉપયોગી થયું.

આંધ્ર પ્રદેશમાં સરકારી ધોરણોને કારણે અરક (સ્થાનિક દારૂ) વિક્રેતાઓએ ગામોગામ દુકાનો ખોલી હતી. ગામેગામની ગરીબ, મહેનતુ જનતા દારૂના વ્યસનમાં ડૂબી હતી. એવામાં રાજ્યમાં ખૂણે ખૂણે સાક્ષરતા કાર્યક્રમ શરૂ થયો હતો. આ કાર્યક્રમમાં 'સીતામા કથા' (સીતાની વાર્તા) કહેવામાં આવતી. સીતા ગામડાના લોકોમાં જાગૃતિ નિર્માણ કરી દારૂને કેવી રીતે અટકાવે છે તે કથામાં કહ્યું હતું. ૧૯૯૨માં આંધ્ર પ્રદેશના નેલ્લોર જિલ્લામાં દુબાગુંટા ગામમાં ત્રણ યુવક દારૂના નશામાં એક તળાવમાં ડૂબીને મરણ પામ્યા. આ ઘટનાને કારણે ગામની સ્ત્રીઓ એક થઇ. તેમણે અરક વિક્રયની દુકાનો બંધ કરાવી. આ સમાચાર સ્થાનિક વર્તમાનપત્રમાં છપાતાં ગામોગામ તેની અસર થઇ. રાજ્યભરમાં આંદોલન પ્રસરતા સરકારે દારૂવિક્રયના વિરોધમાં કડક ધોરણ સ્વીકાર્યું.

**આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષઃ** સંયુક્ત રાષ્ટ્રસંઘ સંગઠને ૧૯૭૫ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' તરીકે ઘોષિત કર્યું હતું. શાંતિ, વિકાસ અને સ્ત્રી-પુરુષ સમાનતા એ આ કાર્યક્રમના ત્રણ સૂત્ર હતા. ભારત સરકારે ૧૯૭૫ માં ડૉ. ફૂલરેણુ ગુહાની અધ્યક્ષતા હેઠળ મહિલા આયોગની સ્થાપના કરી. સ્ત્રીઓનું સામાજિક સ્થાન, તેમનો દરજ્જો, સ્ત્રીઓના સંદર્ભમાં ઘટનાત્મક ઉપાયોના પરિણામ તેમજ સ્ત્રીઓનું શિક્ષણ અને તેમની ટકાવારી, શિક્ષણને લીધે તેમનો થયેલો વિકાસ, નોકરી કરતી સ્ત્રીઓની સમસ્યા, સ્ત્રીઓની રોજગાર સંબંધી વર્તમાન પરિસ્થિતિ, તેમનું વેતન (પુરુષોની સરખામણીમાં), સ્ત્રી-પુરુષ પ્રમાણ, જન્મ-મૃત્યુ દર, સ્ત્રીઓની ભૂમિકા આ બધા મુદ્દાઓના આધારે અવલોકન કરવામાં આવ્યું.



ડૉ. ફૂલરેણુ ગુહા

આ બધી પાર્શ્વભૂમિનો વિચાર કરતા મહારાષ્ટ્રમાં ૧૯૭૫માં ' સ્ત્રી મુક્તિ સંઘર્ષ સમિતિ' વતી સ્ત્રીઓ માટે રાજ્યવ્યાપી પરિષદ ભરાઇ. બધા જ ક્ષેત્રની સ્ત્રીઓ આ પરિષદમાં સહભાગી થઇ હતી. ૧૯૭૮માં સમિતિનું જાહેરનામું પ્રસિધ્ધ થયું હતું. લિંગભેદ, જાતિભેદ, વર્ણભેદ જેવા અસમાન ઘટકોના વિરોધમાં સંઘર્ષ કરવાનું ધોરણ નક્કી થયું. તેના દ્વારા જ 'સ્ત્રી મુક્તિચી લલકારી' ગીતસંગ્રહ, જ્યોતિ મ્હાપસેકરનું 'મુલગી ઝાલી હો' શેરીનાટક, 'પ્રેરક લલકારી' મુખપત્ર જેવા ઉપક્રમ શરૂ થયા. ૧૯૭૭માં સૌદામિની રાવ દ્વારા સ્થાપિત પુણેની 'સ્ત્રી મુક્તિ આંદોલન સમિતિ', 'બાયજા' આ દ્વિમાસિક, ઔરંગાબાદમાં 'સ્ત્રી ઉવાચ', 'મૈત્રીણ', 'સ્ત્રી અન્યાય વિરોધી મંચ', કોલ્હાપુરમાં 'મહિલા દક્ષતા સમિતિ', નાશિકમાં 'મહિલા હક્ક', લાતુરમાં 'નારી પ્રબોધન મંચ' જેવા જૂથ તૈયાર થયા. આખા મહારાષ્ટ્રમાં દહેજ વિરોધી સંરક્ષણ સમિતિઓની સ્થાપના થઇ. ધૂળે શહેરમાં સ્ત્રી અત્યાચાર વિરોધી પરિષદ યોજવામાં આવી હતી.

વિદ્યા બાળની 'નારી સમતા મંચ' અને 'મિળૂન સારયાજણી' જેવા સામાયિકો, સમાજવાદી મહિલા સભા, ક્રાંતિકારી મહિલા સંઘટના આ બધાના કાર્યો સ્ત્રી પ્રશ્નોના સંદર્ભમાં મહત્વના ઠર્યા. મહારાષ્ટ્રમાં રોજગાર અનામત યોજનાને

લીધે સ્ત્રી સશક્તિકરણને મદદ મળી.

પ્રમિલા દંડવતેએ દિલ્હીમાં ૧૯૭૬માં 'મહિલા દક્ષતા સમિતિ' સ્થાપી. આ સમિતિની શાખાઓ આંધ્ર પ્રદેશ, તામિલનાડુ, કેરળ, ઓડિશા, મધ્ય પ્રદેશ, પંજાબ રાજ્યોમાં સ્થપાઇ.


પ્રમિલા દંડવતે

કમ્યુનિસ્ટ પક્ષે 'અખિલ ભારતીય જનવાદી મહિલા સંઘટના' ૧૯૮૦માં સ્થાપી. આ સંસ્થાની શાખા આખા ભારતમાં સ્થાપવાના પ્રયત્નો થયા હતા. આ સંસ્થાએ દહેજ, સ્ત્રી ભ્રૂણહત્યા, કૌટુંબિક અત્યાચારના પ્રશ્નો પર સંઘર્ષ કર્યો. વિવિધ સ્તરે સ્ત્રી પ્રશ્નો પર સંશોધન શરૂ થયા. ભારતની પહેલી મહિલા વિદ્યાપીઠ શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ; ટાટા સમાજ વિજ્ઞાન સંસ્થા, મુંબઈ; સાવિત્રીબાઇ ફૂલે પુણે વિદ્યાપીઠ, શિવાજી વિદ્યાપીઠ, કોલ્હાપુરમાં સ્ત્રી અભ્યાસ કેંદ્ર સ્થાપવામાં આવ્યા. આલોચના અને દ્રષ્ટિ જેવા કેંદ્રોએ પણ આ પ્રશ્ને મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

**સ્ત્રીઓ સંદર્ભના કાયદા:** ૧૯૫૨ના કાયદા અનુસાર ભારત સરકારે હિંદુ સ્ત્રીઓને ભરણપોષણનો અધિકાર આપ્યો. વડીલોની સંપત્તિમાં હિસ્સો આપવામાં આવ્યો. સ્ત્રીધન પર તેનો અધિકાર નિર્માણ થયો. બહુપત્નિત્વનો અંત આણીને પુરુષો પ્રમાણે સ્ત્રીઓને પણ છૂટાછેડા લેવાનો અધિકાર આપવામાં આવ્યો. પછીના દશકમાં સ્ત્રીઓના સંદર્ભમાં એક પગલું આગળ વધતો કાયદો આવ્યો ''દહેજ પ્રતિબંધક કાયદો ૧૯૬૧' અન્વયે દહેજ લેવું અથવા માંગણી કરવી તે ફોજદારી ગુનો ગણવામાં આવ્યો. દહેજ પ્રથાનું નિર્મૂલન કરીને સામાજિક ચળવળને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આ કાયદાને લીધે દહેજ જેવી અનિષ્ટ પ્રથાને કારણે સ્ત્રીઓને થતો ત્રાસ ઓછો થયો. આગળ જતા સ્ત્રીઓને પ્રસૂતિની (સુવાવડની) રજા અપાવનારો 'પ્રસૂતિ સુવિધા અધિનિયમ' (મેટર્નિટી બેનિફિટ એક્ટ – ૧૯૬૧) કાયદો અસ્તિત્વમાં આવ્યો. આ કાયદા પ્રમાણે સ્ત્રીઓને પ્રસૂતિની રજા મેળવવાનો અધિકાર મળ્યો.

**દહેજ પ્રથાના વિરોધમાં જાગૃતિ :** ભારતમાં દહેજ વિરોધી કાયદો હોવા છતાં પણ વર્તમાનપત્રોમાં 'રસોઈ કરતા પાલવ સળગતા મહિલાનું મૃત્યું, 'કપડા ધોતા પગ લપસતા કૂવામાં પડતા સ્ત્રીનું મૃત્યુ' આવા સમાચારો આવે છે. તેની ઊંડી તપાસમાં દહેજનું કારણ ધ્યાનમાં આવ્યું. પોલિસ, પ્રશાસન, ન્યાય વ્યવસ્થાની ભૂમિકા સામે આવી. તે દ્વારા જાગૃતિ આવી. આ કારણે ૧૯૮૪માં 'દહેજ વિરોધી સુધારણા કાયદો' અસ્તિત્વમાં આવ્યો. ૧૯૮૮માં ૨૨૦૯ સ્ત્રીઓ, ૧૯૯૦માં ૪૮૩૫, ૧૯૯૩માં ૫૩૭૭ સ્ત્રીઓ દહેજનો ભોગ બની હતી. આ આંકડા પરથી આપણને આ સમસ્યાની તીવ્રતા ધ્યાનમાં આવશે.

**કૌટુંબિક ન્યાયાલય (૧૯૮૪):** લગ્નના સંદર્ભમાં વિવાદ, સાંસારિક સમસ્યા અને તેમાંથી નિર્માણ થનારા પ્રશ્નો, ભરણપોષણ, એક વાલી, વિભક્ત રહેવું, બાળકોની દેખભાળ અને માલિકી આવી કુટુંબવ્યવસ્થા સાથે જોડાયેલી બાબતોના વિવાદોનો ઉકેલ કાઢવા કૌટુંબિક ન્યાયાલયની સ્થાપના કરવામાં આવી. આ ન્યાયાલયમાં સાક્ષી, પુરાવા, તપાસને બદલે સામંજસ્ય અને વકીલને બદલે સમુપદેશકને પ્રાધાન્ય આપવામાં આવ્યું. પ્રકરણો (પ્રશ્નો) ઝડપથી પણ ન્યાયિક રીતે હલ કરવા પર ભાર મૂકવામાં આવ્યો.

**ભરણપોષણ બાબતનો કાયદો (૧૯૮૫):** એકાદ લગ્ન થયેલી સ્ત્રીને તેના પતિએ છૂટાછેડા આપ્યા હોય તો તેના ઉદરનિર્વાહના સાધન તરીકે તેને દરમહિને નક્કી કરેલી રકમ પતિએ આપવી, આને ભરણપોષણ કહે છે. સર્વોચ્ચ ન્યાયાલયમાં મોહમ્મદ અહમદ ખાન વિરુદ્ધ શાહબાનો બેગમ ખટલામાં શાહબાનોને ભરણપોષણ માગવાનો અધિકાર છે એવો નિર્ણય ન્યાયાલયે આપ્યો. ધાર્મિક સંગઠનોએ

તેની વિરુદ્ધ બૂમરાણ કરી. પરિણામ સ્વરૂપે સંસદમાં 'મુસ્લિમ વુમેન એક્ટ' (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન ડાયવ્હોર્સ) પસાર થયો.

**સતી પ્રતિબંધક કાયદો:** ૪ સપ્ટેંબર ૧૯૮૭ના દિને રાજસ્થાનના દેવરા ગામમાં રૂપકુંવર નામની વિવાહિત સ્ત્રી સતી થઈ. તે સ્વેચ્છાએ સતી નહોતી થઈ. તેને સતી થવા માટે પ્રવૃત્ત કરવામાં આવી હતી. તેનું સતી થવું, સતી પ્રથાનું ઉદારીકરણ કરવું આ બધી બાબતો બિન કાયદેસર હતી. મીના મેનન, ગીતા સેધૂ, સુજાતા આનંદન, અનુ જોસેફ, કલ્પના શર્મા આ સ્ત્રી મુક્તિવાદી કાર્યકર્તા અને પત્રકારોએ આ પ્રકરણમાં સત્યનું સંશોધન કર્યું. સરકારે ૧૯૮૮માં કડક વ્યવસ્થા કરીને 'સતી પ્રતિબંધક કાયદો' પસાર કરવામાં આવ્યો.

**માનવ અધિકાર સંરક્ષણ કાયદો:** સ્ત્રી અને પુરુષ સાથેનો અન્યાય દૂર થાય તે માટે ૧૯૯૩માં આ કાયદો પસાર કરવામાં આવ્યો. તે માટે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગની નિમણૂક કરવામાં આવી. આ ભૂમિકાને આધારે કેટલાક રાજ્યોમાં 'રાજ્ય માનવાધિકાર આયોગ'ની સ્થાપના થઈ. આ કાયદાનુસાર સામૂહિક અત્યાચાર, છૂટાછેડા લીધેલી મહિલાની સામાજિક સ્થિતિ, સ્ત્રીઓ અને સુરક્ષિત કાર્યસ્થળ જેવી વિવિધ બાબતો માટે કાયદાએ પ્રભાવી ભૂમિકા ભજવીને સ્ત્રીઓ પર થતા અન્યાય ઓછા કરવા માટે મદદ કરી.

**મહિલાઓ માટે આરક્ષણ:** સંવિધાન સુધારણા ૭૩ અને ૭૪ અંતર્ગત ગ્રામપંચાયત, પંચાયત સમિતિ, જિલ્લા પરિષદ, નગરપાલિકા, મહાનગરપાલિકામાં એક તૃતિયાંશ જગ્યા સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી છે. સરપંચ, અધ્યક્ષ, નગરાધ્યક્ષ, મેયર આ પદો માટે પણ એક તૃતિયાંશ પદો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવ્યા છે. દેશમાંના મહારાષ્ટ્ર સહિત અન્ય ૧૫ રાજ્યોમાં સ્ત્રીઓ માટે ૫૦% આરક્ષણ રાખવામાં આવ્યું છે. આ વ્યવસ્થાને કારણે મહિલાઓને રાજ્ય કારભારમાં સહભાગ લેવાની તક મળી.

સ્વાતંત્ર્યોત્તર કાળમાં ભારતીય સંવિધાને સ્ત્રી–પુરુષ સમાનતાનું તત્વ સ્વીકાર્યું. તેને લીધે મતદાન જેવો મહત્ત્વનો રાજકીય હક્ક સ્ત્રીઓને મળ્યો. પુરુષોની જેમ જ સ્ત્રીઓને શિક્ષણની, રોજગારની સમાન તક ઉપલબ્ધ કરાવી આપવામાં આવી. સતી, દહેજ, બહુપત્નીત્વ જેવી દુષ્ટ પ્રથા પર કાયદા દ્વારા બંધી ફરમાવવામાં આવી. સ્ત્રીઓના છૂટાછેડાના અધિકારને માન્ય કરવામાં આવ્યો. તેમને મિલકતમાં પણ કાયદેસરનો હિસ્સો આપવામાં આવ્યો. રાજકીય સત્તામાં સ્ત્રીઓને ન્યાયિક હિસ્સો આપવાના હેતુથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં કેટલીક જગ્યા અનામત રાખવામાં આવી છે. આ બધી વ્યવસ્થાને કારણે આજે આપણે જોઈ શકીએ છીએ કે સ્ત્રીઓ શિક્ષણ લઈને અર્થોપાર્જન (આવક) કરી રહી છે. સ્ત્રી વિચારોથી સ્ત્રીઓને આત્મભાન થાય છે. શિક્ષણ, અર્થોપાર્જન, પ્રશાસન, રાજકારણ આ બધા ક્ષેત્રમાં સ્ત્રીઓ ઉત્સાહથી ભાગ લઈ રહી છે.



**શું તમે જાણો છો?**

**ભારતના મહિલા મુખ્યમંત્રી**

સુચેતા કૃપલાની (ઉત્તર પ્રદેશ) નંદિની સત્પથી (ઓડિશા), જયલલિતા (તામિલનાડુ), માયાવતી (ઉત્તર પ્રદેશ), વસુંધરા રાજે (રાજસ્થાન), મમતા બેનર્જી (પ. બંગાળ), રાબડીદેવી (બિહાર), આનંદીબેન પટેલ (ગુજરાત), શીલા દિક્ષિત (દિલ્હી), મહેબૂબા મુફ્તી સચિદ (કાશ્મીર), ઉમા ભારતી (મધ્ય પ્રદેશ), રાજેન્દ્ર કૌર ભટ્ટલ (પંજાબ), સુષમા સ્વરાજ (દિલ્હી), શશિકલા કાકોડકર (ગોવા), સચિદા અન્વર તૈમૂર (આસામ), જાનકી રામચંદ્રન (તામિલનાડુ) આ મહિલાઓએ મુખ્યમંત્રી તરીકે પોતાના રાજ્યનું નેતૃત્વ કર્યું છે.



**તમે જાણો છો કે?**

ન્યૂયોર્ક શહેરમાં ૮ માર્ચ ૧૮૫૭ના રોજ એક મોરચો નીકળ્યો હતો. કામના કલાકો ઓછા કરવા, યોગ્ય વળતર મળવું, ઘોડિયાઘર હોવું, વગેરે માંગણીઓ માટે કાઢવામાં આવેલો આ શ્રમિક સ્ત્રીઓનો પહેલો જ મોર્ચો હતો. આ જ માંગણીઓ માટે ૮ માર્ચ ૧૯૦૯ના રોજ મહિલાઓએ હડતાલ પાડી હતી. પરિણામે ડેન્માર્કમાં થયેલા 'વુમેન્સ સોશ્યાલિસ્ટ ઇંટરનેશનલ'ની બેઠકમાં 'મહિલાની લડતનો દિવસ' તરીકે આ દિવસ જાહેર થયો. ૧૯૭૫ એ 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' તરીકે ઉજવવામાં આવ્યું. તો ૧૯૭૭માં તત્કાલીન સંયુક્ત રાષ્ટ્ર સંઘની આમ સભાએ ઠરાવ કરીને ૮ માર્ચના દિવસને 'જાગતિક મહિલા દિન' તરીકે જાહેર કર્યો.

**અનુસૂચિત જાતિ :** સ્વાતંત્ર્યોત્તર કાળમાં આપણા સંવિધાને સ્વાતંત્ર્ય, સમતા, બંધુત્વ અને સામાજિક ન્યાય આ મૂલ્યોને સ્વીકાર્યા હતા. તેને અનુસરીને અસ્પૃશ્યતાની રૂઢિ પર કાયદાથી બંધી ફરમાવી હતી. સંવિધાનના ૧૭માં અનુચ્છેદ અનુસાર અસ્પૃશ્યતા નષ્ટ કરવામાં આવી અને અસ્પૃશ્ય વર્ગોનો સમાવેશ અનુસૂચિત જાતિમાં કરવામાં આવ્યો. અનુસૂચિત જાતિનું સામાજિક અને આર્થિક પછાતપણું ધ્યાનમાં લઈને તેમનો વિકાસ સાધી શકાય એટલે તેમને શિક્ષણ અને નોકરીઓમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યુ.

**અનુસૂચિત જમાતી (જનજાતિ):** અનુસૂચિત જાતિ પ્રમાણે જ દેશના દુર્ગમ ભાગમાં રહેનારા આદિવાસી સમાજના પણ કેટલાક પ્રશ્નો છે. આધુનિક સુધારણાથી દૂર રહેવાને કારણે તેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ પછાત રહી છે. હાલમાં આદિવાસી જમાતની પરિસ્થિતિમાં સુધારણા થતી હોવા છતાં જંગલ ઉત્પાદન અને ખેતી સિવાય તેમની પાસે આજીવિકાના અન્ય સાધનો નથી. ખેતી કરવાના આધુનિક સાધનો તેમના સુધી પહોંચ્યા નથી. તેને લીધે ખેતીમાંથી મળતું ઉત્પાદન ખૂબ જ ઓછું હોય છે. આ સિવાય તેઓ ડુંગરોના ઢાળ પ્રદેશમાં ખેતી કરતા હોવાથી વધુ પાક થતા નથી. નીચલા દરજ્જાના અને અપૂરતા આહારને કારણે તેમનું પોષણ વ્યવસ્થિત થતું નથી. દુર્ગમ વિસ્તારમાં આદિવાસીઓને સમયસર વૈદ્યકીય મદદ મળવી મુશ્કેલ હોય છે. તેથી આદિવાસી જમાતોને વિશેષ સંરક્ષણ આપવાની જરૂર છે.

ભારતીય સંવિધાનમાં આદિવાસીઓને 'અનુસૂચિત જમાતી' તરીકે ગણાવ્યા છે. તેમને કાયદામંડળ, શિક્ષણ, સરકારી સેવા વગેરે ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું.

**ભટકતી અને વિમુક્ત જાતિ-જમાતી:** ઉદરનિર્વાહ માટે ગામોગામ ફરતી રહેતી જાતિ જમાતીને 'ભટકતી જમાતી' જૂથમાં સમાવવામાં આવી છે. પશુપાલન અને અન્ય સ્વરૂપોના વ્યવસાય કરીને આ જૂથ પોતાની આજીવિકા મેળવે છે. અંગ્રેજોએ આમાંની કેટલીક જમાતી પર ગુનેગાર જમાતીની મહોર મારી હતી. અંગ્રેજોએ ૧૮૭૧ના ગુનેગારી પ્રતિબંધક કાયદા અંતર્ગત આ જમાતી પૈકી પ્રમુખ જૂથોને 'ગુનેગાર જમાત' તરીકે ઉલ્લેખ કર્યો અને તેમના વ્યવસાય અને હિલચાલ પર બંધનો નાખવામાં આવ્યા.

સ્વાતંત્ર્યોત્તર કાળમાં આ અન્યાયકારી કાયદો રદ કરવામાં આવ્યો. આ જમાતી પરના બંધનો હટાવી લેવામાં આવ્યા. આવી જમાતીઓનો સમાવેશ 'વિમુક્ત જમાતી' જૂથમાં કરવામાં આવ્યો. તેમના સામાજિક અને આર્થિક વિકાસ માટે શાસન મારફત વિશેષ પ્રયત્ન કરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થા અને શાસકીય ક્ષેત્રે આ જમાતીઓને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.

**અલ્પસંખ્યક:** એકાદા સમાજમાં ધાર્મિક, ભાષિક અથવા વાંશિક દૃષ્ટિએ સંખ્યામાં ઓછા હોય એવી વ્યક્તિઓનો સમૂહ. આપણા દેશમાં વિવિધ ધર્મ, પંથ અને ભાષા હોવાને લીધે સાંસ્કૃતિક વિવિધતા છે. સાંસ્કૃતિક પરંપરા પણ જુદી જુદી છે. આ સાંસ્કૃતિક પરંપરા જાળવી

રખાય, આપણી વૈશિષ્ટ્યપૂર્ણ ભાષાનો વિકાસ કરી શકાય તે માટે સંવિધાને નાગરિકોને સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક્ક આપ્યો છે. અલ્પસંખ્યક જૂથોને પોતપોતાની ભાષા, સંસ્કૃતિ, પરંપરાઓનું રક્ષણ અને સંવર્ધન કરવાનો હક્ક છે. તે માટે સ્વતંત્ર શિક્ષણ સંસ્થા સ્થાપવાનો તેમને હક્ક છે. તેમની પ્રગતિ માટે શાસન દ્વારા વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે.

આગળના પાઠમાં આપણે ભારતે સ્વાતંત્ર્યોત્તર કાળમાં વિજ્ઞાન અને તંત્રજ્ઞાનના ક્ષેત્રમાં કરેલી પ્રગતિ વિશેની માહિતી મેળવીશું.



## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાનો પૂર્ણ કરો.**

(૧) ઈ.સ. ૧૯૯૨માં ....... રાજ્યમાં મદ્યપાન વિરોધી ચળવળ શરૂ કરવામાં આવી.

(અ) મહારાષ્ટ્ર (બ) ગુજરાત
(ક) આંધ્રપ્રદેશ (ડ) ઉત્તરાખંડ

(૨) ભારત સરકારે ૧૯૭૫માં ........ ની અધ્યક્ષતા હેઠળ મહિલા આયોગની સ્થાપના કરી.

(અ) ડો. ફૂલરેણુ ગુહા (બ) ઉમા ભારતી
(ક) વસુંધરા રાજે (ડ) પ્રમિલા દંડવતે

**૨. નીચેના પૈકી અયોગ્ય જોડી ઓળખીને લખો**

(૧) સૌદામિની રાવ – સ્ત્રીમુક્તિ આંદોલન સમિતિ
(૨) વિદ્યા બાળ – નારી સમતા મંચ
(3) પ્રમિલા દંડવતે – મહિલા દક્ષતા સમિતિ
(૪) જ્યોતિ મ્હાપસેકર – મહિલા આયોગ

**3. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો**

(૧) સ્ત્રી મુક્તિ ચળવળની શરૂઆત થઈ
(૨) ૧૯૮૪માં દહેજ વિરોધી સુધારણા કાયદો કરવામાં આવ્યો.
(3) અસ્પૃશ્યતાની રૂઢિ પર કાયદાથી બંધી લાવવામાં આવી.
(૪) સંવિધાને અલ્પસંખ્યકોને સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક્ક આપ્યો છે.

**૪. ટૂંક નોંધ લખો.**

(૧) ચિપકો આંદોલન.
(૨) માનવ અધિકાર સંરક્ષણ કાયદો.

**૫. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

સ્ત્રીઓની એકત્રિત શક્તિ વિવિધ ક્ષેત્રમાં સુધારણાત્મક બદલાવ લાવી શકે છે. આ વિધાન વિવિધ ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરો.

## ઉપક્રમ

(૧) ગ્રામીણ ક્ષેત્રની મહિલા સભાના કામકાજની માહિતી મેળવો

(૨) વિવિધ ક્ષેત્રમાં ઉલ્લેખનીય કામગીરી કરનારી સ્ત્રીઓની માહિતી હોય એવો સંગ્રહિત સંચ (Portfolio) તૈયાર કરો.

(3) મહિલા બચત જૂથના કામકાજની માહિતી મેળવીને લખો.

3HGGYY

# ૭ વિજ્ઞાન અને તંત્રજ્ઞાન

સ્વાતંત્ર્યોત્તર ભારતની વિજ્ઞાન અને તંત્રજ્ઞાન ક્ષેત્રની કામગીરીનો આપણે આ પાઠમાં અભ્યાસ કરીશું તેમ જ વિજ્ઞાન અને તંત્રજ્ઞાન ક્ષેત્રની મહત્વની સંસ્થા અને તેમના યોગદાનનો પણ અભ્યાસ કરવાના છીએ.

**ભારતીય અણુઊર્જા આયોગઃ** ભારતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ખીલવીને દેશની પ્રગતિ સાધવી હતી. આ વિચારને લીધે જ તેમણે ૧૦ ઓગસ્ટ ૧૯૪૮ના દિને અણુઊર્જા આયોગની સ્થાપના કરી. આયોગના પહેલા અધ્યક્ષ તરીકે ડૉ. હોમી ભાભાની નિમણૂક થઈ. અણુઊર્જામાંથી વીજ નિર્મિતિ, અન્નધાન્ય ઉત્પાદન વધારવું અને તે ટકાવવું, આ માટેનું પ્રગત તંત્રજ્ઞાન ઊભું કરવું, નેનો ટેક્નોલોજી વિકસિત કરવી એવા અણુઊર્જા આયોગના ઉદ્દેશો હતા. ૧૯૫૬માં આ વિભાગે અણુઊર્જા પર ચાલનારી ભારતની પહેલી અણુભઠ્ઠી 'અપ્સરા' કાર્યાન્વિત કરી.



ડૉ. હોમી ભાભા

૧૯૬૯માં અણુઊર્જામાંથી વિદ્યુત નિર્મિતિ કરવા માટે મુંબઈ પાસે તારાપુરમાં અણુશક્તિ કેન્દ્રની સ્થાપના થઈ. થોરિયમનો વિદ્યુત નિર્મિતિ માટે ઉપયોગ સાધ્ય કરવા માટે તામિલનાડુ રાજ્યમાં કલ્પકમમાં 'રિએક્ટર રિસર્ચ સેન્ટર' શરૂ કરવામાં આવ્યું. અણુઊર્જાના વિકાસમાં રિએક્ટરની ભૂમિકા મહત્વની હોય છે.

અણુશક્તિની નિર્મિતિ માટે આવશ્યક હોય તેવા 'સખત પાણી' ના કારખાના વડોદરા, તાલચેર, તુતિકોરિન, કોટા વગેરે સ્થળોએ સ્થાપવામાં આવ્યા છે. અણુભઠ્ઠી માટે સખત પાણીનું (હેવી વોટર) દેશાંતર્ગત મોટા પ્રમાણમાં ઉત્પાદન અને સંશોધન કરવા માટે 'હેવી વોટર પ્રોજેક્ટસ' સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આગળ જતાં આ સંસ્થાનું 'હેવી વોટર બોર્ડ' નામકરણ થયું.

**માહિતી મેળવો**

૨૮ ફેબ્રુઆરીનો દિવસ દેશભરમાં 'વિજ્ઞાન દિવસ' તરીકે મનાવવામાં આવે છે.

આ દિવસે શાળાઓમાં તમે કયા ઉપક્રમ કરો છો?

**ધ્રુવ અણુભઠ્ઠીઃ** મુંબઈ પાસે તૂર્ભેમાં ૧૯૮૫માં સંપૂર્ણપણે ભારતીય બનાવટની ધ્રુવ અણુભઠ્ઠી શરૂ કરવામાં આવી. યુરેનિયમ ધાતુનો ઈંધણ તરીકે ઉપયોગ કરવા માટે ધ્રુવ અણુભઠ્ઠીનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. તૂર્ભેના કેંદ્રમાં આશરે ૩૫૦ કિરણોત્સારી પદાર્થોની નિર્મિતિ કરવામાં આવે છે. તેનો ઉપયોગ ઉદ્યોગ, ખેતી અને વૈદ્યકીય ક્ષેત્રમાં કરવામાં આવે છે.


**ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈંડિયા (NPCIL):** અણુઊર્જામાંથી વિદ્યુત નિર્મિતિ કરવા માટે ૧૯૮૭માં આ કંપનીની સ્થાપના કરવામાં આવી. સુરક્ષિત, સસ્તું અને પર્યાવરણીય દૃષ્ટિકોણથી ફાયદાકારક વિદ્યુત નિર્મિતિનું તંત્રજ્ઞાન સિદ્ધ કરવું અને તેનો વિકાસ કરીને દેશને સ્વાવલંબી કરવો આ કંપનીનો ઉદ્દેશ છે.

**અણુપરીક્ષણઃ**



ડૉ. હોમી સેઠના

**પોખરણમાં પહેલું અણુપરીક્ષણઃ** શાંતિ અને સ્વયંપૂર્ણતા માટે અણુઊર્જાનો ઉપયોગ આ ધોરણને અનુસરીને ભારતે ૧૮ મે ૧૯૭૪ના દિવસે રાજસ્થાનમાં પોખરણમાં પહેલું અણુપરીક્ષણ યશસ્વી



ડૉ. રાજા રામન્ના

રીતે કર્યું. ચીનની આણ્વિક શસ્ત્ર સજ્જતા અને પાકિસ્તાનની ચીનની મદદથી આણ્વિક શસ્ત્ર સજ્જ થવા માટેની ઉતાવળને કારણે ભારતે આ નિર્ણય લીધો. અણુઊર્જા આયોગના અધ્યક્ષ ડો. હોમી સેઠના અને ભાભા આણ્વિક સંશોધન કેંદ્રના સંચાલક ડો. રાજા રામન્નાનો આ પરીક્ષણમાં મહત્ત્વનો સહભાગ હતો. વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ 'અણુસ્ફોટ' પરીક્ષણનો નિર્ણય લીધો. માનવી વસ્તીથી દૂર અને ભૂર્ગભમાં પાણીના સંગ્રહની પાસે નહિં એવા માપદંડના આધારે રાજસ્થાનમાં પોખરણ ભાગની પસંદગી કરવામાં આવી.

**બીજું અણુ પરીક્ષણઃ** ૧૧ મે ૧૯૯૮ના

**શું તમે જાણો છો?**

૧૯૭૪ માં ભારતે પોખરણમાં પહેલું અણુ પરીક્ષણ કર્યું એટલે અમેરિકાએ અંતરિક્ષ સંશોધન સંદેશ ચંત્રણા અને ક્ષેપણાસ્ત્ર વિકાસ એવા સંરક્ષણ વિષય સાથે સંબંધિત તંત્રજ્ઞાન ભારતને આપવા નકાર કર્યો. એટલે અમેરિકા પર આધારિત ન રહેતા સ્વબળે ક્ષેપણાસ્ત્ર વિકાસનો કાર્યક્રમ બનાવવાનું ધોરણ ભારતે સ્વીકાર્યું આમાંથી જ અમેરિકા, સોવિયેત રશિયા, ફ્રાંસ, ચીન અને જર્મની જેવા ક્ષેપણાસ્ત્ર વિકસિત કરનારા રાષ્ટ્રોની હરોળમાં ભારત બેઠું.

દિવસે ભારતે અણુશસ્ત્ર સજ્જતા સિદ્ધ કરવા માટે પોખરણમાં બીજું અણુસ્ફોટ પરીક્ષણ કર્યું. આ જ દિવસે ત્રણ અણુપરીક્ષણ કરવામાં આવ્યા. તેમાં એક પરીક્ષણ હાઈડ્રોજન બોમ્બનું હતું. વડાપ્રધાન અટલબિહારી વાજપાઈએ 'ભારત તરફથી અણુશસ્ત્રનો પ્રથમ વપરાશ કરવામાં આવશે નહિ' એવી બાહેંધરી આપી. તે છતાં અમેરિકાએ ભારત પર તત્કાળ આર્થિક બંધન લાદયા.

## ક્ષેપણાસ્ત્ર વિકાસ

**પૃથ્વીઃ** ૧૯૮૮માં 'પૃથ્વી' ક્ષેપણાસ્ત્રનું અને ૧૯૮૯માં 'અગ્નિ' ક્ષેપણાસ્ત્રનું યશસ્વી પરીક્ષણ થયું. જગતે ભારતના આણ્વિક ક્ષેપણાસ્ત્રના વિકાસના કાર્યક્રમની નોંધ લીધી.



ડો. એ.પી.જે. અબ્દુલ કલામ

ઈન્ટિગ્રેટેટ ગાઈડેડ મિસાઈલ ડેવ્હલપમેન્ટ પ્રોગ્રામ (IGMPD) અંતર્ગત ક્ષેપણાસ્ત્ર વિકાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. તે અનુસાર 'સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા' (DRDO) એ ક્ષેપણાસ્ત્ર નિર્મિતિની શરૂઆત કરી. ડો. એ.પી.જે. અબ્દુલ કલામના નેતૃત્વ હેઠળ આ બાબત સાધ્ય થઈ.

જમીન પરથી જમીન પર હુમલો કરનાર 'પૃથ્વી–૧' ક્ષેપણાસ્ત્ર પાયદળને, 'પૃથ્વી–૨' વાયુદળને, 'પૃથ્વી–૩' નૌકાદળને સોંપવામાં આવ્યા. પૃથ્વી મિસાઈલની ૫૦૦ થી ૧૦૦૦ કિલો આણ્વિક વિસ્ફોટકો લઈ જવાની ક્ષમતા

**શું તમે જાણો છો?**

ભારત સરકારના સંરક્ષણ વિભાગ અંતર્ગત ૧૯૫૮ના વર્ષે 'સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા' (DRDO) ની સ્થાપના થઈ. સંરક્ષણના સાધનો, ઉપકરણ અને શસ્ત્રાસ્ત્રો બાબતે દેશને સ્વાવલંબી બનાવવો એ આ સંસ્થાનો ઉદ્દેશ્ય હતો. ૧૯૮૩ પછી ડો. એ.પી.જે. અબ્દુલ કલામના નેતૃત્વ હેઠળ સંસ્થાએ અનેક ક્ષેપણાસ્ત્ર વિકસિત કર્યા. ક્ષેપણાસ્ત્ર નિર્મિતિમાં ડો. કલામે મોટું યોગદાન આપ્યું છે. ડો. કલામને ક્ષેપણાસ્ત્ર કાર્યક્રમના જનક તેમજ 'મિસાઈલમેન' કહેવામાં આવે છે.

હતી. ન્યુક્લિયર બેલિસ્ટિક મિસાઈલ દ્વારા ૧૫૦ થી ૩૦૦ કિ.મી. અંતર સુધી લક્ષ્ય સાધવું એ પૃથ્વી મિસાઈલ માટે શક્ય બન્યું.

**અગ્નિ:** ચીન અને પાકિસ્તાનને ભારતના ક્ષેપણાસ્ત્ર સામર્થ્યની કલ્પના આવી. ભારતની સીમા સુરક્ષિત રહે એટલે 'અગ્નિ–૧' નું પરીક્ષણ કરવામાં આવ્યું. આ યુદ્ધ મિસાઈલનું લક્ષ્ય ૭૦૦ કિ.મી. જેટલું હતું. પછી 'અગ્નિ–૨' અને 'અગ્નિ–૩' ની પણ નિર્મિતિ કરવામાં આવી.

**આકાશ, નાગ ક્ષેપણાસ્ત્ર (મિસાઈલ):** જમીન પરથી આકાશમાં પ્રહાર કરવા માટે ૧૯૯૦માં 'આકાશ' આ ક્ષેપણાસ્ત્રની નિર્મિતિ થઈ. ૩૦ કિ.મી.નું લક્ષ્ય અને ૭૨૦ કિલોના વિસ્ફોટકો અવાજ કરતા વધુ (સુપરસોનિક) ગતિથી લઈ જવાની આ ક્ષેપણાસ્ત્રની ક્ષમતા છે. શત્રુની તોપો નષ્ટ કરવા માટે ફાયર એન્ડ ફરગેટ સ્વરૂપના 'નાગ' ક્ષેપણાસ્ત્ર તૈયાર કરવામાં આવ્યા. ક્ષેપણાસ્ત્રની નિર્મિતિથી ભારત લશ્કરી દૃષ્ટિએ સુરક્ષિત બન્યું છે.

**અવકાશ સંશોધન:** કેરળ રાજ્યના થુંબામાં 'થુંબા ઈક્વીટોરિયલ લોંચ સેન્ટર'માંથી ઈંડિયન નેશનલ કમિટિ ફોર સ્પેસ રિસર્ચ સંસ્થાએ ભારતના પહેલા સંશોધક અગ્નિબાણનું ૧૯૬૧માં યશસ્વી પ્રક્ષેપણ કર્યું.

૧૯૬૭માં થુંબામાં સ્વદેશી બનાવટના 'રોહિણી–૭૫' અગ્નિબાણનું યશસ્વી પ્રક્ષેપણ કરવામાં આવ્યું. આની આગળનો તબક્કો એટલે ૧૯૭૫માં સોવિયેત રશિયાના સહકારથી પહેલા ભારતીય ઉપગ્રહ 'આર્યભટ્ટ'નું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું.

આ સફળતાને કારણે અંતરિક્ષમાં છોડવામાં આવતા ઉપગ્રહોની સંરચના અને નિર્મિતિ દેશમાં થઈ શકે છે એ સિદ્ધ થયું. ભૂકેન્દ્રથી ઉપગ્રહ સુધી સંદેશા પહોંચાડવા, ઉપગ્રહથી આવેલી માહિતીને ભૂકેન્દ્ર પર ગ્રહણ કરવાનું તંત્રજ્ઞાન વિકસિત કરવા માટે અને ઉપગ્રહની કાર્યશૈલીનું મૂલ્યમાપન કરવા માટેનું ઉચ્ચ તંત્રજ્ઞાન વિકસાવી શકાય એવો આત્મવિશ્વાસ વૈજ્ઞાનિકોને આવ્યો.

**ઈસરો (Indian Space Research Organisation):** અવકાશ સંશોધનના પાયાભૂત કાર્યક્રમ અને અગ્નિબાણ સંબંધિત યશસ્વી ઉપક્રમ સાધ્ય કર્યા પછી અવકાશ ક્ષેત્રમાં વધારે સંશોધન કરવા માટે ૧૫ ઓગસ્ટ ૧૯૬૯ ના દિને 'ઈસરો'ની સ્થાપના કરવામાં આવી. ઈસરોનું મુખ્ય કાર્યાલય બેંગલુરુમાં છે. ઈસરોએ ઉપગ્રહ અંતરિક્ષમાં પ્રક્ષેપિત કરવા માટે આંધ્રપ્રદેશ રાજ્યના શ્રી હરિકોટામાં અવકાશમથક કાર્યાન્વિત કર્યું.

**ભાસ્કર-૧:** ૧૯૭૯માં પૃથ્વીના પૃષ્ઠ ભાગ ઉપર વિવિધ બાબતોનું નિરીક્ષણ દૂરસંવેદનતંત્ર ની મદદથી સાધ્ય થાય તે માટે ઈસરોએ તૈયાર કરેલ 'ભાસ્કર–૧' દૂર સંવેદક પ્રાયોગિક ઉપગ્રહ ભારતે સોવિયત રશિયામાંથી મોકલ્યો. દેશમાં પાણીનો સંગ્રહ, ખનિજનો સંગ્રહ, હવામાનનો અંદાજ લઈને દેશના વિકાસ માટે દૂર સંવેદન તંત્ર ઉપયોગી થાય છે. આ તંત્રની મદદથી ભૂગર્ભ વિષયક, પર્યાવરણવિષયક, જંગલવિષયક પાડેલા છાયાચિત્ર (ફોટા) મહત્વના હતા. આ ઉપગ્રહ દ્વારા મેળવેલી માહિતીનો ઉપયોગ સમુદ્રવિજ્ઞાન (ઓશનોગ્રાફી) માં થયો. ૧૯૮૧માં 'ભાસ્કર–૨' આ ઉપગ્રહ સોવિયેત રશિયા આ દેશમાંથી મોકલવામાં આવ્યો.

**ઍપલ:** ઈસરોએ પૂર્ણતઃ ભારતમાં બનાવેલો ભારતનો પહેલો દૂર સંચાર ઉપગ્રહ 'એપલ' ૧૯ જૂન ૧૯૮૧ના દિવસે 'ફ્રેંચ ગિયાના'માંથી મોકલ્યો. 'ઍપલ' ને કારણે શિક્ષણ ક્ષેત્રમાં મદદ થઈ. આપાત્કાલિન દૂર સંચાર સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ સફળ થયો.

**ઈન્સૅટ (Indian National Satellite):** ઓગસ્ટ ૧૯૮૩માં 'ઈન્સૅટ–૧ બી' ઉપગ્રહનું યશસ્વી પ્રક્ષેપણ થયું. આને કારણે ભારતના દૂરસંચાર, દૂરદર્શન, આકાશવાણી, હવામાનનો અંદાજ કાઢવો અને અંતરિક્ષ વિભાગ ક્ષેત્રે ક્રાંતિ થઈ. ઈન્સૅટને લીધે દેશભરમાં ૨૦૭ આકાશવાણી કેન્દ્રો એકબીજા સાથે જોડી શકાયા. આ યંત્રણાનો ઉપયોગ આપદગ્રસ્તોની શોધ અને બચાવ (જહાજ અથવા વિમાનના અકસ્માત પ્રસંગે) હવામાનની આગાહી, વાવાઝોડાની

તપાસ અને કારણમિમાંસા, ટેલિમેડિસિન અને શૈક્ષણિક સંસ્થાને થાય છે. ઈન્સૅટ પ્રણાલીમાં ટેલિમેડિસિનની સેવાને લીધે ગ્રામીણ અને દુર્ગમ ભાગમાં રહેતી જનતાને તજ્ઞ ડોક્ટરોની સલાહ અને ઔષધોપચાર સહજ રીતે ઉપલબ્ધ થઈ શકે છે. ગ્રામીણ અને નાના ગામડામાંના વૈદ્યકીય સેવા કેન્દ્રોને મોટા શહેરોમાંની સુપર સ્પેશ્યાલિટી સેવા હોય એવા રુગ્ણાલયો (હોસ્પિટલો) સાથે 'ઈન્સૅટ' દ્વારા જોડવામાં આવ્યા છે.

**તંત્રજ્ઞાનમાં પ્રગતિઃ** રેલ્વે ઍંજિનની નિર્મિતિ કરનારા 'ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સ' કારખાનાની પશ્ચિમ બંગાળના બરદ્વાન જિલ્લાના ચિત્તરંજન ખાતે સ્થાપના કરવામાં આવી. આ કારખાનામાં વરાળથી ચાલતા ઍંજિન, ડિઝલ અને વિદ્યુત ઍંજિનની નિર્મિતિ કરવામાં આવી. વારાણસીમાંનું ડિઝેલ લોકોમોટિવ વર્ક્સમાં પહેલું ડિઝલ ઍંજિન બન્યું. અહીંથી જ શ્રીલંકા, બાંગ્લાદેશ, ટાંઝાનિયા અને વિયેતનામમાં ઍંજિનની નિકાસ શરૂ થઈ.

**ટેલેક્સ સેવાઃ** દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં ઝડપથી તાર ટપાલના સ્વરૂપના સંદેશનું વહન કરનારી ટેલેક્સ સેવા ૧૯૬૩માં કેન્દ્રીય સંદેશ વ્યવહાર ખાતાએ શરૂ કરી. ૧૯૬૯માં દેવનાગરી લિપિમાં ટેલેક્સ સેવા પ્રથમ દિલ્હીમાં શરૂ થઈ. આગળ જતા તેનો વિસ્તાર ભારતભરમાં થયો. આ સેવાનો ઉપયોગ બધા ક્ષેત્રમાં શરૂ થયો. ૧૯૯૦ પછી ઇંટરનેટના આગમન પછી આ સેવાનું મહત્ત્વ ઓછું થતું ગયું.

**ઉપગ્રહીય દૂરસંચાર કેન્દ્રઃ** કૃત્રિમ ઉપગ્રહની મદદથી દેશાંતર્ગત 'સંદેશ વ્યવહાર' (સૅટેલાઈટ કમ્યુનિકેશન) શક્ય બને તે માટે ઉપગ્રહ સુધી સંદેશ પહોંચાડવા માટે અને ઉપગ્રહ પરથી સંદેશ ગ્રહણ કરવા જરૂરી હોય એવું દેશાંતર્ગત (ડોમેસ્ટિક) ઉપગ્રહીય દૂરસંચાર ભૂકેન્દ્ર ૧૯૬૭માં અમદાવાદ નજીક 'જોધપુર ટેકરા' સ્થળે બનાવવામાં આવ્યું. તેને કારણે ભારતીય વૈજ્ઞાનિકો અને તંત્રજ્ઞોને ભૂકેન્દ્ર બનાવવા અને તેની કાર્યપ્રણાલીનું દેશાંતર્ગત પ્રશિક્ષણ આપવું સુલભ બન્યું. ૧૯૭૦માં પુણે પાસે આર્વીમાં આંતરદેશીય દૂરસંચાર સેવા માટે સુસજ્જ ભૂકેન્દ્ર ઊભું કરવામાં આવ્યું.

**પિનકોડઃ** ૧૫ ઓગસ્ટ ૧૯૭૨થી ભારતીય ટપાલ અને તાર વિભાગે દેશમાં છ આંકડાના પોસ્ટલ ઈન્ડેક્ષ કોડ (પિનકોડ) પદ્ધતિ ચાલુ કરી. ટપાલ વહેંચણીમાં કાર્યક્ષમતા લાવવાનો તેનો હેતુ છે. આ પદ્ધતિમાં દેશના નવ વિભાગ પાડવામાં આવ્યા. પિનકોડના પહેલા ક્રમાંક દ્વારા મુખ્ય વિભાગ દર્શાવાય છે. બીજો ક્રમાંક ઉપવિભાગ, ત્રીજો ક્રમાંક ઉપવિભાગમાંના પ્રમુખ વહેંચણી જિલ્લા, તો વધેલા ત્રણ ક્રમાંક દ્વારા સ્થાનિક વહેંચણી પોસ્ટઓફિસનું સ્થાન નિશ્ચિત કરવામાં આવે છે. મહારાષ્ટ્ર માટે ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪ એ પહેલા બે આંકડા છે. ૧૯૮૬માં ટપાલ ઝડપથી પહોંચાડવા માટે 'સ્પીડ પોસ્ટ' સેવા શરૂ થઈ.

**આયએસડી (ઈન્ટરનેશનલ સબસ્ક્રાયબર ડાયલ્ડ ટેલિફોન સર્વિસ):** ૧૯૭૨માં મુંબઈમાં 'ઓવરસીજ કમ્યુનિકેશન સર્વિસ'ની સ્થાપના કરીને આંતરરાષ્ટ્રીય દૂર સંચાર સેવાની વ્યવસ્થા કરવાનું કામ શરૂ થયું. ૧૯૭૬માં મુંબઈ અને લંડન આ બે શહેરોમાં સીધો દૂરધ્વનિ સંપર્ક સાધીને 'ઈન્ટરનેશનલ સબસ્ક્રાયબર ડાયલ્ડ ટેલિફોન સર્વિસ (ISD)' સેવા શરૂ થઈ. દૂરધ્વનિ (ટેલિફોન)ની જેમ ટેલેક્સ, ટેલિપ્રિન્ટર, રેડિયો, છાયાચિત્ર જેવી સેવાઓ શરૂ થઈ. ૧૯૮૬માં વિદેશ સંચાર નિગમ લિમિટેડે (VSNL) આ ક્ષેત્રમાં વધારે મોટી ઉડાન ભરી. તે પહેલા મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ એ મોટા શહેરોમાં દૂરસંચાર સેવા માટે સ્થાપવામાં આવેલી સાર્વજનિક કંપની હતી. ૧૯૯૦ના દશકમાં VSNL એ ભારતમાં ઇંટરનેટ સેવા પૂરી પાડનારી પ્રમુખ કંપની તરીકે સ્થાન મેળવ્યું. આ ક્ષેત્રમાં સેમ પિત્રોડાનું યોગદાન નોંધનીય છે.

**મોબાઈલઃ** ૨૨ ઓગસ્ટ ૧૯૯૪ ના દિવસે ભારતમાં મોબાઈલ સેવા શરૂ થઈ તે સમયે મોબાઈલ હેન્ડસેટ ૪૫૦૦૦ રૂપિયા અને કોલ દર પ્રતિ મિનિટે ૧૭ રૂપિયા હતા. ૧૯૯૯માં

આ ક્ષેત્રમાં અનેક ખાનગી કંપનીઓ આવવાથી આ સેવા સસ્તી થઈ.

**ચર્ચા કરો**

ભ્રમણધ્વનિ (મોબાઈલ) તંત્રજ્ઞાનમાં થયેલા વિવિધ બદલાવોની માહિતી જાણી લો. તેના ફાયદા–ગેરફાયદાની ચર્ચા કરો.

**ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL):** ૨૦૦૦માં દૂરસંચાર વિભાગની પુનર્રચના કરવામાં આવી. ધોરણાત્મક નિર્ણયોની જવાબદારી દૂરસંચાર વિભાગ પાસે કાયમ રાખીને ગ્રાહકોને પ્રત્યક્ષ સેવા પૂરી પાડવા 'ભારત સંચાર નિગમ લિમિટેડ'ની સ્થાપના કરવામાં આવી. દૂરધ્વનિ સેવા સાથે હવે સેલ્યુલર ફોન, ઇંટરનેટ, બ્રોડબેન્ડ સેવાઓ ઉપલબ્ધ થઈ.

**ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી):** ખનિજ તેલ અને નૈસર્ગિક વાયુના જથ્થા શોધવા, તેનું ઉત્પાદન વધે તે માટે ૧૯૫૬માં ખનિજતેલ અને નૈસર્ગિક વાયુ આયોગ એટલે જ 'ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન' (ઓએનજીસી)ની સ્થાપના થઈ. આસામ રાજ્યમાં દિગ્બોઈ પછી ગુજરાતમાં અંકલેશ્વર પરિસરમાં ખનિજ તેલનો જથ્થો મળ્યો. આગળ ગુજરાતમાં ખંભાતના અખાતમાં ખનિજ તેલ અને નૈસર્ગિક વાયુના જથ્થા મળ્યા.

ખનિજ તેલ અને નૈસર્ગિક વાયુ આયોગે (ઓએનજીસી) ૧૯૭૪માં 'સાગર સમ્રાટ' ડ્રીલશીપ દ્વારા (સાગરી છિદ્રણયંત્ર) 'બોમ્બે હાય' પરિસરમાં રશિયન સંશોધકોની મદદથી તેલના કૂવા ખોદવાની શરૂઆત કરી. અહીં ૧૯૭૫થી ખનિજ તેલ અને નૈસર્ગિક વાયુ મળવાની શરૂઆત થઈ. આગળ જતા આ ભાગમાં ૮,૫૦૦ કરતા વધારે તેલના કૂવા અને નૈસર્ગિક વાયુના ૩૩ કૂવા ખોદવામાં આવ્યા. તેને લીધે ભારતમાં ખનિજ તેલના કુલ ઉત્પાદનમાં આ ક્ષેત્રનો ફાળો ૩૮% સુધી પહોંચ્યો. તો દેશના ખનિજ તેલની કુલ જરૂરિયાતમાંથી ૧૪% જરૂરિયાત આ ક્ષેત્રને લીધે પૂર્ણ થઈ.



**શું તમે જાણો છો?**

ઈ. શ્રીધરન 'મેટ્રોમેન'ના ઉપનામથી પ્રસિદ્ધ છે. દિલ્હી મેટ્રો અને કોંકણ રેલ્વે તેમની અજોડ કામગીરી છે.

**કોકણ રેલ્વે:** ૧૯૯૮માં કોકણ રેલ્વેની શરૂઆત થઈ. આશરે ૭૬૦ કિ.મી. લંબાઈના ગોવા, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર આ ચાર રાજ્યમાં પ્રસરેલા કોકણ રેલ્વે માર્ગ પર તંત્રજ્ઞાનના અનેક વિક્રમો છે. આ માર્ગ પર કુલ બાણું બોગદા છે. આ માર્ગ પર કારબુડેમાં ૬.૫ કિ.મી. લંબાઈનું બોગદું સૌથી મોટું બોગદુ છે. ૧૭૯ મોટા અને ૧૮૧૯ નાના પુલ આ માર્ગ પર છે. તેમાંથી હોનાવર પાસે શરાવતી નદી પર ૨૦૬૫.૮ મીટર લંબાઈનો પુલ સૌથી મોટો છે. રત્નાગિરિ પાસે પનવલ નદી પર ૬૪ મીટર ઊંચાઈનો પુલ સૌથી ઊંચો પુલ છે. પથ્થરો ખડી પડવાના માર્ગ ઉપર એંજિન માં સેન્સર્સ બેસાડવામાં આવ્યા છે.

**રેલ્વે અને તંત્રજ્ઞાન:** આધુનિક ભારતના ઈતિહાસમાં રેલ્વેએ અંગિકાર કરેલા તંત્રજ્ઞાનનો બહુ મોટો ફાળો છે.

રેલ્વે પ્રવાસની આરક્ષણ વ્યવસ્થામાં કાર્યક્ષમતા, અચૂકતા અને સુસૂત્રતા આવે તે માટે ૧૯૮૪માં દિલ્હીમાં સર્વપ્રથમ સંગણકકૃત આરક્ષણ વ્યવસ્થા કરવામાં આવી તેમાં ઇંટરનેટ દ્વારા ઘરે બેઠા સંગણકકૃત આરક્ષણ કરી શકાય છે.

આ રીતે ભારતે વિજ્ઞાન તંત્રજ્ઞાનના ક્ષેત્રમાં સતત પ્રગતિ કરી છે. નવા નવા સંશોધનો કર્યા છે. ભારત એકવીસમી સદીમાં એક મહત્વપૂર્ણ દેશ છે. ભારતે તંત્રજ્ઞાનનો ઉપયોગ જગતમાં શાંતિ નિર્માણ કરવા માટે જ કર્યો છે. ભારત એકવીસમી સદીમાં અગ્રેસર રહેવાના ઉદ્દેશથી કાર્ય કરે છે.

આગળના પાઠમાં આપણે ભારતે ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રે કરેલી પ્રગતિ વિષે માહિતી મેળવીશું.

**૧. (અ) આપેલા પર્યાય પૈકી યોગ્ય પર્યાય શોધી વિધાન પૂર્ણ કરો**

(૧) અણુઊર્જા આયોગના પહેલા અધ્યક્ષ તરીકે ....... ની નિમણૂંક થઈ.
(અ) ડો. હોમી ભાભા (બ) ડો. હોમી સેઠના
(ક) ડો. એ.પી.જે. અબ્દુલ કલામ
(ડ) ડો. રાજા રામન્ના


(૨) ઈસરોએ પૂર્ણતઃ ભારતમાં તૈયાર કરેલું ....... પહેલું દૂરસંચાર ઉપગ્રહ છે.
(અ) આર્યભટ્ટ (બ) ઈન્સેટ-૧ બી
(ક) રોહિણી ૭૫ (ડ) ઍપ્પલ

**(બ) નીચેનામાંથી અયોગ્ય જોડી ઓળખીને લખો**

(૧) પૃથ્વી – જમીન પરથી જમીન પર પ્રહાર કરનાર ક્ષેપણાસ્ત્ર
(૨) અગ્નિ – જમીન પરથી પાણીની નીચે પ્રહાર કરનાર ક્ષેપણાસ્ત્ર
(૩) આકાશ – જમીન પરથી આકાશમાં પ્રહાર કરનાર ક્ષેપણાસ્ત્ર
(૪) નાગ – શત્રુની તોપગાડીને નષ્ટ કરનાર ક્ષેપણાસ્ત્ર

**૨. આપેલી સૂચના પ્રમાણે કૃતિ પૂરી કરો.**

(અ) ભારતમાં વિજ્ઞાન અને તંત્રજ્ઞાન ક્ષેત્રની પ્રગતિની સમયરેખા દશક અનુસાર તૈયાર કરો.




**(બ) ટૂંક નોંધ લખો.**

(૧) અવકાશ સંશોધન (૨) ટેલેક્સ સેવા
(૩) પોખરણ અણુપરીક્ષણ (૪) ભાસ્કર-૧ ઉપગ્રહ

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો**

(૧) પંડિત નેહરુએ અણુઊર્જા આયોગની સ્થાપના કરી.
(૨) ભારતે અણુપરીક્ષણ કરવાનો નિર્ણય લીધો.
(૩) અમેરિકાએ ભારત પર આર્થિક બંધન લાદ્યું.

**૪. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તરો લખો.**

(૧) તમે વાપરતા હો તેવી કઈ કઈ સુવિધાઓમાં ઉપગ્રહ તંત્રજ્ઞાનનો પ્રભાવ પડેલો દેખાય છે?
(૨) ડો. એ.પી.જે. અબ્દુલ કલામને 'મિસાઈલ મેન' એવું સંબોધન શા માટે કરવામાં આવે છે?
(૩) સંગણકકૃત રેલ્વે આરક્ષણ કેવી રીતે કરાય છે?
(૪) કોકણ રેલ્વેની વિશિષ્ટતાઓ કઈ કઈ છે તે લખો.

**ઉપક્રમ**

(૧) આંતરજાળની મદદથી 'થુંબા ઈક્વીટોરિયલ લૉંચ સેન્ટર' ની માહિતી મેળવો.
(૨) તમારી પાસે આવેલા આકાશવાણી કેન્દ્રની/દૂરચિત્રવાણી કેન્દ્રની મુલાકાત લો અને માહિતી લખો.

3HQD1L

# ૮ ઉદ્યોગ અને વેપાર

આ પાઠમાં આપણે સ્વાતંત્ર્યોત્તર કાળના ઉદ્યોગ અને વેપાર વિશે માહિતી મેળવવાના છીએ.

ભારત સ્વતંત્ર થયું પછી ઔદ્યોગિક વિકાસને ગતિ આપવા માટે ૧૯૪૮માં 'ભારતીય ઔદ્યોગિક વિત્ત મહામંડળ'ની સ્થાપના ઔદ્યોગિક પ્રકલ્પોને લાંબા ગાળાનું ઋણ ઉપલબ્ધ કરી આપવાના હેતુથી કરવામાં આવી. તેમજ ૧૯૫૪માં ઔદ્યોગિક ક્ષેત્રનો વધુ વિકાસ થાય તે માટે ભારતીય 'ઔદ્યોગિક વિકાસ મહામંડળ'ની સ્થાપના કરવામાં આવી.

## ભારતના કેટલાક ઉદ્યોગો:

**વસ્ત્રોદ્યોગ:** દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં વસ્ત્રોદ્યોગનો ફાળો આશરે ૧૪% છે.

વસ્ત્રોદ્યોગમાં યાંત્રિક ઉદ્યોગ અને હસ્ત ઉદ્યોગનો સમાવેશ થાય છે. હસ્ત ઉદ્યોગ શ્રમપ્રધાન છે. 'ટેક્સટાઈલ કમિટિ એક્ટ ૧૯૬૩' અનુસાર વસ્ત્રોદ્યોગ સમિતિની સ્થાપના કરવામાં આવી. દેશાંતર્ગત બજાર અને નિકાસ માટે તૈયાર કરેલા વસ્ત્રોની ગુણવત્તા નિશ્ચિત કરવાનું કામ આ સમિતિનું છે.

**રેશમ ઉદ્યોગ:** વસ્ત્રોદ્યોગ મંત્રાલય અંતર્ગત આ ઉદ્યોગનું કામ ચાલે છે. રેશમી કીડાની જાતિ અને શેતૂરના ઝાડનું સંશોધન બેંગલુરુ માં 'સેરિબાયોટિક' રિસર્ચ લેબોરેટરી'માં કરવામાં આવે છે. આ ઉદ્યોગ મુખ્યત્વે કર્ણાટક, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, જમ્મુ કાશ્મીર રાજ્યોમાં છે. તેમ જ ઉદ્યોગનો પ્રસાર આદિવાસીઓની વધુ સંખ્યા ધરાવતા રાજ્યોમાં કરવામાં આવે છે.

**શણ ઉદ્યોગ:** શણ ઉત્પાદન કરતો ભારત પ્રમુખ દેશ છે. ભારતમાંથી મોટા પ્રમાણમાં શણ ઉત્પાદનની નિકાસ થાય છે. શણમાંથી કાપડ, કોથળા, દોરડા વગેરે વસ્તુઓ બને છે.

**શું તમે જાણો છો?**

સ્વબચત જૂથ અને સ્વયંસેવી સંસ્થાની (એન.જી.ઓ.) મદદથી વણકરોને મદદ કરનારી 'મેગા ક્લસ્ટર'ની યોજના છે. તેમાં કાચો માલ, ડિઝાઈન સામગ્રી, તંત્રજ્ઞાન વિકાસ, વણકરોના કલ્યાણ માટે મદદ કરવામાં છે.

**હસ્તશિલ્પ:** આ શ્રમ પ્રધાન ક્ષેત્ર છે. વધારે રોજગાર ક્ષમતા, ઓછું મૂડી રોકાણ, વધારે નફો, નિકાસને પ્રાધાન્ય અને વધારે પરદેશી ચલણને કારણે હસ્તશિલ્પ ક્ષેત્રમાં શિલ્પકારોને રોજગાર મળ્યો. ગ્રામીણ અને શહેરી ક્ષેત્રમાં કારીગરોને બજાર ઉપલબ્ધ કરી આપવા માટે 'દિલ્હી હાટ' જેવી બજાર યંત્રણા અનેક શહેરોમાં શરૂ કરવામાં આવી છે. તેમાં મુંબઈનો પણ સમાવેશ છે.

**વાહન ઉદ્યોગ:** વાહન ઉત્પાદનમાં ભારત પ્રમુખ દેશ છે. ભારતમાંથી ચાલીસ દેશોને વાહન નિકાસ કરવામાં આવે છે. ભારતના વાહન ઉદ્યોગને 'સનરાઈઝ ક્ષેત્ર' કહેવાય છે. ભારતનો ટ્રેક્ટર ઉદ્યોગ જગતમાં સૌથી મોટો હોવાથી જગતના ૧/૩ ટ્રેક્ટરનું ઉત્પાદન ભારતમાં થાય છે. ભારતના ટ્રેક્ટર તુર્કસ્તાન, મલેશિયા અને આફ્રિકા ખંડના દેશોમાં નિકાસ કરવામાં આવે છે.

**સિમેન્ટ ઉદ્યોગ:** ગૃહનિર્માણ અને પાયાભૂત સંરચનાના વિકાસમાં સિમેન્ટ ઉદ્યોગની ભૂમિકા મહત્વની છે. તંત્રજ્ઞાન બાબતે સૌથી વધુ વિકસિત ઉદ્યોગોમાંનો આ એક ઉદ્યોગ છે. હાલમાં ભારત એ જગતમાં સિમેન્ટ નિર્મિતિમાં મહત્વનો દેશ છે.

**ચર્મોદ્યોગ:** ભારતનો મોટો ઉદ્યોગ હોવાની સાથે નિકાસાભિમુખ ઉદ્યોગ છે.

**મીઠાનો ઉદ્યોગ:** ભારત હાલમાં મીઠાના ઉદ્યોગમાં પ્રમુખ દેશ છે. ભારતમાં મીઠાનું વાર્ષિક

ઉત્પાદન ૨૦૦ લાખ ટન થાય છે. આયોડિન યુક્ત મીઠાનું ઉત્પાદન ૬૦ લાખ ટન જેટલું છે.

**સાઈકલ ઉદ્યોગઃ** સાઈકલ ઉદ્યોગમાં ભારત દુનિયામાં અગ્રેસર છે. પંજાબ અને તામિલનાડુ રાજ્યમાં સાઈકલનું ઉત્પાદન થાય છે. લુધિયાણા શહેર દેશનું પ્રમુખ સાઇકલ ઉત્પાદન કેન્દ્ર છે. ભારત નાઈજિરિયા, મેક્સિકો, કેનિયા, યુગાંડા, બ્રાઝિલ દેશોને સાઈકલ નિકાસ કરે છે.

**ખાદી અને ગ્રામોદ્યોગઃ** ગ્રામીણ ભાગમાં ઔદ્યોગિકરણને ગતિ આપવા માટે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગની સ્થાપના કરવામાં આવી. ગ્રામીણ ક્ષેત્રમાં પારંપારિક ઉદ્યોગ, હસ્તઉદ્યોગ, કુટિર ઉદ્યોગ તેમ જ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સાધન સંપત્તિ અને મનુષ્યબળ ઉપયોગમાં લેનારા લઘુઉદ્યોગનો વિકાસ કરવો અને રોજગાર નિર્મિતિના માધ્યમથી ગામોને સ્વાવલંબી બનાવવા એ આયોગની સ્થાપના પાછળનો મુખ્ય ઉદ્દેશ છે.

**ખેતી ઉદ્યોગઃ** ભારતમાં પારંપારિક પદ્ધતિથી અને આધુનિક પદ્ધતિથી ખેતી કરવામાં આવે છે. ખેતીના ઘણાં કામો બળદોની મદદથી કરવામાં આવે છે. તેમ જ ખેડવું, વાવણી, કાપણી, લણવું વગેરે કામો માટે યંત્રોનો ઉપયોગ થાય છે.

ભારતના ગ્રામીણ ભાગમાં મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતી પર આધારિત અન્ય કામો છે. ગામેગામ ખેતી અને પશુપાલન વ્યવસાય કરાય છે. ખેતીના કામો અને ખેતીના ઉત્પાદન ઉપર ૭૦% સમાજ અવલંબિત છે. ખેતી ઉદ્યોગમાં પુરુષોની સરખામણીમાં મહિલાઓનો ફાળો મોટો છે.

ભારતમાં ખેતી વ્યવસાય વિવિધ ઋતુઓમાં ચાલે છે. અનેક પ્રકારના પાકો ખેતીમાં લેવામાં આવે છે. જુવાર, ઘઉં, ચોખા, દાળ, તેલિબિયાનું મુખ્યત્વે ઉત્પાદન કરાય છે. તેની સાથે કપાસ, શેરડી પર પ્રક્રિયા કરીને કાપડ, સાકર જેવા ઉદ્યોગો ચાલે છે.

ફળ અને શાકભાજીનું મોટા પ્રમાણમાં ઉત્પાદન ખેતી દ્વારા જ થાય છે. હમણાં તેના પર પ્રક્રિયા કરનારા અનેક ઉદ્યોગો ચાલે છે. ખેતીમાંથી માનવની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થાય છે. ખેતી વ્યવસાયને પ્રોત્સાહન મળે તે માટે ગ્રામીણ ક્ષેત્રમાં બેંક અને સહકારી સંસ્થા મારફતે ખેડૂતોને ઋણ (લોન) આપવામાં આવે છે. પંચાયત સમિતિ મારફત ખેતી વિષયક સુધારણા કરવા માટે પ્રશિક્ષણ મુલાકાત યોજના, ખેતીપ્રવાસ અને ખેડૂતમેળા આયોજિત કરવામાં આવે છે. ખેતીના ઓજારો, બી–બિયારણો, ખાતરનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. કૃષિ વિદ્યાપીઠનો વિસ્તાર સેવા વિભાગ તરફથી ખેડૂતોને માટી પરીક્ષણ, ફળ–બાગ રોપ વાટિકા, મત્સ્ય વ્યવસાય, મરઘાપાલન, બંદિસ્ત ઘેટાપાલન, ગાયભેંસ સંવર્ધન, દુગ્ધ વ્યવસાયનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. જિલ્લા વ્યવસાય માર્ગદર્શન સંસ્થા તરફથી માર્ગદર્શન આપવામાં આવે છે. ઉત્પાદિત માલનો સંગ્રહ કરવા માટે ગોદામ (વેઅરહાઉસ) બાંધવા માટે આર્થિક મદદ આપવામાં આવે છે.

ભારત અન્ન ધાન્ય ઉત્પાદનમાં અને પાક પદ્ધતિમાં સ્વાવલંબી બની રહ્યું છે. ટપકસિંચન, સેન્દ્રિય ખેતી જેવી આધુનિક પદ્ધતિથી ખેતી કરવામાં આવે છે.

**ભારત સરકારનું ધોરણઃ** ચોથી પંચવાર્ષિક યોજનાના સમયમાં કાગળ ઉદ્યોગ, ઔષધ ઉદ્યોગ, મોટર–ટ્રેક્ટર ઉદ્યોગ, ચામડાની વસ્તુ, વસ્ત્રોદ્યોગ, ખાદ્યપદાર્થ પ્રક્રિયા ઉદ્યોગ, તેલ, રંગ, સાકર વગેરે ઉદ્યોગો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

૧૯૭૦ના ઔદ્યોગિક પરવાના ધોરણ અનુસાર પાંચ કરોડ રૂપિયાથી વધુ મૂડી રોકાણ થતું હોય તેવા સર્વ કારખાનાઓને મોટા ઉદ્યોગમાં લાવવાનું નક્કી થયું. સરકારી ક્ષેત્ર માટે ન રખાયેલા મોટા ઉદ્યોગમાં મૂડી રોકાણ કરવાની છૂટ મોટી ઉદ્યોગ સંસ્થા અને પરદેશી કંપનીઓને આપવાનું નક્કી થયું આ ધોરણ અનુસાર ૧૯૭૨ના અંતમાં સરકારી નોંધણી કાર્યાલયમાં ૩ લાખ ૧૮ હજાર લઘુ ઉદ્યોગો

નોંધવામાં આવ્યા.

**ખનિજ સંપત્તિ:** દેશના ઔદ્યોગિક વિકાસમાં લોખંડ અને પથ્થરિયો કોલસો આ બે ખનિજોની ઉપલબ્ધતાનો મોટો હિસ્સો હોય છે. આપણા દેશમાં લોખંડ, મેંગેનીઝ, કોલસા, ખનિજ તેલનો પૂરતો સંગ્રહ પ્રાપ્ત થયો છે.

**વનસંપત્તિ:** વનસંપત્તિ પર આધારિત ઉદ્યોગો માટે સરકારે કેટલાક જંગલો અનામત રાખ્યા છે. જંગલ જાળવણીનું કામ સ્થાનિક લોકો, રાજ્ય શાસન, કેન્દ્ર શાસન કરે છે. બાંધકામ, કાગળ, વર્તમાનપત્ર કાગળ, રેશમ, દિવાસળી, ઔષધિ વનસ્પતિ, મધ, લાખ, રંગકામ માટે જરૂરી હોય એવા કાચા માલ પર આધારિત ઉદ્યોગો માટે જંગલ આવશ્યક છે.

**મત્સ્યોદ્યોગ:** નદી, નહેર, તળાવ, સરોવરના મીઠા પાણીમાં મળનારી માછલી અને દરિયાઈ પાણીમાં મળનારી માછલીમાંથી મત્સ્યોત્પાદન થાય છે. આ વ્યવસાયના સંવર્ધન માટે બંદર બનાવવા, જૂના બંદરોનો વિકાસ, મત્સ્યબીજ ઉછેર કેન્દ્ર, મત્સ્ય વ્યવસાય પ્રશિક્ષણ કેન્દ્ર તૈયાર કરવામાં આવ્યા છે.

**પર્યટન ઉદ્યોગ:** ભારતને અતિ સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો મળ્યો છે. આપણા દેશના ખૂણે ખૂણે વિવિધ ધર્મોના પ્રાર્થના સ્થળ, તીર્થક્ષેત્ર, નદીઓના સંગમ, કિલ્લા, ગુફા છે. તેને લીધે આખું વર્ષ દેશ-પરદેશમાંથી લોકો ભારતમાં પર્યટન માટે આવે છે. પર્યટન વિકાસ મહામંડળ દ્વારા પર્યટકોના રહેવાની, પ્રવાસની સગવડ કરી આપવામાં આવે છે. આ સ્થળોએ વિવિધ વસ્તુ વિક્રય અને હોટેલ વ્યવસાય મોટા પ્રમાણમાં ચાલે છે.

પર્યટકોને તે પ્રદેશની માહિતી આપવા માટે કેટલાક માર્ગદર્શક હોય છે. કેટલાક દુર્ગમ પ્રદેશમાં વાહનો જઈ શકતા નથી. એવા સ્થાને ત્યાંના સ્થાનિક લોકો વળતર લઈને પર્યટકોને મદદ કરે છે. તેના દ્વારા લોકોને રોજગાર મળે છે.

**વ્યાપાર આયાત નિકાસ:** ૧૯૫૧માં નિયોજનની શરૂઆત થયા પછી ઔદ્યોગિક વસ્તુ અને તેને માટે જરૂરી કાચા માલની આયાત મોટા પ્રમાણમાં વધી હતી. ભારતની આયાતમાં યંત્રસામગ્રી, લોખંડ, ખનિજ તેલ, ખાતર, ઔષધ વગેરે વસ્તુઓનો સમાવેશ હતો.

ભારતે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી પરદેશી ચલણ મેળવવાના ઉદ્દેશથી નિકાસને વેગ આપ્યો. ભારતની નિકાસમાં ચા, કોફી, મસાલાના પદાર્થ, સુતરાઉ કાપડ, ચામડું, પગરખાં, મોતી, મૂલ્યવાન હીરા વગેરે વસ્તુઓનો સમાવેશ થાય છે.

**અંતર્ગત વ્યાપાર:** ભારતનો અંતર્ગત વ્યાપાર લોહમાર્ગ, જળમાર્ગ, રસ્તા, હવાઈ વ્યવહાર વગેરે માર્ગોથી ચાલે છે. મુંબઈ, કોલકતા, કોચી, ચેન્નઈ બંદરો મહત્વના છે. અંતર્ગત વ્યાપારમાં કોલસા, કાપૂસ, સુતરાઉ કાપડ, ચોખા, ઘઉં, કાચું શણ, લોખંડ, પોલાદ, તેલિબિયા, મીઠું, સાકર વગેરે વસ્તુનો સમાવેશ હતો.

દેશમાંના ઉદ્યોગધંધાના વિકાસને કારણે રહેણીકરણી અને જીવનધોરણનો દરજ્જો ઊંચો આવે છે. રોજગારની અનેક તક ઉપલબ્ધ થાય છે. એકંદરે દેશની પ્રગતિને ટેકો મળે છે.

આગળના પાઠમાં આપણે ભારતીય લોકોના બદલાતા જીવન વિષયની માહિતી મેળવીશું.



## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) ૧૯૪૮ માં............ હેતુથી ભારતીય આદ્યોગિક વિત્ત મહામંડળની સ્થાપના કરવામાં આવી.

(અ) ઔદ્યોગિક ક્ષેત્રનો વધુ વિકાસ થાય તે
(બ) ઔદ્યોગિક પ્રકલ્પોને લાંબા ગાળાનું ઋણ ઉપલબ્ધ કરાવી આપવાના
(ક) રોજગાર નિર્માણ થાય તે
(ડ) તૈયાર માલની ગુણવત્તા નિશ્ચિત થવાના.

૨) ભારતમાંના ...... ઉદ્યોગને 'સનરાઈઝ ક્ષેત્ર' કહેવાયું છે.
   (અ) શણ (બ) વાહન
   (ક) સિમેંટ (ડ) ખાદી અને ગ્રામોદ્યોગ

૩) વસ્ત્રોદ્યોગ સમિતિનું મુખ્ય કામ ..... છે.
   (અ) કાપડ ઉત્પાદન કરવું.
   (બ) વસ્ત્રોની ગુણવત્તા નિશ્ચિત કરવી
   (ક) કાપડ નિકાસ કરવું
   (ડ) લોકોને રોજગાર ઉપલબ્ધ કરાવી આપવો.

૪) સાયકલ ઉત્પાદનમાં ...... ભારતનું મુખ્ય શહેર છે.
   (અ) મુંબઈ (બ) લુધિયાણા
   (ક) કોચી (ડ) કોલકતા

**(બ) નીચેના પૈકી અયોગ્ય જોડી ઓળખીને લખો**

(૧) ભારતીય ઔદ્યોગિક વિત્ત મહામંડળ – ઔદ્યોગિક પ્રકલ્પોને લાંબા ગાળાનું ઋણ ઉપલબ્ધ કરાવી આપવું.
(૨) ઔદ્યોગિક વિકાસ મહામંડળ – ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ કરવો
(૩) વસ્ત્રોદ્યોગ સમિતિ – વણકરોનું કલ્યાણ કરવું.
(૪) ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ – ગ્રામીણ ભાગમાં ઔદ્યોગિકકરણને ગતિ આપવી.

**૨. આપેલી સૂચના પ્રમાણે કૃતિ પૂરી કરો.**

**(અ) કોઠો પૂર્ણ કરો.**

| | |
|---|---|
| **ભારતમાં આયાત થતી વસ્તુ** | |
| **ભારતમાંથી નિકાસ થતી વસ્તુ** | |

**(બ) પાઠની મદદથી સંકલ્પના ચિત્ર તૈયાર કરો.**

(૧) ભારતની આયાત-નિકાસ
(૨) ભારતનો અંતર્ગત વેપાર

**૩. (અ) નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો**

(૧) ભારતમાં પર્યટન ઉદ્યોગમાં વૃદ્ધિ થવા લાગી છે.
(૨) ભારતીય જનતાની રહેણીકરણી અને જીવનધોરણનો દરજ્જો સુધરી રહ્યો છે.

**(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તરો લખો.**

(૧) ખેતી વ્યવસાયને પ્રોત્સાહન મળે તે માટે સરકાર કયા પ્રયત્ન કરે છે?
(૨) પર્યટન ક્ષેત્રમાં લોકોને રોજગાર કેવી રીતે મળે છે?
(૩) ભારતમાં વનસંપત્તિ પર આધારિત કયા વ્યવસાય ચાલે છે?

**ઉપક્રમ**

(૧) યશસ્વી ઉદ્યોગપતિઓના ફોટા ભેગા કરો
(૨) તમે વાપરતા હો એવી રોજિંદી વસ્તુ પૈકી કઈ વસ્તુ પરિસરમાં તૈયાર થાય છે, કઈ વસ્તુ બહારથી લાવવામાં આવે છે તેનો કોઠો તૈયાર કરો.

3HZ939

# ૯ બદલાતું જીવનઃ ભાગ ૧

અત્યાર સુધી આપણે ઈ.સ. ૧૯૬૧થી ઈ.સ. ૨૦૦૦ સુધીના કાળખંડનો અભ્યાસ કર્યો. વીસમી અને એકવીસમી સદીમાં થયેલ પરિવર્તનનો વેગ પ્રચંડ છે. માનવ જીવન ઝડપથી બદલાઈ રહ્યું છે. પહેલા આપણે જેની કલ્પના કરી શકતા નહોતા તે વાતો વાસ્તવિક બની છે. પ્રાચીન અને મધ્યયુગીન સમયમાં ધર્મ એ માણસની એક મહત્વની ઓળખ હતી. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌધ્ધ, પારસી અને યહુદી (જ્યૂ) વગેરે ધર્મો સામે આધુનિકી–કરણે પડકારો ઊભા કર્યા. આપણી પારંપારિક વિચારસરણીમાં ખૂબ મોટું પરિવર્તન ડો. બાબાસાહેબ આંબેડકરે આણ્યું. ડો. બાબાસાહેબ આંબેડકરે આ પરિવર્તન ભારતીય સંવિધાનના માધ્યમ દ્વારા કર્યું હતું.


ડો. બાબાસાહેબ આંબેડકર

આપણા સંવિધાન પ્રમાણે કાયદા આગળ બધા ભારતીય સમાન હોવાથી ધર્મ, વંશ, જાતિ, લિંગ કે જન્મસ્થળ જેવા કારણોસર ભેદભાવ કરવાની મનાઈ છે. બધા જ નાગરિકોને ભાષણ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, શાંતિથી અને શસ્ત્રવિના ભેગા થઈ સંગઠિત થવાનો, ભારતના રાજ્યોમાં સર્વત્ર મુક્ત રીતે ફરવાનો, રહેવાનો અને સ્થાયી થવાનો, કોઈપણ વ્યવસાય કરવાનો હક્ક છે. ભારતમાં કોઈપણ સ્થળે રહેનાર નાગરિકોને પોતાની અલગ ભાષા, લિપિ અને સંસ્કૃતિનું જતન કરવાનો હક્ક છે.

સંવિધાનની આ સવલતને લીધે જાતિવ્યવસ્થાના માળખાને ફટકો પડ્યો. વંશપરંપરાગત વ્યવસાય કલ્પનાને તોડવામાં મદદ મળી. જીવનના બધાં જ ક્ષેત્રમાં પરિવર્તનની શરૂઆત થઈ. આ વ્યવસ્થાનું પરિણામ તંત્ર પર કેવું થયું તે નીચે આપેલા ચોકઠા દ્વારા સમજાશે.



**શું તમે જાણો છો?**

અંગ્રેજોના સમયમાં રેલ્વેમાં ડબ્બાના ચાર પ્રકાર હતા. ફર્સ્ટ, સેકંડ, ઈંટર અને થર્ડ ક્લાસ જેવા વર્ગ હતા. ત્રીજા વર્ગના પ્રવાસીઓ માટે નામ માત્ર સુવિધા અને પ્રવાસીઓ તરફ જોવાના નકારાત્મક દૃષ્ટિકોણથી આ વર્ગ જાણે કે ભારતીય સમાજ વ્યવસ્થાનું પ્રતિક જ બની ગયો. ૧૯૭૮ના રેલ્વે બજેટમાં મધુ દંડવતે તૃતીય શ્રેણીની વ્યવસ્થા અમલમાં લાવ્યા. આગળ જતાં પુણે મુંબઈ દરમ્યાન ‘સિંહગઢ એક્સપ્રેસ’, મુંબઈ કોલકતા દરમ્યાન ‘ગીતાંજલિ એક્સપ્રેસ’ જેવી વર્ગવિહિન ગાડીઓ શરૂ થઈ.

ઉપરની વ્યવસ્થાને કારણે સમાજમાં નાના મોટા ફેરફાર સહજતાથી થવા લાગ્યા છે. હાલમાં હોટલમાં બધાને મુક્ત પ્રવેશ છે. ધર્મ, વંશ, જાતિ, લિંગ જેવા કારણોને લીધે પ્રવેશ નકારી શકાશે નહિ એવા પાટિયાઓ આપણે જોઈ શકીએ છીએ.

પહેલા રાજ્ય સત્તા વિરુદ્ધ મત વ્યક્ત કરવાની મર્યાદા હતી. હવે ભારતીય નાગરિક વર્તમાનપત્ર અથવા ભાષણ અને અન્ય માધ્યમો દ્વારા સરકાર વિરુદ્ધ મત પ્રદર્શિત કરી શકે છે. આપણને ન ગમતી બાબતો આપણે બોલીને દર્શાવી શકીએ છીએ આ બહુ મોટો ફેરફાર સ્વાતંત્ર્યોત્તર કાળખંડમાં થયો છે.

**કુટુંબસંસ્થાઃ** સ્વતંત્રતા પૂર્વના સમયમાં કુટુંબ સંસ્થા એ ભારતીય સમાજની પ્રમુખ ઓળખ હતી. ‘ભારત સંયુક્ત કુટુંબ પદ્ધતિના દેશ’ તરીકે

દુનિયામાં ઓળખાય છે. જાગતિકીકરણના પ્રવાહમાં વિભક્ત કુટુંબ પદ્ધતિને વેગ મળ્યો છે.

**સમાજકલ્યાણઃ** કલ્યાણકારી રાજ્ય સ્થાપન કરવાનો ઉદ્દેશ ભારતના સંવિધાનમાં દર્શાવવામાં આવ્યો છે. આવું દર્શાવનારો ભારત પહેલો દેશ છે. ભારતીય નાગરિકોને પૂર્ણ રોજગાર, આરોગ્ય સુવિધા, શિક્ષણ અને વિકાસની તક ઉપલબ્ધ કરી આપવી એ સમાજકલ્યાણ કાર્યક્રમનો ઉદ્દેશ છે. ભારતીય સમાજમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક વિષમતા મોટા પ્રમાણમાં છે. સ્ત્રીઓ, બાળકો, દિવ્યાંગ, અનુસૂચિત જાતિ અને જમાતી, અલ્પસંખ્યકો સુધી વિકાસની તકો પહોંચાડવી આવશ્યક છે. સ્વાતંત્ર્યોત્તર કાળખંડમાં સરકાર સામે આ સૌથી મોટું આહ્‌વાન છે. આ માટે ભારત સરકારે ૧૪ જૂન ૧૯૬૪ ના સમાજ કલ્યાણ ખાતાની સ્થાપના કરી. આ મંત્રાલય અંતર્ગત પોષણ અને બાલવિકાસ, સામાજિક સુરક્ષા અને સામાજિક સંરક્ષણ, સ્ત્રી કલ્યાણ અને વિકાસના કાર્યક્રમ અમલમાં મૂક્યા. આવા પ્રકારની વ્યવસ્થા ઘટક રાજ્યોના સ્તરે પણ કરવામાં આવી છે.

**અનુસૂચિત જાતિ અને જમાતીઃ** ૧૯૭૧ની જનગણના અનુસાર દેશમાં ૨૨% લોકો અનુસૂચિત જાતિ–જમાતીના હતા. આ બધા માટે કાયદા ઘડીને શૈક્ષણિક શિષ્યવૃત્તિ અને પ્રતિનિધિત્વ આપીને સંસદમાં અને રાજ્યના વિધાનમંડળમાં અને શાસકીય સેવાઓમાં કેટલીક અનામત જગ્યા રાખવામાં આવી છે.

**સાર્વજનિક આરોગ્યઃ** ભારતીય સંવિધાનમાં શાસનનું પ્રાથમિક કર્તવ્ય એટલે ભારતીય જનતાની રહેણીકરણી સુધારવી, તેમનું પોષણ સ્તર વધારવું અને સાર્વજનિક આરોગ્ય સુધારવું એવું નક્કી કરવામાં આવ્યું છે. કેન્દ્ર શાસન આરોગ્ય અને સમાજ કલ્યાણ મંત્રાલય આ સંદર્ભમાં રાજ્ય શાસનને મદદ કરે છે. છઠ્ઠી પંચવાર્ષિક યોજનામાં પ્રાથમિક સ્વરૂપની આરોગ્ય સેવા તેમજ વૈદ્યકીય સેવા ગ્રામીણ ભાગના લોકો, આદિવાસી અને ગરીબ લોકોને ઉપલબ્ધ કરાવી આપવાનો ઉદ્દેશ હતો. આરોગ્યના સંદર્ભમાં ભારતમાં એલોપેથી, હોમિયોપેથી, આયુર્વેદ અને નિસર્ગોપચાર પદ્ધતિને માન્યતા આપીને લોકોના આરોગ્યને સુધારવાનો પ્રયત્ન શરૂ થયો.

આરોગ્યના ક્ષેત્રમાં ફેરફારથી ભારતીયોના જીવન વધારે ને વધારે ચિંતા રહિત થવામાં મદદ થઈ. ૧૯૬૨માં તામિલનાડુમાં વેલ્લુરમાં ક્રિશ્ચન મેડિકલ કોલેજની હોસ્પિટલમાં ડો. એન. ગોપીનાથના નેતૃત્વ નીચે ભારતમાં 'ઓપનહાર્ટ શસ્ત્રક્રિયા' સફળતાપૂર્વક કરવામાં આવી. તેથી આવા ઉપચારો માટે પરદેશ જવાની જરૂરિયાત રહી નહિ.

'જયપુર ફૂટ'ની શોધથી ભારતના દિવ્યાંગોનું જીવન બદલાઈ ગયું. ૧૯૬૮ પહેલા એકાદ વ્યક્તિનો અકસ્માત થાય અને તેનો પગ નિષ્ક્રિય થઈ જાય તો તેને બાકીનું જીવન મુશ્કેલીમાં કાઢવું પડતું આના ઉપાય તરીકે ડો. પ્રમોદ સેઠીએ કુશળ કારીગર રામચંદ્ર શર્માની મદદથી કૃત્રિમ હાથ, પગ, નાક, કાન તૈયાર કર્યા.

'જયપુર ફૂટ' તંત્રજ્ઞાન વાપરીને તૈયાર કરેલા કૃત્રિમ અવયવોને કારણે અપંગ દર્દી ખુલ્લા પગે ખરબચડી જમીન પર ચાલવું, દોડવું, સાઈકલ ચલાવવી, ખેતીમાં કામ કરવું, ઝાડ પર ચડવું અને પર્વતારોહણ કરવું જેવા કામો સહજપણે કરી શકે છે. આ કૃત્રિમ પગ પર બૂટ પહેરવાની જરૂર ન હોવાને કારણે બૂટનો ખર્ચ બચી જાય છે. પગ વાળવો, પલાઠી વાળવી આ કૃત્રિમ પગથી શક્ય બન્યું. પાણીમાં અથવા ભીની સ્થિતિમાં કામ કરવા માટે આ પગ સુગમ છે.

**મૂત્રપિંડ પ્રત્યારોપણ (કિડની ટ્રાન્સપ્લાન્ટ):** આ શસ્ત્રક્રિયા ભારતમાં શરૂ થતાં દર્દીઓના પ્રાણ બચાવવામાં ડોક્ટરોને સફળતા મળી. ૧૯૭૧ પહેલા આવા પ્રકારની શસ્ત્રક્રિયા ભારતમાં વધારે થતી નહોતી. તામિલનાડુના વેલ્લુરમાં ક્રિશ્ચન મેડિકલ કોલેજની હોસ્પિટલમાં આ શસ્ત્રક્રિયા ૧૯૭૧ માં સફળ થઈ. ડો. જોની અને ડો. મોહન રાવે જીવિત વ્યક્તિએ દાન કરેલ મૂત્રપિંડનું દર્દીના શરીરમાં સફળતાપૂર્વક

પ્રત્યારોપણ કર્યું. હવે અવિકસિત દેશના દર્દીઓ ભારતમાં આ શસ્ત્રક્રિયા કરાવવા માટે આવે છે

**ટેસ્ટટ્યુબ બેબીઃ** ભારતમાં પહેલાથી જ કુટુંબ વ્યવસ્થામાં બાળકો હોવા એ મહત્વની બાબત માનવામાં આવે છે. જેને બાળકો જોઈએ છે તેવા પતિ–પત્નીની સમસ્યાનો ઉકેલ શોધવા માટે ' ટેસ્ટટ્યુબ બેબી' તંત્રજ્ઞાનનો આધાર ૧૯૭૮ થી ઉપલબ્ધ થયો. કોલકતામાં ડો. સુભાષ મુખોપાધ્યાયની દેખરેખ નીચે ટેસ્ટટ્યુબ બેબીનો પ્રયોગ સફળ થયો. એ પહેલો કૃત્રિમ ગર્ભધારણ તંત્રનો સફળ પ્રયોગ બન્યો. આ તંત્રજ્ઞાનથી 'દુર્ગા' નામની છોકરીનો જન્મ થયો. તેથી બાળકો ઈચ્છતા વાલીઓના પ્રશ્નો ઉકેલવામાં મદદ મળી.

**રસીકરણઃ** ૧૯૭૮ પહેલા ભારતમાં દરવર્ષે જન્મેલા દસ બાળકોમાંથી ૬ બાળકો જન્મ પછીના પહેલા જ વર્ષમાં પ્રાણઘાતક સંકટોનો સામનો કરતા હતા. પોલિયો, અછબડા, ધનુર્વાત, ક્ષય, ડિપ્થેરિયા, મોટી ઉધરસને માત કરવા માટે રસીકરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. ૧૯૯૫ માં 'પલ્સ પોલિયો' રસીકરણનું અભિયાન હાથ ધરાયું. તેને લીધે પોલિયો કાબુમાં આવ્યો.

## શહેરીકરણ

શહેરમાં કે નાગરી ક્ષેત્રમાં લોકવસ્તીનું કેન્દ્રીકરણ થવાની પ્રક્રિયા એટલે શહેરીકરણ, નાગરીકરણ થવા માટે વધતી લોકસંખ્યા એ એક મહત્વનું કારણ છે. હવા, પાણી, સમૂહજીવન માટે આવશ્યક હોય તેવી આર્થિક અને સામાજિક સંસ્થા જેવા ઘટકો નાગરીકરણ ઉપર અસર કરી શકે છે.

સ્વાતંત્ર્યોત્તર ભારતના સંદર્ભમાં નાગરી લોકસંખ્યા વૃદ્ધિના કેટલાક મુખ્ય કારણો એટલે મૃત્યુદરમાં ઘટાડો, ઔદ્યોગિકકરણ, ગ્રામીણ ભાગમાં રોજગારની અનઉપલબ્ધતા, શહેરમાં રોજગારની તકો અને વેપાર, સ્થળાંતર હતા.

શહેરો પર આવતો બોજો અટકાવવા નાના નાના ગામડાઓમાં રોજગાર ઉપલબ્ધ કરાવી આપવા આર્થિક વિકાસનું સમતોલન સાધવું, આર્થિક વિકાસને ગતિ આપવી, મહાનગરોની વૃદ્ધિ નિયંત્રિત કરવી, ગ્રામીણ અને નાગરી ભાગોમાં આવશ્યક સેવા અને સુવિધા પૂરી પાડવી આ ઉપાયો છે.

## ગ્રામીણ ભાગ

સ્વતંત્ર રીતે અથવા સામૂહિક રીતે પોતે જ ખેડવા યોગ્ય જમીનની પાસે રહેનારા ખેડૂતોની કાયમી વસ્તીને ગામ કહેવાય છે. ખેતીની શોધ થઈ ત્યારથી ગામ અસ્તિત્વમાં આવ્યા. ભારતમાં ગ્રામ્ય પદ્ધતિ છૂટીછવાઈ લોકવસ્તી ધરાવતી પદ્ધતિ છે. આજુબાજુ ખેતીની જમીન પ્રસરેલી હોય અને વચ્ચે સમૂહમાં વસેલા ઘરો એ ભારતીય ગામડાની મુખ્ય વિશિષ્ટતા છે. ગ્રામીણ સમુદાય મોટો હોય તો પણ તે નાગરી સમુદાયની તુલનામાં ઘણું નાનું જૂથ હોય છે. ગામ કરતા નાનું જૂથ એટલે વસ્તી.

સંપૂર્ણ ભારતની ગ્રામ રચના એકસરખી નથી. પ્રાદેશિક સ્વરૂપ પ્રમાણે સ્થળની વિશિષ્ટતા અનુસાર તેમાં ફરક પડે છે.

**સ્વાતંત્ર્યોત્તર કાળખંડઃ** ગ્રામવિકાસની દૃષ્ટિએ સામૂહિક વિકાસ યોજના શરૂ કરવામાં આવી તેનાથી ખેતી તંત્ર બદલવું, જલસિંચન વધારવું, શિક્ષણનો પ્રસાર કરવો, ભૂસુધારણા કાયદા માટે સહમતિ સાધવી જેવી યોજના તૈયાર કરવામાં આવી. આ યોજના અનુસાર ખેતીનું ઉત્પાદન વધારવું, સંદેશ વ્યવહાર, આરોગ્ય અને શિક્ષણનો ગ્રામીણ ભાગમાં પ્રસાર કરવો એ એક ઉદ્દેશ્ય છે. ગામડાના આર્થિક વિકાસને પ્રાધાન્ય આપવાનું નક્કી થયું. આ માટે સરકારે ગ્રામપંચાયતના માધ્યમ દ્વારા કાર્ય શરૂ કર્યું. ગ્રામપંચાયતની રચનામાં સર્વ જાતિ જમાતીના લોકોનો સમાવેશ કરવાની શરૂઆત થઈ. આ માટે ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદના અધિકાર વધારવામાં આવ્યા.

**બદલાતું આર્થિક જીવનઃ** પહેલા ગામડાનું જીવન આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી હતું. ગામડાના મોટા ભાગના લોકો ખેતી પર અવલંબિત હતા. ખેતીનું ઉત્પાદન કારીગરોને તેમના કામના વળતર તરીકે વહેંચવામાં આવતું હતું. હવે આ પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ગ્રામીણ ભાગ ખેતી

અને ખેતી સાથે સંબંધિત પૂરક વ્યવસાય સાથે જોડવામાં આવ્યા છે. તેમજ શહેરી સમાજ ખેતી સિવાયના ઉત્પાદન અને સેવા વ્યવસાય સાથે જોડાયેલા છે.

**ગ્રામીણ વિકાસઃ** ભારતમાં ૧૯૬૧માં ૮૨% લોકો ગ્રામીણ ભાગમાં રહેતા હતા. ૧૯૭૧માં એ પ્રમાણ ૮૦.૧% હતું. અન્નધાન્ય અને અન્ય કાચામાલનું ઉત્પાદન કરીને શહેરોની જરૂરિયાત પૂરી પાડવી, શહેરોના ઔદ્યોગિક વિભાગોને શ્રમિકો પૂરા પાડવા, નૈસર્ગિક સાધનસંપત્તિની દેખરેખ કરવી જેવી બાબતો ગ્રામીણ ભાગ આજ સુધી કરતો આવ્યો છે. તેથી આર્થિક વ્યવસાયનો વિકાસ કરવો, સામાજિક જરૂરિયાતો અને સુવિધાઓનો વિકાસ કરવો, સાંસ્કૃતિક, સામાજિક અને વૈચારિક દષ્ટિકોણમાં બદલાવ લાવવો આ ત્રણ આહ્‌વાનો ગ્રામીણ વિકાસના સંદર્ભમાં છે. જમીન સુધારણા અને જલસિંચન પ્રકલ્પોને ગતિ આપવી આવશ્યક છે.

**સામાજિક જરૂરિયાતો અને સુવિધાઃ** સાર્વજનિક સ્વચ્છતા અને આરોગ્યની સગવડ તરફ અગ્રતાક્રમે લક્ષ્ય આપવું જરૂરી છે. પીવાના પાણીની બારેમાસ અગવડ, સ્વચ્છતાગૃહોને આભાવ, ખુલ્લી ગટરો, સાંકડા રસ્તા, અપૂરતી વિદ્યુત ઉપલબ્ધિ, ઔષધોપચારની અગવડ જેવા પ્રશ્નોથી ગ્રામીણ ભાગ આજે પણ ઘેરાયેલો છે. પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધીની ગુણવત્તાયુક્ત સગવડની અનઉપલબ્ધતા, મનોરંજન કેન્દ્ર અને વાંચનાલયોની અછતને કારણે ગ્રામીણ ભાગમાં વિશેષ લક્ષ્ય આપવાની જરૂર છે.

ભારત સરકારની પહેલી ચાર પંચવાર્ષિક યોજનામાં સમૂહ વિકાસ યોજનાનું મહત્વનું સ્થાન હતું. મહારાષ્ટ્ર રાજ્યએ આ યોજના અંતર્ગત પ્રભાવી કામગીરી કરી. મહારાષ્ટ્રમાં ૧૯૬૨માં જિલ્લા પરિષદની સ્થાપના કરવામાં આવી. ૧૯૭૦-૭૧માં મહારાષ્ટ્રમાં પૌષ્ટિક આહાર યોજના શરૂ કરવામાં આવી. કૂવા ખોદવા અને નળ દ્વારા પાણી પુરવઠો કરવા માટે 'ગ્રામીણ પાણી પુરવઠા યોજના' શરૂ કરવામાં આવી. ૧૯૭૧ના અંતમાં ૧૬૭૭ નાની નહેરોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.

**ગ્રામીણ વિદ્યુતીકરણ :** ગ્રામીણ ભાગમાં વિકાસ કરવા માટે વીજળીની અત્યંત જરૂર હોય છે. ખેતીને પાણીનો પુરવઠો પહોંચાડવા માટે સ્વયં સંચાલિત પંપ જોઈએ, દૂધ અને ઈંડા જેવા નાશવંત પદાર્થ સાચવવા, ફળ અને શાકભાજી સાચવવા, ખાતર પ્રકલ્પ (યોજના) ચલાવવા, વિદ્યાર્થીઓના અભ્યાસ માટે રાત્રે પ્રકાશ હોવો, પંખા, દૂરદર્શન જેવા યંત્રો માટે વીજળી જોઈએ. ભારતમાં પહેલી પંચવાર્ષિક યોજનાના કાળમાં ત્રણ હજાર ગામડાનું વિદ્યુતીકરણ થયું હતું. ૧૯૭૩માં આ આંકડો

**જાગતિકીકરણ કાળખંડમાંનો ગ્રામીણ અને નાગરી સમાજ**

| ગ્રામીણ સમુદાય | નાગરી સમુદાય |
|---|---|
| ખેતી અને પૂરક વ્યવસાયને પ્રાધાન્ય | બિન ખેતી ઉત્પાદન અને સેવા વ્યવસાય પ્રાધાન્ય |
| આકારમાં નાના, ભાષા, સંસ્કૃતિ અને પરંપરામાં એકાત્મતા | આકારમાં મોટા, ભાષા, સંસ્કૃતિ અને પરંપરામાં વિવિધતા |
| પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય, બહારના લોકોને ગ્રામીણ વ્યવસાયમાં સમાવી લેવાને બદલે ગામમાંથી તેમને શહેરમાં મોકલનારા | મોટા મોટા વ્યવસાય અને ઉત્પાદન જાગતિક સ્તરે અન્ય ભાગમાંથી આવનારાને સમાવી લેનારા |
| આનુવાંશિક વ્યાવસાયિક પ્રમાણ વધારે | આનુવાંશિક વ્યાવસાયિક પ્રમાણ દુર્લભ |
| કુટુંબ પ્રમુખ અને કુટુંબ વ્યવસ્થાને પ્રાધાન્ય, સંયુક્ત કુટુંબ પદ્ધતિ | કુટુંબને ભાગ્યેજ પ્રાધાન્ય. વ્યક્તિને પ્રાધાન્ય. સંયુક્ત કુટુંબ પદ્ધતિનું વિભાજન |

૧,૩૮,૬૪૬ ગામડા સુધી પહોંચ્યો. ૧૯૬૬થી પંપ અને કૂપનલિકાને વધારે વીજળી આપવાની યોજના બનાવવામાં આવી ૧૯૬૧માં ‘ગ્રામીણ વિદ્યુતીકરણ નિગમ’ સ્થાપવામાં આવ્યું. તેમાંથી આંધ્ર પ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ગ્રામીણ વિદ્યુતીકરણ સહકારી સંસ્થા અસ્તિત્વમાં આવી.

**ઔદ્યોગિકરણ વિકાસઃ** ગ્રામીણ ઔદ્યોગિકરણ વિકાસને ગતિ આપવા માટે ‘ગ્રામોદ્યોગ નિયોજન સમિતિ’ની સ્થાપના કરવામાં આવી. ૧૯૭૨ના અંત સુધીમાં આ યોજનામાં એક લાખ છ હજાર લોકોને રોજગાર મળ્યો.

ગ્રામીણ ભાગમાં પ્રતિકૂળ પરિસ્થિતિમાં રહેનાર વિશેષ બુધ્ધિમાન વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપવા માટે મહારાષ્ટ્ર શાસને સાતારા, ઔરંગાબાદ, નાશિક અને ચિખલદરામાં વિદ્યાનિકેતન એવી વસતિગૃહયુક્ત માધ્યમિક શાળાઓ શરૂ કરી. કોઠારી કમિશનની ભલામણ અનુસાર મહારાષ્ટ્રમાં રાહુરી, અકોલા, પરભણી અને દાપોલીમાં કૃષિ વિદ્યાપીઠો શરૂ કરવામાં આવી. મહારાષ્ટ્રએ શિક્ષણક્ષેત્રમાં કરેલી કાર્યની નોંધ લઈને યુનેસ્કોએ ૧૯૭૨માં સાક્ષરતા પ્રસાર ગૌરવનું આંતરરાષ્ટ્રીય પારિતોષિક મહારાષ્ટ્રને આપ્યું.

આ રીતે સ્વાતંત્ર્યોત્તર કાળમાં શરૂઆતમાં આવેલી મુશ્કેલીઓ પર વિજય મેળવીને ભારતે વિકાસ સાધવાની શરૂઆત કરી. આગળના પાઠમાં આપણે અન્ય ક્ષેત્રની પ્રગતિનો અભ્યાસ કરવાના છીએ.



## સ્વાધ્યાય

**૧) નીચેના પર્યાયોમાંથી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાનો પૂર્ણ કરો.**

૧) ડૉ. એન. ગોપીનાથના નેતૃત્વ નીચે ભારતમાં ......... શહેરમાં પહેલી ઓપન હાર્ટ શસ્ત્રક્રિયા યશસ્વી થઈ.

(અ) ચેન્નઈ (બ) વેલ્લુર

(ક) હૈદ્રાબાદ (ડ) મુંબઈ

૨) ‘જયપુર ફૂટ’ ના જનક તરીકે ........... ને ઓળખવામાં આવે છે.

(અ) ડો. એન. ગોપીનાથ (બ) ડો. પ્રમોદ સેઠી

(ક) ડો. મોહન રાવ (ડ) આમાંથી એકપણ નહિ

**૨. નીચેનામાંથી અયોગ્ય જોડી ઓળખીને લખો.**

(૧) ડો. એન. ગોપીનાથ – ઓપન હાર્ટ શસ્ત્રક્રિયા

(૨) રામચંદ્ર શર્મા – કુશળ કારીગર

(૩) ડો. સુભાષ મુખોપાધ્યાય – ટેસ્ટ ટ્યુબ બેબી

(૪) ડો. મોહનરાવ – પોલિયો

**૩. ટૂંક નોંધ લખો**

(૧) કુટુંબસંસ્થા (૨) જયપુર ફૂટ તંત્રજ્ઞાન

(૩) શહેરીકરણ (૪) બદલાતું આર્થિક જીવન

**૪. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો**

૧) પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો.

૨) ગ્રામીણ પાણી પુરવઠા યોજના શરૂ કરવામાં આવી.

**૫. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તરો લખો.**

૧) સંવિધાન પ્રમાણે કયા કારણોથી ભેદભાવ કરવાની મનાઈ છે?

૨) સમાજ કલ્યાણ કાર્યક્રમના ઉદ્દેશો કયા છે?

3) ગ્રામીણ વિકાસ સંદર્ભમાં કયા આહ્વાનો છે?

**૬. સાર્વજનિક આરોગ્યના ક્ષેત્રમાં ભારતમાં થયેલી મુખ્ય ઘટનાઓની ટૂંકમાં માહિતી આપો-**

**ઉપક્રમ**

તમારા પરિસરમાં એકાદી વરિષ્ઠ વ્યક્તિની નીચેના મુદ્દાને આધારે મુલાકાત લો.

– ઘરની રચનામાં થયેલો બદલાવ
– ખેતીના સંદર્ભમાં બદલાવ
– વાહનની ઉપલબ્ધતા

3N954H

# ૧૦ બદલાતું જીવનઃ ભાગ -૨

આ પાઠમાં આપણે ભાષા, રમતગમત, નાટક, ચલચિત્ર, વર્તમાનપત્ર અને દૂરદર્શન જેવા ક્ષેત્રોમાં થયેલાં ફેરફારની માહિતી મેળવવાના છીએ.

**ભાષાઃ** ભારતમાં હિંદી, આસામી, બંગાળી, ગુજરાતી, કન્નડ, કાશ્મીરી, મલ્યાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, સંસ્કૃત, તામિલ, તેલુગુ, ઉર્દૂ, કોંકણી, મણિપુરી, નેપાળી અને સિંધી જેવી ભાષાઓ મહત્વની છે. તે ભારતીય ભાષાની બોલીભાષા પણ છે. તેમની સંખ્યા હવે ઓછી થતી જાય છે. તે સમયસર સાચવવી જરૂરી છે. અન્યથા એક સારો વારસો નાશ પામશે. એમ છતાં હિંદી ચલચિત્ર દ્વારા ચોમેર પ્રસરાયેલી હિંદી ભાષાએ, ભાષાની દૃષ્ટિએ દેશને જોડવાનું કામ કર્યું છે.

ઈ.સ. ૧૯૯૦ પછી શરૂ થયેલી જાગતિકીકરણની પ્રક્રિયાને કારણે ભારતમાં 'અંગ્રેજી' ભાષાનું પ્રભુત્વ વધવા લાગ્યું છે. અંગ્રેજી જરૂરીયાતની ભાષા થવા લાગી છે. નોકરીની અનેક તકો અંગ્રેજી ભાષાને કારણે ઉપલબ્ધ થવા લાગી છે. અંગ્રેજી ભાષા શીખવામાં ભારતીય લોકો આગળ પડતાં છે. તેમ છતાં આ પ્રક્રિયાથી પ્રાદેશિક ભાષાનું અસ્તિત્વ જોખમમાં ન મૂકાય તેની કાળજી લેવી જરૂરી છે.



**તમે જાણો છો કે?**

૧૯૬૧માં નાગાલેન્ડનું ભાષાકીય વિવરણ નીચે પ્રમાણે છે.

ભાષા અને લોકસંખ્યાનું પ્રમાણ

| | |
|---|---|
| અંગામી – ૩૩૭૬૬ | સેમા – ૪૭૪૩૯ |
| લોથા – ૨૬૫૬૫ | એઓ – ૫૫૯૦૪ |
| રેંગમા – ૫૭૮૬ | ચારવેસંગ – ૩૩૯ |
| ખેજા – ૭૨૯૫ | સંગતમ પોચુરી–૨૭૩૬ |
| સંગતમ – ૧૫૫૦૮ | કૌનિયાક – ૪૬૬૫૩ |
| ચાંગ – ૧૧૩૨૯ | ફોમ– ૧૩૩૮૫ |
| ચીમચુંગ્રે– ૧૦૧૮૭ | ખીમનુંગમ – ૧૨૪૩૪ |
| ઝેલિયંગ સેમી–૬૪૭૨ | લિયાંગમે – ૨૯૬૯ |
| કુકી–ચીરુ – ૧૧૭૫ | મકવરે – ૭૬૯ |
| તિખિર – ૨૪૬૮ | |

આ વિવિધતાની અસર કોહિમા આકાશવાણી કેન્દ્ર પર થઈ. આ કેન્દ્રમાં ૨૫ ભાષામાં પ્રસારણ કરાવવું પડતું. તેમાં અંગ્રેજી, હિંદી, નાગા બોલી અને અન્ય ૧૬ નાગા ભાષાઓનો સમાવેશ છે.

**શોધી કાઢીએઃ-**

મહારાષ્ટ્રમાંની બોલી ભાષાની માહિતી વિવિધ સાધનોને આધારે શોધીએઃ ગૂગલ, શબ્દકોશ, વિકિપીડીયા, સંશોધકોનાં લેખ.

**રમતગમતઃ-** સ્વતંત્રતા પહેલાના સમયમાં રમતગમતના ક્ષેત્રમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલી રમતોના નામ લેવાતા. આમાં બદલાવ લાવવાનું કામ કેટલાક ખેલાડીઓએ કર્યું. તેનાથી રમત અને ખેલાડી બન્ને આગળ આવ્યા. આમાંનું એક ઉદાહરણ ગીત શેઠી છે. બિલિયર્ડસ્ રમતના સ્નૂકર પ્રકારમાં શેઠીએ વૈશ્વિક સ્તરે પ્રાવિણ્ય મેળવ્યું. ૧૫માં વર્ષે બિલિયર્ડસ્ની કુમાર રાષ્ટ્રીય સ્પર્ધામાં વિજેતા રહ્યા. તે આગળ જતાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં તેમણે અજેય પદો મેળવ્યા. વૈશ્વિક વ્યવસાયિક સ્પર્ધામાં પાંચ વખત વિજય મેળવ્યો. વૈશ્વિક પ્રોત્સાહિત બિલિયર્ડસ્ સ્પર્ધામાં ત્રણ વાર તેમણે વિજયપદ મેળવ્યું. આ રમતને તેમણે લોકપ્રિયતા મેળવી આપી. સમાચાર પત્રમાં આ રમતના સમાચાર છપાયા તેમાં શેઠીનું કાર્ય કારણભૂત છે. ભારતના ઉભરતા ખેલાડીઓ માટે તેમણે નવું ક્ષેત્ર ઉપલબ્ધ કરી આપ્યું છે.

૧૯૮૩માં કપિલ દેવના નેતૃત્વ હેઠળ ભારતે ક્રિકેટ વિશ્વકપ સ્પર્ધામાં ઐતિહાસિક વિજય મેળવ્યો અને આ રમતે દેશભરમાં અનન્ય લોકપ્રિયતા મેળવી. આજ વર્ષે સુનીલ ગાવસ્કરે કસોટીમાં સૌથી વધુ સદી બનાવવાનો વિક્રમ

સર્જ્યો. ઇ.સ. ૧૯૮૫માં ભારતે ‘બેન્સન એન્ડ હેજેસ’ ક્રિકેટ સ્પર્ધામાં વિજય મેળવ્યો. આના પરિણામે ભારતના દરેક રાજ્યોમાં ઓછા વત્તા પ્રમાણમાં ક્રિકેટની રમત રમાવા લાગી. દેશી રમતો પાછળ રહીને ક્રિકેટની રમત આગળ વધી ગઇ. ક્રિકેટની રમતને કેન્દ્રસ્થાને રાખીને કેટલાંક ચલચિત્રોનું નિર્માણ કરવામાં આવ્યું. દૂરદર્શન પર પૂરા પાંચ દિવસ, એક દિવસ એ રીતે રમતનું પ્રસારણ શરૂ થયું.



સુનિલ ગાવસ્કર

એશિયાડ અને ઓલિંપિક સ્પર્ધામાં ભારત સહભાગી હતું. ઇ.સ. ૨૦૦૦ના ઓલિંપિકમાં ‘‘કરનામ મલ્લેશ્વરી’’ એ ભારત્તોલન (વેઇટ લિફ્ટીંગ) પદક મેળવ્યું. ઓલિંપિકમાં પદક મેળવનારી તે પહેલી ભારતીય મહિલા હતી. હોકી, તરણ સ્પર્ધા, તિરંદાજી, વજન ઉંચકવું, ટેનિસ, બેડમિન્ટન જેવી સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ વધવા લાગ્યું.



કરનામ મલ્લેશ્વરી

**નાટક અને ચલચિત્રઃ** નાટક અને ચલચિત્ર ભારતીયોના જીવનનું મહત્વનું ઘટક છે. પહેલા નાટકો લાંબો સમય ક્યારેક ક્યારેક આખી રાત ચાલતાં. હાલમાં નાટકનું સ્વરૂપ, તંત્ર, સમય બદલાઇ ગયા છે. જુદાં જુદાં ક્ષેત્રના લોકો નાટકોમાં જોડાવા લાગ્યા છે. સંગીત રંગભૂમિનું મહત્વ પહેલા કરતાં ઓછું થવા લાગ્યું છે. પૌરાણિક અને ઐતિહાસિક વિષયોને બદલે રાજકારણ, સમાજકારણ જેવા વિષયોને પ્રાધાન્ય મળવા લાગ્યું છે.

ચલચિત્ર ક્ષેત્રે કૃષ્ણધવલ સિનેમા પછી રંગીન ચલચિત્રનો યુગ આવ્યો. મનોરંજન ક્ષેત્રે હિંદી ચલચિત્રનું સ્થાન અતુલનીય છે. સમકાલીન પરિસ્થિતિનું ચિત્રણ ચલચિત્રોમાં દેખાઈ આવે છે. ચિત્રિકરણના સ્થળો દેશબહાર જવા લાગ્યા. દેશ–પરદેશના વૈવિધ્યપૂર્ણ સ્થળો લોકોને જોવા મળ્યા. અન્ય ભાષાના ચલચિત્રો અનુવાદિત થવા લાગ્યા. અંગ્રેજી ચલચિત્રના પ્રદર્શન વખતે પડદા પર હિંદી અનુવાદ દેખાવા લાગ્યા. હિંદી ચલચિત્ર જાગતિક ચલચિત્રો સાથે સ્પર્ધા કરવા લાગ્યા. હિંદી ચલચિત્ર વિશ્વભરમાં ફેલાયા. રાજકારણ, સામાજિક, ઉદ્યોગ, તંત્રજ્ઞાનના પ્રતિબિંબો ચલચિત્રમાં દેખાવા લાગ્યા. પહેલા ૩–૪ કલાક ચાલનારા ચલચિત્રોને બદલે દોઢ કલાકના ચલચિત્રો આવવા લાગ્યા. એકજ પડદો અને એકજ સિનેમાગૃહની સંકલ્પના બદલાઇને હવે બહુ પડદા (Multiplex) અને સિનેમા સંકુલની રચના અસ્તિત્વમાં આવી. આને કારણે એકજ ચલચિત્ર ૧૦૦ અઠવાડિયા ચાલવાનું પ્રમાણ બંધ થયું અને એકજ ચલચિત્ર એકજ સમયે દેશ વિદેશના હજારો સિનેમાગૃહોમાં દેખાવા લાગ્યું. એને લીધે ચલચિત્રનું અર્થકારણ બદલાઈ ગયું. ચલચિત્ર નિર્મિતિને ઉદ્યોગનો દરજ્જો પ્રાપ્ત થયો. આ ઉદ્યોગ કરોડો લોકોને સમાવિષ્ટ કરવા લાગ્યો. પ્રાદેશિક ભાષામાંના ચલચિત્રોનો ઉદ્યોગ પૂર જોશથી ચાલવા લાગ્યો.

**વર્તમાનપત્રોઃ** બદલાયેલી જીવન શૈલીનો પ્રભાવ વર્તમાનપત્ર પર અને પ્રસાર માધ્યમો પર પડ્યો. આ માધ્યમોનો પ્રભાવ વ્યક્તિગત અને સામૂહિક જીવન પર પણ પડ્યો. સ્વાતંત્ર્યોત્તર કાળખંડમાં દૈનિક ઘટનાઓના તાજા સમાચાર આપવા, જાહેરાત છાપીને ઉદ્યોગ વ્યવસાયને આગળ ધપાવવું, લોકમત તૈયાર કરવો, સકારાત્મક કામો માટે લોકમત પ્રભાવિત કરીને પ્રાસંગિક નેતૃત્વ કરવું, જાગૃતિ લાવવી, શાસન વ્યવસ્થાપર અંકુશ રાખવો જેવા વિવિધ ઉદ્દેશો માટે વર્તમાનપત્રો કાર્યરત હતા. આ કાળમાં વર્તમાનપત્રો કૃષ્ણધવલ રંગમાં છાપવામાં આવતાં હતા.

આગળ જતાં વર્તમાનપત્રો રંગીન થયા. પહેલા તાલુકા અથવા જિલ્લાના મુખપત્ર તરીકે ઓળખાતા વર્તમાનપત્રોને મોટા પ્રમાણમાં રાજ્યસ્તરીય વર્તમાનપત્રો સાથે સ્પર્ધા કરવી પડે છે. હાલમાં વર્તમાનપત્રો ખૂબજ સક્રિય થવા લાગ્યા છે. દુષ્કાળગ્રસ્તો માટે ફંડ એકઠું કરવું,

પૂરગ્રસ્તો માટે ફંડ એકઠું કરવું, હોશિયાર પરંતુ આર્થિક દષ્ટિએ નિર્બળ વિદ્યાર્થીઓનાં ઉચ્ચ શિક્ષણ માટે સહાયતા કરવી, સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવા અને પ્રોત્સાહિત કરવા જેવા વિવિધ કાર્યો દ્વારા વર્તમાનપત્રો આપણાં જીવનનો અવિભાજ્ય અંગ બની રહ્યાં છે.

**દૂરદર્શનઃ** ભારતમાં સ્વાતંત્ર્યોત્તર કાળખંડમાં દૂરદર્શનનું આગમન થયું. શરૂઆતમાં કૃષ્ણધવલ રહેનારું દૂરદર્શન આગળ જતાં રંગીન થયું. શરૂઆતમાં ગણ્યાં ગાંઠ્યાં કાર્યક્રમો અને નિશ્ચિત સમયમાંજ મનોરંજન એવું દૂરદર્શનનું સ્વરૂપ હતું. આગળ જતાં શૈક્ષણિક ઉપક્રમ, વાર્તાપત્રો, રાષ્ટ્રપતિ–વડાપ્રધાનની મુલાકાતોનું સવિસ્તાર પ્રસારણ, સમાચાર જેવા એક એક ઉપક્રમો વધતાં ગયા. રામાયણ અને મહાભારત જેવી ધારાવાહિકોના સમયમાં અસંખ્ય લોકો દૂરદર્શનની સામે બેસી રહેતા. આ માધ્યમના લોકપ્રિયતાની જાણ આ ધારાવાહિકો દ્વારા જણાવા લાગી. ૧૯૯૧ના ઈરાકના યુધ્ધનું જીવંત દ્રશ્ય પ્રસારણ 'CNN' (ચેનલ) વાહિનીએ વિશ્વભરમાં દેખાડ્યું. આને કારણે ભારતીય સમાચાર વાહિનીઓનું વિશ્વ જ બદલાઇ ગયું. ૧૯૯૮માં સ્ટાર [STAR] [Setelite Television-Asia Region] ખાનગી ઉદ્યોગ સમૂહ ભારતમાં આવ્યો. આનાથી ભારતમાં શરૂઆતના કાળના નીરસ, એકસૂત્રી, પ્રચારક, સ્વરૂપના સમાચારોનું વિશ્વ જ બદલાઇ ગયું.

ભાષા, રજૂઆતનું તંત્ર, તંત્ર સજ્જ સ્ટુડિઓ અને OB (Outdoor Broadcasting) વેનના ઉપયોગથી આ વાહિનીઓનો વિસ્તાર થવા લાગ્યો. જેથી પ્રસારણમાં મુક્તપણું, વિવિધતા આવી. દેશના ખૂણે ખૂણાં જોડાવા લાગ્યાં. આની અસર રાજકરણ પર પણ થઇ. આખો દેશ બદલાવા લાગ્યો.

અત્યાર સુધી આપણે આધુનિક ભારતના ઈતિહાસનો અભ્યાસ કર્યો. આવતા વર્ષે ઈતિહાસ વિષય વ્યાવહારિક જગતમાં કઇ રીતે ઉપયોગી થાય છે તે આપણે શીખવાના છીએ. ઈતિહાસ એ રોજીંદા જીવનનો ભાગ કેવી રીતે થઇ શકે તે આપણે જોઈશું.

3NI16J



## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયમાંથી યોગ્ય પર્યાય શોધીને વિધાનો પૂર્ણ કરોઃ**

(૧) ભારતે............. ના નેતૃત્વ હેઠળ વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધા જીતી.
(અ) સુનિલ ગાવસ્કર (બ) કપિલ દેવ
(ક) સૈયદ કિરમાણી (ડ) સંદિપ પાટીલ

(૨) જાગતિકીકરણની પ્રક્રિયાને કારણે ભારતમાં ................ ભાષાનું પ્રભુત્વ વધતું જાય છે.
(અ) પંજાબી (બ) ફ્રેંચ
(ક) અંગ્રેજી (ડ) હિંદી

**૨. નીચેનો કોઠો પૂર્ણ કરો.**

| | | |
|---|---|---|
| ૧. | ભારતની મહત્વની ભાષા | ................ ................ |
| ૨. | ઓલિંપિક સ્પર્ધામાં પદક પ્રાપ્ત કરનાર ખેલાડીઓ | ................ ................ |
| ૩. | તમે જોયેલું બાલ ચલચિત્ર | ................ ................ |
| ૪. | વિવિધ સમાચારોનું પ્રસારણ કરનાર ચેનલોના નામ | ................ ................ |

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરોઃ**

(૧) ભારતમાં સર્વત્ર ઓછા વત્તા પ્રમાણમાં ક્રિકેટની રમત રમાવા લાગી.
(૨) ચલચિત્રનું અર્થકારણ બદલાયું છે.

**૪. નીચે આપેલા પ્રશ્નોનાં સવિસ્તાર ઉત્તરો લખોઃ**

(૧) ભારતીય ભાષાઓની બોલી ભાષાનું જતન કરવું આવશ્યક બન્યું છે? શા માટે?
(૨) વર્તમાનપત્રોનું બદલાતું સ્વરૂપ સ્પષ્ટ કરો.
(૩) દૂરદર્શનના માધ્યમમાં ક્યા બદલાવ આવ્યા છે?

**ઉપક્રમ**

(૧) દાદાસાહેબ ફાળકે વિશે Internetની મદદથી માહિતી મેળવો. દાદાસાહેબ ફાળકે પુરસ્કાર થી સન્માનિત વ્યક્તિઓની યાદી તૈયાર કરો.
(૨) લોકશાહીનો ચોથો સ્તંભ 'વર્તમાનપત્ર' આ વિષય પર શાળામાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરો.

# રાજ્યશાસ્ત્ર

## ભારત અને જગત

### અનુક્રમણિકા


| ક્ર. | પાઠનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | વિશ્વયુધ્ધોત્તર રાજકીય ઘટનાઓ | ૫૭ |
| ૨. | ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ | ૬૫ |
| ૩. | ભારતની સુરક્ષા વ્યવસ્થા | ૭૨ |
| ૪. | સંયુક્ત રાષ્ટ્રસંઘ | ૭૭ |
| ૫. | ભારત અને અન્ય દેશ | ૮૪ |
| ૬. | આંતરરાષ્ટ્રીય સમસ્યા | ૯૧ |


ધો. ૮ સુધી નાગરિકશાસ્ત્ર તરીકે ભણાવાતો વિષય ધો. ૯ થી રાજ્યશાસ્ત્રના નામથી આપણે ભણવાના છીએ. નાગરિકશાસ્ત્રની જેમ જ રાજ્યશાસ્ત્રમાં પણ આપણે આપણા રાજકીય જીવનનો અભ્યાસ કરવાના છીએ. આ અભ્યાસ હવે વધારે વ્યાપક અને ઊંડાણથી થશે. રાજકીય જીવનમાં જે પ્રમાણે સ્થાનિક શાસન, સંવિધાન, સંવિધાનમાંના મૂળભૂત હક અને માર્ગદર્શક તત્વો વગેરેનો સમાવેશ હોય છે. તે જ પ્રમાણે દેશની શાસનવ્યવસ્થા, રાજ્યકારભાર, ધોરણ નિર્મિતિ, લોકશાહી, વિવિધ ચળવળોનો પણ સમાવેશ હોય છે. સરકારના નિર્ણય, શાસનના ધોરણો, શાસન તરફથી થનાર સત્તાનો ઉપયોગ વગેરેની અસર સામાન્ય માણસના જીવન પર થાય છે. રાજ્યશાસ્ત્ર આ બધી બાબતોનો શાસ્ત્રશુધ્ધ અને સમીક્ષક પધ્ધતિથી અભ્યાસ કરે છે. રાજ્યશાસ્ત્રના અભ્યાસથી તમને રાજકીય ઘટનાઓ, રાજકીય પ્રવાહ અને પ્રક્રિયાનું વધારે સારી રીતે આકલન થશે. કોઈપણ ક્ષેત્રમાં કામ કરવા અને પ્રાવીણ્ય મેળવવામાં આ આકલનનો ફાયદો થશે.

## ક્ષમતા વિધાનો

| અ.ક્ર. | ઘટક | ક્ષમતા |
|---|---|---|
| ૧. | ૧૯૪૫થી જગત – મહત્વનો પ્રવાહ | □ શસ્ત્રાસ્ત્ર સ્પર્ધાથી આંતરરાષ્ટ્રીય શાંતિ સામે જોખમ નિર્માણ થાય છે તેની જાણ થવી.<br>□ શિતયુદ્ધોત્તર કાળની વૈશ્વિક ઘટનાઓનું વિશ્લેષણ કરી શકવું.<br>□ જાગતિકીકરણને ભારતે આપેલા પ્રતિસાદની માહિતી મેળવવી.<br>□ જાગતિકીકરણના સંદર્ભમાં વિવિધ દેશોનાં પરસ્પરાવલંબન જાણી લઇ તે બાબતે ચર્ચા કરવી. |
| ૨. | ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ | □ આંતરરાષ્ટ્રીય ધોરણનો અર્થ કહી શકશે.<br>□ આંતરરાષ્ટ્રીય ધોરણના ઉદ્દેશોનો આદર કરશે.<br>□ સ્વતંત્ર ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણને વિવિધ ઘટનાઓની મદદથી સ્પષ્ટ કરવું.<br>□ ભારત આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષિતતાને હંમેશા પ્રાધાન્ય આપે છે તે જાગૃતિ વિકસિત કરવી. |
| ૩. | ભારતની સુરક્ષાવ્યવસ્થા | □ ભારતની સંરક્ષણ ચંત્રણાનું સ્વરૂપ સમજશે.<br>□ લશ્કરી અને અર્ધલશ્કરી દળોના કાર્યોનું વર્ગીકરણ કરવું.<br>□ માનવી સુરક્ષા સંકલ્પના સ્પષ્ટ કરવી.<br>□ અંતર્ગત સુરક્ષિતતા સામેના આહ્વાનોની જાણકારી મેળવવી.<br>□ એકાદ આહ્વાનનો અભ્યાસ કરીને તેની સંશોધન પત્રિકા તૈયાર કરવી. |
| ૪. | સંયુક્ત રાષ્ટ્રસંઘ | □ સંયુક્ત રાષ્ટ્રસંઘ એ એક મહત્વની વૈશ્વિક સંઘટના છે તે કહી શકશે.<br>□ સંયુક્ત રાષ્ટ્રસંઘ શાંતિનું રક્ષણ કરે છે તે કહી શકશે.<br>□ સર્વ રાષ્ટ્રોના વિકાસ માટે શાંતિ આવશ્યક હોય છે તે અંગે જાગૃતિ વિકસિત કરવી.<br>□ સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં બદલાવ થવા માટેની આવશ્યકતા સ્પષ્ટ કરવી. |
| ૫. | ભારત અને અન્ય દેશ | □ ભારતનું ભૌગોલિક સ્થાન અને તેનું ભારતના અંતર્ગત અને આંતરરાષ્ટ્રીય ધોરણ પર થનાર પરિણામ સ્પષ્ટ થશે.<br>□ પાડોશી દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધ હોવા જોઈએ એ વિચાર દૃઢ થશે.<br>□ પ્રાદેશિક સહકાર્ય માટેની સંઘટના બાબતે કારણમીમાંસા કરશે.<br>□ ભારત અને અન્ય દેશ વચ્ચે આર્થિક અને વ્યાપારી સંબંધમાં થતા બદલાવનો અહેવાલ લેશે. |
| ૬. | આંતરરાષ્ટ્રીય સમસ્યા | □ માનવ હક જગતના દરેક માનવને પ્રાપ્ત થાય છે આ વિચાર વિકસિત થશે.<br>□ ભારતીય સંવિધાન અને કાયદા મારફત માનવ હકનું સંરક્ષણ કઇ રીતે થાય છે તે જાણશે.<br>□ પર્યાવરણ વિનાશ એ એક વૈશ્વિક સમસ્યા છે એ જાગૃતિ વિકસિત થશે.<br>□ નિર્વાસિત એટલે કોણ એ સ્પષ્ટ થશે. |

# ૧ વિશ્વયુધ્ધોત્તર રાજકીય ઘટનાઓ

**ચાલો, પુનરાવર્તન કરીએ**

પાછલા ધોરણમાં નાગરિકશાસ્ત્રના પાઠ્ય–પુસ્તકમાંથી આપણે સ્થાનિક શાસન સંસ્થા, ભારતનું સંવિધાન અને આપણા દેશની રાજ્યપધ્ધતિ અથવા શાસનની રચનાનો અભ્યાસ કર્યો. આ ધોરણમાં આપણે હવે ભારતના જગત સાથેના સંબંધ જોવાના છીએ. ભૂગોળના અભ્યાસથી તમને જગતની ભૌગોલિક રચના સમજાણી હશે. ઈતિહાસના અભ્યાસથી ઐતિહાસિક કાળની વૈશ્વિક ઘટનાઓ સમજાણી હશે. રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આપણે હવે ભારતના જગત સાથેના સંબંધ અને મહત્વની જાગતિક સમસ્યાઓ સમજવાના છીએ.

આપણે બધા અલગ અલગ કારણો માટે, સુખ સગવડ માટે સમાજની વ્યક્તિ, સંસ્થા અને સંઘટના પર આધારિત છીએ. આપણું સામાજિક જીવન પરસ્પરાવલંબી હોય છે અને તેમાં પરસ્પર સહકાર્ય ખૂબ મહત્વનું હોય છે, તે આપણે જોયું. આ જેમ વ્યક્તિ અને સમાજ માટે છે તેમ તે વિવિધ રાષ્ટ્રો માટે પણ છે. ભારતની જેમ જગતમાં અનેક સ્વતંત્ર દેશ છે. તેમની વચ્ચે સતત કંઈક આપ–લે ચાલુ હોય છે, વ્યવહાર થતો હોય છે. આ સ્વતંત્ર રાજ્યો પરસ્પર કરાર પણ કરે છે. આ સર્વ સ્વતંત્ર અને સાર્વભૌમ દેશોની મળીને એક વ્યવસ્થા તૈયાર થાય છે. તેને આપણે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા કહીએ છીએ. આ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની કેટલીક વિશિષ્ટતાઓ આપણે જાણીએ.

**પરસ્પરાવલંબનઃ** જગતના બધાંજ દેશ કોઈને કોઈ કારણો માટે એકબીજા પર આધારિત હોય છે. રાષ્ટ્ર ગમે તેટલું મોટું, સમૃધ્ધ અને વિકસિત હોય, તે ક્યારેય દરેક બાબતોમાં સ્વયંપૂર્ણ હોઈ શકે નહીં. મોટા રાષ્ટ્રોને પણ અન્ય તેમના જેવા મોટા અને નાના રાષ્ટ્રો પર આધારિત રહેવું પડે છે. માટે જ પરસ્પરાવલંબન એ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનું એટલે કે આજની જાગતિક વ્યવસ્થાનું એક મહત્વનું વૈશિષ્ટ્ય છે.

**મને ઉદ્‌ભવેલા પ્રશ્નો .....**

* વ્યક્તિ અને રાષ્ટ્રોના પરસ્પરાવલંબનમાં શું ફરક હોય છે?
* શ્રીમંત દેશ અને ગરીબ દેશ એવા કોઈ વિભાગ હોય છે કે?
* દેશનો કારભાર જેમ સંવિધાનના આધારે ચાલે છે, તેમ જાગતિકસ્તરે એકાદ સંવિધાન હોય છે કે?
* આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં સર્વોચ્ચ સ્થાન કોનું હોય છે?

**આંતરરાષ્ટ્રીય ધોરણ દ્વારા આંતરરાષ્ટ્રીય સંબંધઃ** પ્રત્યેક રાષ્ટ્ર પોતાના અંતર્ગત વ્યવહારો માટે તેજ પ્રમાણે અન્ય રાષ્ટ્રો સાથે કેવો વ્યવહાર કરવો, આ બાબતે નિશ્ચિત ધોરણ નક્કી કરે છે. આવા ધોરણને આંતરરાષ્ટ્રીય ધોરણ કહેવાય છે. ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણોનો આપણે વધું વિસ્તૃત અભ્યાસ આગળના પ્રકરણમાં કરવાના છીએ.



**કરી જુઓ**

એક મહિનાના છાપા સંકલિત કરી તેમાંના આંતરરાષ્ટ્રીય સંબંધોના સમાચારોનું સંકલન કરો. નીચેના મુદ્દાને આધારે આ સમાચારોનું વર્ગીકરણ કરો અને તેનું પ્રદર્શન કરો.

(અ) પરરાષ્ટ્રોના મહત્વના પદ પરની વ્યક્તિએ લીધેલ આપણા દેશની મુલાકાત.
(બ) આપણા દેશ અને અન્ય દેશ વચ્ચે થયેલા કરાર.
(ક) આપણા દેશમાં યોજાયેલ એકાદ આંતરરાષ્ટ્રીય પરિષદ.
(ડ) પડોશી દેશોના સંદર્ભની ઘટનાઓ.

**પાર્શ્વભૂમિઃ** આપણે આજે જે વિશ્વમાં રહીએ છીએ તે અનેક પ્રસંગો, ઘટનાઓથી આકારિત થયેલ છે એટલેજ આપણું આજનું વિશ્વ સમજવા માટે આપણે ઈતિહાસમાં ડોકિયુ કરવું પડશે. ગત શતકમાં બે મહાયુધ્ધો થયા તેની આપણને જાણ છે જ. આ બે મહાયુધ્ધો ગત શતકમાં બનેલ સૌથી મહત્વની ઘટના હતી. તેના લીધે જગત બદલાયું. વિશ્વમાં નવો પ્રવાહ આવ્યો, નવો વિચાર આવ્યો, આ મહાયુધ્ધથી બીજું શું થયું તે સમજીએ.

**પહેલું વિશ્વયુધ્ધઃ** ૧૯૧૪ થી ૧૯૧૮ ના સમય દરમ્યાન પહેલું વિશ્વયુધ્ધ થયું. યુરોપખંડના મહત્વના દેશ આમાં સામેલ હતા. એકંદરે આંતરરાષ્ટ્રીય અથવા જાગતિક વ્યવસ્થામાં યુરોપનું આ કાળમાં ખૂબ મહત્વ હતું. પહેલા વિશ્વયુધ્ધને કારણે ખૂબ મોટા પ્રમાણમાં જાનહાનિ અને માલહાનિ થઈ. યુધ્ધમાં સહભાગી થયેલા રાષ્ટ્રોને ખૂબજ આર્થિક નુકસાન સહન કરવું પડ્યું. જે રાષ્ટ્રો યુધ્ધમાં સહભાગી ન હતા તેમને પણ યુધ્ધની જ્વાળાઓ લાગી. જીતેલા અને હારેલા રાષ્ટ્રોની અર્થવ્યવસ્થા નબળી પડી.

### પહેલા વિશ્વયુધ્ધમાં સહભાગી રાષ્ટ્રો

| મિત્ર રાષ્ટ્ર | ધરી રાષ્ટ્ર |
|---|---|
| ઈંગ્લેંડ, ફ્રાન્સ, રશિયા, ઈટલી, અમેરિકા | જર્મની, ઓસ્ટ્રિયા, હંગેરી, તુર્કસ્તાન, બલ્ગેરિયા |

આવા પ્રકારનું યુધ્ધ ફરી ન થાય તે માટે કેટલીક ઉપાયયોજના કરવી જોઈએ એવું બધાજ રાષ્ટ્રોને લાગ્યું. તેમાંથી રાષ્ટ્રસંઘ એ આંતરરાષ્ટ્રીય સંઘટનાની સ્થાપના થઈ. આંતરરાષ્ટ્રીય સમસ્યા ઉકેલવા માટે ચર્ચા અને વાટાઘાટો કરવાનું એ એક મહત્વનું વ્યાસપીઠ બન્યું. યુધ્ધ ટાળવું એ રાષ્ટ્રસંઘની મુખ્ય જવાબદારી માનવામાં આવી.

પ્રથમ વિશ્વયુધ્ધ પૂર્ણ થયા પછી યુરોપમાં અને યુરોપ બહાર અનેક મહત્વના બદલાવ થયા. દા. ત. યુરોપના પહેલાના સામ્રાજ્યો નષ્ટ થયા અને નવા રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યા.

યુરોપના અનેક દેશોની આફ્રિકા અને એશિયા ખંડમાં વસાહતો હતી. આ વસાહતોમાં સ્વાતંત્ર્ય માટે ચળવળો શરૂ થઈ. યુરોપીય રાષ્ટ્રોના વર્ચસ્વને આ ચળવળોએ મોટા પ્રમાણમાં આહ્વાન આપ્યું.

પહેલા વિશ્વયુધ્ધ પછી શાંતિ પ્રસ્થાપિત કરવા માટે રાષ્ટ્રસંઘનું નિર્માણ થયું. પરંતુ રાષ્ટ્રસંઘને યુધ્ધ રોકવામાં યશ મળ્યો નહી. જર્મની, ઈટલી, સ્પેન વગેરે દેશોમાં સરમુખત્યારશાહી અસ્તિત્વમાં આવી. આ ઘટનાઓનું પરિણામ બીજા વિશ્વયુધ્ધમાં થયું.



પહેલા વિશ્વયુધ્ધમાં સહભાગી થયેલા ભારતીય સૈનિક

### વિચાર કરો અને લખો


જર્મનીમાં હિટલરની સરમુખત્યારશાહીનો ઉદય થયો. જર્મનીમાં લોકશાહી પરંપરા પ્રબળ હોત તો શું થયું હોત? સરમુખત્યારશાહી અસ્તિત્વમાં ન આવે તે માટે આપણે કઈ કાળજી લેવી જોઈએ?

### તમને શું લાગે છે?

યુધ્ધ પર પ્રતિબંધ મૂકવા માટે રાષ્ટ્રસંઘનું નિર્માણ કર્યું. પરંતુ યુધ્ધ રોકવામાં રાષ્ટ્રસંઘને અપયશ મળ્યો. રાષ્ટ્રસંઘે યુધ્ધ ટાળવા કઈ ઉપાયયોજના કરવી જોઈતી હતી?

**બીજું વિશ્વયુધ્ધઃ** ૧૯૩૯ થી ૧૯૪૫ ના કાળમાં બીજું વિશ્વયુધ્ધ થયું. પહેલા વિશ્વયુધ્ધ કરતાં બીજું વિશ્વયુધ્ધ વધુ સંહારક ઠર્યું. પહેલા વિશ્વયુધ્ધની તુલનામાં તે વધારે વ્યાપક

# જગત - રાજકીય (મુખ્ય દેશ)



તો હતું જ પણ આ યુધ્ધમાં વધુ પ્રગત તંત્રજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવ્યો. યુધ્ધમાં સહભાગી થયેલા રાષ્ટ્રો પર ફરી એક વખત આર્થિક સંકટ આવ્યું.

**લખો...**

૧૯૩૯ થી ૧૯૪૫ આ કાળમાં બીજું વિશ્વયુધ્ધ શરૂ હતું. આ કાળમાં ભારતમાં કઇ ઘટનાઓ થઇ?

વિશ્વયુધ્ધનું ભારત પર શું પરિણામ થયું?

**બીજા વિશ્વયુધ્ધમાં સહભાગી રાષ્ટ્રો**

| | |
|---|---|
| **મિત્ર રાષ્ટ્ર** | બ્રિટન, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, કૅનડા, ન્યૂઝીલેંડ, ભારત, સોવિયેત રશિયા, ચીન, અમેરિકા |
| **ધરી રાષ્ટ્ર** | જર્મની, જાપાન, ઈટલી |

બીજા વિશ્વયુધ્ધમાં અમેરિકાનો મહત્વનો સહભાગ હતો. અમેરિકાએ અણુબોંબની નિર્મિતિ કરી હતી. યુધ્ધ બંધ કરવા જાપાનના હિરોશિમા અને નાગાશાકી આ બે શહેરો પર અનુક્રમે ૬ ઑગસ્ટ અને ૯ ઑગસ્ટ ૧૯૪૫ના રોજ અમેરિકાએ અણુબૉમ્બ નાંખ્યાં. યુરોપમાં જર્મનીના પરાભવ પછી અને એશિયામાં જાપાનના પરાભવ પછી બીજું વિશ્વયુધ્ધ પૂર્ણ થયું. બીજા વિશ્વયુધ્ધના સમયગાળા દરમિયાન વૈશ્વિકસ્તરે જે કંઇ ઘટનાઓ થઇ તેમાંથી મહત્વની ઘટના એટલે શીતયુધ્ધની શરૂઆત. ૧૯૪૫ થી ૧૯૯૧ આ લાંબા સમય સુધી શીતયુધ્ધ વ્યાપેલુ હતું. આ સમયમાં થયેલા કેટલાક ફેરફારનો અહેવાલ આપણે જોઇએ.

**શીતયુધ્ધ :** બીજા વિશ્વયુધ્ધમાં મિત્ર રહેનાર અમેરિકા અને સોવિયેત રશિયા યુધ્ધ પૂર્ણ થતાંજ પરસ્પર સ્પર્ધક બન્યા. આ સ્પર્ધાનો વ્યાપ જાગતિક રાજકારણના ૪૦-૪૫ વર્ષનો કાળખંડ સુધી રહ્યો. આ બંને દેશોમાં દેખીતું યુધ્ધ ન થયું હોવા છતાં યુધ્ધનો ભડકો ગમે ત્યારે થશે એવો તણાવ તેમના સંબંધમાં હતો. પ્રત્યક્ષ યુધ્ધ નહિ પણ યુધ્ધને પૂરક એવી તણાવપૂર્ણ પરિસ્થિતિનું વર્ણન શીતયુધ્ધ સંજ્ઞા દ્વારા કરવામાં આવે છે. આ સમયે અમેરિકા તો મહાસત્તા હતું જ પણ સોવિયેત રશિયાએ પણ અણુશસ્ત્રોનું નિર્માણ કરીને પોતાનું લશ્કરી સામર્થ્ય વધારીને મહાસત્તા બનવાનો પ્રયત્ન કર્યો. અમેરિકા અને સોવિયેત રશિયા આ બે મહાસત્તા વચ્ચેનો સંઘર્ષ, સત્તા સ્પર્ધા, શસ્ત્ર સ્પર્ધા, વિચાર પ્રણાલીમાં ભેદ, પરસ્પર જય પરાજયની વૃત્તિ જેવી બાબતોથી શીતયુધ્ધ શરૂ થયું હતું.

## શીતયુધ્ધનું પરિણામ

- **લશ્કરી સંઘટનાનું નિર્માણ :** શીતયુધ્ધના સમયમાં બંને મહાસત્તાએ લશ્કરી સંઘટના નિર્માણ કરી. તેમાં સામેલ થનારા રાષ્ટ્રોના સંરક્ષણની જવાબદારી તે તે મહાસત્તાએ લીધી. નાટો (NATO: North Atlantic Treaty Organization) એ અમેરિકન નેતૃત્વવાળી લશ્કરી સંઘટના હતી. તો વોર્સો કરાર એ સોવિયેત રશિયાના નેતૃત્વવાળી લશ્કરી સંઘટના હતી.

**તમને શું લાગે છે?**

✻ તંત્રજ્ઞાનમાં પ્રગતિ અને આંતરરાષ્ટ્રીય શાંતિ વચ્ચે કોઇ સંબંધ છે?

✻ માનવી કલ્યાણ માટે તંત્રજ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય?

- **જગતનું વિભાજન:** શિતયુધ્ધના સમયમાં જગતના લગભગ બધા દેશો આ બે મહાસત્તાના જૂથમાં સામેલ થયા હતા. રાષ્ટ્રોની આમ બે જૂથમાં વિભાગણી થવી તેને જ જગતનું વિભાજન (જગતનું દ્વિ-ધ્રુવિકરણ) કહે છે. તેને કારણે

**કરી જુઓ**

ક્યૂબાનો સંઘર્ષ (૧૯૬૨) આ શીતયુધ્ધ કાળની એક મહત્વપૂર્ણ ઘટના હતી. આ સંઘર્ષ વિષે અધિક માહિતી મેળવો.

### શું તમે જાણો છો?

૧૯૧૭માં રશિયામાં સામ્યવાદી ક્રાંતિ થઇ અને તેમાંથી સોવિયેત રશિયા અસ્તિત્વમાં આવ્યું. ટૂંક સમયમાંજ સોવિયેત રશિયા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહાસત્તા તરીકે ઉભરી આવ્યું. પરંતુ અમેરિકા અને સોવિયેત રશિયા વચ્ચે ઘણો મતભેદ હતો.

- અમેરિકા એ મૂડીવાદને પુરસ્કૃત કરનારો લોકશાહી દેશ હતો. સોવિયેત રશિયા સમાજવાદને અને એકપક્ષીય સરમુખત્યાર શાહીને પ્રોત્સાહન આપનારો દેશ હતો. બંને દેશોને જગતમાં પોતાનું વર્ચસ્વ વધારવું હતું અમેરિકાને મૂડીવાદનો જ્યારે સોવિયેત રશિયાને સમાજવાદનો પ્રસાર કરવો હતો.
- પોતાનું પ્રભુત્વ વધે તે માટે બંને દેશોએ નાના રાષ્ટ્રોને પોતાના જૂથમાં ખેંચવાનો પ્રયત્ન કરવાની શરૂઆત કરી હતી. પરિણામે યુરોપનું વૈચારિક સ્તરે વિભાજન થયું. પશ્ચિમ યુરોપ અને ત્યાંના દેશ અમેરિકાના જૂથમાં સામેલ થયા. જ્યારે પૂર્વ યુરોપના દેશ સોવિયેત રશિયાના જૂથમાં સામેલ થયા. પોતાના જૂથમાં સામેલ થયેલા રાષ્ટ્રોને લશ્કરી અને આર્થિક મદદ આપવાનું ધોરણ આ મહાસત્તાઓએ સ્વીકાર્યું.

શીતયુધ્ધનો પ્રભાવ વધ્યો અને તણાવનું ક્ષેત્ર વ્યાપક થયું.

- **શસ્ત્રાસ્ત્ર સ્પર્ધા:** મહાસત્તા એક બીજાને માત કરવા મોટા પ્રમાણમાં શસ્ત્રોનું નિર્માણ કરવા લાગી. વધુને વધુ સંહારક શસ્ત્રો બનાવવાના સંદર્ભમાં અને તેને લાગતા તંત્રજ્ઞાનને હસ્તગત કરવાની સ્પર્ધા શરૂ થઇ. પરંતુ શસ્ત્રાસ્ત્ર સ્પર્ધાથી જાગતિક શાંતિ જોખમાશે એની જાણ બંને મહાસત્તાને થતાં શસ્ત્રાસ્ત્ર નિયંત્રણ અને નિઃશસ્ત્રીકરણનો પ્રયત્ન પણ આ જ કાળમાં થયો.
- **પ્રાદેશિક સંઘટનાની નિર્મિતિ:** મહાસત્તાની સ્પર્ધામાં વિકાસશીલ રાષ્ટ્રોએ પરસ્પર મદદ કરવા માટે પોતપોતાના પ્રાદેશિક સ્તરે સંઘટના નિર્માણ કરી. તેમની દૃષ્ટિએ આર્થિક વિકાસ મહત્વનો હતો. યુરોપના દેશોએ યુરોપીય આર્થિક સંઘ નિર્માણ કર્યો તો અગ્નિ એશિયાઇ દેશોએ (સિંગાપૂર, થાયલેંડ, મલેશિયા, ઇંડોનેશિયા, ફિલિપાઇન્સ વગેરે) એશિયન (ASEAN) સંઘટના નિર્માણ કરી.
- **અલિપ્તતાવાદ:** શીતયુધ્ધ થયા પછીના સમયમાં એક બાજુ જગતનું બે ભાગમાં વિભાજન થતું હતું તેની સાથે જ કેટલાક દેશોને મહાસત્તાની સ્પર્ધામાં સામેલ થવું ન હતું. આવા રાષ્ટ્રોએ મહાસત્તાની સ્પર્ધામાંથી અલિપ્ત રહેવાનું જે ધોરણ સ્વીકાર્યું તેને અલિપ્તતાવાદ કહે છે. અલિપ્તતાવાદ એ શીતયુધ્ધકાળની એક મહત્વની ચળવળ હતી.

**અલિપ્તતાવાદી ચળવળ:** બીજા વિશ્વયુધ્ધ પછી એશિયા અને આફ્રિકા ખંડમાં નવા સ્વતંત્ર થયેલા દેશોએ અલિપ્તતાના વિચારોને ટેકો આપ્યો અને તે એક મહત્વપૂર્ણ ચળવળ બની. ભારતના વડાપ્રધાન જવાહરલાલ નેહરુ, યુગોસ્લાવિયાના અધ્યક્ષ માર્શલ ટિટો, ઈજિપ્તના અધ્યક્ષ ગમાલ અબ્દૂલ નાસેર, ઇંડોનેશિયાના રાષ્ટ્રાધ્યક્ષ ડૉ. અહમદ સુકાર્નો અને ઘાનાના રાષ્ટ્રાધ્યક્ષ ક્વામે નક્રુમાના નેતૃત્વ હેઠળ ઈ.સ. ૧૯૬૧થી આ ચળવળની શરૂઆત થઇ.

**અલિપ્તતાવાદી ચળવળનું મૂલ્યમાપન:** અલિપ્તતાવાદી ચળવળે વસાહતવાદ, સામ્રાજ્યવાદ અને વંશવાદનો વિરોધ કર્યો છે. આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો ઉકેલ શાંતિના માર્ગે લાવવા માટે આ ચળવળે પ્રોત્સાહન આપ્યું છે. પંડિત જવાહરલાલ નેહરુના માર્ગદર્શન હેઠળ ભારતે આ ચળવળનું નેતૃત્વ કર્યું. ત્યાર પછીના સમયમાં પણ ભારતે

આ ચળવળને સક્રિય સમર્થન આપ્યું છે. શીતયુધ્ધ પૂર્ણ થયું છતાંય આ ચળવળનું મહત્વ ઓછું થયું નથી.

માનવતાવાદ, જાગતિક શાંતિ અને સમાનતા આ શાશ્વત મૂલ્યો પર અલિપ્તતાવાદી ચળવળનો આધાર છે. આ ચળવળે અલ્પવિકસિત રાષ્ટ્રોને એકત્રિત થવા પ્રેરિત કર્યા.

આ ચળવળે આંતરાષ્ટ્રીય પ્રશ્ન શાંતિમય માર્ગે ઉકેલવા પ્રોત્સાહન આપ્યું. નિઃશસ્ત્રીકરણ, માનવી હકોનું સંવર્ધન આ બાબતે આગ્રહભરી ભૂમિકા લેતી વખતે જ અલિપ્તતાવાદી ચળવળે ગરીબ અને અવિકસિત રાષ્ટ્રોની સમસ્યા અસરકારક રીતે રજૂ કરી. એક નવી આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થાની (NIEO) માંગણી આ ચળવળે કરી.

ટૂંકમાં કહીએ તો શીતયુધ્ધ પૂર્ણ થયું તે છતાં પણ અલિપ્તતાવાદી ચળવળનું મહત્વ ઓછું થયું નથી. આ ચળવળે અલ્પવિકસિત રાષ્ટ્રોને એકત્રિત થવા પ્રેરિત કર્યા. આ ચળવળ આર્થિક અને સામાજિક બદલાવના અનેક પ્રવાહો આંતરરાષ્ટ્રીય રાજકારણમાં લાવી. આ રાષ્ટ્રોને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં સન્માનપૂર્વક ઊભા રહેવાનો એક નવો વિશ્વાસ આપ્યો.

**શીતયુધ્ધનો અંતઃ** ૧૯૪૫થી જાગતિક રાજકારણમાં પ્રભાવી રહેલ શીતયુધ્ધ પછી સમાપ્તિના આરે આવ્યું. શીતયુધ્ધનો અંત એ ગયા શતકના અંતમાં થયેલ એક મહત્વની ઘટના હતી. શીતયુધ્ધના અંત માટે અનેક બાબતો કારણભૂત હતી. દા.ત.

૧) સોવિયેત રશિયાને આર્થિક ઉદારીકરણ સ્વીકાર્યું. રાજ્યનું અર્થવ્યવસ્થાપરનું નિયંત્રણ શિથિલ થયું.

૨) સોવિયેત રશિયાના તત્કાલીન અધ્યક્ષ મિખાઇલ ગોર્બાચેવ્હ 'પેરેસ્ત્રોઇકા' (પુનર્રચના) અને ગ્લાસનોસ્ત (મુક્તતા) ધોરણ અમલમાં લાવ્યા. આ ધોરણથી માધ્યમો પરનું નિયંત્રણ ઓછું થયું. રાજકીય અને આર્થિક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ બદલાવ થયો. એટલેજ આ ક્ષેત્રમાં પુનર્રચના કરવામાં આવી. તેથી લોકશાહીકરણને ગતિ મળી.

૩) પૂર્વ યુરોપમાંના સોવિયેત રશિયાના પ્રભાવ હેઠળના દેશોએ મૂડીવાદી અને લોકશાહી માર્ગનો સ્વીકાર કરતાં ત્યાનું રાજકારણ બદલાયું.

૪) સોવિયેત રશિયાનું વિભાજન થયું અને તેમાંથી અનેક નવા સ્વતંત્ર રાષ્ટ્ર નિર્માણ થયા. રશિયા આ સોવિયત રશિયાનો સૌથી મોટો દેશ હતો.



**આવું કેમ?**

- નાટો આ સંઘટના આજે પણ અસ્તિત્વમાં છે પરંતુ તેનું સ્વરૂપ હવે લશ્કરી નથી. આ સંઘટનામાં કેટલા દેશ છે તે શોધો.

**શબ્દ સૂચવો**

એકજ મહાસત્તા હોય અને જ્યારે તેના પર અનેક દેશ આધારિત હોય ત્યારે તે આંતરરાષ્ટ્રીય વ્યવહારને આપણે એક કેન્દ્રીય વ્યવસ્થા કહીએ છીએ. બે મહાસત્તામાં થયેલા રાષ્ટ્રોની વિભાગણીને દ્વિકેન્દ્રીયકરણ કહે છે.

જ્યારે અનેક દેશ મહાસત્તા તરીકે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં આકાર પામે ત્યારે તે વ્યવસ્થાને શું કહે છે?

"યુધ્ધનું મહત્વ નથી" આ વિષય પર નિબંધ લખો. તે માટે કેટલાક મુદ્દા અહીં આપ્યા છે તેના પર ચર્ચા કરો.

* કોઈપણ સમસ્યા ચર્ચા કે વાટાઘાટથી ઉકેલી શકાય છે.
* યુધ્ધથી સમસ્યા ઉકેલાતી નથી.
* યુધ્ધથી વિકાસ અવરોધાય છે.

## શીતયુધ્ધ પછીનું જગત

સોવિયેત રશિયાના વિભાજન સાથેજ શીતયુધ્ધ પૂર્ણ થયું. એ સમયે મહાસત્તાનું વિભાજન થવાથી જાગતિક રાજકારણમાં મહત્વનો બદલાવ આવ્યો.

- જાગતિક રાજકારણમાં અમેરિકા એ એકજ મહાસત્તા રહી.
- રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે વેપાર અને આર્થિક સંબંધ વધારવા અનુકૂળ વાતાવરણ નિર્માણ થયું. મૂડી, શ્રમ, બજાર, માહિતીનો જગતમાં પ્રસાર થયો. લોકોમાં વિચાર કલ્પનાનો મુક્ત સંચાર થવા લાગ્યો.
- બધા રાષ્ટ્રોએ વ્યાપારી સંબંધોને પ્રાધાન્ય આપવાનું નક્કી કરતાં અન્ય રાષ્ટ્રોને 'મદદ' કરવાની કલ્પના પાછળ રહી ગઇ. તેના બદલે આર્થિક સંબંધ પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન થવા લાગ્યો. એટલે કે પૂર્વે આપણાં વિરોધી રહેલાં એકાદ દેશને 'શત્રુરાષ્ટ્ર' તરીકે સંબોધવાના બદલે 'સ્પર્ધક રાષ્ટ્ર' સંકલ્પના આગળ આવી.
- સંયુક્ત રાષ્ટ્રસંઘની જવાબદારીમાં વૃધ્ધિ થઇ. જાગતિક શાંતિ અને સુરક્ષિતતા ટકાવવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘને સબળ પ્રયત્નો કરવા પડે છે.
- પર્યાવરણ રક્ષણ, માનવ હક્કની જાળવણી, સ્ત્રી-પુરુષ સમાનતા, નૈસર્ગિક આપત્તિનો સામનો આ બાબતોને જાગતિક સ્વરૂપ મળ્યું.

**જાગતિકીકરણ એટલે શું? :** શીતયુધ્ધ પછી વ્યાપાર અને આર્થિક સંબધોમાં મુક્તતા આવી. આ પહેલા કહ્યા પ્રમાણે મૂડી, શ્રમ, બજાર અને માહિતીનો જગતભરમાં પ્રસાર થવા લાગ્યો. વિશ્વભરમાં લોકો વચ્ચે વિચાર, કલ્પનાની લેવડ દેવડ વધી. માહિતી તંત્રજ્ઞાનની ક્રાંતિથી જગતમાં બનતી રોજબરોજની ઘટનાઓની દરેકને જાણ થવા લાગી. દેશની સીમા રેખાનું, પહેલા જેટલું મહત્વ ન રહ્યું. આ બધી પ્રક્રિયાને જાગતિકીકરણ કહે છે. જાગતિકીકરણથી જેમ કેટલાંક ફાયદા થયા છે તો કેટલુંક નુકશાન પણ થયુ છે દા.ત. વિવિધ રાષ્ટ્રોની અર્થવ્યવસ્થા પરસ્પર જોડાવાથી વેપાર વધ્યો. આર્થિક એકત્રીકરણ વધ્યું, બજારોમાં વૃધ્ધિ થઇ, પરંતુ તેની સાથેજ ગરીબ અને શ્રીમંત રાષ્ટ્રો વચ્ચેની ખાઇ ઓછી ન થઇ.

આ પ્રકરણમાં આપણે ૧૯૪૫થી જ જાગતિક ઘટનાઓનો અભ્યાસ કર્યો. શીતયુધ્ધકાલીન જગત, તેમાંની શસ્ત્રસ્પર્ધા અને નિ:શસ્ત્રીકરણના પ્રયત્ન સમજી લીધા. જાગતિકીકરણનો અર્થ પણ તપાસ્યો. આગળના પ્રકરણમાં આપણે ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણનો અભ્યાસ કરવાના છીએ.

**શોધો અને સહભાગી થાઓ**

પર્યાવરણ રક્ષણ માટેની કોઇપણ બે જાગતિક સંઘટના વિષે માહિતી મેળવો. તેમના ઉદ્દેશ તમને માન્ય હોય તો તેમાં સહભાગી થવાની તક કઇ છે તે શોધો.



## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાય પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) સ્વતંત્ર અને સાર્વભૌમ દેશો મળીને નિર્માણ થનારી વ્યવસ્થા

અ) રાજકીય વ્યવસ્થા

બ) આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા

ક) સામાજિક વ્યવસ્થા

ડ) આ પૈકી એકેય નહીં

(૨) રાષ્ટ્રસંઘની મુખ્ય જવાબદારી-

અ) યુધ્ધ ટાળવું

બ) વસાહતીઓનું સ્વાતંત્ર્ય

ક) રાષ્ટ્રોની અર્થવ્યવસ્થા સંભાળવી

ડ) નિ:શસ્ત્રીકરણ કરવું

(૩) શીતયુધ્ધ ......... આ ઘટનાથી પૂર્ણ થયું

અ) સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના

બ) સોવિયેત રશિયાનું વિભાજન

ક) લશ્કરી સંઘટનાની નિર્મિતિ

ડ) ક્યૂબાનો સંઘર્ષ

**૨. વિધાનો ખરાં છે કે ખોટાં તે સકારણ સ્પષ્ટ કરો.**

૧) પહેલા વિશ્વયુધ્ધ પછી રાષ્ટ્રસંઘની નિર્મિતિ થઇ.

૨) શીતયુધ્ધને કારણે જગતનું એક કેન્દ્રીકરણ થયું.

૩) મિખાઇલ ગોર્બાચેવ્હના ધોરણોથી લોકશાહીકરણને વેગ મળ્યો.

**૩. સંકલ્પના સ્પષ્ટ કરો**

૧) શીતયુધ્ધ

૨) અલિપ્તતાવાદ

૩) પરસ્પરાવલંબન

૪) દ્વિકેન્દ્રીકરણ

૫) જાગતિકીકરણ

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો**

૧) પહેલા વિશ્વયુધ્ધ અને બીજા વિશ્વયુધ્ધની નીચેના મુદ્દાને આધારે તુલના કરો.

| મુદ્દા | પહેલું વિશ્વયુધ્ધ | બીજું વિશ્વયુધ્ધ |
|---|---|---|
| ૧. કાળખંડ | | |
| ૨. સહભાગી રાષ્ટ્ર | | |
| ૩. પરિણામ–રાજકીય અને આર્થિક | | |
| ૪. યુધ્ધ પછી સ્થપાયેલ આંતરરાષ્ટ્રીય સંઘટના | | |

૨) શીતયુધ્ધ પૂર્ણ થવા માટે કઇ બાબતો કારણભૂત બની?

૩) શીતયુધ્ધની સમાપ્તિ પછી જાગતિક રાજકારણમાં ક્યો મહત્વનો બદલાવ આવ્યો?

**ઉપક્રમ**

૧) જગતના વિવિધ રાષ્ટ્રો પરસ્પર અવલંબિત હોય છે તે ઉદાહરણ આપી સ્પષ્ટ કરો.

૨) ‘વસુધૈવ કુટુમ્બકમ્’ આ મૂલ્ય સમાજમાં રોપાય તે માટે તમે શું કરશો તેની ચર્ચા વર્ગમાં કરો.

3NRH87

# ૨ ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ

આ પ્રકરણમાં આપણે નવું શું શીખવાના છીએ?

આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, તેનું સ્વરૂપ અને પાછલા શતકના શીતયુધ્ધ અને તેના પરિણામ વગેરે સમજી લીધા પછી હવે આપણે તેના સંબંધિત અન્ય વિષયોની ઓળખ કરવાના છીએ. તે અનુસાર આંતરરાષ્ટ્રીય ધોરણનો અર્થ, તેના પર પરિણામ કરનાર ઘટક તેમજ ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણનું સ્વરૂપ સમજવાના છીએ.

## આંતરરાષ્ટ્રીય ધોરણ

**અર્થ અને મહત્વઃ** દરેક દેશ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના ઘટક હોય છે. તેમાંના કોઈપણ રાષ્ટ્ર સર્વરીતે સ્વયંપૂર્ણ હોતા નથી. એટલેજ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં પરસ્પરાવલંબન હોય છે એ આપણને સમજાયું છે. આ પરસ્પરાવલંબન માત્ર કોઈ ગણ્યાંગાંઠ્યા દેશોના ફાયદા માટે કે હિતમાં હોય તે યોગ્ય નથી. તે પ્રત્યેક રાષ્ટ્રના હિતમાં હોય તે માટે પ્રયત્ન કરવા પડે છે. ક્યા રાષ્ટ્રો સાથે મૈત્રી કરવી, ક્યા જૂથમાં સામેલ થવું અથવા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કઈ ભૂમિકા લેવી વગેરે વિષે પ્રત્યેક દેશે નિર્ણય લેવો પડે છે. આવો નિર્ણય વિચારપૂર્વક લેવો પડે છે. આ વૈચારિક ચોકઠાને આંતરરાષ્ટ્રીય ધોરણ કહીએ છીએ. પ્રત્યેક સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્ર પોતપોતાના આંતરરાષ્ટ્રીય ધોરણ નક્કી કરે છે. એટલેજ રાષ્ટ્રોના પરસ્પર સંબંધોના અભ્યાસ કરનારા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં આંતરરાષ્ટ્રીય ધોરણનું ખૂબ મહત્વ હોય છે.



**શું તમે જાણો છો?**

આપણે જ્યારે એકાદ દેશનો અભ્યાસ કરવાનો હોય ત્યારે તે દેશનું સંવિધાન અને આંતરરાષ્ટ્રીય ધોરણ સમજી લેવું આવશ્યક હોય છે.

**રાષ્ટ્રીય હિતસંબંધઃ** આંતરરાષ્ટ્રીય ધોરણ એટલે શું એ આપણે ટૂંકમાં સમજી લીધું. રાષ્ટ્રીય હિતસંબંધ અને આંતરરાષ્ટ્રીય ધોરણનો અતિશય નજીકનો સંબંધ છે. રાષ્ટ્રીય હિતસંબંધની સંભાળ આંતરરાષ્ટ્રીય ધોરણ દ્વારા કરવામાં આવે છે. એટલેજ આંતરરાષ્ટ્રીય ધોરણનો વિસ્તૃત અભ્યાસ કરતાં પહેલા આપણે રાષ્ટ્રીય હિતસંબંધનો અર્થ અને તેનું મહત્ત્વ સમજવું જોઈએ.

રાષ્ટ્રીય હિતસંબંધ એટલે આપણા દેશનું સ્વાતંત્ર્ય અને સાર્વભૌમત્વ સુરક્ષિત રાખવા માટે કરવાની ઉપાયયોજના. આપણો આર્થિક વિકાસ કરી પોતાનું સામર્થ્ય વધારવાના પ્રયત્નનો પણ રાષ્ટ્રીય હિતસંબંધમાં સમાવેશ થાય છે. આપણા રાષ્ટ્ર માટે હિતકારક અને યોગ્ય શું છે તેનો વિચાર કરીને જ્યારે નિર્ણય લેવાય છે ત્યારે તેને આપણે રાષ્ટ્રીય હિતસંબંધની સંભાળ એમ કહીએ છીએ. આ અર્થે કોઈપણ રાષ્ટ્રના રાષ્ટ્રીય હિતસંબંધમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છે.

- આપણાં દેશનું સ્વાતંત્ર્ય, સાર્વભૌમત્વ અને અખંડિતતાનું રક્ષણ કરવું એટલે કે સંરક્ષણ એ સર્વોચ્ચ રાષ્ટ્રીય હિત હોય છે.
- આર્થિક વિકાસ એ પણ એક મહત્વનું રાષ્ટ્રીય હિત છે. આર્થિક દષ્ટિએ દુર્બળ રાષ્ટ્રને પોતાના સ્વાતંત્ર્યનું જતન કરવું મુશ્કેલ બને છે. માટે સંરક્ષણની સાથોસાથ આર્થિક વિકાસ એ મહત્ત્વનું રાષ્ટ્રીય હિત મનાય છે.

**રાષ્ટ્રીય હિતસંબંધ અને આંતરરાષ્ટ્રીય ધોરણઃ** સંરક્ષણ અને આર્થિક વિકાસ આ રાષ્ટ્રીય હિતસંબંધો જળવાય તે દષ્ટિએ આંતરરાષ્ટ્રીય ધોરણ નક્કી થાય છે. એટલેજ રાષ્ટ્રીય હિતસંબંધ એ ઉદ્દેશ મનાય છે તો આંતરરાષ્ટ્રીય ધોરણ તે પ્રાપ્ત કરવાનું સાધન છે. પરિસ્થિતિ અને કાળાનુસાર રાષ્ટ્રના ઉદ્દેશોમાં બદલાવ થતાં હોય છે. તે પ્રમાણે રાષ્ટ્રીય હિતસંબંધોમાં પણ

બદલાવ થાય છે. તે બદલાવનું પ્રતિબિંબ આંતરરાષ્ટ્રીય ધોરણમાં દેખાય છે. એટલેજ આંતરરાષ્ટ્રીય ધોરણ પ્રવાહી હોય છે.

**ચાલો, ચર્ચા કરીએ**

પરિસ્થિતિ અને કાળાનુસાર આંતરરાષ્ટ્રીય ધોરણમાં ફેરફાર થતો હોય તો પણ કેટલાક દેશોનું આંતરરાષ્ટ્રીય ધોરણ કેટલાક શાશ્વત મૂલ્યો પર આધારિત હોય છે. દા.ત. ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ આંતરરાષ્ટ્રીય શાંતિ, માનવી હક, સુરક્ષિતતા આ મૂલ્યો પર આધારિત છે. તે સાબિત કરવા માટે આંતરરાષ્ટ્રીય ધોરણમાં કઈ યોજના હોવી જોઈએ તેવું તમને લાગે છે?

**આંતરરાષ્ટ્રીય ધોરણ નિશ્ચિત કરનારા ઘટક :** આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં કયા રાષ્ટ્ર સાથે કયા પ્રકારનો સંબંધ રાખવો એ આંતરરાષ્ટ્રીય ધોરણને આધારે નક્કી થાય છે. પરંતુ આંતરરાષ્ટ્રીય ધોરણ નક્કી કરતી વખતે અનેક ઘટકોની તેના પર અસર થતી હોય છે.

**૧. દેશનું ભૌગોલિક સ્થાનઃ** તમે પૃથ્વીનો ગોળો કે જગતનો નકશો જોયો હશે. તેમાં કોઈપણ દેશનું ભૌગોલિક સ્થાન તમને દેખાય છે કેટલાક દેશ અન્ય દેશોથી દૂર અંતરે છે. તો કેટલાક દેશની આસપાસ અનેક પાડોશી દેશો છે. કેટલાક દેશને મોટો સમુદ્ર કિનારો મળ્યો છે તો કેટલાક દેશો પાસે ભરપૂર ખનિજ સંપત્તિ છે. ટૂંકમાં દેશનો આકાર, લોકસંખ્યા, જમીનનો પ્રકાર, દેશને મળેલો સમુદ્રકિનારો, નૈસર્ગિક સાધનસંપત્તિની ઉપલબ્ધતા આ બધી જ બાબતો આંતરરાષ્ટ્રીય ધોરણ નક્કી કરતી વખતે ધ્યાનમાં રાખવી પડે.

**૨. રાજકીય વ્યવસ્થાઃ** લોકશાહી સ્વરૂપની રાજકીય વ્યવસ્થામાં સંસદનું આંતરરાષ્ટ્રીય ધોરણની નિર્મિતિમાં મહત્વનું સ્થાન હોય છે. કારણકે આંતરરાષ્ટ્રીય ધોરણસંબંધી વિષયો પર સંસદમાં ચર્ચા થાય છે, વિરોધી પક્ષ પ્રશ્ન પૂછીને આંતરરાષ્ટ્રીય ધોરણ પર નિયંત્રણ મૂકી શકે છે.

સંઘરાજ્ય વ્યવસ્થા ધરાવતાં દેશોમાં આંતરરાષ્ટ્રીય ધોરણ નક્કી કરતી વખતે ઘટકરાજ્યોનો વિચાર પણ કરવો પડે છે. કારણકે પાડોશી દેશોમાં બનતી ઘટનાઓનું ઘટકરાજ્યો પર પરિણામ થાય છે. દા.ત. શ્રીલંકામાં બનતી ઘટનાઓનું તામિલનાડુ પર અને બાંગ્લાદેશમાં કંઈ બને તો પશ્ચિમ બંગાળ અને ઈશાન તરફના રાજ્યો પર તેનું પરિણામ થાય છે.



**આવું શા માટે કરવું પડે છે?**

આપણા દેશમાં શાંતિ અને સ્થિરતા જેટલી મહત્વની છે તેટલી જ પાડોશી દેશોમાં હોવી પણ મહત્વની છે એટલે જ પાડોશી રાષ્ટ્રોમાં લોકશાહી નિર્માણ થાય તે માટે ભારતે પ્રયત્ન કરવા પડે છે.

**૩. અર્થવ્યવસ્થા :** આધુનિક સમયમાં કોઈપણ દેશની આર્થિક સ્થિતિને આંતરરાષ્ટ્રીય ધોરણ નક્કી કરતી વખતે ખૂબ મહત્ત્વ પ્રાપ્ત થયું છે. આર્થિક વિકાસ એ બધા જ રાષ્ટ્રોનો સૌથી મહત્ત્વનો ઉદ્દેશ બન્યો છે. તેથી અર્થવ્યવસ્થાનું આંતરરાષ્ટ્રીય ધોરણ પર બે પ્રકારે પરિણામ થાય છે.

૧) દેશની અર્થવ્યવસ્થા મજબૂત કરવા માટે અન્ય દેશો સાથે પ્રસ્થાપિત કરવાના આર્થિક સંબંધ, આયાત-નિકાસ, જાગતિક વેપારમાં સહભાગ વગેરે બાબતોથી આંતરરાષ્ટ્રીય ધોરણ ઘડાય છે.

૨) હાલની જાગતિક વ્યવસ્થામાં આર્થિક સુરક્ષિતતાના મુદ્દા રાષ્ટ્રીય સુરક્ષિતતા જેટલા જ મહત્વના મનાય છે. આર્થિક સુરક્ષિતતા જેટલી મજબૂત તેટલી જ બળવાન રાષ્ટ્ર તરીકે તેને માન્યતા મળે છે. અર્થવ્યવસ્થા મજબૂત હોય તે દેશ ઓછો પરાવલંબી હોય છે અને તેઓ સ્વતંત્ર રીતે આંતરરાષ્ટ્રીય ધોરણ નક્કી કરી શકે છે.

**૪. રાજકીય નેતૃત્વઃ** આંતરરાષ્ટ્રીય ધોરણ નક્કી કરવામાં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, વિદેશમંત્રી,

**તમને મંજૂર છે કે? મંજૂર હોય તો કેમ? અને ન હોય તો કેમ નહીં તે વિસ્તારથી લખો.**

દેશનું આર્થિક સામર્થ્ય વધારવા માટે માત્ર ગરીબી દૂર કરવા પર ભાર ન મૂકતા સંપત્તિ અને ખરીદશક્તિ વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સંરક્ષણમંત્રી, અર્થમંત્રી, ગૃહમંત્રીનો સહભાગ હોય છે. આંતરરાષ્ટ્રીય ધોરણનું સાતત્ય જાળવીને તે સુધારવાનો પ્રયત્ન આ પદ પરની વ્યક્તિ કરે છે. દા.ત. પંડિત જવાહરલાલ નેહરુએ ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણમાં અલિપ્તતા વાદ પર ભાર મૂક્યો. અટલબિહારી વાજપેયીએ ભારત-ચીન સંબંધ સુધારવામાં મોટું યોગદાન આપ્યું છે.

**યાદી પૂર્ણ કરો**

નીચે કેટલાક નેતાઓના નામ અને તેમના યોગદાનની માહિતી આપેલી છે. દા.ત. લાલબહાદૂર શાસ્ત્રી : તાશ્કંદ કરાર આ રીતે નીચેની યાદી પૂર્ણ કરો.

અ) ઇંદિરા ગાંધી : ................

બ) રાજીવ ગાંધી : ................

ક) અટલબિહારી વાજપેયી : ................

નીચેના ધોરણોને પીઠબળ પૂરું પાડનાર વડાપ્રધાન કોણ છે?

અ) ................ : પૂર્વ તરફ જુઓ

બ) ................ : આંતરરાષ્ટ્રીય સ્તરેથી ભારતમાં રોકાણ વધારવાનો પ્રયત્ન

**૫. પ્રશાસકીય ઘટકઃ** આંતરરાષ્ટ્રીય ધોરણની નિર્મિતિમાં વિદેશ મંત્રાલય, વિદેશ મંત્રી, પરદેશમાં આવેલ દૂતાવાસ, રાજનૈતિક અધિકારી વગેરે પ્રશાસકીય ઘટકોનો સમાવેશ હોય છે. આંતરરાષ્ટ્રીય ધોરણ સંબંધી અંતિમ નિર્ણય ભલે વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ લેતા હોય તો પણ તે નિર્ણય સુધી પહોંચવા માટે પ્રશાસકીય યંત્રણા મદદ કરે છે. આંતરરાષ્ટ્રીય ધોરણ માટે આવશ્યક માહિતી એકઠી કરવી, તેનું વિશ્લેષણ કરવું, તેના પર આધારિત યોગ્ય સલાહ આપવી વગેરે કામ પ્રશાસકીય અધિકારી પાર પાડે છે. તેની સાથોસાથ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સમિતિ પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

**તમે શું કરશો ?**

તમે વિદેશ સચિવ પદે કામ કરો છો. વડાપ્રધાન ચીનની મુલાકાત લેવાના છે. વિદેશ સચિવ તરીકે વિદેશ મંત્રાલય તરફથી તમે વડાપ્રધાનને ચર્ચા માટે કયા વિષયો સૂચવશો?

## ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ

આંતરરાષ્ટ્રીય ધોરણ વિષે પ્રાથમિક માહિતી લીધા પછી હવે આપણે ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણ વિષે જાણીએ.

ઈસવી સન ૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળી ત્યારથી જ ભારતે પોતાનું આંતરરાષ્ટ્રીય ધોરણ સ્વતંત્ર રીતે નક્કી કરવાની શરૂઆત કરી. ભારતના સંવિધાનના માર્ગદર્શક તત્વોમાં દેશનું આંતરરાષ્ટ્રીય ધોરણ કઈ રીતે નક્કી કરવું તે વિષે સ્પષ્ટીકરણ કરેલ છે. માર્ગદર્શક તત્વની કલમ ૫૧ અનુસાર આંતરરાષ્ટ્રીય ધોરણનું એક વ્યાપક માળખું તૈયાર કરેલ છે. તે પ્રમાણે ભારતે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષિતતાના જતનને પ્રાધાન્ય આપવું, આપણી આંતરરાષ્ટ્રીય સમસ્યા કે વિવાદ શાંતિના માર્ગે ઉકેલવા એવું સ્પષ્ટ કર્યું છે. અન્ય દેશો સાથે મૈત્રી પૂર્ણ વ્યવહાર રાખવો અને આંતરરાષ્ટ્રીય કાયદાનો આદર કરવો એ પણ આપણાં આંતરરાષ્ટ્રીય ધોરણનો ઉદ્દેશ મનાય છે. ભારતનું અત્યાર સુધીનું આંતરરાષ્ટ્રીય ધોરણ આ રીતે વિકસિત થયેલ છે.

**ભારતીય સંવિધાનની કલમ-૫૧**

- આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષિતતા સ્થાપવી.
- રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે ન્યાયયુક્ત અને સન્માનનીય સંબંધ સ્થાપવા.
- આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને કરાર પ્રત્યે આદર વધારવો.
- લવાદના માધ્યમથી આંતરરાષ્ટ્રીય વિવાદ શાંતિમય માર્ગે ઉકેલવો.

**ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણના વધુ કેટલાક ઉદ્દેશો આ પ્રમાણે :**

* પાડોશી દેશો સાથે અને અન્ય દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધ જાળવતી વખતે પોતાના દેશના સંરક્ષણને મુશ્કેલી ન આવે તેનું ધ્યાન રાખવું. રાષ્ટ્રની ભૌગોલિક સીમારેખા સુરક્ષિત રહે તે બાબતે બાંધ છોડ ન કરવી.
* ભારતની એકતા અને એકાત્મતાનું સંરક્ષણ કરવું.
* બીજા દેશમાં વસનારા આપણાં નાગરિકોના હિતનું રક્ષણ કરવું. આ જવાબદારી જે તે દેશના દૂતાવાસ નિભાવે છે.
* ભારતના આર્થિક વિકાસ માટે અન્ય રાષ્ટ્રો સાથે આર્થિક અને વ્યાપારી સંબંધ પ્રસ્થાપિત કરવા.

**ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણની ચકાસણી:** ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણની ચકાસણી આપણે બે તબક્કામાં કરીએ. પહેલો તબક્કો એટલે સ્વતંત્ર થયા ત્યારથી ઈ.સ. ૧૯૯૦ સુધીનો મનાય છે. બીજો તબક્કો ૧૯૯૦થી આજ સુધીનો રહેશે.

### ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ : શરૂઆતનો તબક્કો

પં. નેહરુએ ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણની રૂપરેખા શરૂઆતના સમયમાં તૈયાર કરી હતી. ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણ દ્વારા તેમણે વસાહતવાદનો વિરોધ કર્યો. આંતરરાષ્ટ્રવાદી ભૂમિકા લઈને જાગતિક શાંતિ અને સુરક્ષિતતાને પ્રાધાન્ય આપ્યું. આ કાળમાં ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણ પર ત્રણ બાબતોનો પ્રભાવ હતો. (૧) દરેક આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું આકલન કોઈપણ સત્તાના દબાણ વગર, સ્વતંત્રપણે કરવાનો પ્રયત્ન કર્યો. શાંતિ એ હંમેશા ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણનું વૈશિષ્ટ્ય રહી છે. (૨) પાકિસ્તાન અને ચીન આ દેશો તરફના ભયને પણ વિચારમાં લીધા. (૩) સ્વાવલંબનનો આગ્રહ અને તેના પરનો આંતરરાષ્ટ્રીય ધોરણનો હેતુ એ પણ તત્કાલીન આંતરરાષ્ટ્રીય ધોરણનું વૈશિષ્ટ્ય છે.

એકદમ શરૂઆતના સમયમાં ભારતે પોતાના આંતરરાષ્ટ્રીય ધોરણ દ્વારા એશિયા ખંડના દેશો સાથે સંબંધ સુધારવાનો પ્રયત્ન કર્યો. એશિયાઈ રાષ્ટ્રો સાથે સહકાર્ય કરીને વિકાસ સાધવાનો અને પોતાનું સ્વાતંત્ર્ય અબાધિત રાખવાનો પ્રયત્ન આ સમયમાં થયો. આ પ્રાદેશિક કે ક્ષેત્રીય વિકાસની કલ્પના આગળ જતાં આફ્રિકા સુધી વિસ્તરીત થઈ; પરંતુ કેટલાક આફ્રો-એશિયાઈ દેશ અમેરિકા અને સોવિયેત રશિયાના શીતયુદ્ધકાલીન લશ્કરી સંઘટનાના સભ્ય હતા. તેથી પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા અટકી ગઈ. ત્યારબાદ બાકી રહેલ જે દેશ શીતયુદ્ધના લશ્કરી સંઘટનામાં સામેલ ન થયા તેઓએ અલિપ્તતાવાદ સંકલ્પનાને ટેકો આપ્યો. શાંતિ અને સ્વાતંત્ર્ય - આ બે તત્વો અલિપ્તતાવાદી ધોરણના મૂળભૂત તત્વો બન્યા.

આ કાળમાં ભારતને પાડોશી રાષ્ટ્રો સાથે થયેલ સંઘર્ષનો સામનો કરવો પડ્યો. ભારત અને પાકિસ્તાનમાં ૧૯૪૭-૪૮ અને ૧૯૬૫માં કાશ્મીર પ્રશ્ને યુદ્ધ થયું. ૧૯૭૧માં થયેલા ત્રીજા યુદ્ધથી પાકિસ્તાનનું વિભાજન થયું અને સ્વતંત્ર બાંગલાદેશની નિર્મિતિ થઈ.

૧૯૭૦ના દશકમાં ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણમાં એક પ્રકારે સ્થિરતા હતી. દક્ષિણ એશિયામાં એક પ્રબળ પ્રાદેશિક સત્તા તરીકે

ભારતનો ઉદય થયો. ૧૯૭૪માં ભારતે અણુપરીક્ષણ કરીને અણુસંશોધન ક્ષેત્રમાં પોતાની ક્ષમતા સિદ્ધ કરી. ૧૯૮૦થી કેટલાંક ફેરફારની શરૂઆત થઈ. દક્ષિણ એશિયાઈ રાષ્ટ્રો વચ્ચે સહકાર્ય વધે તે માટે સાર્ક સંઘટનાની સ્થાપના થઈ. ચીન સાથેના સંબંધો સુધારવા ભારતે સંવાદ શરૂ કર્યો. સુરક્ષિતતાના ક્ષેત્રે સહકાર્ય માટે ભારતે અમેરિકા સાથે લેવડદેવડની શરૂઆત કરી.

## પહેલો તબક્કો : ૧૯૪૭ થી ૧૯૯૦

* શીતયુદ્ધની પાર્શ્વભૂમિ પર ભારતે અલિપ્તતાવાદનો સ્વીકાર કર્યો. તેથી બધાં જ રાષ્ટ્રો સાથે મૈત્રીપૂર્ણ સંબંધ રાખવા, વિકાસ માટે યોગ્ય તે મદદ બીજા રાષ્ટ્રો પાસેથી લેવી તે આવશ્યક હતું. અલિપ્તતાવાદી ધોરણને કારણે ભારતને પોતાના વિકાસ માટે બંને મહાસત્તા પાસેથી મદદ મેળવવી શક્ય બન્યું.
* એ સમયે સંરક્ષણ વ્યવસ્થા મજબૂત કરવી જરૂરી હતું. તે માટેનું તંત્રજ્ઞાન આયાત કરવામાં આવ્યું. જેમાં સોવિયેત રશિયા, ફ્રાંસ અને જર્મની વગેરે દેશોએ ભારતને મદદ કરી.

આ કાળખંડમાં ભારતને કેટલાક આહ્‌વાનોનો સામનો કરવો પડ્યો. જેમાં પાકિસ્તાન સાથેનો સંઘર્ષ અને બાંગ્લાદેશની નિર્મિતિ તેમજ ચીન સાથે સંઘર્ષનો સમાવેશ હતો.

## બીજો તબક્કો : ૧૯૯૧ થી આજ સુધી

* ભારતના બીજા તબક્કાનું આંતરરાષ્ટ્રીય ધોરણ વધુ વ્યાપક અને ગતિશીલ બન્યું.

**ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણમાં પંડિત નેહરુનું યોગદાન**

- જાગતિક અથવા આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું આપણે સ્વતંત્રપણે આકલન કરવું એ તેમની ભૂમિકા હતી.
- શાંતિના ધોરણનું તેમણે સમર્થન કર્યું.

શીતયુદ્ધોત્તર કાળમાં માત્ર રાજકીય અને લશ્કરી સંબંધોનું જ મહત્વ ન રહ્યું. આંતરરાષ્ટ્રીય ધોરણમાં અર્થકારણ, વ્યાપાર, શિક્ષણ અને તંત્રજ્ઞાન જેવી અનેક બાજુઓનો સમાવેશ થયો. ૧૯૯૧ પછી ભારતે આર્થિક વ્યવસ્થા પરનું સરકારી નિયંત્રણ ઓછું કરી મુક્ત આર્થિક ધોરણ સ્વીકાર્યું. તેથી સાહજિક જ પાડોશી દેશો સાથેના વ્યાપારમાં વૃદ્ધિ થઈ. જાગતિક વ્યાપારમાં આપણો સહભાગ વધ્યો. આર્થિક વિકાસ દર વધારવાના પ્રયત્ન થવા લાગ્યા.

**તમને શોધતા આવડશે કે ?**

* આર્થિક વિકાસ દર એટલે શું?
* ભારત, નેપાળ, ભૂતાનના આર્થિક વિકાસ દરનું કોષ્ટક તૈયાર કરો.

* ૧૯૯૦ પછીના દશકમાં અગ્નિ એશિયાઈ રાષ્ટ્રો સાથે એટલે કે સિંગાપૂર, થાયલેંડ, વિયેતનામ વગેરે રાષ્ટ્રો સાથેના આપણા આર્થિક સંબંધો વધારે મજબૂત થયા. ઇઝરાયેલ, જાપાન, ચીન, યુરોપીય સંઘ સાથેની આપણી લેવડ દેવડ વધી.
* આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે અનેક આર્થિક સંઘટનાઓમાં ભારતનો સહભાગ વધ્યો. દા.ત. જી–20 અને BRICS (Brazil, Russia, India, China, South Africa)

BRICS
INDIA 2016

બ્રિક્સ બોધચિહ્ન

### કરી જુઓ.

ભારત અને અમેરિકા એ બંને દેશોમાં અનેક બાબતોમાં સરખાપણું છે. દા.ત. બંને દેશોમાં લોકશાહી છે. આવું સરખાપણું બતાવનારી હજી કેટલીક બાબતો શોધો અને તેના પર એક પ્રકલ્પ તૈયાર કરો.

* અમેરિકા સાથેના આપણા સંબંધ વધુ મજબૂત બન્યા છે. પરસ્પર વિશ્વાસ વધ્યો. આંતરરાષ્ટ્રીય સમૂહમાં ભારતનું સ્થાન ઊંચુ આવ્યું.
* ભારતનું આણ્વિક ધોરણ ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણનો એક મહત્વનો ભાગ છે. અણુશક્તિનો અર્થ અને તેના ઉપયોગનો અભ્યાસ તમે ઇતિહાસ, ભૂગોળ કે રસાયણશાસ્ત્ર વિષયોમાં કર્યો હશે. અણુશક્તિનું મહત્વ ધ્યાનમાં લઈ ભારતે સ્વાતંત્ર્ય પછી તરત જ અણુઉર્જા કાર્યક્રમનો પાયો નાંખ્યો. તે માટે અણુઉર્જા વિભાગ અને અણુઉર્જા મંડળ સ્થાપ્યું. અણુઉર્જા મંડળના પ્રથમ અધ્યક્ષ ડૉ. હોમી ભાભા હતા. ઉર્જાની નિર્મિતિ એ તેનો મુખ્ય ઉદ્દેશ હોવા છતાં લશ્કરી ક્ષમતા નિર્માણ કરવી એ પણ એક ઉદ્દેશ હતો. તે પ્રમાણે ૧૯૭૪માં ભારતે પોખરણમાં પહેલું અણુપરીક્ષણ કર્યું. ૧૯૯૮માં બીજું અણુ પરીક્ષણ કરી ભારતે અણુશસ્ત્રો નિર્માણ કર્યા છે. અણુશસ્ત્રો લઈ જનાર ક્ષેપણાસ્ત્ર પણ તૈયાર કરી આપણાં વાયુદળ અને નૌકાદળ સક્ષમ કરવામાં આવ્યા છે.

### તમને ખબર છે?

અણુશસ્ત્રો અત્યંત વિનાશકારી હોય છે. એટલે જ તેનો કદીપણ ઉપયોગ ન થાય, તે માટે સતત પ્રયત્ન કરવો આવશ્યક છે. અણુશસ્ત્રોનો પ્રસાર રોકવા માટે મુખ્ય બે કરાર કરવામાં આવ્યા છે. ૧) અણુશસ્ત્ર પ્રસારબંધી કરાર (NPT) ૨) સર્વંકષ અણુપરીક્ષણ બંધી કરાર (CTBT). આ બંને કરાર માત્ર મોટા દેશોના જ હિતમાં હોવાથી અને વિકાસશીલ દેશો પર પ્રતિબંધ લાદનારા હોવાથી આ કરારો પર ભારતે હસ્તાક્ષર કર્યા નથી.

### કરી જુઓ.

અણુશસ્ત્રો નિર્માણ કરનારા દેશોની સંખ્યા સતત વધી રહી છે. અણુશસ્ત્રોનો પ્રસાર રોકવા માટે તમારા વર્ગ તરફથી એક નિવેદન તૈયાર કરો. વર્તમાનપત્રમાં તે પ્રસિદ્ધ કરવાનો પ્રયત્ન કરો.

ભારત હવે અણુશસ્ત્રધારી રાષ્ટ્ર છે પરંતુ એક જવાબદાર અણુશસ્ત્રધારી રાષ્ટ્રની ભૂમિકા આપણે સ્વીકારી છે. નિઃશસ્ત્રીકરણના પ્રયત્નોને ભારત સતત ટેકો આપે છે. કારણ કે જગતમાં શાંતિ અને સુરક્ષિતતા હોય એજ ભારતની ભૂમિકા છે.

આંતરરાષ્ટ્રીય ધોરણની આવા પ્રકારે નોંધ લીધા પછી આગળના પ્રકરણમાં આપણે ભારતની સુરક્ષા વ્યવસ્થાનો અભ્યાસ કરવાના છીએ.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાય પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) અણુઉર્જા સમિતિની સ્થાપના કરવાનો મુખ્ય ઉદ્દેશ ............ હતો.

અ) લશ્કરી ક્ષમતા નિર્માણ કરવી
બ) અણુપરીક્ષણ કરવું
ક) અણુશસ્ત્રોનો પ્રસાર રોકવો
ડ) ઉર્જાની નિર્મિતિ

૨) જગતના સર્વ રાષ્ટ્રોનો સૌથી મહત્વનો ઉદ્દેશ ................ છે.
   અ) આણ્વિક વિકાસ   બ) આર્થિક વિકાસ
   ક) અણુ પરીક્ષણ   ડ) સુરક્ષા વ્યવસ્થા

૩) ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણમાં મુખ્યત્વે નીચેની બાબત મહત્વની છે.
   અ) મુક્ત આર્થિક ધોરણ
   બ) પરસ્પરાવલંબન   ક) અલિપ્તતાવાદ
   ડ) આણ્વિક વિકાસ

૪) ઈ.સ. ૧૯૭૪ માં ભારતે ............ માં અણુપરીક્ષણ કર્યું.
   અ) શ્રી હરીકોટા   બ) થુંબા
   ક) પોખરણ   ડ) જૈતાપૂર

**૨. નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે સકારણ સ્પષ્ટ કરો.**

૧) પં. નેહરુએ ભારત-ચીન સંબંધ સુધારવામાં મોટું યોગદાન આપ્યું.

૨) અટલબિહારી વાજપેયીએ પાકિસ્તાન સાથેના સંબંધ સુધારવામાં આગળ પડતો ભાગ લીધો.

**૩. આગળની સંકલ્પના સ્પષ્ટ કરો.**

૧) ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ

૨) રાષ્ટ્રીય હિતસંબંધ

૩) જાગતિક શાંતિ

**૪. અણુશસ્ત્રો સજ્જતાથી જાગતિક શાંતિ સામે ભય નિર્માણ થયો છે આ વિષે તમને શું લાગે છે?**


**૫. નીચેના પ્રશ્નોના ટૂંકમા ઉત્તર લખો.**

૧) ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ કયા મૂલ્યો પર આધારિત છે?

૨) ભારત-ચીન સંબંધ સુધારવામાં કોણે કોણે યોગદાન આપ્યું?

૩) ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણના ઉદ્દેશો લખો

**૬. સંકલ્પના ચિત્ર તૈયાર કરો.**




**ઉપક્રમ**

પ્રાચીન કાળમાં ભારતનાં કયા કયા દેશો સાથે વ્યાપારી સંબંધ હતા તેની માહિતી મેળવો

# ૩ ભારતની સુરક્ષા વ્યવસ્થા

## ચાલો, પુનરાવર્તન કરીએ

પહેલાંના પ્રકરણમાં આપણે ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણ સંબંધી અભ્યાસ કર્યો. પરદેશી આક્રમણ અને અંતર્ગત અવ્યવસ્થાથી સંરક્ષણ કરવું, સીમા રેખા સુરક્ષિત રાખવી એ દેશનો પ્રાથમિક હિત સંબંધ હોય છે તે પણ આપણને સમજાયું. તે માટે પ્રત્યેક રાષ્ટ્ર રાષ્ટ્રીય સ્તરે એક મજબૂત સુરક્ષા વ્યવસ્થા નિર્માણ કરે છે. ભારતે પણ આવી રાષ્ટ્રીય સુરક્ષા વ્યવસ્થા નિર્માણ કરી હોવાથી આ પ્રકરણમાં આપણે તેનું સ્વરૂપ અને સુરક્ષા વ્યવસ્થા સામેના આહ્વાનો વિચારવાના છીએ.

## રાષ્ટ્રીય સુરક્ષા એટલે શું?

આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા સાર્વભૌમ રાષ્ટ્રોની બનેલી છે. આ સાર્વભૌમ રાષ્ટ્રો એકબીજાને સહકાર્ય કરતા હોવા છતાં તેમનામાં કોઈક વખત સંઘર્ષ પણ થાય છે. રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે સીમારેખા માટે વાદ હોય છે, તો કોઈક વખત પાણી વહેંચણીના મુદ્દે તેમનામાં સંઘર્ષ નિર્માણ થાય છે. આંતરરાષ્ટ્રીય કરારોનું પાલન ન કરવું, પરસ્પર સતત સ્પર્ધા કરવી, પડોશી દેશોમાંથી નિર્વાસિતોના ટોળા આવવા એ સંઘર્ષના કેટલાક અન્ય કારણો હોઈ શકે. રાષ્ટ્રોમાં આવા પ્રકારે પરસ્પર વિરોધી હિતસંબંધ નિર્માણ થાય ત્યારે તેનું નિરાકરણ સમજૂતી, ચર્ચા દ્વારા કરવામાં આવે છે. પરંતુ આવો પ્રયત્ન જ્યારે અપૂરતો નીવડે ત્યારે એકાદ રાષ્ટ્ર યુદ્ધનો વિચાર કરે છે. એક રાષ્ટ્રએ બીજા રાષ્ટ્રપર આક્રમણ કરવું, રાષ્ટ્રના સાર્વભૌમત્વને પડકાર આપવાથી રાષ્ટ્રની સુરક્ષિતતા સામે જોખમ નિર્માણ થાય છે. આક્રમક રાષ્ટ્રોના લશ્કરી સામર્થ્યને કારણે આવા પ્રકારનું આહ્વાન નિર્માણ થાય છે. કોઈપણ પરિસ્થિતિમાં રાષ્ટ્રના સાર્વભૌમત્વનું અને અસ્તિત્વનું રક્ષણ કરવું એ દેશનું પહેલું કર્તવ્ય અને જવાબદારી હોવાથી દેશે પોતાની સુરક્ષા વ્યવસ્થા હંમેશા સજ્જ અને અત્યાધુનિક રાખવી પડે છે તેને રાષ્ટ્રીય સુરક્ષા કહે છે.



**કહો જોઈએ?**

પરસ્પર પૂરક અને પરસ્પર વિરોધી હિત-સંબંધોના કેટલાક ઉદાહરણ ભારત અને પાડોશી દેશોના સંદર્ભમાં તમે કહી શકશો?

## રાષ્ટ્રીય સુરક્ષાનું જતન કરવાનો માર્ગ

- રાષ્ટ્રની સુરક્ષાનો સંબંધ ભૌગોલિક સ્થિતિ સાથે રહેલો છે. કારણ કે ભૌગોલિક દૃષ્ટિએ વધુ નજીક આવેલા રાષ્ટ્રોથી રાષ્ટ્રીય સુરક્ષા સામે જોખમ નિર્માણ થવાની શક્યતા હોય છે. આપણી ભૌગોલિક સીમારેખા સામે રહેલ જોખમ ક્યા છે અને તે કોના તરફથી છે તે ઓળખવું મહત્વનું છે.

- આ જોખમ દૂર રાખવા માટે દેશે પોતાની લશ્કરી તાકાત વધારવી પડે છે. આધુનિક તંત્રજ્ઞાનનું અવલંબન લઈને જોખમનો અંદાજ કાઢવો, શસ્ત્રાસ્ત્ર નિર્મિતિ, સંરક્ષણ દળોનું આધુનિકીકરણ અને તેને અત્યાધુનિક કરવું વગેરે માર્ગ અપનાવવામાં આવે છે.

- યુદ્ધના માર્ગે સંઘર્ષનું નિરાકરણ કરવું અને રાષ્ટ્રીય સુરક્ષાની જાળવણી કરવી એ અધિક તણાવ અને આંતરરાષ્ટ્રીય શાંતિ સામે જોખમ ઉભું કરનારું હોય છે એટલે કેટલાક રાષ્ટ્રો અન્ય રાષ્ટ્રોનો ટેકો મેળવી રાષ્ટ્રીય સુરક્ષા સામેનું જોખમ ઓછું કરવાનો પ્રયત્ન કરે છે.

**વિચાર કરો અને સૂચવો**

શસ્ત્ર સામર્થ્ય બાબતે બધા દેશો સમાન સ્તરે નથી. આવી પરિસ્થિતિમાં જો આપણે શસ્ત્ર કપાતનું ધોરણ જાગતિક સ્તરે જાળવવાનું હોય તો શું કરવું પડે?

**આ તમને માન્ય છે કે?**

લશ્કરી તાકાત વધારવાના પ્રયત્નરૂપે રાષ્ટ્રો પરસ્પર શસ્ત્રાસ્ત્ર સ્પર્ધા શરૂ કરે છે. શસ્ત્રસ્પર્ધાના કારણે અસુરક્ષિતતાની ભાવના વધે છે. અસુરક્ષિતતાની ભાવના રાષ્ટ્રીય સુરક્ષા સામેના જોખમને પણ વધારે છે. આ જોખમ ટાળવા માટે શસ્ત્રસ્પર્ધાની નહિ પણ શસ્ત્રકપાતની આવશ્યકતા છે.

**પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો**

આંતરરાષ્ટ્રીય સંઘર્ષ શાંતિ અને વાટાઘાટના માધ્યમથી ઉકેલવાનો પ્રયત્ન પ્રત્યેક દેશે કરવો જોઈએ. તે માટે રાષ્ટ્રો–રાષ્ટ્રો વચ્ચે સંવાદ અને આપલે વધવી જોઈએ. રાષ્ટ્રો–રાષ્ટ્રો વચ્ચે જેટલું વધુ પરસ્પરાવલંબન, તેટલી વધુ શાંતિ અને સુરક્ષિતતા વધશે. તેથી આંતરરાષ્ટ્રીય સહકાર્ય વધારવા ચર્ચા અને વાટાઘાટો માટે જુદા જુદા માધ્યમ અને વ્યાસપીઠ ઉપલબ્ધ થશે. આર્થિક નુકસાનના ડરથી રાષ્ટ્ર યુદ્ધ ટાળવાનો પ્રયત્ન કરશે.

૧. ઉપરના પરિચ્છેદમાંથી કયો સંદેશ મળે છે?

૨. રાષ્ટ્રો–રાષ્ટ્રો વચ્ચે સંવાદ કઈ રીતે વધશે?

૩. આર્થિક નુકસાન અને યુદ્ધ વચ્ચે શો સંબંધ છે?

**ભારતની સુરક્ષા યંત્રણા :** ભૂદળ, નૌકાદળ અને વાયુદળ આ ત્રણે સંરક્ષણ દળનો ભારતની સુરક્ષા યંત્રણામાં સમાવેશ છે. ભારતની ભૌગોલિક સીમાનું રક્ષણ કરવાની જવાબદારી ભૂદળ પર હોય છે. ભારતના સાગરી સીમાનું રક્ષણ નૌકાદળ કરે છે. ભારતની હવાઈ સીમા અને અવકાશનું રક્ષણ કરવાની જવાબદારી વાયુદળની હોય છે. આ ત્રણેય દળો પર સંરક્ષણ મંત્રાલયનું નિયંત્રણ હોય છે. ભારતનું ભૂદળ ખૂબ મોટું હોવાથી તે વિશ્વમાં સાતમા ક્રમાંકે ગણાય છે. ભૂદળના પ્રમુખને 'જનરલ' કહે છે. નૌકાદળના પ્રમુખ 'ઍડમિરલ' હોય છે તો વાયુદળના પ્રમુખને 'એર ચીફ માર્શલ' કહે છે. આ ત્રણેય દળ વચ્ચે સમન્વય રાખવા માટે ૨૦૧૯માં સંરક્ષણ પ્રમુખ (Chief of Defence Staff) પદ નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રમુખની નિમણૂંક ભારતના રાષ્ટ્રપતિ કરે છે.



ભૂદળ



નૌકાદળ



વાયુદળ

**શોધો એટલે વધુ સમજાશે**

લશ્કરી શાસન એટલે શું?

આવા શાસનમાં લોકશાહી હોય કે?

ભારતના રાષ્ટ્રપતિ બધા સંરક્ષણ દળના સર સેનાપતિ (Supreme Commander of the Defence Forces) હોય છે. રાષ્ટ્રપતિની સંમતિ વિના સંરક્ષણ દળો યુદ્ધ અથવા શાંતિ સંબંધે નિર્ણય લઈ શકતા નથી. કારણકે રાષ્ટ્રપતિ નાગરી સત્તાનું પ્રતિનિધિત્વ કરે છે. લોકશાહીમાં નાગરી નેતૃત્વ લશ્કરી નેતૃત્વ કરતા શ્રેષ્ઠ મનાય છે.

ભારતની સુરક્ષા યંત્રણાના ત્રણેય સંરક્ષણ દળ અત્યાધુનિક હોવા જોઈએ. તે માટે અનેક ઉપાયયોજના કરવામાં આવે છે. તે માટે કેટલીક

સંશોધન સંસ્થા પણ સ્થાપી છે. સંરક્ષણ દળની સર્વ શ્રેણીની વ્યક્તિ પોતાનું કામ ઉત્તમ પ્રકારે પાર પાડી શકે તે માટે આપણા દેશમાં અનેક પ્રશિક્ષણ સંસ્થા પણ છે. દા.ત. પુણે નૅશનલ ડિફેન્સ ઍકેડમી, દિલ્હીની નૅશનલ ડિફેન્સ કોલેજ વગેરે.

**અર્ધલશ્કરી દળો :** ભારતના સંરક્ષણ દળોને મદદ કરવા માટે અર્ધલશ્કરી દળ હોય છે. તે પૂર્ણતઃ લશ્કર પણ નથી અને નાગરી પણ નથી. એટલે જ તેને 'અર્ધલશ્કરી દળ' કહે છે. સંરક્ષણ દળને સહાય કરવી એ તેમનું પ્રમુખ કામ હોય છે. સીમા સુરક્ષા દળ (Border Security Force), તટરક્ષક દળ (Coast Guard), કેન્દ્રિય અનામત પોલિસ દળ (Central Reserve Police Force), જલદ કૃતિદળ (Rapid Action Force) વગેરેનો અર્ધલશ્કરી દળમાં સમાવેશ થાય છે.

રેલ્વેસ્થાનકો, તેલક્ષેત્રો, જળક્ષેત્રો વગેરે મહત્વનાં સ્થળોનું સંરક્ષણ કરવાની જવાબદારી અર્ધલશ્કરી દળની હોય છે. તેમજ કુદરતી કે માનવ નિર્મિત આપદાનું વ્યવસ્થાપન કરવામાં તેમનો સહભાગ હોય છે. શાંતિનાં સમયમાં દેશની આંતરરાષ્ટ્રીય સીમાનું રક્ષણ કરવાની જવાબદારી અર્ધલશ્કરી દળની હોય છે.

સીમા નજીકના વિસ્તારમાં રહેનારા નાગરિકોના મનમાં સુરક્ષિતતાની ભાવના નિર્માણ કરવી, તસ્કરી રોકવી, સીમા ઉપર ચોકી કરવી જેવાં કામો સીમા સુરક્ષાદળ કરે છે.

ભારતના સાગરી કિનારાઓનું રક્ષણ કરવા માટે તટરક્ષક દળની સ્થાપના કરવામાં આવી છે. ભારતની સાગરી સીમામાં માછીમારી વ્યવસાયને સંરક્ષણ આપવું, સાગર માર્ગે થતી દાણચોરી રોકવી વગેરે કામો તટરક્ષક દળો પાર પાડે છે.

કાયદો અને સુવ્યવસ્થા સ્થાપવાના કાર્યમાં જુદાં જુદાં રાજ્યના પ્રશાસનને મદદ કરવાનું કામ કેન્દ્રીય અનામત પોલીસદળ કરે છે.

બોંબ સ્ફોટ, હુલ્લડો વગેરેને લીધે દેશની સુરક્ષા જોખમાય ત્યારે ઝડપી વ્યવસ્થા કરીને જનજીવન ફરીથી સુવ્યવસ્થિત કરવાનું કામ જલદ કૃતિદળ કરે છે.

વિદ્યાર્થીઓમાં શિસ્ત અને લશ્કરી શિક્ષણની રુચિ નિર્માણ થાય એ હેતુથી રાષ્ટ્રીય છાત્રસેના એટલે કે એન.સી.સી.ની સ્થાપના કરવામાં આવી છે. તેમાં શાળા, કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સહભાગી થઈ શકે છે.

**ગૃહરક્ષક દળ :** સ્વાતંત્ર્ય પૂર્વેના સમયમાં ગૃહરક્ષક દળ (હોમગાર્ડ) સંગઠન સ્થાપવામાં આવ્યું. ગૃહરક્ષક દળમાં જોડાઈને નાગરિક દેશના સંરક્ષણ માટે મદદરૂપ બની શકે છે. વીસથી પાંત્રીસ વર્ષની વયના કોઈપણ સ્ત્રી-પુરુષ નાગરિકો આ દળમાં જોડાઈ શકે છે.

પોલીસની સાથોસાથ સાર્વજનિક સુરક્ષિતતા જાળવવી, રમખાણો કે બંધ (હડતાળ) વખતે દૂધ-પાણી જેવી જીવનાવશ્યક વસ્તુઓનો પૂરવઠો પૂરો પાડવો, વાહનવ્યવહારની વ્યવસ્થા કરવી, ધરતીકંપ, પૂર જેવી કુદરતી આપત્તિઓ વખતે લોકોને મદદ કરવી વગેરે કામો આ દળે કરવાના હોય છે.

## ભારતની સુરક્ષા સામેના પડકારો

- સ્વાતંત્ર્ય મળ્યું ત્યારથી આજ સુધી ભારતની સુરક્ષા સામે પાકિસ્તાન અને ચીન જેવા રાષ્ટ્રોએ જોખમ નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે અનેક વિવાદગ્રસ્ત પ્રશ્ન છે. દા.ત. કાશ્મીરની સમસ્યા, પાણી વહેંચણી મુદ્દે ઝઘડા, ઘુસણખોરીની સમસ્યા, સીમાવાદ વગેરે. આ પ્રશ્ન ચર્ચા અને વાટાઘાટના માધ્યમથી ઉકેલવાનો પ્રયત્ન ભારત સાતત્યપૂર્વક કરે છે (ભારત-પાકિસ્તાન સંબંધ વિશે તમને પ્રકરણ-૬ માં વધુ અભ્યાસ કરવા મળશે).

- એશિયા ખંડમાં ભારત અને ચીન મહત્વના દેશ છે. ૧૯૬૨ માં ચીન સાથે આપણું યુદ્ધ થયું હતું. ભારતના પાડોશી રાષ્ટ્રો ઉપર પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરવાનો ચીન પ્રયત્ન કરતું હોવાથી ભારત-ચીન સંબંધોમાં

તણાવ છે. સીમારેખા બાબતે પણ ભારત–ચીન વચ્ચે વિવાદ છે.

- ભારતની સુરક્ષિતતાને ફક્ત પરરાષ્ટ્રો તરફથી જ જોખમ છે એવું નથી, અંતર્ગત ક્ષેત્રોમાંથી પણ સુરક્ષિતતા સામે જોખમ ઊભું કરવાનો પ્રયત્ન થાય છે. રાષ્ટ્રીય સુરક્ષિતતાના સંદર્ભે હવે બાહ્ય સુરક્ષિતતા અને અંતર્ગત સુરક્ષિતતા એવો તફાવત મહત્ત્વનો રહ્યો નથી. ધર્મ, પ્રાદેશિકતા, વૈચારિક, વાંશિક, આર્થિક વગેરે વિષયો પર અનેક વિદ્રોહી ચળવળો અંતર્ગત ક્ષેત્રોમાં અસ્થિરતા નિર્માણ કરે છે. ઉદા. નક્ષલવાદી ચળવળ.
- આંતકવાદ ભારતની અંતર્ગત સુરક્ષા સંદર્ભે સૌથી મોટું આવ્હાન છે. આંતકવાદ એક વૈશ્વિક સમસ્યા હોવાથી તેનો નાશ કરવા ભારત પ્રયત્નશીલ છે.

## માનવ સુરક્ષા

શીતયુદ્ધ પછીના કાળમાં રાષ્ટ્રીય સુરક્ષાની કલ્પનામાં બદલાવ થયો હોવાથી તે વધુ વ્યાપક થઈ છે. રાષ્ટ્રીય સુરક્ષા એટલે ફક્ત દેશની સુરક્ષા જ નહીં પણ તેમાં રહેનારા માનવોની પણ સુરક્ષા એવો નવો વિચાર તેમાં સમાવિષ્ટ થયો છે. કારણકે દેશની સુરક્ષા પણ અંતતઃ માનવો માટે જ હોય છે. એટલે જ માનવીને કેન્દ્રસ્થાને રાખી નવેસરથી કરેલો સુરક્ષાનો વિચાર એટલે જ માનવસુરક્ષા. માનવ સુરક્ષામાં માનવીનું દરેક પ્રકારના જોખમથી સંરક્ષણ કરી તેને શિક્ષણ, આરોગ્ય અને વિકાસની તક આપવી અપેક્ષિત છે.

નિરક્ષરતા, દારિદ્રય, અંધશ્રદ્ધા, પછાતપણું દૂર કરી બધા માટે સન્માનથી જીવવા માટેની પોષક પરિસ્થિતિ નિર્માણ કરવી એ બાબતનો સમાવેશ માનવ સુરક્ષામાં થાય છે. અલ્પસંખ્યક અને દુર્બળ ઘટકોના હકોનું સંરક્ષણ પણ માનવી સુરક્ષા માટે આવશ્યક છે.

## માનવી સુરક્ષા સામેના આવ્હાન

૧) માનવી સુરક્ષા સામેનું સૌથી મોટું આવ્હાન એટલે આંતકવાદ. આંતકવાદીઓનું લક્ષ જ સામાન્ય, નિરપરાધી માનવો હોય છે. તેમના મનમાં આંતક કે ડર નિર્માણ કરી તેમનામાં અસુરક્ષિતતાની ભાવના નિર્માણ કરવી એ આંતકવાદનો હેતુ છે. તેથી માનવી સુરક્ષા માટે આંતકવાદ નષ્ટ કરવો જરૂરી છે.

### ચર્ચા કરો

- માનવી સુરક્ષા માટે લોકશાહી શાસન વ્યવસ્થા જ ઉપયુક્ત છે એવું તમને લાગે છે કે? ચર્ચામાં તમે કયા મુદ્દા રજૂ કરશો?
- માનવી સુરક્ષા માટે કૌટુંબિક સ્તરે કયા પ્રયત્ન કરી શકાય?

૨) પર્યાવરણમાં થતાં બદલાવના કારણે અને પ્રદૂષણના કારણે પણ માનવ જીવન સામે જોખમ ઊભું થયું છે. એઈડ્સ, ડેંગ્યૂ, ચિકન ગુનિયા, સ્વાઈન ફ્લુ, ઈબોલા, કોરોના જેવા રોગોએ મોટું આવ્હાન નિર્માણ કર્યું છે. આવા રોગોથી માનવીનું સંરક્ષણ એ પણ માનવી સુરક્ષાનો જ ઘટક મનાય છે.

### તમને શું લાગે છે?

સમાજમાં વધતી હિંસા માનવી સુરક્ષા માટે જોખમ નિર્માણ કરે છે. હિંસા વધે નહીં તે માટે દરેક સ્તરે કયા પ્રકારે શાંતિની પ્રક્રિયા નિર્માણ કરી શકાશે?

ભારતની સુરક્ષા વ્યવસ્થાનું સ્વરૂપ આપણે આ પ્રકરણમાં શીખ્યા. રાષ્ટ્રીય સુરક્ષાથી માનવી સુરક્ષા એવી સુરક્ષા સંબંધી કલ્પનામાં થયેલો બદલાવ પણ આપણે આ પ્રકરણમાં સમજ્યા. હવે પછીના પ્રકરણમાં આપણે સંયુક્ત રાષ્ટ્રસંઘ નામની આંતરરાષ્ટ્રીય સંઘટનાનો અભ્યાસ કરવાના છીએ. માનવી સુરક્ષા માટે તે કઈ ઉપાય યોજના કરે છે, તે શીખીશું.



## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

૧) ભારતના ............... એ સર્વ સંરક્ષણ દળના સરસેનાપતિ હોય છે.
   અ) વડાપ્રધાન   બ) રાષ્ટ્રપતિ
   ક) સંરક્ષણ મંત્રી   ડ) સરસેનાપતિ

૨) ભારતના સાગરી કિનારાના રક્ષણની જવાબદારી નિભાવતું દળ ..........
   અ) ભૂમિદળ   બ) તટરક્ષક દળ
   ક) સીમા સુરક્ષા દળ   ડ) જલદ કૃતિદળ

૩) વિદ્યાર્થીઓમાં શિસ્ત અને લશ્કરી શિક્ષણની રુચિ નિર્માણ કરવા માટે ............. ની સ્થાપના કરવામાં આવી.
   અ) બી.એસ.એફ.   બ) સી.આર.પી.એફ.
   ક) એન.સી.સી.   ડ) આર.એ.એફ.

**૨. નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે સકારણ સ્પષ્ટ કરો.**

૧) માનવી સુરક્ષા માટે આતંકવાદ નષ્ટ કરવો જરૂરી છે.

૨) પ્રત્યેક રાષ્ટ્ર પોતાના માટે મજબૂત સુરક્ષા વ્યવસ્થા નિર્માણ કરે છે.

૩) ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ જ વિવાદાસ્પદ પ્રશ્ન નથી.

**૩. નીચેની સંકલ્પના સ્પષ્ટ કરો.**

૧) જલદ કૃતિદળનાં કાર્ય   ૨) માનવી સુરક્ષા
૩) ગૃહરક્ષક દળ

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**


૧) રાષ્ટ્રની સુરક્ષાને કઈ બાબતોથી જોખમ નિર્માણ થાય છે?
૨) સીમા સુરક્ષા દળના કાર્ય લખો.
૩) માનવી સુરક્ષા એટલે શું?

**૫. આપેલી સૂચના અનુસાર કૃતિ કરો.**

૧) સુરક્ષા દળ વિશે નીચે આપેલું કોષ્ટક પૂર્ણ કરો.

| સુરક્ષા દળનું નામ | કાર્યો | અધ્યક્ષ | હાલમાં કાર્યરત પ્રમુખનું નામ |
|---|---|---|---|
| ભૂમિદળ | ------- | ---- | ------- |
| ----- | ------- | ઍડમિરલ | ------- |
| ----- | ભારતની હવાઈ સીમાનું અને અવકાશનું રક્ષણ કરવું | ---- | ------- |

૨) ભારતની સુરક્ષા સામેના આવ્હાનો નીચેના સંકલ્પના ચિત્રની મદદથી દર્શાવો.




**ઉપક્રમ**

'ભારતની સુરક્ષા સામેના આવ્હાનો' આ વિષય પર શાળામાં ચર્ચાસત્ર આયોજિત કરો.

3PANBH

# ૪ સંયુક્ત રાષ્ટ્રસંઘ

આ પ્રકરણમાં આપણે નવું શું શીખવાના છીએ? આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને સુરક્ષિતતા રહે તે માટે 'સંયુક્ત રાષ્ટ્રસંઘ' આ આંતરરાષ્ટ્રીય સંઘટનાની સ્થાપના કરવામાં આવી. આ સંઘટનાના ઉદ્દેશ્યો, તત્ત્વો, રચના અને શાંતિ રક્ષણમાં તેની ભૂમિકાનો અભ્યાસ પ્રસ્તુત પ્રકરણમાં કરવાનો છે.

## સંયુક્ત રાષ્ટ્રસંઘ : પાર્શ્વભૂમિ

વીસમી સદીના પૂર્વાર્ધમાં બે વિશ્વયુદ્ધો થયા. આ વિશ્વયુદ્ધોને લીધે મોટા પ્રમાણમાં જાનહાનિ અને માલહાનિ થઈ. તેથી જાગતિક શાંતિ પ્રસ્થાપિત કરવા માટે એક યંત્રણા નિર્માણ કરવી જોઈએ એ હેતુથી પહેલા વિશ્વયુદ્ધ પછી રાષ્ટ્રસંઘ અને બીજા વિશ્વયુદ્ધ પછી સંયુક્ત રાષ્ટ્રસંઘ આ આંતરરાષ્ટ્રીય સંઘટનાની સ્થાપના કરવામાં આવી. પહેલા વિશ્વયુદ્ધ પછી સ્થાપન થયેલા રાષ્ટ્રસંઘને કાંઈ ખાસ યશ મળ્યો નહી. પણ બીજા વિશ્વયુદ્ધમાં અણુબોમ્બનો વપરાશ થયા પછી આવા પ્રકારના વિનાશકારી યુદ્ધો અટકવાં જોઈએ અને એ બધાં જ રાષ્ટ્રોની સામૂહિક જવાબદારી છે, એવો વિચાર બળવતર થયો. આવી જાગૃતિ દરેક રાષ્ટ્રોમાં નિર્માણ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ સંઘટનાની સ્થાપના બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થયા પછી કરવામાં આવી.

## સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપનાનો કાળક્રમ

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ૧૪ ઑગસ્ટ ૧૯૪૧ના રોજ ઈંગ્લેંડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અને અમેરિકન રાષ્ટ્રાધ્યક્ષ ફ્રેંકલિન ડી. રૂઝવેલ્ટ વચ્ચે એટલાંટિક કરાર થયો. આ કરાર અનુસાર યુદ્ધ સમાપ્ત થતાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા નિર્માણ કરવા માટે એક કાયમી સ્વરૂપની યંત્રણા સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણય પર ૧૯૪૪ અને ૧૯૪૫માં બનેલા મિત્ર રાષ્ટ્રોની પરિષદમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને તે અનુસાર આંતરરાષ્ટ્રીય સંઘટના સ્થાપન કરવાના કરારનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. અમેરિકાના સૅનફ્રાન્સિસ્કોમાં ૧૯૪૫માં પચાસ રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ સવિસ્તર ચર્ચા કરીને સંયુક્ત રાષ્ટ્રસંઘની સનદ તૈયાર કરી. આ સનદ પર હસ્તાક્ષર કર્યા બાદ યુદ્ધ સમાપ્ત થતાં જ ૨૪ ઑક્ટોબર ૧૯૪૫ના રોજ 'સંયુક્ત રાષ્ટ્રસંઘ' સંઘટનાની સ્થાપના કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રસંઘ એ સાર્વભૌમ રાષ્ટ્રોની સંઘટના છે.



**કહો જોઉં?**

- યુદ્ધના સમયે થયેલી પરિષદોમાં ભારત સહભાગી થયું હતું કે?
- સંયુક્ત રાષ્ટ્ર દિન તરીકે કયો દિવસ ઉજવાય છે?

## સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉદ્દેશો

સંયુક્ત રાષ્ટ્રસંઘ એ વિશ્વમાં સૌથી મોટી આંતરરાષ્ટ્રીય સંઘટના છે. શરૂઆતમાં ફક્ત ૫૦ દેશ આ સંઘટનાના સભ્ય હતા. આજે આ સંખ્યા ૧૯૩ જેટલી છે. આ સર્વ સભ્ય રાષ્ટ્રો સંયુક્ત રાષ્ટ્રસંઘની વ્યાસપીઠ પર એકત્રિત થાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના કેટલાંક નિશ્ચિત ઉદ્દેશો છે. ટૂંકમાં કહીએ તો સંયુક્ત રાષ્ટ્રસંઘ જાગતિક શાંતિ સ્થાપવા માટે આવશ્યક બધી ઉપાય યોજના કરે છે.

- રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો પ્રસ્થાપિત કરવા.
- આંતરરાષ્ટ્રીય પ્રશ્નો શાંતિમય માર્ગે ઉકેલવા અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા વધારવી.
- માનવી હક્કનું, સ્વાતંત્ર્યનું જતન અને સંવર્ધન કરવું.

તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક સહકાર્ય વધારવું એ પણ સંયુક્ત રાષ્ટ્રસંઘનો હેતુ છે.

સાર્વભૌમ રાષ્ટ્રોના રાજનૈતિક વિશેષાધિકારોનો આદર કરવો, બીજા દેશો પર આક્રમણ ન કરવું, આંતરરાષ્ટ્રીય કાયદાઓનું અને કરારોનું પાલન કરવું એ બધા સભ્ય રાષ્ટ્રોનું કર્તવ્ય છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ એ સાર્વભૌમ રાષ્ટ્રોએ એક થઈને સ્થાપેલી સંઘટના છે. તેથી સાહજિક જ તે કેટલાંક તત્ત્વો પર અથવા નિયમો પર આધારિત છે. તે તત્ત્વો ટૂંકમાં નીચે પ્રમાણે છે.

## સંયુક્ત રાષ્ટ્રસંઘના તત્ત્વો

૧. બધા સભ્ય રાષ્ટ્રોનો દરજ્જો સમાન હશે. ભૌગોલિક આકાર, આર્થિક અને લશ્કરી બળના આધારે રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે ભેદભાવ કરવામાં આવતો નથી.

૨. સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય રાષ્ટ્રોએ પરસ્પરના સ્વાતંત્ર્ય અને ભૌગોલિક એકાત્મતાનો આદર કરવો.

૩. સર્વ સભ્ય રાષ્ટ્રોએ પોતાના આંતરરાષ્ટ્રીય પ્રશ્નો, વિવાદ શાંતિમય માર્ગે ઉકેલવા.

નીચેના પ્રશ્નોના ઉત્તરો આપી શકશો ?

- આંતરરાષ્ટ્રીય સુરક્ષા સામે જોખમ નિર્માણ થતાં સંયુક્ત રાષ્ટ્રસંઘ સશસ્ત્ર હસ્તક્ષેપ કરી શકે?
- માનવી હક અને સ્વાતંત્ર્યના સંવર્ધન માટે સંયુક્ત રાષ્ટ્રસંઘે કયા પગલાં ભર્યા છે?

**સંયુક્ત રાષ્ટ્રસંઘની રચનાઃ** સંયુક્ત રાષ્ટ્રસંઘની સનદમાં આ સંઘટનાની રચના અને કાર્યપદ્ધતિ વિશેની માહિતી આપેલી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના મુખ્યત્વે છ ઘટકો અથવા શાખાઓ છે.

૧) આમસભા ૨) સુરક્ષા પરિષદ ૩) આર્થિક અને સામાજિક પરિષદ ૪) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય ૫) વિશ્વસ્ત મંડળ ૬) સચિવાલય.



સંયુક્ત રાષ્ટ્રસંઘ – આમસભા.

આ છ શાખાઓ સિવાય સંયુક્ત રાષ્ટ્રસંઘના કાર્યમાં મદદ કરનારી સંયુક્ત રાષ્ટ્રસંઘની અનેક સંલગ્ન સંસ્થાઓ છે. તે સંસ્થાઓને વિશેષ કાર્યાત્મક સંસ્થા કહે છે. વિશિષ્ટ કાર્યક્ષેત્રમાં કામ કરનારી આવી સંસ્થાઓ વિશ્વના રાષ્ટ્રોને જે તે કાર્યમાં મદદ કરે છે. આંતરરાષ્ટ્રીય કામગાર સંગઠન (ILO), અન્ન અને ખેતી સંગઠન (FAO), જાગતિક આરોગ્ય સંગઠન (WHO), જાગતિક બેંક (WB), આંતરરાષ્ટ્રીય નાણાનિધી (IMF), સંયુક્ત રાષ્ટ્રસંઘ બાલ નિધી (UNICEF), સંયુક્ત રાષ્ટ્રસંઘની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંઘટના (UNESCO) આવી કેટલીક મહત્ત્વપૂર્ણ સંલગ્ન સંસ્થાઓ છે.

**આમસભા:** સંયુક્ત રાષ્ટ્રસંઘના સર્વ સભ્ય દેશ (રાષ્ટ્ર) આમસભાના સભ્ય હોય છે. દેશ શ્રીમંત હોય કે ગરીબ, મોટો હોય કે નાનો, સર્વ સભ્ય રાષ્ટ્રોનું સ્થાન અને દરજ્જો સમાન હોય છે. એટલે કે દરેક રાષ્ટ્રને એક જ મત હોય છે. દર વર્ષે સપ્ટેમ્બર થી ડિસેમ્બર દરમ્યાન આમસભાનું અધિવેશન હોય છે. આ અધિવેશનમાં પર્યાવરણ, નિઃશસ્ત્રીકરણ જેવા મહત્ત્વપૂર્ણ જાગતિક વિષયો પર ચર્ચા થાય છે. આમસભાના નિર્ણયો બહુમતીથી લેવાય છે. આ નિર્ણય ઠરાવ સ્વરૂપે હોય છે. એટલે કે આમસભા માત્ર ઠરાવ કરે છે, કાયદા કરતી નથી. સભ્ય રાષ્ટ્રોના પ્રતિનિધિઓને ભેગા મળીને ચર્ચા કરવા માટે, મહત્ત્વના જાગતિક પ્રશ્નો પર ધોરણ નક્કી કરવા માટે એક વ્યાસપીઠ તરીકે આમસભાનું મહત્ત્વ છે.

### આમસભાના કાર્યો

૧) સુરક્ષા સમિતિના અસ્થાયી સભ્યોની નિમણૂંક કરવી.

૨) સુરક્ષા પરિષદની (સમિતિની) સાથે સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ અને આંતરરાષ્ટ્રીય ન્યાયાલયના ન્યાયાધીશની નિમણૂંક કરવી

૩) સંયુક્ત રાષ્ટ્રસંઘના વાર્ષિક અંદાજપત્રને મંજૂરી આપવી.

સંયુક્ત રાષ્ટ્રસંઘનું મુખ્ય કાર્યાલય ન્યૂયોર્કમાં આવેલું છે. અંગ્રેજી, ફ્રેંચ, રશિયન, સ્પેનિશ, ચિની અને અરબી આ સંયુક્ત રાષ્ટ્રસંઘની અધિકૃત ભાષા છે.

**સુરક્ષા પરિષદ :** સુરક્ષા પરિષદમાં કુલ ૧૫ સભ્ય હોય છે. તે પૈકી ૫ (પાંચ) સભ્ય સ્થાયી અને ૧૦ સભ્ય અસ્થાયી સ્વરૂપે હોય છે. અસ્થાયી સભ્ય રાષ્ટ્રોની પસંદગી દર બે વર્ષે આમસભા કરે છે. અમેરિકા, રશિયા, ઇંગ્લેંડ, ફ્રાન્સ અને ચીન સુરક્ષા સમિતિના સ્થાયી સભ્યો છે. તેમને નકારાધિકારનો અધિકાર છે. કોઈપણ મહત્ત્વના પ્રશ્નો પર નિર્ણય લેવા માટે ૫ (પાંચ) સ્થાયી સભ્ય અને ઓછામાં ઓછા ૪ અસ્થાયી સભ્યોની મંજૂરી હોવી આવશ્યક હોય છે. સ્થાયી સભ્યો પૈકી કોઈપણ એક સભ્યે જો નકારાધિકારનો ઉપયોગ કર્યો, એટલે કે જો વિરોધી મત આપ્યો તો પણ નિર્ણય લઈ શકાતો નથી.

### સુરક્ષા પરિષદના કાર્યો

૧) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષિતતા રાખવી એ સુરક્ષા પરિષદની મુખ્ય જવાબદારી છે. આંતરરાષ્ટ્રીય સંઘર્ષોની પરિસ્થિતિમાં સંઘર્ષ દૂર કરી શાંતિ પ્રસ્થાપિત કરવા માટે પ્રયત્ન કરવા, આર્થિક પ્રતિબંધ મૂકવા અથવા આક્રમક રાષ્ટ્ર વિરોધી લશ્કરી કાર્યવાહી કરવાનો નિર્ણય લેવો તે પૈકી એક પર્યાય સુરક્ષા પરિષદ સૂચવે છે.

૨) શસ્ત્રાસ્ત્ર નિયંત્રણ માટે યોજના તૈયાર કરવાનું કામ સુરક્ષા પરિષદ કરે છે.

૩) આમસભાની સાથે સાથે આંતરરાષ્ટ્રીય ન્યાયાલયના ન્યાયાધીશ અને સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવની નિમણૂંક કરવામાં સુરક્ષા પરિષદનો સહભાગ હોય છે.

સુરક્ષા પરિષદની રચનામાં ફેરફાર થાય અને તેનું સ્વરૂપ વધુ લોકશાહીપૂર્ણ થાય એ દૃષ્ટિએ હાલમાં સુધારણા સૂચવવામાં આવે છે. સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી સભ્યપદ મળે તે માટે ભારત પ્રયત્નશીલ છે.

**આર્થિક અને સામાજિક પરિષદ :** સંયુક્ત રાષ્ટ્રસંઘના આર્થિક અને સામાજિક કાર્યો વચ્ચે સમન્વય સાધવો એ આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ પરિષદમાં કુલ ૫૪ સભ્યો છે. તેમની નિમણૂંક આમસભા કરે છે. દરેક સભ્યનો કાર્યકાળ ૩ વર્ષનો હોય છે. દર વર્ષે ૧/૩ જેટલા નવા સભ્યોની નિમણૂંક કરાય છે. આ પરિષદના નિર્ણય બહુમતીથી લેવાય છે.

**કાર્યો**

૧) ગરીબી, બેરોજગારી, આર્થિક અને સામાજિક વિષમતા જેવા પ્રશ્નોની વૈશ્વિક સ્તરે ચર્ચા કરવી અને ઉપાયયોજના સૂચવવી.

૨) સ્ત્રી વિષયક પ્રશ્નો, સ્ત્રી સશક્તિકરણ, માનવી હક, મૂળભૂત સ્વાતંત્ર્ય, જાગતિક વેપાર, આરોગ્ય વિષયક સમસ્યા જેવા પ્રશ્નો પર ચર્ચા કરી નિર્ણય લેવો.

૩) આંતરરાષ્ટ્રીય સ્તરે સાંસ્કૃતિક અને શૈક્ષણિક સહકાર્ય પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો.

૪) સંયુક્ત રાષ્ટ્રસંઘ સાથે સંલગ્ન હોય તેવી વિવિધ સંઘટનાના કાર્યમાં સુસૂત્રતા અને સમન્વય રાખવો.

**સચિવાલય :** સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રશાસકીય કામકાજ સંભાળવાની જવાબદારી સચિવાલય પર છે. સચિવાલયના પ્રમુખને મહાસચિવ કહે છે. તેમની નિમણૂંક આમસભા અને સુરક્ષા પરિષદ કરે છે. તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે.

**લખોઃ**

* અત્યાર સુધીના મહાસચિવોના નામ લખો.
* મહાસચિવ એ મહાસત્તાના નાગરિક હોવા જોઈએ એવું બંધન છે કે?
* કયા રાષ્ટ્રોના નાગરિકોને મહાસચિવ પદ માટે પ્રાધાન્ય અપાય છે?
* હાલના મહાસચિવ કોણ છે અને તે કયા દેશના છે?

**કાર્યો**

૧) હવામાનમાં થતો ફેરફાર, માનવી હક, નિઃશસ્ત્રીકરણ જેવા જાગતિક પ્રશ્નો પર આંતરરાષ્ટ્રીય પરિષદો ભરવી.

૨) આમસભા અને સુરક્ષા પરિષદની બેઠકો આયોજિત કરવી.

૩) માહિતીનું સંકલન કરવું.

૪) પ્રસાર માધ્યમોને માહિતી પૂરી પાડવી.

**આંતરરાષ્ટ્રીય ન્યાયાલયઃ** આંતરરાષ્ટ્રીય ન્યાયાલય એટલે સંયુક્ત રાષ્ટ્રસંઘની ન્યાયાલયીન શાખા – આંતરરાષ્ટ્રીય ન્યાયાલય નેધરલૅંડ દેશના 'દ હેગ'માં છે. આ ન્યાયાલયમાં કુલ ૧૫ ન્યાયાધીશ હોય છે. તેમની નિમણૂંક આમસભા અને સુરક્ષા પરિષદ કરે છે. પ્રત્યેક ન્યાયાધીશનો કાર્યકાળ ૯ વર્ષનો હોય છે.

**કાર્યો**

૧) સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય હોય એવા બે અથવા વધુ રાષ્ટ્રો વચ્ચેના ઝઘડાનો નિકાલ લાવવો.

૨) આંતરરાષ્ટ્રીય કાયદાઓનું યોગ્ય અર્થઘટન કરવું.

૩) સંયુક્ત રાષ્ટ્રસંગઠનની વિવિધ શાખા કે સંલગ્ન સંસ્થાઓને કાયદા સંબંધિત પ્રશ્નો પર સલાહ આપવી.

**આંતરરાષ્ટ્રીય ગુનેગારી ન્યાયાલય :** આંતરરાષ્ટ્રીય ગુનેગારી ન્યાયાલય એ આંતરરાષ્ટ્રીય સંગઠન અને એક આંતરરાષ્ટ્રીય ન્યાયાલય હોવાથી તેનું મુખ્ય કાર્યાલય નેધરલૅંડના દ હેગમાં છે. વંશસંહાર, યુદ્ધકાલીન ગુના અને માનવતાવાદ વિરુદ્ધ ગુના જેવા આંતરરાષ્ટ્રીય સમુદાય માટે ચિંતાજનક ગંભીર ગુનામાં સમાવિષ્ટ હોય તેવી વ્યક્તિ પરના આરોપોની તપાસ કરવી અને તેના પર ખટલો ચલાવવાનું કાર્ય આ ન્યાયાલય કરે છે.

**વિશ્વસ્ત મંડળ :** બીજા વિશ્વયુદ્ધ પછીના સમયમાં જે પ્રદેશો કે વસાહતો અવિકસિત હતી, તેમના વિકાસની જવાબદારી કેટલાંક વિકસિત રાષ્ટ્રોને સોંપવામાં આવી હતી. તે વિકસિત રાષ્ટ્રોએ આવા પ્રદેશોના વિકાસમાં મદદ કરવી અને તેમની સ્વતંત્રતા મેળવવામાં તેમ જ ત્યાં લોકશાહીની સ્થાપના કરવામાં મદદ કરવી અપેક્ષિત હતું અને તેનું ઉત્તરદાયિત્વ વિશ્વસ્ત મંડળને સોંપવામાં આવ્યું. આ વિશ્વસ્ત મંડળનું કાર્ય હાલમાં અસ્તિત્વમાં નથી.

વિશ્વસ્ત મંડળનું કાર્ય ૧ નવેમ્બર ૧૯૯૪ના રોજ પલાઉ દેશને સ્વાતંત્ર્ય મળતાં પૂર્ણ થયું છે. પલાઉ એ ફિલિપાઇન્સ રાષ્ટ્રની ૫૦૦ મીટર પૂર્વમાં આવેલો પ્રશાંત મહાસાગરમાંનો એક ટાપુ છે.

## સહસ્ત્રકના વિકાસ ઉદ્દેશોઃ

સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય રાષ્ટ્રોએ ૨૦૦૦ની સાલમાં એકત્ર મળીને નવા સહસ્ત્રકના વિકાસ ઉદ્દેશો નિશ્ચિત કર્યા. તેમાનાં કેટલાંક મહત્ત્વના ઉદ્દેશો નીચે આપેલા છે.

- ગરીબી અને ભૂખમરાનું નિર્મૂલન કરવું.
- પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરવી.
- સ્ત્રી સશક્તિકરણ કરવું, બાળમૃત્યુનું પ્રમાણ ઓછું કરવું.
- ગર્ભવતી સ્ત્રીઓના આરોગ્યની વિશેષ કાળજી લેવી.
- એઇડ્સ, મલેરિયા વગેરે રોગોને માત કરવા.
- પર્યાવરણનું રક્ષણ કરવું અને વિકસિત તથા વિકાસશીલ દેશો વચ્ચે સહકાર્ય વધારવું.

આ ઉદ્દેશો સાધ્ય કરવા માટે નિશ્ચિત સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે.

યુનિસેફ અને યુનેસ્કોની મદદથી ભારતે સહસ્ત્રકના વિકાસ ઉદ્દેશો સાધવામાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ બાલનિધી એટલે યુનિસેફ (UNICEF) સંયુક્ત રાષ્ટ્રસંઘની સંલગ્ન સંસ્થા છે. નાના બાળકોને પોષક આહાર અને આરોગ્ય સેવા પૂરી પાડવા માટે યુનિસેફ કાર્ય કરે છે. યુનિસેફની મદદથી ભારતમાં બાળ કુપોષણની સમસ્યા માટે ઉપાયયોજના કરવા માટે વિવિધ કાર્યશાળા આયોજિત કરવામાં આવી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સંલગ્ન સંસ્થા UNESCO ની મદદથી શિક્ષણ, વિજ્ઞાન, સંસ્કૃતિ વચ્ચે સહકાર્ય વધારી જગતમાં શાંતિ અને સુરક્ષા કાયમ કરવાનો પ્રયત્ન કર્યો છે.

## સંયુક્ત રાષ્ટ્રસંઘ અને શાંતિ રક્ષણ

આંતરરાષ્ટ્રીય સંઘર્ષો શાંતિના માર્ગે ઉકેલવા એ સંયુક્ત રાષ્ટ્રસંઘનો ઉદ્દેશ છે. આ ઉદ્દેશ સાધ્ય કરવા માટે કયો માર્ગ વાપરવો તેનો સંયુક્ત રાષ્ટ્રસંઘની સનદમાં ઉલ્લેખ કરેલો છે. જે રાષ્ટ્રો વચ્ચે સંઘર્ષ છે તે રાષ્ટ્રોને માન્ય હોય તેવો મધ્યસ્થી નીમવો, ન્યાયિક પ્રક્રિયાનો ઉપયોગ કરવો, સંઘર્ષ ઉકેલવા લવાદની સ્થાપના કરવી, જરૂર પડે લશ્કરનો ઉપયોગ કરવો અને ફરી સંઘર્ષ થાય નહીં તેની કાળજી લેવી વગેરે માર્ગોનો આમાં સમાવેશ કરેલો છે. આધુનિક કાળમાં આતંકવાદ, વાંશિક અને ધાર્મિક સંઘર્ષને લીધે માનવી સુરક્ષા સામે જોખમ ઊભું થયું છે. તેથી સંયુક્ત રાષ્ટ્રસંઘના શાંતિ રક્ષણના કાર્યને મહત્ત્વ પ્રાપ્ત થયું છે. સંઘર્ષગ્રસ્ત પ્રદેશોમાં ફરી હિંસાનો ઉપદ્રવ થાય નહીં અને ત્વરિત સામાન્ય સ્થિતિ નિર્માણ થાય તે માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ પ્રયત્ન કરે છે. ઉદા. શાળા શરૂ કરવી, જનતામાં માનવી હક વિષયક જાગૃતતા નિર્માણ કરવી, સામાજિક, આર્થિક, રાજકીય સુવિધા નિર્માણ કરવી, ચૂંટણીઓ કરાવવી વગેરે.

* શિક્ષકોની મદદથી યુગોસ્લાવ્હિયા, નામિબિયા, કંબોડિયા, સોમાલિયા, હૈતી, થાઈલેન્ડ વગેરે રાષ્ટ્રોમાં સંયુક્ત રાષ્ટ્રસંઘે ચલાવેલી શાંતિ રક્ષણ ચળવળની માહિતી મેળવો.
* સંયુક્ત રાષ્ટ્રસંઘની શાંતિસેના માટે સૈન્ય મોકલવામાં કયા રાષ્ટ્રો અગ્રેસર છે, તેની સૂચિ તૈયાર કરો.



ભારતીય શાંતિ સૈનિક

**સંયુક્ત રાષ્ટ્રસંઘનું શાંતિ રક્ષણ :** સંઘર્ષગ્રસ્ત પ્રદેશોમાં કાયમી સ્વરૂપે શાંતિ સ્થાપવા માટે પોષક પરિસ્થિતિ નિર્માણ કરવાનું કામ આ ઉપક્રમ દ્વારા કરાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના શાંતિરક્ષક સંઘર્ષગ્રસ્ત પ્રદેશોને શાંતિ તરફ દોરી જવામાં મદદ કરે છે. સંઘર્ષગ્રસ્ત પ્રદેશોમાં સુરક્ષિતતાની સાથે શાંતિ સ્થાપવા માટે સહાય કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષિતતાનું સંપૂર્ણ જગતમાં જતન અને સંવર્ધન કરવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ જે વિવિધ કાર્યો કરે છે તે પૈકી શાંતિ રક્ષણ પણ એક કાર્ય છે. આ કાર્યને પૂરક બીજી કૃતિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

* સંઘર્ષ પ્રતિબંધ અને મધ્યસ્થી.
* પ્રત્યક્ષ શાંતિ પ્રસ્થાપિત કરવી.
* શાંતિ રક્ષણની ઉપાય યોજનાનો અમલ કરવો.
* શાંતિ સ્થાપવી.

## સંયુક્ત રાષ્ટ્રસંઘ અને ભારત

સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના પૂર્વે જે જે વિવિધ પરિષદો થઈ હતી તેમાં ભારત સહભાગી થયું હતું. નિર્વસાહતીકરણ, નિઃશસ્ત્રીકરણ, વંશભેદ જેવા અનેક પ્રશ્નો સંયુક્ત રાષ્ટ્રસંઘની વ્યાસપીઠ પર રજૂ કરવામાં ભારતનો સહભાગ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ૧૯૪૬માં વર્ણભેદનો પ્રશ્ન ઉપસ્થિત કરનાર ભારત પહેલો દેશ હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં અવિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રોની સમસ્યા અંગે ચર્ચામાં ભારત કાયમ અગ્રેસર રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની શાંતિસેનામાં સહભાગી થવા માટે ભારતે કાયમ પોતાનું સૈન્ય મોકલ્યું છે. એટલું જ નહીં ભારતે ફક્ત સ્ત્રી સૈનિકોની શાંતિસેના પણ મોકલી છે. તેથી આંતરરાષ્ટ્રીય સંઘર્ષ શાંતિના માર્ગે ઉકેલાય તે માટે ભારત પ્રયત્નશીલ છે, તે જણાઈ આવે છે.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

૧. નીચેના પૈકી કયું રાષ્ટ્ર સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદનું સ્થાયી સભ્ય નથી?

અ) અમેરિકા  બ) રશિયા
ક) જર્મની  ડ) ચીન

૨) ભારતમાં બાળ-કુપોષણ સમસ્યા પર ઉપાયયોજના કરવા માટે વિવિધ કાર્યશાળા આયોજિત કરનારી આંતરરાષ્ટ્રીય સંસ્થા......

અ) યુનિસેફ  બ) યુનેસ્કો
ક) વિશ્વસ્ત મંડળ  ડ) રેડક્રૉસ

૩) સંયુક્ત રાષ્ટ્રસંઘના હાલમાં સભ્ય હોય તેવા રાષ્ટ્રોની સંખ્યા ......

અ) ૧૯૦ બ) ૧૯૩

ક) ૧૯૮ ડ) ૧૯૯

## ૨. આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે સકારણ સ્પષ્ટ કરો.

૧) આમસભા જાગતિક પ્રશ્નો પર ચર્ચા કરવાની વ્યાસપીઠ છે.

૨) સંયુક્ત રાષ્ટ્રસંઘમાંના સર્વ સભ્ય રાષ્ટ્રોનો દરજ્જો સમાન નથી.

૩) ચીન સુરક્ષા પરિષદમાં નકારાધિકારનો ઉપયોગ કરે તો પણ ઠરાવ મંજૂર થઈ શકે છે.

૪) સંયુક્ત રાષ્ટ્રસંઘના કાર્યમાં ભારતે મહત્ત્વની કામગિરી કરી છે.

## ૩. આપેલ સંકલ્પના સ્પષ્ટ કરો.

૧) નકારાધિકાર

૨) યુનિસેફ

## ૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.

૧) સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપનાના કારણો લખો.

૨) સંયુક્ત રાષ્ટ્રસંઘની શાંતિસેના કઈ ભૂમિકા ભજવે છે?


૩) સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉદ્દેશો લખો.

## ૫. સૂચના અનુસાર કૃતિ કરો.


(૧) સંયુક્ત રાષ્ટ્રની ઘટકશાખાઓ વિશે માહિતી આપતું કોષ્ટક પૂર્ણ કરો.

| ક્ર. | શાખા | સભ્ય સંખ્યા | કાર્ય |
|---|---|---|---|
| ૧. | આમસભા | | |
| ૨. | સુરક્ષા સમિતિ | | |
| ૩. | આંતરરાષ્ટ્રીય ન્યાયાલય | | |
| ૪. | આર્થિક તેમજ સામાજિક પરિષદ | | |

(૨) સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપનનો કાળક્રમ નીચેની કાળરેખા પર દર્શાવો.




(૩) સંયુક્ત રાષ્ટ્રસંઘ આધારિત નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.




### ઉપક્રમ

(૧) સંયુક્ત રાષ્ટ્ર બાળકોના તેમજ મહિલાઓના વિકાસ માટે કયા ઉપક્રમ યોજે છે તેની માહિતી એકઠી કરો.

(૨) જાગતિક આરોગ્ય સંઘટન વિશે માહિતી એકઠી કરો.

3PJJ05

# ૫ ભારત અને અન્ય દેશ

**ચાલો, પુનરાવર્તન કરીએ.**

આગળના પ્રકરણમાં આપણે સંયુક્ત રાષ્ટ્રસંઘ વિશે અને શાંતિ જાળવવામાં તેની ભૂમિકા વિશે માહિતી મેળવી છે. શાંતિ જાળવવાના કાર્યમાં ભારતે હંમેશાં સંયુક્ત રાષ્ટ્રને મદદ કરી છે, તે આપણને સમજાયું છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે ભારત અને પાડોશી રાષ્ટ્રોના પરસ્પર સંબંધોની સમીક્ષાત્મક ચકાસણી કરવાના છીએ. ભારત કરતાં દૂર આવેલાં કેટલાક દેશોનો ભારત સાથે સંબંધ કેવો છે, તે પણ આપણે સમજવાનું છે.

**ચાલો શોધીએ...**

- દક્ષિણ એશિયાના નકશાના આધારે ભારતની સીમારેખા કયા કયા રાષ્ટ્રો સાથે જોડાયેલી છે. તે સમજી લો.
- ભારત સિવાય ઈત્તર કયા રાષ્ટ્રની સીમા એકબીજા સાથે જોડાયેલી છે તે શોધો.

**ભારત અને પાડોશી રાષ્ટ્રો**

ભૌગોલિક અને રાજકીય દૃષ્ટિએ ભારતનું એશિયા ખંડમાં મહત્ત્વનું સ્થાન છે. ભારતના




ભારત અને પાડોશી રાષ્ટ્રો

પાડોશી રાષ્ટ્રમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગલાદેશ, મ્યાનમાર, નેપાળ, ભૂતાન, ચીન, માલદીવનો સમાવેશ થાય છે. સમાનતા, પરસ્પર આદર જેવા મૂલ્યોનું ભારતના બીજા રાષ્ટ્રો સાથેના ધોરણમાં મહત્ત્વ છે. આ મૂલ્યોને અનુસરીને જ ભારતે પાડોશી રાષ્ટ્રો સાથે સંબંધ પ્રસ્થાપિત કર્યો છે. ભારતીય ઉપખંડમાં ભારત ક્ષેત્રઆકારમાં સૌથી મોટો દેશ છે. તેમજ આર્થિક અને તંત્રજ્ઞાનની દૃષ્ટિએ પણ ભારત વધુ વિકસિત દેશ છે. તેના કારણે દક્ષિણ એશિયાઈ રાષ્ટ્રમાં ભારતનો પ્રભાવ હોવો સ્વાભાવિક છે.

## ભારત અને પાકિસ્તાન

૧૯૪૭માં ભારતનું વિભાજન થઈને ભારત અને પાકિસ્તાન બે સ્વતંત્ર દેશ નિર્માણ થયા.

**ભારત-પાકિસ્તાનઃ** ભારત–પાકિસ્તાન બંને દેશોના સંબંધ પર ત્રણ સમસ્યાનો પ્રભાવ છે. (૧) બંને રાષ્ટ્રના જાગતિક દૃષ્ટિકોણમાં તફાવત (૨) કાશ્મીર સમસ્યા (૩) અણુશસ્ત્ર વિષયક સંઘર્ષ.

ભારત અને પાકિસ્તાન આ બંને રાષ્ટ્રોનો જગતને જોવાનો દૃષ્ટિકોણ જુદો છે. ભારતે જાગતિક દૃષ્ટિકોણાનુસાર શીતયુદ્ધના સમયે ભારતીય લશ્કરી સંઘટનાનો વિરોધ કર્યો અને ભારત–પાકિસ્તાનનો સંઘર્ષ દ્વિપક્ષીય એટલે કે પરસ્પર ઉકેલવાનો પ્રયત્ન કર્યો. ૧૯૭૨માં કરવામાં આવેલો 'સિમલા કરાર' આ તત્ત્વ પર આધારિત હતો. આથી વિરુદ્ધ પાકિસ્તાને ઈસ્લામી જગત અને ચીન સાથે સંબંધ રાખવાનો પ્રયત્ન કરી અમેરિકાની લશ્કરી સંઘટનામાં પ્રવેશ કર્યો.

પાકિસ્તાનને ભારત સાથે સંબંધ પ્રસ્થાપિત કરવાની બાબતે કાશ્મીર સૌથી મહત્ત્વનો પ્રશ્ન લાગે છે, ૧૯૬૫માં કાશ્મીર પ્રશ્ને પહેલું ભારત–પાકિસ્તાન યુદ્ધ થયું. બંને દેશોમાં સંઘર્ષ દૂર કરવા ૧૯૬૬ માં 'તાશ્કંદ કરાર' થયો પરંતુ તેનાથી કાંઈ સાધ્ય થયું નહિ. ૧૯૭૧નું યુદ્ધ બાંગલાદેશની નિર્મિતિ માટે થયું હોવા છતાં તેમાં કાશ્મીર પ્રશ્ન પણ હતો. ૧૯૭૨ માં સિમલા કરાર દ્વારા ભારત અને પાકિસ્તાન વચ્ચે પરસ્પર લેવડ–દેવડ માટેની એક નવી રુપરેખા તૈયાર કરી. ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગિલ ક્ષેત્રમાં પાકિસ્તાને કરેલ ઘૂસણખોરીને કારણે ફરીથી સંઘર્ષ નિર્માણ થયો. આજે પણ કાશ્મીર બંને દેશ વચ્ચેના સંઘર્ષનું કારણ છે. સંઘર્ષનું સ્વરૂપ માત્ર બદલાયેલું છે અને સઘર્ષનાં નવા પ્રકારનું વર્ણન આતંકવાદની સમસ્યા આ રીતે કરાય છે.

ભારત અને પાકિસ્તાન બંને દેશોએ ૧૯૯૮માં પરમાણુ પરીક્ષણ કર્યું અને તેના કારણે તે ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષિતતા સંબંધી નવી ચિંતાઓ નિર્માણ થઈ છે. આ બંને દેશમાં પરમાણુ સંઘર્ષ ન થાય તેવું અનેક રાષ્ટ્રોને લાગે છે. ભારત–પાકિસ્તાનના સંબંધમાં બીજી એક સમસ્યા એટલે સર ક્રીક સરહદ વિસ્તાર વિશે વિવાદ છે.

બંને દેશોએ પરસ્પર સંવાદ સાધવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ પાકિસ્તાન જે રીતે ભારતના વિરોધ માટે આતંકવાદને પ્રોત્સાહન આપે છે અને આતંકવાદી કાવતરા ઘડે છે તે જોતા સંવાદના બધાં જ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા છે.

**ભારત-ચીનઃ** ભારત અને ચીનનો સંઘર્ષ બે પ્રશ્નો સાથે સંબંધિત છે. (૧) સીમાપ્રશ્ન અને (૨) તિબેટનો દરજ્જો. ભારત અને ચીન વચ્ચે સીમાના કારણે જે વિવાદ છે તે અકસાઈ ચીન અને મૅકમોહન રેખા ક્ષેત્રો સાથે સંબંધિત છે. ચીનનો દાવો છે કે, અકસાઈ ચીન અને મૅકમોહન રેખાની દક્ષિણનો પ્રદેશ (અરુણાચલ પ્રદેશ) એ ચીનનો ભૂપ્રદેશ છે. મૅકમોહન રેખા એ આંતરરાષ્ટ્રીય સીમારેખા છે, એ ચીન માન્ય કરતું નથી. આ સીમાવિવાદ પરસ્પરના સંવાદના માર્ગે ઉકેલાય તે માટે ભારતે ઘણી વાર પ્રયત્ન કર્યા. પરંતુ તેમાં વધારે સફળતા મળી નથી. ૧૯૬૨માં ચીને ભારત પર આક્રમણ કર્યું.

તિબેટ પારંપારિક દૃષ્ટિએ એક સ્વતંત્ર ક્ષેત્ર છે. પરંતુ ચીને તે પ્રદેશમાં સતત પોતાનું લશ્કરી નિયંત્રણ વધારતા તિબેટના દલાઈ લામાએ ભારતમાં રાજ્યાશ્રય લીધો. આ વાત બંને દેશ વચ્ચે સંઘર્ષનું કારણ બની છે.

ચીન અને પાકિસ્તાનની મૈત્રી, ચીન દ્વારા પાકિસ્તાનને પૂરો પડાતો શસ્ત્ર સરંજામનો પુરવઠો અને ક્ષેપણાસ્ત્ર અને અણુશસ્ત્રોનું તંત્રજ્ઞાનના કારણે ભારતની સુરક્ષાનું જોખમ ખૂબ વધી રહ્યું છે. તેના કારણે પાકિસ્તાન અને ચીનની મૈત્રી તેમજ ભારતના અન્ય પાડોશી રાષ્ટ્રોમાં વધતો જતો ચીનનો પ્રભાવ એ ભારત માટે ચિંતાનો વિષય છે. આમ છતાં પણ ભારતે ચીન સાથેનો સંબંધ સુધારવાનો હંમેશા પ્રયત્ન કર્યો છે. આ બંને દેશનો સીમા પ્રશ્ન ચર્ચાના માધ્યમથી ઉકેલવા સંયુક્ત કાર્યકારી ગટની સ્થાપના કરવામાં આવી. ચીન અને ભારત આ બંનેનો આર્થિક વિકાસનો વેગ વધ્યા પછી બંનેનો વ્યાપારી સંબંધ મજબૂત થવાની શરૂઆત થઈ. બંને વચ્ચે આર્થિક અને વ્યાપારી સંબંધ સુધરવાના કારણે રશિયા, ચીન અને ભારત વચ્ચે વારંવાર થયેલી ચર્ચાને લીધે ભારત-ચીનના સંબંધમાં સુધારો થયો છે. તેથી સીમાપ્રશ્ન ઉકેલાયો ન હોવા છતાં થોડો પાછળ ધકેલાયો છે. અને બીજા ક્ષેત્રે સંબંધોને મહત્ત્વ પ્રાપ્ત થયું છે.

## ભારત અને બીજા પાડોશી રાષ્ટ્રો

**અફઘાનિસ્તાન :** અફઘાનિસ્તાનમાં રાજકીય અસ્થિરતા મોટા પ્રમાણમાં છે. આતંકવાદી સંઘટના તાલિબાનનું તેના પરનું વર્ચસ્વ તે માટે કારણભૂત છે. અફઘાનિસ્તાનમાં શાંતિ, સુરક્ષિતતા અને સ્થિરતા લાવવામાં, ત્યાંની હિંસા બંધ કરાવવામાં, લોકશાહી સરકારની સ્થાપનામાં મદદ કરવા માટે ભારતે અફઘાનિસ્તાનને મદદ કરવાની શરૂઆત કરી છે તેમજ યુદ્ધના કારણે નષ્ટ થયેલા સંદેશવ્યવહારની સુવિધા નિર્માણ કરવી, રસ્તા બાંધવા, વિજ્ઞાન અને તંત્રજ્ઞાન ક્ષેત્રનું સહકાર્ય, શાળા, આરોગ્ય સુવિધા, સિંચન પ્રકલ્પ આ બધા જ ક્ષેત્રોમાં ભારત અફઘાનિસ્તાનને મદદ કરે છે.

**બાંગ્લાદેશ :** આજનો બાંગલાદેશ એટલે પહેલાનું પૂર્વ પાકિસ્તાન. પાકિસ્તાનના નિર્માણના સમયે પાકિસ્તાનનું વિભાજન પશ્ચિમ અને પૂર્વ પાકિસ્તાનમાં થયું હતું. પશ્ચિમ પાકિસ્તાન અને પૂર્વ પાકિસ્તાનમાં ભાષિક ફરક છે. તેમજ અન્ય રાજકીય સંઘર્ષ પણ હતા. તેમાંથી જ બાંગલાદેશની મુક્તિ ચળવળની શરૂઆત થઈ. આ ચળવળે બાંગલાદેશને પાકિસ્તાનના વર્ચસ્વમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન કર્યો. બાંગલાદેશ મુક્તિ સંગ્રામમાં ભારતે બાંગલાદેશને મદદ કરી હતી. બાંગલાદેશની સ્થાપના ૧૯૭૧માં થઈ. ભારત અને બાંગલાદેશ વચ્ચે પાણીની વહેંચણી સંબંધે તેમજ સીમારેખા સંબંધે કેટલાક કરાર થતાં તેમની વચ્ચેનો સંઘર્ષ સમાપ્ત થઈ હવે તેમનામાં વ્યાપારી સંબંધ વધુ વધવાની શરૂઆત થઈ છે.

**શ્રીલંકા :** આપણા પાડોશી રાષ્ટ્ર શ્રીલંકા સાથે ભારતનો મૈત્રીપૂર્ણ સંબંધ છે. શ્રીલંકાના તમિલો અને શ્રીલંકાની સરકાર વચ્ચેના સંઘર્ષને કારણે ૧૯૮૫ પછી શ્રીલંકામાં રાજકીય અસ્થિરતા નિર્માણ થઈ હતી. તે સમયે શ્રીલંકા સરકારની મદદ માટે ભારતે શાંતિસેના મોકલી હતી. સાગરી ક્ષેત્રની સુરક્ષાની દૃષ્ટિએ શ્રીલંકા સાથેનો મૈત્રી સંબંધ મહત્ત્વનો છે.

**નેપાળ :** નેપાળ અને ભૂતાન ચારે બાજુ પર્વતીય ભૂભાગથી ઘેરાયેલ દેશ છે. તેની સીમા ભારત અને ચીન સાથે જોડાયેલી છે. ભારત અને નેપાળ વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધનો પાયો ૧૯૫૦માં ભારત-નેપાળ મૈત્રી કરારથી નાખવામાં આવ્યો છે. આ કરારથી નેપાળના નાગરિકોને ભારતમાં સહજ રીતે માત્ર પ્રવેશ જ નહિ પરંતુ સરકારી નોકરી અને ઉદ્યોગ કરવાની પરવાનગી મળી છે. નેપાળમાં રાજાશાહી હતી. ૧૯૯૦માં નેપાળમાં લોકશાહીની દિશામાં હિલચાલ શરૂ થઈ. આર્થિક પ્રગતિ, પાયાભૂત સુવિધા, અન્નવિષયક જરૂરિયાત અને વ્યાપાર અને ઊર્જા માટે નેપાળ ભારત પર

અવલંબિત છે. નેપાળમાં ૨૦૧૫માં થયેલા ભૂકંપના સમયે ભારતે નેપાળને મદદ કરી હતી.

**ભૂતાન :** ભૂતાનના સંરક્ષણની જવાબદારી ભારત પર છે. ભૂતાનમાં પાણીનો પ્રચંડ સ્ત્રોત છે. આ પાણીનો ઉપયોગ કરીને મોટા પ્રમાણમાં વીજ નિર્માણ કરવાના પ્રકલ્પમાં ભારતે સહકાર્ય કર્યું છે.

**મ્યાનમાર :** મ્યાનમાર એ ભારતની પૂર્વ દિશામાં આવેલા અગ્નિ એશિયાઈ રાષ્ટ્રોને ભારત સાથે જોડનારું પ્રવેશદ્વાર છે. આ ભાગમાં વિકાસ પામતા લોહમાર્ગ અને મહામાર્ગ વડે દક્ષિણ એશિયા, મધ્ય એશિયા અને અગ્નિ એશિયા એકબીજા સાથે જોડાયેલા છે. આ કારણે આ પ્રદેશોમાં વ્યાપાર અને આર્થિક લેવડ-દેવડ વધી છે. મ્યાનમાર પાસેથી ભારત નૈસર્ગિક વાયુની આયાત કરી શકશે.

**શું તમે જાણો છો ?**

**મ્યાનમાર અને આંગ સી કયૂ :** મ્યાનમારમાં લશ્કરી શાસન વિરુદ્ધ લાંબા સમય સુધી લડત ચલાવીને લોકશાહી પ્રસ્થાપિત કરવાનો શ્રેય આંગ સી કયૂને આપવામાં આવે છે. તેમને શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર મળ્યો છે.

**માલદીવ :** ભારત અને માલદીવ વચ્ચેનો સંબંધ શરૂઆતથી જ મૈત્રીપૂર્ણ રહ્યો છે. ભારતની દક્ષિણ દિશામાં આવેલો આ નાનો દેશ અનેક બાબતો માટે ભારત પર અવલંબિત છે. ૧૯૮૧થી આ બંને રાષ્ટ્રોએ વ્યાપારી સંબંધ પ્રસ્થાપિત કર્યો છે, મૂળભૂત ક્ષેત્રોનો વિકાસ, આરોગ્ય, વિનિમય જેવા ક્ષેત્રોમાં ભારતે માલદીવને મોટા પ્રમાણમાં આર્થિક મદદ કરી છે. ૨૦૦૬ પછી તેમની વચ્ચે સંરક્ષણ ક્ષેત્રમાં પણ સહકાર્યની શરૂઆત થઈ છે. ભારતે માલદીવને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે સહાય કરવાની શરૂઆત કરી છે. અવકાશીય સહકાર્ય, ઐતિહાસિક વસ્તુનું જતન, પર્યટન જેવા ક્ષેત્રોમાં બંને રાષ્ટ્રોએ કરાર કર્યા છે. તેમ જ આતંકવાદ જેવી સમસ્યા સામે લડવા માટે સહકાર્ય કરવાનું નક્કી કર્યું છે.

## ભારત અને અમેરિકા

ભારત અને અમેરિકા એ લોકશાહી વ્યવસ્થા ધરાવતા બે બળવાન રાષ્ટ્રો છે. અમેરિકા શરૂઆતથી જ ભારતનું સૌથી મહત્ત્વનું વ્યાપારી ભાગીદાર હતું. અનેક ભારતીય લોકો શિક્ષણ અને નોકરી

**દક્ષિણ એશિયાઈ સહકાર્ય સંઘટના - સાર્ક**




સાર્ક એ દક્ષિણ એશિયાઈ રાષ્ટ્રોની ૧૯૮૫માં સ્થપાયેલી પ્રાદેશિક સંઘટના છે. દક્ષિણ એશિયાઈ રાષ્ટ્રોમાં આર્થિક સહકાર્ય નિર્માણ કરવું અને તે દ્વારા સંપૂર્ણ દક્ષિણ એશિયાનો વિકાસ સાધવો એ આ સંઘટનાનો હેતુ છે. સાર્ક સંઘટના એટલે સર્વ દક્ષિણ એશિયાઈ દેશોએ એકત્રિત થઈને પોતાના સમાન પ્રશ્નોની અને સમાન હિતોની ચર્ચા કરવાનો મંચ છે. ગરીબી નિર્મૂલન, ખેતીનો વિકાસ, તંત્રજ્ઞાનમાં ક્રાંતિ એ દક્ષિણ એશિયાઈ દેશોના કેટલાંક સમાન હિતસંબંધ છે. દક્ષિણ એશિયાઈ દેશોને પરસ્પર વ્યાપાર કરવો સગવડભર્યો બને તે માટે સાર્કના મંચથી કેટલાંક મહત્ત્વના કરારો કરવામાં આવ્યા છે. તે મુજબ સંપૂર્ણ દક્ષિણ એશિયાનું એક મુક્ત વ્યાપારક્ષેત્ર નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. દક્ષિણ એશિયાઈ રાષ્ટ્રોના સમાન વિકાસ માટે દક્ષિણ એશિયાઈ વિશ્વવિદ્યાલય જેવી સંસ્થા અને દક્ષિણ એશિયાઈ મુક્ત વ્યાપાર ક્ષેત્ર કરારો કરવામાં આવ્યા છે.

✻ સાર્ક સંઘટનાની સ્થાપના કરવા પાછળનો હેતુ કયો છે? ✻ સાર્કમાં હાલમાં કેટલાં સભ્ય દેશો છે? ✻ દક્ષિણ એશિયાઈ દેશોના સમાન હિતસંબંધ કયા છે?

માટે અમેરિકા જતાં હતાં. નોકરીના નિમિત્તે અમેરિકા જતા હતા. ત્યાંના અનિવાસી ભારતીયોને કારણે અમેરિકા અને ભારત વચ્ચે સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક સંબંધો વધતા ગયા. શીતયુદ્ધ પછી ભારત અને અમેરિકા વચ્ચેના સુરક્ષા સંબંધોમાં મોટા પ્રમાણમાં વધારો થયો. ભારતે મુક્ત અર્થવ્યવસ્થાનું ધોરણ અપનાવતા ધીમે ધીમે ભારતની આર્થિક પ્રગતિનો વેગ વધવા લાગ્યો. પરિણામે ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપારી સંબંધો વધુ દૃઢ થયા.

ઈ. સ. ૧૯૯૮માં ભારતે અણુપરીક્ષણ કરતાં કેટલોક સમય ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં તણાવ નિર્માણ થયો હતો. ત્યારબાદ સંબંધો સુધારવાના હેતુથી ભારત અને અમેરિકા વચ્ચે અનેક ચર્ચા-મુલાકાતો થઈ. આ ચર્ચા દ્વારા અમેરિકાને વિશ્વાસ થયો કે ભારત અણુશસ્ત્રોનો ઉપયોગ જવાબદારી પૂર્વક કરશે. ત્યારબાદ ભારત-અમેરિકા સંબંધોમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું. ૨૦૦૫માં થયેલા સંરક્ષણ વિષયક સહકાર્ય કરાર અને ૨૦૦૮માં થયેલા આણ્વિક સહકાર્ય કરાર એ ભારત અમેરિકા સંબંધના મહત્વના તબક્કા છે. છેલ્લા પાંચ વર્ષોમાં ભારત અને અમેરિકા વચ્ચે દરેક ક્ષેત્રે સહકાર્ય સંબંધ નિર્માણ થયા છે.

**શું તમે જાણો છો?**

૨૦૦૫માં ભારત અને અમેરિકા વચ્ચે નાગરી અણુસહકાર્ય કરારને ભારતના તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહન સિંગ અને અમેરિકાના અધ્યક્ષ જ્યોર્જ બુશે માન્યતા આપી. ૨૦૦૮માં આંતરરાષ્ટ્રીય અણુઉર્જા આયોગે આ કરારને માન્યતા આપી. આ કરારને કારણે ભારતને અન્ય દેશો પાસેથી આણ્વિક તંત્રજ્ઞાન મળવું શક્ય બન્યું.

## ભારત અને રશિયા

ભારત અને સોવિયેત રશિયા અને અત્યારના રશિયા વચ્ચે શરૂઆતથી જ મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા છે. શીતયુદ્ધના સમયમાં ૧૯૭૧માં તેમની વચ્ચે મૈત્રીકરાર થયા અને સંરક્ષણવિષયક તેમજ આર્થિક તથા તંત્રવૈજ્ઞાનિક સહકાર્યને વેગ મળ્યો. સોવિયેત રશિયાને ભારતને મોટા પ્રમાણમાં આર્થિક અને લશ્કરી મદદ કરી હતી.

સોવિયેત રશિયાનું વિભાજન થયા બાદ ભારતે રશિયા સાથે સંબંધો વધારવાના પ્રયત્નો કર્યા. શરૂઆતમાં રશિયાની રાજકીય અને આર્થિક સમસ્યાઓને કારણે સંબંધોમાં વધુ સુધારણા થઈ નહીં. ૧૯૯૬ પછી ભારત અને રશિયા વચ્ચેના સંબંધો ધીરે ધીરે સુધરવા માંડ્યા. લશ્કરી સામગ્રીનું ઉત્પાદન, ખનિજ તેલનું ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં ભારત અને રશિયાએ સંયુક્ત પ્રકલ્પો ઉભા કર્યા છે.

## ભારત અને યુરોપિયન રાષ્ટ્રો

ભારત અને યુરોપિયન રાષ્ટ્રો વચ્ચે વ્યાપારી સંબંધો છે. ખાસ કરીને જર્મની અને ફ્રાન્સ ભારતમાં તંત્રજ્ઞાન ક્ષેત્રે મોટા પ્રમાણમાં રોકાણ કરે છે. આ સિવાય ભારતને અસ્ત્રશસ્ત્ર નિર્મિતિનું તંત્રજ્ઞાન પણ યુરોપિયન રાષ્ટ્રો પાસેથી મળે છે. જ્યારે અભિયાંત્રિકી અને માહિતી તંત્રજ્ઞાન ક્ષેત્રે ભારત પ્રમુખ નિકાસકર્તા દેશ છે. મુક્ત વ્યાપાર પર ભાર આપવો એ બંનેનો પ્રમુખ ઉદ્દેશ છે. આ સિવાય ભારત અને યુરોપિયન રાષ્ટ્રો અન્ય અનેક બાબતોમાં સહકાર્યની ભૂમિકા અપનાવે છે. હવામાનમાં ફેરફાર, સ્વચ્છ ઉર્જા, સંરક્ષણ ઉત્પાદન, સાયબર સુરક્ષા, સંશોધન, રેલ્વે વ્યવસ્થાપન સંદર્ભે અનેક કરારો કરવામાં આવ્યા છે. ભારતના વિકાસની દૃષ્ટિએ આ સહકાર્ય અત્યંત મહત્વનું છે.

**ચાલો, શોધીએ...**

* યુરોપિયન સંઘની સ્થાપના ક્યારે થઈ?
* યુરોપિયન બજાર, યુરોપિયન ચલણ વિશે માહિતી મેળવો.

## ભારત અને આફ્રિકા ખંડ

ભારત અને આફ્રિકા ખંડ વચ્ચે સહકાર્ય માટે ભારતે હેતુપૂર્વક કદમ ઉઠાવ્યા છે. આફ્રિકા સાથે નજીકના સંબંધો બંને માટે ફાયદાકારક સિદ્ધ થશે. આફ્રિકાના અનેક દેશો ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. આફ્રિકામાં યુવાનોના સર્વાંગી વિકાસ માટે મદદ કરવાની ભારતે તૈયારી દર્શાવી છે. શિક્ષણ, કૌશલ્ય, આરોગ્ય, વિજ્ઞાન અને તંત્રજ્ઞાન, ખેતી, પર્યટન અને બધા જ ક્ષેત્રે વિકાસ સાધવા ભારતે આર્થિક સહાય આપવાની, અનુદાન આપવાની તૈયારી દેખાડી છે. તો ભારતની ઉર્જાની જરૂરિયાત આફ્રિકામાંના ઉર્જાસંપન્ન દેશો – ઈજિપ્ત, નાયજેરિયા, અંગોલા, સુદાન પૂરી કરી શકે છે. આફ્રિકા સાથે વ્યાપાર વધારવા માટે ભારત પ્રયત્નશીલ છે.

૨૦૧૫નાં ભરાયેલ ભારત અને આફ્રિકા શિખર પરિષદમાં આફ્રિકાના દરેક ૫૪ રાષ્ટ્રોના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતાં. આ પરિષદમાં અનેક જાગતિક પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવી. જેમકે – હવામાનમાં ફેરફાર, આતંકવાદ, સાગરી ચાંચિયાગિરી, વગેરે.

## ભારત અને ઈંડો-પેસિફિક

ઈંડો–પેસિફિક ક્ષેત્રમાં મુખ્યત્વે જાપાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેંડ અને અગ્નિ એશિયાઈ રાષ્ટ્રોનો સમાવેશ થાય છે. આ દરેક રાષ્ટ્રો સાથે ભારતના ઘનિષ્ઠ આર્થિક અને વ્યાપારી સંબંધો છે. ત્યાંની અનેક કંપનીઓએ ભારતમાં રોકાણ કર્યું છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સામાજિક સુરક્ષા, ગુનેગારોનું હસ્તાંતરણ, માદક પદાર્થ તસ્કરી વિરુદ્ધ ચળવળ, પર્યટન, કલા સંસ્કૃતિ જેવા ક્ષેત્રે વિવિધ કરારો કરવામાં આવ્યા છે. તો મૂળભૂત સુવિધા, આર્થિક સહકાર્ય, સંરક્ષણ, માહિતી તંત્રજ્ઞાન, અણુઉર્જા, રેલ્વે જેવા અનેક ક્ષેત્રે વિકાસ માટે જાપાન ભારત સાથે સહકાર્ય કરે છે. ભારતને સાગરી ક્ષેત્રે વિકાસ અને સુરક્ષા માટે આર્થિક અને તાંત્રિક મદદ આપવાનું જાપાને માન્ય કર્યું છે. બંને દેશોના તટરક્ષક દળ અને નૌકાદળમાં સંયુક્ત અભ્યાસ થાય છે.

## ભારત અને અગ્નિ એશિયા

ઈંડોનેશિયા, મલેશિયા, સિંગાપૂર, ફિલીપાઈન્સ, થાઈલેન્ડ, મ્યાનમાર, વિયેતનામ, લાઓસ, કંબોડિયા અને બ્રુનેઈ જેવા અગ્નિ એશિયાઈ રાષ્ટ્રો સાથે ભારતના શરૂઆતથી જ મૈત્રી સંબંધો રહ્યા છે. ૧૯૯૧ પછી ભારતે પોતાના આર્થિક ધોરણમાં ફેરફાર કરીને મુક્ત અર્થવ્યવસ્થા સ્વીકારી. ત્યાર બાદ અગ્નિ એશિયાઈ રાષ્ટ્રો સાથેના વ્યાપારી સંબંધોમાં વૃદ્ધિ થઈ. અગ્નિ એશિયાઈ રાષ્ટ્રો સાથે વેપાર વધારવાનું આ ધોરણ 'પૂર્વ તરફ જુઓ' (Look East) તરીકે ઓળખાય છે. ૨૦૧૪ પછી આ ધોરણ વધુ સક્રિય કરવામાં આવ્યું છે. હાલમાં આ ધોરણ 'કૃતિ કરો' (Act East) તરીકે ઓળખાય છે.

**ભારત અને પશ્ચિમ એશિયા:** પશ્ચિમ એશિયામાંના દેશો મુખ્યત્વે ખનિજ તેલ અને નૈસર્ગિક વાયુનો પૂરવઠો પૂરો પાડનારા દેશ છે. ભારતના પશ્ચિમ એશિયાઈ રાષ્ટ્રો સાથે પારંપારિક સંબંધો છે. ભારત પશ્ચિમ એશિયાઈ રાષ્ટ્રો પાસેથી મળતા ખનિજ તેલ પર અવલંબિત છે. ઈરાન, ઈરાક, બહેરિન, કુવેત, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત જેવા રાષ્ટ્રો પાસેથી ભારત ખનિજ તેલની આયાત કરે છે; તો ખેતી માટે આધુનિક તંત્રજ્ઞાન આપણને ઈઝરાયેલ પાસેથી મળે છે. તે જ પ્રમાણે સંરક્ષણ વિષયક આધુનિક સામગ્રીઓ પણ ઈઝરાયેલ પાસેથી મળે છે. આ સિવાય નોકરી–વ્યવસાય અર્થે અનેક ભારતીયો ત્યાં રહે છે. તેમનું પણ આપણી આર્થિક વ્યવસ્થામાં મહત્વનું યોગદાન છે.

દરેક રાષ્ટ્રો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો રાખવા અને પોતાની સાથે અન્ય રાષ્ટ્રોને પણ વિકાસ માટે મદદ કરવી એ ભારતના આંતરરાષ્ટ્રીય ધોરણનો પ્રમુખ ઉદ્દેશ છે.

ભારત અને દુનિયાના મહત્વના દેશો વચ્ચેના સંબંધોનું આપણે ટૂંકમાં આકલન કર્યું. હવે પછીના પ્રકરણમાં આપણે કેટલીક મહત્વની આંતરરાષ્ટ્રીય અથવા જાગતિક સમસ્યાનો અભ્યાસ કરવાના છીએ.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) ભારત સાથે ખુલ્લી આંતરરાષ્ટ્રીય સીમા ધરાવતો દેશ –

(અ) પાકિસ્તાન (બ) બાંગલાદેશ

(ક) નેપાળ (ડ) મ્યાનમાર

(૨) ભારત સાથે તણાવ પૂર્ણ સંબંધ હોય તેવા દેશ –

(અ) પાકિસ્તાન અને ચીન

(બ) નેપાળ અને ભૂતાન

(ક) મ્યાનમાર અને માલદીવ

(ડ) અફઘાનિસ્તાન અને અમેરિકા

(૩) ભારત અને પાકિસ્તાનના સંબંધો પર પ્રભાવ પાડતી બાબતો –

(અ) બંને રાષ્ટ્રોના જાગતિક દૃષ્ટિકોણમાં તફાવત

(બ) કાશ્મીર સમસ્યા

(ક) અણુશસ્ત્રવિષયક સંઘર્ષ

(ડ) ઉપરની બધી સમસ્યા

**૨. નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે કારણ સહિત સ્પષ્ટ કરો.**

(૧) દક્ષિણ એશિયાઈ રાષ્ટ્રોમાં ભારતનું સ્થાન મહત્વનું છે.

(૨) ભારત–ચીન સંબંધ મૈત્રીપૂર્ણ છે.

(૩) શ્રીલંકા સરકારની મદદ માટે ભારતે શાંતિસેના મોકલી.

**૩. સૂચના પ્રમાણે કૃતિ કરો.**

૧. કોઠો પૂર્ણ કરો.

| ક્ર. | થયેલા કરાર/આદાન પ્રદાન | સંબંધિત દેશ |
|---|---|---|
| ૧. | ......................... | ભારત–પાકિસ્તાન |
| ૨. | મૅકમોહન રેખા | ............. |
| ૩. | ......................... | ભારત–બાંગલાદેશ |
| ૪. | નૈસર્ગિક વાયુની આયાત | ............. |
| ૫. | ......................... | ભારત–અમેરિકા |
| ૬. | પાયાભૂત ક્ષેત્રવિકાસ, આદાનપ્રદાન, આરોગ્ય | ............. |
| ૭. | ......................... | ભારત–આફ્રિકા |

**૪. નીચેની સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) સિમલા કરાર (૨) ભારત–નેપાળ મૈત્રી કરાર

(૩) મૅકમોહન રેખા (૪) ભારત–અફઘાનિસ્તાન સંબંધ

**૫. ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) ભારત–અમેરિકામાં સહકાર્યના સંબંધ નિર્માણ થવા પાછળની પાર્શ્વભૂમિ સ્પષ્ટ કરો.

(૨) પાડોશી રાષ્ટ્રોમાં લોકશાહી પ્રસ્થાપિત કરવા માટે ભારતે કરેલા પ્રયત્નો વિશે ઉદાહરણ સહિત માહિતી લખો.

(૩) દક્ષિણ એશિયાઈ પ્રાદેશિક સહકાર્ય સંઘટના કયા કાર્યો કરે છે.

**ઉપક્રમ**

(૧) રાષ્ટ્રપતિ, વડા પ્રધાનના વિદેશ મુલાકાતની માહિતી મેળવો.

(૨) વિવિધ દેશોના 'યુથ એક્સચેંજ' કાર્યક્રમની માહિતી મેળવો.

3PTFES

# ૬ આંતરરાષ્ટ્રીય સમસ્યા

**પુનરાવર્તન કરીએ.**

પાછળના પ્રકરણમાં આપણે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં સાર્વભૌમ રાજ્ય, ભારતનું આંતરરાષ્ટ્રીય ધોરણ અને ભારતની સુરક્ષા વ્યવસ્થાનો અભ્યાસ કર્યો. સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉદ્દેશો જાણ્યા. આ પાઠમાં આપણે કેટલીક મહત્વની આંતરરાષ્ટ્રીય સમસ્યાનો અભ્યાસ કરવાના છીએ. આ સમસ્યાઓ ફક્ત એક દેશ પૂરતી નથી. તેનું પરિણામ અનેક દેશો પર અને કેટલાંક દિવસોમાં જગતના સર્વ દેશો પર થશે. સંપૂર્ણ જગતને સતાવતી આ સમસ્યાઓને 'આંતરરાષ્ટ્રીય સમસ્યા' કહેવાય છે. આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ ઉકેલવા માટે દરેક રાષ્ટ્રોએ એકત્રિત થઈ પ્રયત્ન કરવાની જરૂર છે. માનવી હક્ક, પર્યાવરણ અને આંતકવાદ સંબંધિત સમસ્યાઓનો આપણે આ પ્રકરણમાં અભ્યાસ કરવાના છીએ. નિર્વાસિતોના પ્રશ્નોએ પણ હવે આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યું છે. તેથી આપણે તેનો પણ વિચાર કરીશું.

**માનવી હક્ક:** માનવી હક્ક સંકલ્પનાનો ઉદય નૈસર્ગિક હક્ક સંકલ્પનામાંથી થયો જણાય છે. નૈસર્ગિક હક્ક એટલે માણસને માણસ તરીકે જન્મ થતાં જે હક્કો પ્રાપ્ત થાય છે તે હક્કો. આથી માનવી હક્ક એટલે માણસને સમાજના એક ઘટક તરીકે જીવવા માટે આવશ્યક હક્ક. અમેરિકન અને ફ્રેંચ રાજ્યક્રાંતિના સમયે સ્વાતંત્ર્ય, સમતા, બંધુતા, ન્યાય જેવા માનવી હક્કોને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આ હક્કોની પૂર્તિ કરવા માટે લોકશાહી શાસન આવશ્યક છે આ વિચારને બળ મળ્યું. ત્યાર પછીના કાળમાં યુરોપમાં અનેક રાષ્ટ્રોએ લોકશાહી શાસન પદ્ધતિ અને સંવિધાનનો સ્વીકાર કર્યો. જેનાથી શાસનના અધિકારો પર મર્યાદા આવી. નાગરિકોના હક્કોનું સંરક્ષણ કરવું એ શાસનની અગત્યની જવાબદારી માનવામાં આવી.

**આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં માનવી હક્ક સંકલ્પનાનો ઉદય:** સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના થયા બાદ માનવી હક્કનું વૈશ્વિક જાહેરનામું તૈયાર કરવામાં આવ્યું. ૧૦ ડિસેમ્બર ૧૯૪૮માં સંયુક્ત રાષ્ટ્રસંઘની આમસભામાં આ જાહેરનામું બહુમતિથી માન્ય કરવામાં આવ્યું. ત્યારબાદ ૧૯૬૬માં નાગરી અને રાજકીય હક્કોના આંતરરાષ્ટ્રીય કરાર અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હક્કોના કરાર આ બે કરારોને સંયુક્ત રાષ્ટ્રસંઘની આમસભામાં માન્યતા આપવામાં આવી. આ બે કરાર આંતરરાષ્ટ્રીય કાયદાનો ભાગ છે. આ કરારનું પાલન કરવું સભ્ય રાષ્ટ્રો માટે બંધનકારક છે.

> માનવી હક્કમાં જીવવાનો હક્ક, અન્ન, વસ્ત્ર, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્ય જેવા મુખ્ય હક્કોનો સમાવેશ થાય છે. આ મૂળભૂત હક્કો છે. આ હક્કો દરેકને પ્રાપ્ત થાય તે જોવાની જવાબદારી રાજ્યની હોય છે.

શીતયુદ્ધના કાળમાં માનવી હક્કોનો પ્રશ્ન સંયુક્ત રાષ્ટ્રસંઘની આમસભામાં ઘણી વખત ચર્ચવામાં આવ્યો. આફ્રિકામાંનો વર્ણભેદ એ માનવી હક્કનો વિરોધી છે આથી વર્ણભેદનો રાજકીય બહિષ્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. વસાહતોની સ્વતંત્રતા, લોકશાહી વ્યવસ્થાનો આગ્રહ એ એના જ કેટલાક ઉદાહરણો છે.

આધુનિક કાળમાં વાંશિક સંઘર્ષ, સીમાવાદ, આતંકવાદ જેવી સમસ્યાઓને કારણે માનવી હક્કો સામે મોટા પ્રમાણમાં બાધા નિર્માણ થાય છે. આ સિવાય અનેક જાગતિક પ્રશ્નો જેવા કે – રોગ, પર્યાવરણ સામેનું જોખમ, નૈસર્ગિક આપત્તિના કારણે પણ 'માનવી હક્ક' સંકલ્પના વધુ વ્યાપક બની છે. પર્યાવરણ સંરક્ષણ, શાશ્વત વિકાસનો સમાવેશ પણ માનવી હક્કમાં કરવામાં આવે છે.

### શું તમે જાણો છો?

માનવી હક્કના જાહેરનામામાં કુલ 30 કલમો છે. આ જાહેરનામામાં નાગરી સ્વાતંત્ર્ય સંબંધી કલમો છે. તે જ પ્રમાણે રોજગારનો અધિકાર, સમાન કામ માટે સમાન વેતન જેવા આર્થિક હક્કોની રજૂઆત કરવામાં આવી છે. સર્વ સભ્ય રાષ્ટ્રોએ પોતાના નાગરિકોને માનવી હક્કો આપવા અપેક્ષિત છે. માનવી હક્કોના જાહેરનામા પ્રમાણે જ બાળકોના માનવી હક્કોનું જાહેરનામું ૨૦ નવેમ્બર ૧૯૫૯ના રોજ પ્રસ્તુત કરવામાં આવ્યું.

**માનવી હક્ક અને ભારત :** ભારતીય સંવિધાનમાં માનવી હક્કોને મૂળભૂત હક્કોનું સ્થાન આપવામાં આવ્યું છે. સંવિધાનમાંના મૂળભૂત હક્કોની સાથે જ દુર્બળ ઘટકો, સ્ત્રીઓ, અલ્પસંખ્યકોના સંરક્ષણની જવાબદારી શાસનની છે. ૧૯૯૩માં માનવી હક્ક સંરક્ષણ કાયદો બનાવવામાં આવ્યો. આ કાયદા અંતર્ગત 'રાષ્ટ્રીય માનવી હક્ક આયોગ' અને 'રાજ્ય માનવી હક્ક આયોગ'ની સ્થાપના કરવામાં આવી છે. માનવી હક્કોનું ઉલ્લંઘન કરવામાં આવતાં તે વિશે ફરિયાદ કરવી અને યોગ્ય કાર્યવાહી કરવી એ માનવી હક્ક આયોગની જવાબદારી છે.

### કરી જુઓ.

અહીં કેટલીક સમસ્યા આપેલી છે. તેનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બે જૂથમાં વર્ગીકરણ કરો.

- દુર્બળ ઘટકોનું સશક્તિકરણ
- સાર્વજનિક અસ્વચ્છતા
- આતંકવાદ
- માનવી હક્કનો ભંગ
- અર્થવ્યવસ્થાનું ખાનગીકરણ
- ગરીબી, નિરક્ષરતા
- સાર્વજનિક વાહનવ્યવહાર પ્રશ્ન
- ઓઝોન સ્તરનું ઓગળવું
- અંતર્ગત અલગતાવાદ

### કહો જોઈએ!

હાલમાં ભારતીય માનવી હક્ક આયોગના અધ્યક્ષ કોણ છે?

**પર્યાવરણ :** આજના સમયમાં 'માનવી હક્ક' સંકલ્પના વધુ વ્યાપક બની છે. જેમાં સુરક્ષિત પર્યાવરણ પણ એક મહત્વનો માનવી હક્ક છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ સંરક્ષણની આવશ્યકતા ૧૯૭૦માં સ્વીકારવામાં આવી. મોટા પ્રમાણમાં થતું ઔદ્યોગિકીકરણ, ઉર્જાની વધતી જરૂરિયાતને કારણે પર્યાવરણ સામે જોખમ નિર્માણ થાય છે. એવું પર્યાવરણનો અભ્યાસ કરનારા વિશેષજ્ઞોનું માનવું છે. તે કાર્યકર્તાઓએ ૨૨ એપ્રિલ ૧૯૭૦ના રોજ પહેલો પૃથ્વી દિવસ ઉજવ્યો. ખેતીમાં વપરાતા રાસાયણિક ખાતર અને જંતુનાશકોનું વધતું પ્રમાણ, વાહનોને કારણે થતું ધ્વનિ પ્રદૂષણ, અણુઉર્જા ભઠ્ઠીમાંથી થતો કિરણોત્સર્ગ, તેલનું ગળતર અથવા રાસાયણિક વાયુનું ગળતર આ બધાંના કારણે પર્યાવરણ અસુરક્ષિત બને છે અને વિવિધ સમસ્યાઓ નિર્માણ થાય છે. આ ધ્યાનમાં આવતા પર્યાવરણ સુરક્ષાનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાવા લાગ્યો.

૧૯૯૦ પછી જાગતિકીકરણનો પવન ફૂંકાતા રાષ્ટ્રોનું પરસ્પરાવલંબન વધ્યું અને તેને કારણે પર્યાવરણીય સમસ્યા ઉકેલવા માટે દરેક રાષ્ટ્રોએ પરસ્પર સહકાર્ય કરવાની આવશ્યકતા જણાઈ. વાતાવરણ પ્રદૂષિત થતા કે તેલ ગળતર અથવા વાયુ ગળતર થતા પર્યાવરણ સામે ઉભું થતું જોખમ કોઈ એક રાષ્ટ્ર પૂરતું મર્યાદિત નહીં રહે. તેમ જ તેનું પરિણામ દીર્ઘકાલીન હોય છે. આથી આ પરિણામોની ઉપાયયોજના કરવા માટે દરેક રાષ્ટ્રોએ એકત્રિત થઈને સહમતીથી સહકાર્ય કરવું આવશ્યક છે.

વનસ્પતિ અને પ્રાણીઓની પ્રજાતિ લુપ્ત થવી, માટીનો કસ ઓછો થવો, પાણીની અછત, વરસાદનું પ્રમાણ ઓછું-વત્તું થવું, ઉષ્ણતામાનમાં વૃદ્ધિ, નદી-તળાવ સૂકાવા, નદી અને સમુદ્રનું પ્રદૂષણ, નવા રોગોની નિર્મિતિ, એસિડવર્ષા, ઓઝોન થરમાં ગાબડું પડવું એ પર્યાવરણ હ્રાસના દશ્યમાન પરિણામો છે. આ પૈકી કેટલાક પરિણામો વિશિષ્ટ રાષ્ટ્ર પૂરતા મર્યાદિત હોય તો પણ તેના દીર્ઘકાલિન પરિણામોને કારણે એ પ્રશ્નોને જાગતિક સ્વરૂપ પ્રાપ્ત થયું છે. તો કેટલાક પ્રશ્નો મૂળથી જ જાગતિક સ્વરૂપના છે.



પર્યાવરણનું રક્ષણઃ એક પેઢીથી બીજી પેઢીને

**કરી જુઓ.**

✻ વિશિષ્ટ રાષ્ટ્ર પૂરતી મર્યાદિત પરંતુ જાગતિક પ્રશ્નો નિર્માણ કરતી પર્યાવરણીય સમસ્યાના ઉદાહરણો આપો.

**કરી જુઓ.**

ઈન્ટરનેટની મદદથી પેરિસ પરિષદ વિશે માહિતી મેળવો અને નીચેના મુદ્દાઓને આધારે માહિતી સંકલિત કરો.

✻ સહભાગી દેશોની સંખ્યા
✻ ચર્ચાના વિષય
✻ ભારતે પૂછેલા પ્રશ્નો

## સ્ટૉકહોમથી પેરિસ પરિષદ

આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ વિષયક તત્કાલિન અને દીર્ઘકાલિન સમસ્યાઓ વિશે ચર્ચા કરવા માટે અને તેમના ઉપાયો શોધવા માટે ૫ થી ૧૬ જૂન ૧૯૭૨ દરમ્યાન સ્ટૉકહોમમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવી પર્યાવરણ વિષયક પરિષદ ભરવામાં આવી.

- આ પરિષદમાં પ્રદૂષણ ઉપર વિજય મેળવવા માટે સહકાર્ય કરવું એ દરેક રાષ્ટ્રની જવાબદારી છે, તેના પર ભાર આપવામાં આવ્યો.
- વિકસિત દેશ પર્યાવરણ હ્રાસ માટે વધુ કારણભૂત છે અને તે હ્રાસ અટકાવવા માટેની જવાબદારી તેમણે સ્વીકારવી એવી ભૂમિકા વિકાસશીલ દેશોએ સ્વીકારી. આજે પણ વિકાસશીલ રાષ્ટ્રોએ આ જ ભૂમિકા સ્વીકારી છે.
- આ પરિષદમાં પર્યાવરણ માટે કામ કરતી બિનશાસકીય સંસ્થાઓ ઉપસ્થિત હતી. તે આ પરિષદની એક વિશિષ્ટતા હતી.
- આ પરિષદમાં જાગતિક સામૂહિક સંપત્તિના રક્ષણનો મુદ્દો મૂકવામાં આવ્યો. આ સાધનોના જતનની જવાબદારી દરેક રાષ્ટ્રોની છે, તે માટે એકમત સધાયો.
- આ પરિષદ પછી સંયુક્ત રાષ્ટ્રસંઘ સંગઠને, 'સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ' નિર્માણ કર્યો.
- આ પરિષદ પછી અનેક આંતરરાષ્ટ્રીય પર્યાવરણ વિષયક કરારો થયા. પર્યાવરણ સંરક્ષણ સંબંધી નિયમો તૈયાર થયા. આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય સ્તરે ચળવળો શરૂ થઈ. પર્યાવરણ વિષયક આંતરરાષ્ટ્રીય પરિષદોમાં નિર્ણય પ્રક્રિયામાં બિન શાસકીય સંઘટનાનો સહભાગ વધ્યો.
- આ પછીનો તબક્કો એટલે ૧૯૯૨માં રિઓમાં ભરાયેલ પર્યાવરણ પરિષદ. આ પરિષદમાં 'શાશ્વત વિકાસ' સંકલ્પના પર ભાર આપવામાં આવ્યો. જૈવિક વિવિધતા, હરિતગૃહ વાયુને કારણે વાતાવરણમાં થતો ફેરફાર, જંગલનું રક્ષણ વગેરે વિષયો પર વિવિધ કરારો કરવામાં આવ્યા.

૧૯૯૭માં ક્યોટોમાં ભરાયેલ પરિષદમાં વિકસિત દેશો માટે હવામાનમાં થતો ફેરફાર રોકવાના માપદંડ નક્કી કરવામાં આવ્યા. આ માપદંડ ૧૫ વર્ષ માટે લાગુ કરવામાં આવ્યાં છે.

ત્યારબાદ નવેમ્બર ૨૦૧૫માં પેરિસમાં હવામાનમાં થતા ફેરફાર વિષય પર પરિષદ ભરવામાં આવી. દરેક રાષ્ટ્રોએ હવામાનમાં થતો ફેરફાર રોકવા અને ઉષ્ણતામાનમાં થતો વધારો રોકવા પરસ્પર સહકાર્યથી પ્રયત્ન કરવો અને તે માટેનું તંત્રજ્ઞાન મેળવવામાં વિકસિત દેશોએ વિકાસશીલ દેશોને મદદ કરવી એવું આહ્‌વાન આ પરિષદમાં કરવામાં આવ્યું.



**શું તમે જાણો છો?**

મહાસાગર, ઊંડા સમુદ્રનું તળિયું, વાતાવરણ, બાહ્ય અવકાશનો સમાવેશ જાગતિક સાધનસંપત્તિમાં થાય છે. આ સંપત્તિ વિશ્વના દરેક દેશોની હોવાથી દરેક દેશોએ તેની સંભાળ રાખવી આવશ્યક છે.

**આંતકવાદ :** એ આજના સમયની એક મોટી સમસ્યા છે. જગતના અનેક રાષ્ટ્રોએ આ સમસ્યાનો સામનો કરવો પડે છે. જગતના કોઈપણ રાષ્ટ્ર માત્ર પોતાના બળ પર આતંકવાદનો સામનો કરવા સમર્થ નથી. માટે આતંકવાદ ને જાગતિક સમસ્યા માનવામાં આવે છે.

### આતંકવાદ એટલે શું?

રાજકીય ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સામાન્ય અને નિર્દોષ નાગરિક વ્યવસ્થાની વિરુદ્ધ હિંસાનો ઉપયોગ કરવો અથવા તેવી ધમકી આપવી અને તેને કારણે સમાજમાં ડર અને આતંક ફેલાવવો એને આતંકવાદ કહેવાય છે. આતંકવાદ એટલે સંગઠિત રૂપે અને નિયોજનબદ્ધ રીતે કરેલી હિંસા.

આતંકવાદનું આંતરરાષ્ટ્રીય રાજકારણ પર દૂરગામી પરિણામ થયું છે. છેલ્લા બે દશકમાં વિવિધ રાષ્ટ્રોમાં આતંકવાદી સંઘર્ષ તીવ્ર થતો જણાય છે. આતંકવાદી સંઘર્ષ એ પારંપારિક યુદ્ધ કરતાં જુદો છે. પારંપારિક યુદ્ધ બે અથવા વધુ સાર્વભૌમ રાષ્ટ્રો વચ્ચેનો સંઘર્ષ હોય છે. આવા યુદ્ધમાં મુખ્યત્વે રાષ્ટ્રોની ભૌગોલિક સીમાની સુરક્ષાનું મહત્વ હોય છે, માટે રાષ્ટ્રીય સુરક્ષા ભૌગોલિક સીમા સાથે સંબંધિત છે જ્યારે આતંકવાદી જૂથ દુનિયાના કોઈપણ ખૂણેથી કોઈપણ સ્થળે હિંસા કરી શકે છે. આતંકવાદી હુમલાનો હેતુ ભૌગોલિક સીમાને નુકશાન પહોંચાડવાનો નહીં પણ દેશના રાજ્યવહીવટને આહ્‌વાન દેવાનો અથવા શાસનનું અસ્તિત્વ ન કરવાનો હોય છે. એટલે જ વધતા જતાં આતંકવાદને કારણે દેશની બાહ્ય સુરક્ષાની સાથે સાથે અંતર્ગત સુરક્ષા સામે જોખમ ઉભું થાય છે.

આતંકવાદનો સામનો કરવા માટે વિવિધ રાષ્ટ્રોની સુરક્ષા યંત્રણાઓએ પરસ્પર સહકાર્યથી કામ કરવું આવશ્યક બન્યું છે.

**શોધો :**

* સિરિયામાંથી અનેક લોકો કયા કારણે નિર્વાસિત થાય છે?
* દુનિયાના બીજા કયા દેશોમાંથી નિર્વાસિતોના ટોળા આવે છે?

**નિર્વાસિતોના પ્રશ્નો :** જે વ્યક્તિને અનિચ્છાએ અથવા જબરદસ્તીથી પોતાની માતૃભૂમિ છોડીને આશ્રય મેળવવા માટે અથવા સુરક્ષિતતા માટે બીજા રાષ્ટ્રમાં જવાની ફરજ પડે છે, એવા લોકોને 'નિર્વાસિત' કહેવામાં આવે છે. ચોક્કસ વંશ, ધર્મના લોકોને ત્રાસ આપવો અથવા તેમને હાંકી કાઢવા, યુદ્ધ અથવા આપત્તિને કારણે પોતાના દેશનો ત્યાગ કરવાની ફરજ પડવી વગેરે કારણોથી લોકો નિર્વાસિત થાય છે. આવી પરિસ્થિતિમાં પોતાનો દેશ છોડીને બીજા દેશમાં આશ્રય મેળવવાનો વખત આવે છે.

બીજા વિશ્વયુદ્ધ પહેલા જર્મનીમાં જ્યૂ લોકોની હેરાનગતિ કરવામાં આવી, તેમનું નાગરિકત્વ અને સંપત્તિ જપ્ત કરવામાં આવ્યા. તેના કારણે જ્યૂ લોકો નિર્વાસિત થયા. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાનની જનતાની રાજકીય અને ધાર્મિક હેરાનગતિના કારણે ત્યાંના લોકો નિર્વાસિત થયા અને ભારતમાં આશ્રય મેળવવા આવ્યા. છેલ્લા કેટલાક વર્ષોથી ઈરાક અને સિરિયામાં યુદ્ધજન્ય પરિસ્થિતિને કારણે ત્યાંથી મોટા પ્રમાણમાં લોકો નિર્વાસિત થાય છે. નિર્વાસિતોના આવા અનેક ઉદાહરણો આપણે કહી શકીએ.



નિર્વાસિતોને સંયુક્ત રાષ્ટ્રસંઘની સહાય

કોઈપણ રાષ્ટ્રના લોકોને જ્યારે નિર્વાસિત થવાનો એટલે કે પોતાનો દેશ છોડવાનો સમય આવે ત્યારે તેમણે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સૌથી મહત્વની સમસ્યા એ હોય કે પોતાનો દેશ છોડીને ક્યાં જવું? અને તે રાષ્ટ્ર આપણને સ્વીકારશે કે કેમ? તે પ્રશ્ન તેમની સામે હોય છે. બીજો પ્રશ્ન પોતાની સાથે કુટુંબની વ્યક્તિઓને સુરક્ષિત લઈ જવાનો હોય છે. તેમાં ખૂબ શારીરિક અને માનસિક તણાવ થાય છે. આ સિવાય મુશ્કેલ રસ્તા, છૂપાઈને જાવું, નૈસર્ગિક સમસ્યા જેવી કે ઠંડી, ગરમી, વરસાદ, અનાજની અછત, બિમારી, પીછો કરતા શત્રૂઓ જેવી સમસ્યાઓ હોય છે. જેમાં અનેક લોકો મૃત્યુ પામે છે.

સુરક્ષિત સ્થળે પહોંચ્યા પછી બીજી સમસ્યાઓ ઉભી હોય છે. કામધંધો શોધવો, રહેવા માટે જગ્યા અને અન્ય રોજિંદા પ્રશ્નોનો સામનો કરવો પડે છે. બીજા રાષ્ટ્રની ભાષા, સંસ્કૃતિ જુદી હોવાથી તેની સાથે જોડાવામાં મુશ્કેલી ઉભી થાય છે. જે રાષ્ટ્રમાં નિર્વાસિતો આશ્રય લે છે ત્યાંનો સમાજ તેમને સ્વીકારશે જ, એવું કહી ન શકાય. ઉલટાનું નિર્વાસિતોની સંખ્યા વધતા રાષ્ટ્ર પર વધુ બોજો વધે છે. જીવન આવશ્યક વસ્તુની અછત નિર્માણ થવી, ગુનાખોરીનું પ્રમાણ વધવું, મોંઘવારી વધવી, સ્થાનિકોની નોકરી પર ભારણ આવવું, શાંતિ અને સુવ્યવસ્થાના પ્રશ્નો નિર્માણ થાય છે. આવી અનેક સમસ્યા નિર્માણ થાય છે. આથી નિર્વાસિતોને આશ્રય આપવા અને તેમનું પુનર્વસન કરવા અનેક રાષ્ટ્રો તૈયાર થતા નથી.

નિર્વાસિતો વિશે આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૯૫૧માં કેટલીક રજૂઆતો કરવામાં આવી. તે અનુસાર નિર્વાસિતોને તેમની ઈચ્છા વિરુદ્ધ તેમના મૂળ દેશમાં પાછા મોકલી શકાય નહીં, તેવી રજૂઆત કરવામાં આવી. તે જ પ્રમાણે તેમના પ્રશ્નો ઉકેલવા માટે સંયુક્ત રાષ્ટ્રોના ઉચ્ચ આયુક્તોના કાર્યાલય પણ સ્થાપવામાં આવ્યા.

માનવી હક્કોનું જતન અને તેમનું સંવર્ધન દરેક રાષ્ટ્રો કરે તો અન્યાય, શોષણ અને હિંસા ઓછા થશે. દરેક લોકો સુરક્ષિત રીતે પોતાનો વિકાસ કરી શકશે. પર્યાવરણનું રક્ષણ અને આતંકવાદનું સંપૂર્ણ નિર્મૂલન કરવામાં આવે તો માનવી હક્ક વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાશે. દુનિયાના કોઈપણ લોકસમૂહને નિર્વાસિત થવું પડશે નહીં. આ વિશે પ્રયત્ન કરવામાં આવે તો માનવીની અસુરક્ષિતતા દૂર થશે. આ માટે દરેક રાષ્ટ્રોએ એકત્રિત થવું, સહકાર્ય વધારવું, નક્કર પગલાં લેવા અને પ્રત્યક્ષ ફેરફાર કરવા જેવા પ્રયત્નો કરવા જોઈએ.

આવતા વર્ષે આપણે આ દિશામાં સ્વતંત્ર ભારતે શું પગલાં લીધાં છે તેનો અભ્યાસ કરવાના છીએ.



## સ્વાધ્યાય

**૧. નીચેના પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) નીચેના પૈકી કઈ સમસ્યા આંતરરાષ્ટ્રીય સ્વરૂપની છે.
- (અ) મહારાષ્ટ્ર–કર્ણાટક સીમાવાદ
- (બ) કાવેરી પાણી વિતરણ
- (ક) નિર્વાસિતોના પ્રશ્નો
- (ડ) આંધ્ર પ્રદેશમાંનો નક્ષલવાદ

(૨) નીચે પૈકી કયા હક્કનો સમાવેશ માનવી હક્કમાં થતો નથી.
- (અ) રોજગાર અધિકાર
- (બ) માહિતીનો અધિકાર
- (ક) બાળકનો અધિકાર
- (ડ) સમાન કામ માટે સમાન વેતન

(૩) નીચેનામાંથી કયો દિવસ આંતરરાષ્ટ્રીય સ્તરે મનાવવામાં આવે.
- (અ) શિક્ષક દિન
- (બ) બાલદિન
- (ક) પૃથ્વી દિન
- (ડ) ધ્વજ દિન

**૨. નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે કારણ સહિત સ્પષ્ટ કરો**

(૧) પર્યાવરણના હ્રાસ માટે ઉપાયયોજના શોધવા બધા રાષ્ટ્રોએ સહકાર્ય કરવું આવશ્યક છે.

(૨) નિર્વાસિતોને આશ્રય આપવા રાષ્ટ્રો તૈયાર થાય છે.

**૩. સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) માનવી હક્ક (૨) પર્યાવરણનો હ્રાસ

(૩) આતંકવાદ

**૪. નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો**

| કારણો | | પરિણામ |
|---|---|---|
| ૧. | | ૧. |
| ૨. | | ૨. |
| ૩. | પર્યાવરણનો હ્રાસ | ૩. |
| ૪. | | ૪. |

ઉપાયયોજના
૧.
૨.
૩.
૪.

**૫. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) માનવી હક્ક પ્રસ્થાપિત કરવામાં ભારતની ભૂમિકા સ્પષ્ટ કરો.

(૨) આતંકવાદના પરિણામો જણાવી આતંકવાદને નાથવાના ઉપાયો સૂચવો.

**ઉપક્રમ**

(૧) રાજ્ય બાલહક્ક આયોગની માહિતી શિક્ષકની સહાયતાથી મેળવો.


(૨) ચીનમાંના 'મશાલ પ્રગટાવો' આંદોલન અને ભારતના 'ચિપકો આંદોલન' વિશે માહિતી મેળવો.

(૩) મોટા બંધોને કારણે સમસ્યા નિર્માણ થાય છે? તમારો મત વ્યક્ત કરો.


(૪) શાળામાં ઉજવાયેલ પૃથ્વી દિનનો અહેવાલ લખો.


3Q3BGF

# छत्रपती शिवाजी महाराज स्मृतिग्रंथ




- सामान्य रयतेच्या कल्याणासाठी स्थापन केलेल्या स्वराज्य स्थापनेची कथा उलगडणारे पुस्तक.
- छत्रपती शिवाजी महाराजांच्या उत्तुंग कार्य व त्यामागची तेवढीच उत्तुंग व उदात्त भूमिका वाचकांसमोर आणणारे प्रेरणादायी वाचन साहित्य.
- इतिहास वाचनासाठी पूरक असे संदर्भ पुस्तक.







- इतिहास वाचनासाठी पूरक अशी संदर्भ पुस्तके.
- निवडक लेखक, इतिहासकारांचे प्रेरणादायी लेख.

**पुस्तक मागणीसाठी** www.ebalbharati.in, www.balbharati.in **संकेतस्थळावर भेट द्या.**

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५











મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

इतिहास व राज्यशास्त्र इ. ९ वी (गुजराती माध्यम)

₹ 54.00